पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्


## અધ્યાય-૫

(ગુજરાતી અનુવાદ)





❊ ભાવાનુવાદકાર ❊
પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)





(બે ભાગ)



# જશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ||

|| ऐं नमः ||

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# || શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ||

## અધ્યાય-૫

(ગુજરાતી અનુવાદ)


* ભાવાનુવાદકાર *

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *

**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *

**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**



**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *

**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી પ્રશમપૂર્ણવિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી આલવાડા જૈન સંઘ'** તરફથી શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.


અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત
પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર
નિલમ વિહાર - પાલીતાણા

## ✻ ભૂમિકા ✻

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા કયાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.''

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે ''ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા'' ઇત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઇતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [૧]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[૧] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[૨] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

---

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઈરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદૃશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**

**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

---

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ✻ સંપાદકની સંવેદના ✻

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઇ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઇએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઇમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે. તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દૃશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત

સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર, **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ

## * વિષયાનુક્રમ *


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ✦ મૂળસૂત્ર | 17 |
| ✦ પાંચમો અધ્યાય | ૧ |
| ✦ અજીવતત્ત્વના મુખ્ય ભેદો | ૧ |
| ✦ **સૂત્ર-૧ :** अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः | ૧ |
| ✦ ધર્માસ્તિકાય આદિ તત્ત્વોની વિશેષ સંજ્ઞા | ૫ |
| ✦ **સૂત્ર-૨ :** द्रव्याणि जीवाश्च | ૫ |
| ✦ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં સાધર્મ્ય=સમાનતા | ૭ |
| ✦ **સૂત્ર-૩ :** नित्यावस्थितान्यरूपीणि | ૭ |
| ✦ રૂપી દ્રવ્યો | ૧૦ |
| ✦ **સૂત્ર-૪ :** रूपिणः पुद्गलाः | ૧૦ |
| ✦ આકાશ સુધીના દ્રવ્યોની એકતા | ૧૧ |
| ✦ **સૂત્ર-૫ :** आऽऽकाशादेकद्रव्याणि | ૧૧ |
| ✦ આકાશ આદિ દ્રવ્યોમાં નિષ્ક્રિયતા | ૧૨ |
| ✦ **સૂત્ર-૬ :** निष्क्रियाणि च | ૧૨ |
| ✦ ધર્મ-અધર્મ દ્રવ્યોમાં પ્રદેશોનું પરિમાણ | ૧૬ |
| ✦ **સૂત્ર-૭ :** असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः | ૧૬ |
| ✦ પ્રત્યેક જીવના પ્રદેશોનું પરિમાણ | ૧૭ |
| ✦ **સૂત્ર-૮ :** जीवस्य च | ૧૭ |
| ✦ આકાશના પ્રદેશોનું પરિમાણ | ૧૭ |
| ✦ **સૂત્ર-૯ :** आकाशस्यानन्ताः | ૧૭ |
| ✦ પુદ્ગલોના પ્રદેશોનું પરિમાણ | ૧૮ |
| ✦ **સૂત્ર-૧૦ :** सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् | ૧૮ |
| ✦ પરમાણુમાં પ્રદેશોનો અભાવ | ૧૯ |
| ✦ **સૂત્ર-૧૧ :** नाणोः | ૧૯ |
| ✦ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું આધારક્ષેત્ર | ૨૦ |

- **સૂત્ર-૧૨ :** लोकाकाशेऽवगाहः ............................. ૨૦
- ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના સ્થિતિક્ષેત્રની મર્યાદા ............ ૨૧
- **સૂત્ર-૧૩ :** धर्माधर्मयोः कृत्स्ने: ............................. ૨૧
- પુદ્‍ગલના સ્થિતિક્ષેત્રની મર્યાદા ............................. ૨૨
- **સૂત્ર-૧૪ :** एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् .................. ૨૨
- જીવના સ્થિતિક્ષેત્રની મર્યાદા ............................. ૨૫
- **સૂત્ર-૧૫ :** असङ्ख्येयभागादिषु जीवानाम् .................. ૨૫
- જીવની ભિન્ન અવગાહનામાં હેતુ ............................. ૨૬
- **સૂત્ર-૧૬ :** प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवद् .................. ૨૬
- ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનું લક્ષણ .......................... ૩૧
- **સૂત્ર-૧૭ :** गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ............... ૩૧
- આકાશનું લક્ષણ ............................. ૩૫
- **સૂત્ર-૧૮ :** आकाशस्य अवगाहः ............................. ૩૫
- પુદ્‍ગલોનો ઉપકાર ............................. ૩૮
- **સૂત્ર-૧૯ :** शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ................. ૩૮
- પુદ્‍ગલોનો ઉપકાર ............................. ૪૨
- **સૂત્ર-૨૦ :** सुखदुःखजीवितमरणोपग्रहाश्च ...................... ૪૨
- જીવોનો પરસ્પર ઉપકાર ............................. ૪૯
- **સૂત્ર-૨૧ :** परस्परोपग्रहो जीवानाम् ............................. ૪૯
- કાળનો ઉપકાર ............................. ૫૦
- **સૂત્ર-૨૨ :** वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ......... ૫૦
- પુદ્‍ગલનું લક્ષણ ............................. ૬૩
- **સૂત્ર-૨૩ :** स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ...................... ૬૩
- પુદ્‍ગલોના શબ્દાદિ પરિણામોનું વર્ણન ...................... ૬૫
- **સૂત્ર-૨૪ :** शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छाया ........... ૬૫
- પુદ્‍ગલના મુખ્ય બે ભેદો ............................. ૭૫
- **સૂત્ર-૨૫ :** अणवः स्कन्धाश्च ............................. ૭૫
- સ્કંધની ઉત્પત્તિના કારણો ............................. ૭૮

- **સૂત્ર-૨૬ :** सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ........................ ૭૮
- અણુની ઉત્પત્તિનું કારણ ........................ ૮૧
- **સૂત્ર-૨૭ :** भेदादणुः ........................ ૮૧
- ત્રણ કારણોમાંથી કયા કારણથી ઉત્પન્ન થયેલા સ્કંધો જોઈ શકાય છે તેનું નિરૂપણ ........................ ૮૨
- **સૂત્ર-૨૮ :** भेदसङ्घाताभ्यां चाक्षुषाः ........................ ૮૨
- સત્‌નું લક્ષણ ........................ ૮૫
- **સૂત્ર-૨૯ :** उत्पादव्ययध्रौव्ययुक्तं सद् ........................ ૮૫
- એકાંત અનિત્યપક્ષમાં દોષો ........................ ૯૩
- એકાંત નિત્યપક્ષમાં બાધા ........................ ૯૬
- નિત્યનું લક્ષણ ........................ ૧૦૦
- **સૂત્ર-૩૦ :** तद्भावाव्ययं नित्यम् ........................ ૧૦૦
- સ્યાદ્વાદની સિદ્ધિ ........................ ૧૦૧
- **સૂત્ર-૩૧ :** अर्पितानर्पितसिद्धेः ........................ ૧૦૧
- ચાર પ્રકારનું સત્‌ ........................ ૧૧૦
- દ્રવ્યાસ્તિકનું વર્ણન ........................ ૧૧૦
- માતૃકાપદાસ્તિકાયનું વર્ણન ........................ ૧૧૧
- સપ્તભંગી ........................ ૧૨૨
- બંધ પ્રકરણ ........................ ૧૨૩
- પુદ્‌ગલના બંધમાં હેતુ ........................ ૧૨૩
- **સૂત્ર-૩૨ :** स्निग्धरूक्षत्वाद्बन्धः ........................ ૧૨૩
- બંધના વિષયમાં પ્રથમ અપવાદ ........................ ૧૨૬
- **સૂત્ર-૩૩ :** न जघन्यगुणानाम् ........................ ૧૨૬
- બંધના વિષયમાં બીજો અપવાદ ........................ ૧૨૮
- **સૂત્ર-૩૪ :** गुणसाम्ये सदृशानाम् ........................ ૧૨૮
- બંધના વિષયમાં ત્રીજો અપવાદ ........................ ૧૩૧
- **સૂત્ર-૩૫ :** द्व्यधिकादिगुणानां तु ........................ ૧૩૧
- કયા પુદ્‌ગલોનો પરસ્પર બંધ થાય (કોષ્ટક) ........................ ૧૩૬

- કયા પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય (કોષ્ટક) ............ ૧૩૬
- બંધ થયા બાદ સ્કંધમાં થતો સ્પર્શનો પરિણામ ............ ૧૩૮
- **સૂત્ર-૩૬ :** बन्धे समाधिकौ पारिणामिकौ ............ ૧૩૮
- દ્રવ્યનું લક્ષણ ............ ૧૪૧
- **સૂત્ર-૩૭ :** गुणपर्यायवद्द्रव्यम् ............ ૧૪૧
- કાળનું નિરૂપણ ............ ૧૪૪
- **સૂત્ર-૩૮ :** कालश्चेत्येके ............ ૧૪૪
- કાળનું વિશેષ સ્વરૂપ ............ ૧૪૫
- **સૂત્ર-૩૯ :** सोऽनन्तसमयः ............ ૧૪૫
- ગુણોનું લક્ષણ ............ ૧૪૮
- **સૂત્ર-૪૦ :** द्रव्याश्रया निर्गुणा गुणाः ............ ૧૪૮
- પરિણામનું લક્ષણ ............ ૧૫૦
- **સૂત્ર-૪૧ :** तद्भावः परिणामः ............ ૧૫૦
- પરિણામના બે ભેદ ............ ૧૫૨
- **સૂત્ર-૪૨ :** अनादिरादिमांश्च ............ ૧૫૨
- આદિમાન પરિણામ ............ ૧૫૪
- **સૂત્ર-૪૩ :** रूपिष्वादिमान् ............ ૧૫૪
- જીવોમાં આદિમાન પરિણામ ............ ૧૫૫
- **સૂત્ર-૪૪ :** योगोपयोगौ जीवेषु ............ ૧૫૫
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ............ ૧૫૭

## પાંચમો અધ્યાય

अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥५-१॥

द्रव्याणि जीवाश्च ॥५-२॥

नित्यावस्थितान्यरूपीणि ॥५-३॥

रूपिणः पुद्गलाः ॥५-४॥

आऽऽकाशादेकद्रव्याणि ॥५-५॥

निष्क्रियाणि च ॥५-६॥

असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥५-७॥

जीवस्य च ॥५-८॥

आकाशस्यानन्ताः ॥५-९॥

सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥५-१०॥

नाणोः ॥५-११॥

लोकाकाशेऽवगाहः ॥५-१२॥

धर्माधर्मयोः कृत्स्ने ॥५-१३॥

एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥५-१४॥

असङ्ख्येयभागादिषु जीवानाम् ॥५-१५॥

प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवद् ॥५-१६॥

गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥५-१७॥

आकाशस्य अवगाहः ॥५-१८॥

शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥५-१९॥

सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥५-२०॥

परस्परोपग्रहो जीवानाम् ॥५-२१॥

वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥५-२२॥

स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥५-२३॥

शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायातपोद्योतवन्तश्च ॥५-२४॥

अणवः स्कन्धाश्च ॥५-२५॥

सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ॥५-२६॥

भेदादणुः ॥५-२७॥

भेदसङ्घाताभ्यां चाक्षुषाः ॥५-२८॥

उत्पादव्ययध्रौव्ययुक्तं सद् ॥५-२९॥

तद्भावाव्ययं नित्यम् ॥५-३०॥

अर्पितानर्पितसिद्धेः ॥५-३१॥

स्निग्धरूक्षत्वाद्बन्धः ॥५-३२॥

न जघन्यगुणानाम् ॥५-३३॥

गुणसाम्ये सदृशानाम् ॥५-३४॥

द्व्यधिकादिगुणानां तु ॥५-३५॥

बन्धे समाधिकौ पारिणामिकौ ॥५-३६॥

गुणपर्यायवद्द्रव्यम् ॥५-३७॥

कालश्चेत्येके ॥५-३८॥

सोऽनन्तसमयः ॥५-३९॥

द्रव्याश्रया निर्गुणा गुणाः ॥५-४०॥

तद्भावः परिणामः ॥५-४१॥

अनादिरादिमांश्च ॥५-४२॥

रूपिष्वादिमान् ॥५-४३॥

योगोपयोगौ जीवेषु ॥५-४४॥

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## પાંચમો અધ્યાય

**भाष्यावतरणिका–** उक्ता जीवाः । अजीवान्वक्ष्यामः ॥

**ભાષ્યાવતરણિકાર્થ–** જીવો કહ્યા. અજીવોને કહીશું.

**टीकावतरणिका–** अधुना पञ्चम आरभ्यते-इह चोक्ता जीवाः, अजीवान् वक्ष्याम इति सम्बन्धग्रन्थः, अभिहिता जीवाः 'संसारिणो' इत्यादिना ग्रन्थेन प्रागुद्दिष्टा जीवाजीवादिसूत्रे, अजीवान् वक्ष्यामः, उद्देशक्रमप्रामाण्यादित्याह–

**ટીકાવતરણિકાર્થ–** હવે પાંચમા અધ્યાયનો પ્રારંભ કરવામાં આવે છે. અહીં उक्ता जीवाः, अजीवान् वक्ष्यामः એ ગ્રંથ(વાક્ય) ચોથા અધ્યાયની સાથે પાંચમા અધ્યાયના સંબંધને જણાવનારો છે. પૂર્વે जीवाजीवा० (અ.૧ સૂ.૪) એ સૂત્રમાં નિર્દિષ્ટ જીવોને संसारिणो० (અ.૨ સૂ.૧૦) ઇત્યાદિ ગ્રંથથી કહ્યા. હવે (અ.૧ સૂ.૪ માં) જે ક્રમથી ઉદ્દેશ કર્યો છે, તે ક્રમ પ્રમાણે નિર્દેશ કરવો જોઇએ. એથી સૂત્રકાર કહે છે–

**અજીવતત્ત્વના મુખ્ય ભેદો–**

**अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥५-१॥**

**સૂત્રાર્થ–** ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર દ્રવ્યો અજીવ-કાય છે. (૫-૧)

**भाष्यं–** धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायः पुद्गलास्तिकाय इत्यजीवकायाः । तान् लक्षणतः परस्ताद्वक्ष्यामः । कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमद्धासमयप्रतिषेधार्थं च ॥५-१॥

**ભાષ્યાર્થ–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય- એ પ્રમાણે અજીવકાયો છે. તેમને લક્ષણથી આગળ (અ.૫ સૂ.૧૭ વગેરેમાં) કહીશું. પ્રદેશરૂપ અવયવો ઘણા હોવાથી અને

અદ્ધા સમયમાં પ્રદેશરૂપ અવયવોનો નિષેધ કરવા માટે "काय"નું ગ્રહણ કર્યું છે. (૫-૧)

**टीका–** एते धर्मादयः अजीवकायाः उच्यन्ते इति सूत्रसमुदायार्थः। अवयवार्थं त्वाह-'धर्मास्तिकाय' इत्यादिना गतिपरिणतं जीवादिद्रव्यं, तन्नियमधारणात् धर्मः, अस्तयः-प्रदेशाः कायः-सङ्घातः, अस्तीनां कायः अस्तिकायः, धर्मश्चासावस्तिकायश्चेति समासः, एवमधर्मास्तिकायोऽपि, नवरं यथोदितनियमाधारणाद् अधर्मः, रूढिषु क्रिया व्युत्पत्त्यर्था नार्थक्रियार्थेति, एवमाकाशास्तिकायोऽपि, नवरं सर्वद्रव्यस्वभावदीपनादाकाशमिति, एवं पुद्गलास्तिकायोऽपि, नवरं पूरणगलनधर्माणः पुद्गला इति, सूत्रेऽस्तिशब्दानुपादानं पदैकदेशे पदप्रयोगनीत्या, सूचनात् सूत्रमितिकृत्वा इति, अजीवकायाः जीवकायादन्ये एतावन्त एवेति, तान् स्वलक्षणतः प्रत्येकं आत्मलक्षणभेदेन परस्ताद्वक्ष्यामः इत्यग्रे प्रतिपादयिष्यामः, कायग्रहणप्रयोजनमाह-'कायग्रहणमिह सूत्रे प्रदेशावयवबहुत्वार्थं' तत्र प्रकृष्टा देशाः-निर्विभागाः विभागाः धर्म्माधर्म्माकाशानामसङ्ख्येयाः, लोकाकाशमधिकृत्य, अपृथग्भवनाच्च प्रकृष्टत्वं, एवमवयूयन्त इत्यवयवाः स्कन्धेषु बहव एव, सङ्ख्येयासङ्ख्येयानन्ता इति, ननु परमाणुरपि पुद्गलास्तिकाय एव, यथोक्तं- "खंधा खंधदेसा खंधपदेसा परमाणुपुग्गला" इति, कथं सावयव इति, अत्रोच्यते, भावावयवैर्वर्णादिभिः, तथा चोक्तं-"कइविहे णं भंते ! भावपरमाणू पण्णत्ते ?, गोयमा ! चउव्विहे, तंजहा-वण्णमंते गंधमंते रसमंते फासमंते" इत्यादि, कथं परमाणुत्वं ?, द्रव्यावयवैर्निरवयवत्वादिति, द्वितीयं कायग्रहणे प्रयोजनमाह-'अद्धे'त्यादिना अद्धा चासौ समयश्च अद्धासमयः-समयक्षेत्रवर्ती समय एव निर्विभागः, तस्य प्रतिषेधार्थं, स हि समय एव, न काय इत्यर्थः, कायत्वे तु तत्प्रदेशावयवानां सदैव भावात् सदा तत्साचिव्यजधर्म्मभेदभाव(भेदाभावः) इति भावनीयं, चशब्दः प्रकारा(कारणा)न्तरसमुच्चयार्थ इति ॥५-१॥

**ટીકાર્થ–** આ ધર્મ વગેરે અજીવકાય કહેવાય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "धर्मास्तिकायः" ઇત્યાદિથી કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય (આ ચાર) અજીવકાયો છે. તેમને લક્ષણથી આગળ કહીશું, અર્થાત્ તેમના દરેકના લક્ષણને આગળ કહીશું. काय શબ્દનો ઉલ્લેખ તે દ્રવ્યોના પ્રદેશરૂપ અવયવો ઘણાં છે એમ જણાવવા માટે અને કાળના સમયો ઘણાં હોતા નથી એવો નિષેધ કરવા માટે છે. ધર્માસ્તિકાય- ગતિરૂપે પરિણત જીવાદિ દ્રવ્યને અવશ્ય ધારણ કરે છે માટે ધર્મ કહેવાય છે. અસ્તિ એટલે પ્રદેશો. કાય એટલે સમૂહ. અસ્તિઓનો (=પ્રદેશોનો) સમૂહ તે અસ્તિકાય. ધર્મ એવો તે અસ્તિકાય છે એ પ્રમાણે અહીં કર્મધારય સમાસ છે.

એ પ્રમાણે અધર્માસ્તિકાયનો પણ અર્થ છે. ફક્ત આ વિશેષ છે- પૂર્વે કહ્યું તેમ "અવશ્ય ધારણ ન કરવાથી અધર્મ કહેવાય છે."

**પ્રશ્ન–**ધર્માસ્તિકાયની વ્યુત્પત્તિમાં "ગતિ પરિણત જીવાદિ દ્રવ્યને અવશ્ય ધારણ કરે છે માટે ધર્મ કહેવાય છે" એમ કહ્યું. ધર્માસ્તિકાય દ્રવ્ય જીવાદિ દ્રવ્યોને ધારણ કરતું નથી તેથી યથોક્ત અર્થ ધર્માસ્તિકાયમાં ઘટતો નથી.

**ઉત્તર–** રૂઢ શબ્દોમાં ક્રિયા માત્ર વ્યુત્પત્તિ પૂરતી જ હોય છે, તેમાં વ્યુત્પત્તિ પ્રમાણે કાર્ય હોતું નથી.

એ પ્રમાણે આકાશાસ્તિકાયનો પણ અર્થ છે. ફક્ત આ વિશેષ છે- સર્વ દ્રવ્યોના સ્વરૂપને [1]દીપાવે છે માટે આકાશ કહેવાય છે.

એ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાયનો પણ અર્થ છે. ફક્ત આ વિશેષ છે- પૂરણ(=પૂરાવું) અને ગલન(=ગળી જવું, નીકળી જવું)[2] ધર્મવાળા હોવાથી પુદ્‌ગલ કહેવાય છે.

---

૧. आ પૂર્વક काश् ધાતુનો દીપવું અર્થ હોવાથી વ્યુત્પત્તિ પૂરતો જ આ અર્થ સમજવો. કેમકે રૂઢ શબ્દોમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ ન હોય.

૨. પૌદ્‌ગલિક દરેક વસ્તુમાંથી જૂના પરમાણુઓ નીકળતા રહે છે અને નવા પરમાણુઓ આવતા રહે છે.

"પદના એક દેશમાં પદનો પ્રયોગ થાય" એ નીતિથી સૂત્રમાં अस्तिकाय શબ્દનો ઉલ્લેખ કર્યો નથી, અર્થાત્ જીવ વગેરે શબ્દોના ઉલ્લેખથી "પદના એક દેશમાં પદનો પ્રયોગ થાય" એ ન્યાયથી જીવાસ્તિકાય વગેરે શબ્દો સમજી શકાતા હોવાથી સૂત્રમાં અસ્તિકાય શબ્દનો ઉલ્લેખ કર્યો નથી. વળી સૂત્ર તો માત્ર સૂચન કરે એથી પણ અસ્તિકાયનો ઉલ્લેખ કર્યો નથી. જીવકાયથી બીજા અજીવકાય છે. અજીવકાય આટલા(=ચાર) જ છે. અજીવકાયોનું પ્રત્યેકના પોતાના લક્ષણના ભેદથી(=દરેકનું ભિન્ન ભિન્ન લક્ષણ જણાવવાપૂર્વક) આગળ (અ.૫ સૂ.૧૭ વગેરેમાં) પ્રતિપાદન કરાશે.

काय શબ્દનો ઉલ્લેખ કરવાના પ્રયોજનને કહે છે- કાય શબ્દનો ઉલ્લેખ ધર્મ વગેરે દ્રવ્યોમાં પ્રદેશ અને અવયવો ઘણા છે એ જણાવવા માટે છે. તેમાં પ્રકૃષ્ટ દેશ તે પ્રદેશ. એટલે કે નિર્વિભાગ ભાગ તે પ્રદેશ, અર્થાત્ કેવળી પણ જેમાંથી વિભાગ ન કરી શકે તેવો દ્રવ્યનો અંતિમ ભાગ તે પ્રદેશ. ધર્મ, અધર્મ અને આકાશના પ્રદેશો અસંખ્ય છે. લોકાકાશને આશ્રયીને આકાશના અસંખ્ય પ્રદેશો છે. (અલોકાકાશના પ્રદેશો અનંત છે.)

પ્રકૃષ્ટ દેશ હોવાથી અને દ્રવ્યથી અલગ ન થવાના કારણે પ્રદેશ કહેવાય છે. એ પ્રમાણે[1] જે જુદા કરાય તે અવયવો. સ્કંધોમાં અવયવો ઘણા જ હોય છે. કોઈ સ્કંધોમાં સંખ્યાતા, કોઈ સ્કંધોમાં અસંખ્યાતા તો કોઈ સ્કંધોમાં અનંતા અવયવો હોય છે.

**પ્રશ્ન–** પરમાણુ પણ પુદ્ગલાસ્તિકાય છે. કહ્યું છે કે "સ્કંધો, સ્કંધદેશો, સ્કંધપ્રદેશો અને પરમાણુપુદ્ગલો પુદ્ગલાસ્તિકાય છે." પુદ્ગલાસ્તિકાય અવયવ સહિત હોય છે. પરમાણુ અવયવ સહિત કેવી રીતે હોય ? (કારણ કે સ્કંધમાંથી છૂટો પડેલો અંતિમ અંશ તે પરમાણુ છે આથી પરમાણુમાં અવયવો ન હોય.)

---

૧. विस्रसाप्रयोगाभ्यामवयूयन्त इत्यवयवाः पृथक् क्रियन्त इति यावत् श्रीसिद्धसेनगणिकृतटीका (५-६)

**ઉત્તર–** અહીં પરમાણુને વર્ણ વગેરે ભાવઅવયવોથી સહિત કહેલ છે. કહ્યું છે કે- "ભાવપરમાણુ કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! ભાવ પરમાણુ ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે- પરમાણુઓ વર્ણવાળા, ગંધવાળા, રસવાળા અને સ્પર્શવાળા હોય છે." ઇત્યાદિ.

**પ્રશ્ન–** જો પરમાણુઓ અવયવવાળા છે તો પરમાણુ કેમ કહેવાય ?

**ઉત્તર–** દ્રવ્ય અવયવોની અપેક્ષાએ અવયવ રહિત હોવાથી પરમાણુ કહેવાય છે.

अजीवकायाः એમાં ફરી કાય શબ્દનો ઉલ્લેખ કરવાનું કારણ "अद्धा" ઇત્યાદિથી કહે છે- અદ્ધા એવો સમય તે અદ્ધાસમય એવો સમાસ વિગ્રહ છે. [1]સમયક્ષેત્રમાં રહેલો અને જેના બે વિભાગ ન કરી શકાય તેવો અંતિમ વિભાગરૂપ સમય એ જ અદ્ધાસમય છે. અદ્ધાસમયના પ્રદેશરૂપ અવયવો ઘણા હોતા નથી એવો નિષેધ કરવા માટે કાય શબ્દનો ઉલ્લેખ કર્યો છે. કાળ સમય રૂપ જ છે, કાય રૂપ નથી એવો અર્થ છે.

જો કાળ કાય (સમયોના સમૂહ) રૂપ હોય તો કાળના પ્રદેશ રૂપ અવયવો સદૈવ રહે. એમ થાય તો કાળની સહાયથી થનારા ધર્મભેદોનો અભાવ થાય. (અમુક અમુક ઋતુ આવતા અમુક અમુક ફળ, ધાન્ય, ફુલ વગેરેની ઉત્પત્તિ, ઠંડી, ગરમી, ભેજ વગેરે ફેરફારો બાલ્યાવસ્થા વગેરે અવસ્થા, ઉંમરથી નાનો-મોટો વગેરે જે ભેદ દેખાય છે તે ભેદ ન રહે.)

च શબ્દ અન્ય કારણનો સંગ્રહ કરવા માટે છે. (૫-૧)

**टीकावतरणिका–** एते धर्मादयः किमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ ધર્મ વગેરે પદાર્થો શું છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–

**ધર્માસ્તિકાય આદિ તત્ત્વોની વિશેષ સંજ્ઞા–**

**द्रव्याणि जीवाश्च ॥५-२॥**

**સૂત્રાર્થ–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવો (એ પાંચ) દ્રવ્યો છે. (૫-૨)

૧. અઢીદ્વીપ સમયક્ષેત્ર છે, કેમકે તેમાં કાળ છે.

**भाष्यं–** एते धर्मादयश्चत्वारो प्राणिनश्च पञ्च द्रव्याणि च भवन्तीति। उक्तं हि "मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु" "सर्वद्रव्यपर्यायेषु केवलस्य" इति ॥५-२॥

**ભાષ્યાર્થ–** ધર્માસ્તિકાય વગેરે ચાર અને જીવો એમ પાંચ દ્રવ્યો છે.

"મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને થોડા પર્યાયો એટલે કે કેટલાક પર્યાયો છે." એમ પૂર્વે (અ.૧ સૂ.૨૭ માં) કહ્યું છે. "કેવલજ્ઞાનનો વિષય સર્વદ્રવ્ય અને સર્વપર્યાયો છે." એમ પૂર્વે (અ.૧ સૂ.૩૦ માં) કહ્યું છે. (૫-૨)

**टीका–** द्रवन्तीति द्रव्याणि, न गुणादिमात्रं, पञ्च एवेति सूत्रसमुदायार्थः। अवयवार्थं त्वाह-'य एत' इत्यादिना य एते धर्मादयः प्रथमसूत्रोपदिष्टाः चत्वारो धर्म्माधर्माकाशपुद्गला जीवाश्च प्रागुक्ताः, किमित्याह-पञ्च द्रव्याणि भवन्ति, तथा तथा द्रवणात्, तदेते कायाश्च द्रव्याणि च, उभयव्यवहारदर्शनात्, एतदाह-'उक्तं ही'त्यादिना, उक्तं यस्मादिहैव प्रथमेऽध्याये, किमित्याह-मतिश्रुतयोर्ज्ञानयोर्निबन्धो ग्रहणता द्रव्येषु धर्मादिष्वसर्वपर्यायेषु तथाऽविशुद्धग्रहणतया, विशुद्धग्रहणतस्तु केवलस्येत्याह-सर्वद्रव्यपर्यायेषु केवलस्य निबन्ध इति, एतेन तथा द्रवणमाह, विशिष्टज्ञेयतयाऽपरिणतस्य ग्रहणायोगादिति ॥५-२॥

**ટીકાર્થ–** જે દ્રવે છે, અર્થાત્ પર્યાયરૂપે[1] પરિણત થાય છે તે દ્રવ્ય. ધર્માસ્તિકાય આદિ માત્ર ગુણાદિ સ્વરૂપ જ નથી. (કિંતુ દ્રવ્ય સ્વરૂપ પણ છે.) ધર્માસ્તિકાય આદિ પાંચ જ છે. ધર્માસ્તિકાય આદિ અને જીવો એ પાંચ દ્રવ્યો છે. આ પ્રમાણે સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "य एते" ઇત્યાદિથી કહે છે- પ્રથમ સૂત્રમાં કહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અને પૂર્વોક્ત જીવો એ પાંચ દ્રવ્યો છે(=દ્રવ્યો કહેવાય છે). કેમકે તે તે રીતે

१. द्रवति गच्छति तांस्तान् पर्यायान् प्राप्नोति इति द्रव्यम्।

પરિણમે છે. તે તે રીતે પરિણમે છે તેથી આ પાંચ કાય છે અને દ્રવ્યો છે. કેમકે તેમનો કાય અને દ્રવ્ય એમ ઉભય રૂપે વ્યવહાર જોવામાં આવે છે.

આને ભાષ્યકાર કહે છે- કારણ કે અહીં જ પ્રથમ અધ્યાયમાં કહ્યું છે. પ્રથમ અધ્યાયમાં શું કહ્યું છે તેને કહે છે- "મતિ અને શ્રુતની ગ્રહણતા ધર્માસ્તિકાય વગેરે સર્વદ્રવ્યોમાં અને થોડા પર્યાયોમાં છે, અર્થાત્ મતિ-શ્રુતનો વિષય સર્વદ્રવ્યો અને થોડા પર્યાયો છે. (અ.૫ સૂ.૧)

મતિ-શ્રુતથી થતું ગ્રહણ(=બોધ) વિશુદ્ધ ન હોય. વિશુદ્ધ ગ્રહણ તો કેવળજ્ઞાનથી થાય એમ કહે છે- "કેવળજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વપર્યાયો છે." (અ.૧ સૂ.૩૦)

આનાથી દ્રવ્યોનું તે તે રીતે પર્યાયરૂપે પરિણમન કહ્યું. કારણ કે વિશિષ્ટ જ્ઞેયરૂપે પરિણત ન થયેલા દ્રવ્યનું ગ્રહણ(=બોધ) થઇ શકે નહીં. (૫-૨)

**टीकावतरणिका–** एतानि च–

**ટીકાવતરણિકાર્થ–** અને આ(=ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો)–

**ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં સાધર્મ્ય=સમાનતા–**

## नित्याऽवस्थितान्यरूपीणि ॥५-३॥

**સૂત્રાર્થ–** (આ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો)- નિત્ય, અવસ્થિત=સ્થિર અને અરૂપી છે. (૫-૩)

**भाष्यं–** एतानि द्रव्याणि नित्यानि भवन्ति । 'तद्भावाव्ययं नित्यम्' इति वक्ष्यते ॥ अवस्थितानि च । न हि कदाचित्पञ्चत्वं भूतार्थत्वं च व्यभिचरन्ति ॥ अरूपीणि च । नैषां रूपमस्तीति । रूपं मूर्तिः, मूर्त्याश्रयाश्च स्पर्शादय इति ॥५-३॥

**ભાષ્યાર્થ–** આ દ્રવ્યો નિત્ય છે. "જે વસ્તુ તેના પોતાના ભાવથી અવ્યય રહે એટલે કે પોતાના ભાવથી રહિત ન બને તે નિત્ય." એમ આગળ (અ.૫ સૂ.૩૦ માં) કહેવાશે. આ દ્રવ્યો અવસ્થિત છે. આ દ્રવ્યો

ક્યારેય પણ પાંચ સંખ્યાને અને પોતાના સ્વરૂપને છોડતા નથી. આ દ્રવ્યોને રૂપ નથી. રૂપ એટલે મૂર્તિ અને મૂર્તિના આશ્રયવાળા સ્પર્શ વગેરે. (૫-૩)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थं त्वाह-'एतानी'त्यादिना एतानि द्रव्याणि धर्मादीनि नित्यानि भवन्ति, तद्भावाव्ययतया, नाप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतया, इहोपपत्तिमाह-'तद्भावाव्ययं नित्यमि'ति वक्ष्यते, नैते धर्मादयः कदाचिद्धर्मादिभावं परित्यक्तवन्तः परित्यजन्ति परित्यक्ष्यन्ति चेति, अवस्थितार्थं परिव्याचष्टे-अवस्थितानि न न्यूनाधिकानि चेत्यर्थः, एतदेवाह-'न ही'त्यादिना, न हि यस्मात् कदाचित् कस्मिन् काले पञ्चत्वं सङ्ख्यामधिकृत्य भूतार्थत्वं स्वतत्त्वलक्षणं व्यभिचरन्ति, अतद्भावापत्त्या, अरूपिपदं व्याचष्टे-अरूपीणि च अपुद्गलद्रव्याणि, अत एवाह-नैषां रूपमस्तीति विशिष्टरूपप्रतिषेधोऽयं, तथा न समुदायप्रतिषेधः, किं तर्हि ?, आद्यानां चतुर्णां विद्वत्सदस्येक-मूर्खभावेऽपि मौर्ख्यनिषेधवत्, किमिदं रूपमित्याह-रूपं मूर्तिः रूप-रसगन्धस्पर्शानां तथाविधविशिष्टैकपरिणतिरूपा चक्षुरादिग्राह्या, तथा चाह-मूर्त्याश्रयाश्च स्पर्शादयः, कदाचिदपि विशिष्टसंस्थानशून्यानाम-भावादिति ॥५-३॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "एतानि" ઇત્યાદિથી કહે છે- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો નિત્ય છે. અહીં નિત્યત્વ પોતાના સ્વરૂપથી રહિત ન બનવાના[1] કારણે છે. અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિર એક સ્વરૂપની અપેક્ષાએ નથી.

અહીં યુક્તિને કહે છે- "પોતાના ભાવથી(=સ્વરૂપથી) રહિત ન બને તે નિત્ય છે" (અ.૫ સૂ.૩૦) એમ આગળ કહેશે. આ ધર્માસ્તિકાય

૧. અહીં નિત્યત્વની પ્રરૂપણા દ્રવ્યાસ્તિકનયની પ્રધાનતાની અપેક્ષાએ છે. દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ ઉભય નયની અપેક્ષાએ નિત્યત્વની વ્યાખ્યા આ પ્રમાણે છે- વસ્તુ ઉત્પન્ન થાય, નાશ પામે, છતાં સ્થિર રહે(=પોતાના મૂળ સ્વરૂપને ન છોડે) તે નિત્ય.

વગેરે દ્રવ્યોએ ક્યારેય પણ પોતાના ધર્માદિ સ્વરૂપને ભૂતકાળમાં છોડ્યું નથી, વર્તમાનમાં છોડતા નથી અને ભવિષ્યમાં છોડશે નહિ.

અવસ્થિત શબ્દના અર્થને કહે છે- ઓછા ન થાય અને વધે નહીં તે અવસ્થિત. આને જ "न हि" ઇત્યાદિથી કહે છે- કારણ કે આ દ્રવ્યો ક્યારે ય પણ પાંચની સંખ્યાને અને પોતાના સ્વરૂપને છોડશે નહિ. (अतद्भावापत्त्या=) જો દ્રવ્યો પોતાના સ્વરૂપને છોડી દે તો પોતાના સ્વરૂપથી રહિત બનવાની આપત્તિ આવે.

અરૂપિપદને કહે છે- 'अरूपीणि च'=પુદ્ગલ સિવાયના દ્રવ્યો અરૂપી=રૂપથી રહિત છે. આથી જ કહે છે- આ (ચાર) દ્રવ્યોમાં રૂપ ન હોય. રૂપનો આ નિષેધ વિશિષ્ટ છે. એટલે કે સમુદાયમાં(=પાંચેય દ્રવ્યોમાં) નિષેધ નથી. તો કોનામાં નિષેધ છે ? પ્રારંભના ચાર દ્રવ્યોમાં રૂપનો નિષેધ છે.

**પ્રશ્ન–** તો પછી 'अरूपीणि' એમ સામાન્યથી કહીને સૂત્રકારે પાંચેય દ્રવ્યોમાં રૂપનો નિષેધ કેમ કર્યો ?

**ઉત્તર–** વિદ્વાનોની સભામાં એક મૂર્ખ હોય તો પણ આ સભા મૂર્ખાઓની નથી એમ મૂર્ખતાનો નિષેધ કરાય છે તેમ અહીં પુદ્ગલોમાં રૂપ હોવા છતાં સમુદિત રૂપે રૂપનો નિષેધ કર્યો છે.

રૂપ શું છે ? તો કહે છે કે- રૂપ એટલે મૂર્તિ(=આકાર). રૂપ, રસ, ગંધ, સ્પર્શો તેવા પ્રકારના વિશિષ્ટ એક પરિણામ સ્વરૂપ છે અને ચક્ષુ આદિથી ગ્રાહ્ય છે(=જાણી શકાય છે). તે પ્રમાણે કહે છે- સ્પર્શ વગેરે મૂર્તિના આશ્રયવાળા છે, અર્થાત્ જ્યાં મૂર્તિ(=આકાર) હોય ત્યાં જ સ્પર્શ વગેરે હોય. કારણ કે સ્પર્શ વગેરે ક્યારેય પણ વિશિષ્ટ સંસ્થાનથી[૧] રહિત પદાર્થોમાં ન હોય. (૫-૩)

૧. ટીકાકારે કરેલા 'વિશિષ્ટ સંસ્થાન' એવા પ્રયોગથી પ્રસ્તુતમાં રૂપ શબ્દથી કૃષ્ણ વગેરે વર્ણ વિવક્ષિત નથી પણ 'આકાર' વિવક્ષિત છે.

**टीकावतरणिका–** नित्यावस्थितान्यरूपाणीति विशेषाभिधाने विशेषवादमाह–

**ટીકાવતરણિકાર્થ–** ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો નિત્ય, અવસ્થિત, અરૂપી છે એવા વિશેષ કથનમાં અપવાદને કહે છે–

**રૂપી દ્રવ્યો–**

**रूपिणः पुद्गलाः ॥५-४॥**

**સૂત્રાર્થ–** પુદ્ગલો રૂપી છે. (૫-૪)

**भाष्यं–** पुद्गला एव रूपिणो भवन्ति । रूपमेषामस्त्येषु वास्तीति रूपिणः ॥५-४॥

**ભાષ્યાર્થ–** પુદ્ગલો જ રૂપવાળા હોય છે. એમને રૂપ છે, અર્થાત્ એમનામાં રૂપ છે. તે રૂપી=રૂપવાળા છે. (૫-૪)

**टीका–** धर्म्मादीनां मध्य इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'पुद्गला एवे'त्यादिना, पुद्गला एव परमाणुप्रभृतयोऽनन्तप्रदेश-स्कन्धावसानाः रूपिणो भवन्ति, मूर्तिमत्तया परिणतिमासादयन्ति, न धर्म्मादयः रूपिणः, व्याचष्टे-'रूपमेषा'मित्यादिना, रूपं मूर्तिः एषां पुद्गलानां परमाण्वादीनां अस्ति विद्यते, षष्ठीप्रदर्शनात् कथञ्चिदभिन्नं, एषु वा पुद्गलेष्वस्तीति, तिलतैलवत् कथञ्चिद्भिन्नमिति सप्तम्योक्तं, तदेवमेते रूपिणः, नित्यत्वमवस्थितत्वं चैतेषामपि समस्त्येव, सामान्येन तद्भावाव्ययतया न्यूनाधिकत्वाभावेन चेति ॥५-४॥

**ટીકાર્થ–** ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં પુદ્ગલો રૂપી છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "पुद्गला एव" ઇત્યાદિથી કહે છે- પરમાણુથી પ્રારંભી અનંતપ્રદેશી સ્કંધ સુધીના પુદ્ગલો જ રૂપી હોય છે, અર્થાત્ મૂર્તિ(=આકાર) રૂપે પરિણામને પામે છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો રૂપી નથી. આને 'रूपमेषाम्' ઇત્યાદિથી કહે છે- પરમાણુ આદિ પુદ્ગલોને રૂપ છે. અહીં છઠ્ઠી વિભક્તિના કથનથી રૂપ અને પુદ્ગલોનો કથંચિદ્ અભેદ જણાવ્યો છે અથવા પુદ્ગલોમાં રૂપ

છે એમ સપ્તમી વિભક્તિથી તલમાં તેલની જેમ કથંચિત્ ભેદ કહ્યો છે. પુદ્ગલોનું પણ પોતાના સ્વરૂપથી રહિત ન બનવાથી નિત્યત્વ અને ન્યૂનતા-અધિકતાના અભાવથી અવસ્થિતત્વ છે જ. (૫-૪)

**टीकावतरणिका–** एतद्विशेषाभिधित्सयोवाच–

**ટીકાવતરણિકાર્થ–** દ્રવ્યો સંબંધી વિશેષ કહેવાની ઇચ્છાથી સૂત્રકારે આ કહ્યું છે–

**આકાશ સુધીનાં દ્રવ્યોની એકતા–**

**आऽऽकाशादेकद्रव्याणि ॥५-५॥**

**સૂત્રાર્થ–** આકાશ સુધીના દ્રવ્યો એક એક છે. (૫-૫)

**भाष्यं–** आ आकाशाद् धर्मादीन्येकद्रव्याण्येव भवन्ति । पुद्गलजीवास्त्वनेकद्रव्याणीति ॥५-५॥

**ભાષ્યાર્થ–** ધર્માસ્તિકાયથી પ્રારંભી આકાશસુધીના દ્રવ્યો એક એક જ દ્રવ્યરૂપ છે. પુદ્ગલ અને જીવોના અનેક દ્રવ્યો છે. (૫-૫)

**टीका–** आकाशान्तानि धर्मादीनि एकद्रव्याणीति सूत्रसमुदायार्थः ॥ अवयवार्थं त्वाह-'(आ) आकाशादि'त्यादिना अभिविधिवाचित्वादाङो द्वित्वं, ततश्च संहितया सूत्रपाठस्तं विवृणोति, आ आकाशाद्, अध्यायादिसूत्रोपपन्नं क्रममुद्दिश्याकाशं यावत् धर्म्माधर्म्माकाशानि सूत्रानुपूर्व्योक्तानि, किमित्याह-एकद्रव्याण्येव, तेषां समानजातीयानि द्रव्यान्तराणि न सन्तीत्यर्थः, अवधारणफलदर्शनायाह-पुद्गलजीवास्त्वनेकद्रव्याणीति समानजातीयद्रव्यान्तरभावात्, अनेनात्मैकत्वप्रत्येकत्वनिरासः, तदेकत्वे संसाराद्यभाव इति भावनीयं ॥५-५॥

**ટીકાર્થ–** આકાશસુધીના ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો એક-એક દ્રવ્ય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "आ आकाशात्" ઇત્યાદિથી કહે છે- आङ् અભિવિધિવાચી છે. આથી(=બે 'आ' મળવાથી) દ્વિત્વ થયું છે, તેથી સૂત્રપાઠ સંહિતાથી(=ભેગો) છે. તે(=ભેગા) સૂત્રપાઠનું વિવરણ કરે છે- आ आकाशाद् આ અધ્યાયના

પહેલા સૂત્રથી પ્રાપ્ત થયેલા ક્રમની અપેક્ષાએ આકાશસુધીનાં, અર્થાત્ સૂત્રમાં કહેલા ક્રમથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એક એક જ દ્રવ્ય છે, અર્થાત્ તેમના જેવા બીજા દ્રવ્યો નથી. (एकद्रव्याण्येव એવા) અવધારણના ફળને બતાવવા માટે કહે છે- પુદ્‌ગલો અને જીવો અનેક દ્રવ્યો છે, કેમકે તેમના જેવા બીજા દ્રવ્યો છે. આનાથી(=પુદ્‌ગલો અને જીવો અનેક દ્રવ્યો છે એવા કથનથી) એકત્વનું અને પ્રત્યેકત્વનું નિરાકરણ કર્યું.

**એકત્વ-પ્રત્યેકત્વનો ભાવાર્થ–** વેદાંતીઓ એક જ બ્રહ્મ છે=આત્મા છે એમ માને છે. જગતમાં જેટલા શરીરો છે તે બધા શરીરોમાં એક જ આત્મા છે. કહ્યું છે કે "એક જ ભૂતાત્મા(=શરીરમાં રહેલો આત્મા) પ્રત્યેક શરીરમાં રહેલો છે. તે એક જ આત્મા જલમાં ચંદ્રની જેમ એક રૂપે અને અનેક રૂપે દેખાય છે."

આ શ્લોકમાં 'એક જ ભૂતાત્મા' એટલે એકત્વ. પ્રત્યેક શરીરમાં રહેલો છે એટલે પ્રત્યેકત્વ. આવા એકત્વનું અને પ્રત્યેકત્વનું અહીં ખંડન કર્યું છે. (૫-૫)

**टीकावतरणिका–** एतद्विशेषाभिधित्सयैवाह–

**ટીકાવતરણિકાર્થ–** દ્રવ્યો સંબંધી વિશેષ કહેવાની ઇચ્છાથી સૂત્રકાર કહે છે–

**આકાશ આદિ દ્રવ્યોમાં નિષ્ક્રિયતા–**

## निष्क्रियाणि च ॥५-६॥

**સૂત્રાર્થ–** આકાશસુધીના દ્રવ્યો નિષ્ક્રિય=ક્રિયારહિત છે. (૫-૬)

**भाष्यं–** आ आकाशादेव धर्मादीनि निष्क्रियाणि भवन्ति । पुद्गल-जीवास्तु क्रियावन्तः । क्रियेति गतिकर्माह ॥५-६॥

**ભાષ્યાર્થ–** આકાશસુધીના ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો નિષ્ક્રિય છે(=ક્રિયા રહિત છે.) પુદ્‌ગલો અને જીવો તો ક્રિયાવાળા છે. ક્રિયા એટલે ગતિકાર્ય. (૫-૬)

**टीका–** अगमनशीलानीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'आ आकाशादि'त्यादिना आ आकाशादेव आकाशमेव यावत् धर्मादीन्यनन्तरोदितानि, किमित्याह-निष्क्रियाणि भवन्ति, विशिष्टक्रियाप्रतिषेधोऽयं, यदाह-पुद्गलजीवास्तु पुद्गलजीवाः पुनः क्रियावन्तः, अभिमतक्रियाविशेषमाह-क्रियेति गतिकर्माह सूत्रकारः, गतिक्रियामित्यर्थः, नापेक्षिकां उत्पादक्रियामिति, सा हि धर्मादीनामपि समस्त्येवेत्यभिप्रायः ॥५-६॥

**ટીકાર્થ–** આકાશસુધીના દ્રવ્યો એક સ્થળેથી બીજે સ્થળે જવાના સ્વભાવવાળા નથી. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો आ आकाशाद् ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- આકાશસુધીના જ હમણાં જ કહેલા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ક્રિયારહિત છે. આ પ્રતિષેધ વિશિષ્ટ ક્રિયા સંબંધી છે જેથી કહે છે કે- પુદ્ગલો અને જીવો તો ક્રિયાવાળા છે. અહીં વિશેષ પ્રકારની જે ક્રિયા ઇષ્ટ છે તેને કહે છે- અહીં સૂત્રકાર ક્રિયા શબ્દથી ગતિરૂપ ક્રિયાને કહે છે, આપેક્ષિક ઉત્પત્તિરૂપ ક્રિયાને નથી કહેતા. આપેક્ષિક ક્રિયા ધર્માસ્તિકાયાદિમાં પણ છે જ. (દરેક સમયે દરેક દ્રવ્ય પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આથી આવી ઉત્પત્તિ-નાશની ક્રિયાની અપેક્ષાએ ધર્માસ્તિકાયાદિમાં પણ ક્રિયા છે. માટે અહીં ક્રિયા શબ્દથી આપેક્ષિક ઉત્પત્તિરૂપ ક્રિયા સૂત્રકારને ઇષ્ટ નથી. (૫-૬)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता प्रदेशावयवबहुत्वं कायसंज्ञमिति । तस्मात्क एषां धर्मादीनां प्रदेशावयवनियम इति । अत्रोच्यते- सर्वेषां प्रदेशाः सन्त्यन्यत्र परमाणोः । अवयवास्तु स्कन्धानामेव । वक्ष्यते हि "अणवः स्कन्धाश्च" "सङ्घातभेदेभ्य उत्पद्यन्ते" इति ॥

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે પ્રદેશરૂપ અવયવોના બહુપણાને કાય સંજ્ઞા કહી છે એમ કહ્યું, અર્થાત્ જેને પ્રદેશરૂપ અવયવો ઘણા હોય તે કાય કહેવાય એમ (આ અધ્યાયના સૂ.૧ માં) આપે કહ્યું. તો ધર્માસ્તિકાય વગેરેના પ્રદેશરૂપ અવયવોનો નિયમ શો છે ?

**ઉત્તર–** પરમાણુ સિવાય બધા દ્રવ્યોને પ્રદેશો હોય છે. (અજીવ દ્રવ્યમાં) તો સ્કંધોના જ અવયવો હોય છે. "પુદ્ગલના પરમાણુ અને સ્કંધ એમ મુખ્ય બે ભેદો છે" (અ.૫ સૂ.૨૫). સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈ પણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે (અ.૫ સૂ.૨૬) એમ કહેવાશે–

**टीकावतरणिका–** सूत्रान्तरसम्बन्धमाह-'अत्राहोक्त'मित्यादिना अत्राहोक्तं भवता प्रदेशावयवबहुत्वं सामान्येन कायसंज्ञं धर्मादि-कायाभिधानमिति तत् क एषां धर्मादीनां कायानां प्रदेशावयवनियमः ?, केषां प्रदेशाः केषां वा अवयवा इति, अमूर्तेष्ववयवव्यवहारो दुर्घटः, मूर्तेषु चान्त्यावयवेषु परमाणुषु प्रदेशव्यवहार इत्यभिप्रायः, एवं पराभिप्रायमाशङ्क्याह-अत्रोच्यते, सर्वेषाममूर्तमूर्तानां धर्मादीनां प्रदेशाः सन्निकृष्टा देशाः प्रदेशा इतिकृत्वा, परमाणोरित्येतत् प्राप्तेऽन्यत्र आह-अन्यत्र परमाणोः परमाणुं मुक्त्वा, द्रव्यतोऽशक्यभेदस्य परमाणुत्वात्, समानजातीयप्रदेशप्रतिषेधोऽयं, रसादयस्तु पर्याया विद्यन्ते, अवयवास्तु विसकलितभेदवृत्तयः स्कन्धानामेवानन्तानन्तप्रदेशकान्तानां, वक्ष्यति यस्मात् सूत्रकारः, किमित्याह-'अणव'इत्यादि अणवः-परमाणवः स्कन्धाश्च-तत्संहतिरूपाः सङ्घातभेदेभ्यः स्कन्धाः भेदेभ्योऽणव उत्पद्यन्ते, अत एवैते अवयूयमानत्वादवयवा इति चैतत्, स्कन्धावस्थायां सर्वथा-ऽणुत्वासिद्धेः, सिद्धौ वा प्रत्येकपरमाणुपुद्गलेष्विव स्कन्धायोगाद्, एतेन तत्प्रदेशत्वसिद्धिरिति एवं प्रदेशावयवविभागमेषामभिधाय तदिय-त्तामभिधातुमाह–

**ટીકાવતરણિકાર્થ–** "अत्राहोक्तम्" ઇત્યાદિથી અન્ય સૂત્રના સંબંધને કહે છે- અહીં શિષ્ય કહે છે કે આપે (આ અધ્યાયના પહેલા સૂત્રના ભાષ્યમાં) સામાન્યથી કાયસંજ્ઞાવાળા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો બહુ પ્રદેશવાળા અને બહુ અવયવવાળા છે એમ કહ્યું છે. તેથી ધર્માસ્તિ-કાયાદિમાં પ્રદેશોનો અને અવયવોનો નિયમ શો છે ? અર્થાત્ કોને પ્રદેશો

હોય અને કોને અવયવો હોય ? આ પ્રશ્ન થવાનું કારણ એ છે કે અરૂપી દ્રવ્યોમાં અવયવનો વ્યવહાર થવો અશક્ય છે. રૂપી દ્રવ્યોમાં અંત્ય અવયવરૂપ પરમાણુઓમાં પ્રદેશનો વ્યવહાર થવો અશક્ય છે. આ પ્રમાણે અન્યના અભિપ્રાયને કલ્પીને કહે છે- અહીં ઉત્તર કહેવાય છે. અરૂપી-રૂપી સર્વ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને પ્રદેશો છે. નજીકના દેશો તે પ્રદેશો એવો અર્થ હોવાથી ધર્માસ્તિકાયાદિ સર્વદ્રવ્યોને પ્રદેશો હોય છે.

આ કથનથી પરમાણુને પણ પ્રદેશો હોય આથી પરમાણુ સિવાય એમ કહે છે- સર્વદ્રવ્યોને પ્રદેશો હોય એ કથન પરમાણુને છોડીને છે. પરમાણુને પ્રદેશો ન હોય. કેમકે દ્રવ્યથી જેનો ભેદ(=બે વિભાગ) ન થઈ શકે તે પરમાણુ છે. પોતાના જેવા પ્રદેશોનો આ પ્રતિષેધ છે. રસ વગેરે પર્યાયો તો પરમાણુને પણ હોય છે. જુદા કરાયેલા[1] અને ભેદ વૃત્તિવાળા(=જુદા થયેલા) અવયવો તો અનંતાનંતપ્રદેશવાળા સુધીના સ્કંધોને જ હોય છે. જેને સ્વયં સૂત્રકાર આગળ કહેશે. સૂત્રકાર આગળ શું કહેશે ? તેને ભાષ્યકાર કહે છે- "પુદ્ગલના અણુ અને સ્કંધ એમ મુખ્ય બે ભેદ છે." (૫-૨૫) "સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈ પણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે." અણુ એટલે પરમાણુ. સ્કંધ એટલે પરમાણુઓનો જથ્થો. સ્કંધો સંઘાતથી અને ભેદથી તથા અણુઓ ભેદથી ઉત્પન્ન થાય છે. આથી જ આ અણુઓ જુદા કરાતા હોવાથી અવયવો છે. જ્યારે અણુ સ્કંધાવસ્થામાં હોય(=સ્કંધમાં જોડાયેલ હોય) ત્યારે તેનું અણુત્વ કોઈપણ રીતે સિદ્ધ થતું નથી, અર્થાત્ ત્યારે તે અણુ ન કહેવાય. જો સ્કંધાવસ્થામાં અણુત્વની સિદ્ધિ થાય તો પ્રત્યેક પરમાણુરૂપ પુદ્ગલોની જેમ સ્કંધ ન બને=સ્કંધ ન કહેવાય.

**તાત્પર્યાર્થ–** જેમ સ્કંધો અવયવરૂપ છે તેમ પરમાણુ પણ અવયવરૂપ છે. હવે જ્યારે છૂટો પરમાણુ સ્કંધમાં જોડાઈ જાય ત્યારે તે અણુ ન

૧. અવયવો વિસ્રસા અને પ્રયોગ એમ બે રીતે થાય છે. તેમાં વિસ્રસાથી થયેલા અવયવો જુદા થયેલા છે (અર્થાત્ કોઈએ કર્યા નથી) અને પ્રયોગથી થયેલા અવયવો બીજાઓથી જુદા કરાયેલા છે. આમ થવું અને કરવું એમ બે ભેદ છે.

કહેવાય કિંતુ પ્રદેશ કહેવાય. હવે જો સ્કંધમાં જોડાયેલા અણુને અણુ માનવામાં આવે તો જેમ પ્રત્યેક(=છૂટા) પરમાણુઓને સ્કંધ ન મનાય તેમ આ સ્કંધને પણ સ્કંધ ન માની શકાય.

આનાથી સ્કંધમાં રહેલા પરમાણુના પ્રદેશત્વની સિદ્ધિ થાય છે.

**તાત્પર્યાર્થ–** અણુ જયારે છૂટો હોય ત્યારે અવયવ કહેવાય છે. એ જ પરમાણુ જયારે સ્કંધમાં જોડાઇ જાય છે ત્યારે પ્રદેશ કહેવાય છે. આ પ્રમાણે ધર્માસ્તિકાયાદિના પ્રદેશ અને અવયવના વિભાગને કહીને ધર્માસ્તિકાયાદિના પ્રદેશોના પરિમાણનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**ધર્મ-અધર્મ દ્રવ્યોમાં પ્રદેશોનું પરિમાણ–**

## असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥५-७॥

**સૂત્રાર્થ–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પ્રત્યેકના અસંખ્યાત પ્રદેશો છે. (૫-૭)

**भाष्यं–** प्रदेशो नामापेक्षिकः सर्वसूक्ष्मस्तु परमाणोरवगाह इति ॥५-७॥

**ભાષ્યાર્થ–** પ્રદેશ એટલે પરમાણુનું આપેક્ષિક સર્વસૂક્ષ્મ અવસ્થાન. (૫-૭)

**टीका–** समुदायार्थः प्रकटः। अवयवार्थं त्वाह–'प्रदेशो नामे'त्यादिना प्रदेश उक्तार्थः, नामशब्दः किल एवार्थः, स च परोक्षाप्तागमवादसूचकः, एवमाप्ताः कथयन्ति, यदुत अपेक्षाप्रयोजनस्तन्निर्वृत्तये वा आपेक्षिकः, स्थिरा विभागापेक्षया, सर्वलघुरित्यर्थः, तदयं मूर्तेतरेषु साधारणसत्ता-निबन्धनत्वात्, स्पष्टतराभिधित्सयाऽऽह–सर्वसूक्ष्मस्य परमाणोः सर्वल-घोरित्यर्थः, अवगाह इत्यवगाहोऽवस्थानमित्येषः प्रदेशः, एवम्भूता असङ्ख्येया धर्माधर्मयोरिति ॥५-७॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "प्रदेशो नाम" ઇત્યાદિથી કહે છે- પ્રદેશનો અર્થ પૂર્વે કહ્યો છે. નામ શબ્દ

किल અર્થવાળો જ છે. किल અર્થ પરોક્ષ આપ્તના આગમવાદનો સૂચક છે. આપ્તો આ પ્રમાણે કહે છે કે પ્રદેશ આપેક્ષિક છે. અપેક્ષાના પ્રયોજનવાળો કે અપેક્ષાથી નિર્વૃત્ત તે આપેક્ષિક[1]. જે સ્થિર હોય અને જેના બે વિભાગ ન થઇ શકે તેવા દેશની અપેક્ષાએ અહીં પ્રદેશ શબ્દ છે, અર્થાત્ સર્વથી લઘુ દેશ તે પ્રદેશ. આ પ્રદેશ રૂપી-અરૂપી દ્રવ્યોમાં સાધારણસત્તાનું કારણ છે, અર્થાત્ આ પ્રદેશ રૂપી-અરૂપી સર્વદ્રવ્યોમાં છે. આથી અધિક સ્પષ્ટપણે જણાવવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે- સર્વ સૂક્ષ્મ, અર્થાત્ સર્વ લઘુ એવા પરમાણુનું અવસ્થાન પ્રદેશ છે.

**તાત્પર્યાર્થ–** પરમાણુ જેટલા પ્રદેશમાં રહે તેટલો દેશ તે પ્રદેશ. આવા પ્રદેશો ધર્માસ્તિકાયના અને અધર્માસ્તિકાયના અસંખ્યાત છે. (૫-૭)

**પ્રત્યેક જીવના પ્રદેશોનું પરિમાણ–**

**जीवस्य च ॥५-८॥**

**સૂત્રાર્થ–** પ્રત્યેક જીવના અસંખ્ય પ્રદેશો છે. (૫-૮)

**भाष्यं–** एकजीवस्य चासङ्ख्येयाः प्रदेशा भवन्तीति ॥५-८॥

**ભાષ્યાર્થ–** એક જીવના અસંખ્ય પ્રદેશો હોય છે. (૫-૮)

**टीका–** एतद् व्याचष्टे-'एकजीवस्ये'त्यादिना एकजीवस्य-एकजीवव्यक्तेः चः समुच्चये असङ्ख्येयाः सङ्ख्यातीताः प्रदेशा भवन्ति, न केवलं धर्माधर्मयोरेवेति ॥५-८॥

**ટીકાર્થ–** જીવના અસંખ્ય પ્રદેશો છે એને ભાષ્યકાર "एकजीवस्य" ઇત્યાદિથી કહે છે. કેવલ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના જ નહિ કિંતુ એક જીવ વ્યક્તિના(=પ્રત્યેક જીવના) પણ અસંખ્યાત પ્રદેશો છે. (૫-૮)

**આકાશના પ્રદેશોનું પરિમાણ–**

**आकाशस्यानन्ताः ॥५-९॥**

---

૧. **આપેક્ષિક–** અપેક્ષા શબ્દને પ્રયોજન અર્થમાં કે નિર્વૃત્ત અર્થમાં તદ્ધિતનો इकण् પ્રત્યય લાગવાથી आपेक्षिक શબ્દ બન્યો છે.

**સૂત્રાર્થ–** આકાશના અનંતપ્રદેશો છે. (૫-૯)

**भाष्यं–** लोकालोकाकाशस्यानन्ताः प्रदेशाः । लोकाकाशस्य तु धर्माधर्मैकजीवैस्तुल्याः ॥५-९॥

**ભાષ્યાર્થ–** લોકાકાશ અને અલોકાકાશના અનંતા પ્રદેશો છે. લોકાકાશના તો પ્રદેશો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવના પ્રદેશોની તુલ્ય(=અસંખ્યાતા) છે. (૫-૯)

**टीका–** एतद् व्याचष्टे-'लोके'त्यादिना लोकालोकाकाशस्य सामान्येनाखिलस्य, किमित्याह-अनन्ताः प्रदेशाः, अपर्यवसाना इत्यर्थः, विशेषेण लोकाकाशस्य पुनः धर्माधर्मैकजीवैः, किमित्याह-तुल्याः सदृशाः समानाः प्रदेशा इति, इयांस्तु विशेषः-धर्मादीनां वितता एव, जीवस्य तु सङ्कोचविकाशधर्माण इति ॥५-९॥

**ટીકાર્થ–** આકાશના અનંતપ્રદેશો હોય છે એને ભાષ્યકાર 'लोक' ઇત્યાદિથી કહે છે- સામાન્યથી લોકાકાશ અને અલોકાકાશ એમ સંપૂર્ણ આકાશના અનંતપ્રદેશો છે. અનંત એટલે જેનો અંત ન હોય તે. વિશેષથી લોકાકાશના તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવની તુલ્ય(=અસંખ્યાત) પ્રદેશો છે. અહીં આ વિશેષ છે કે ધર્માસ્તિકાયાદિના પ્રદેશો વિસ્તૃત હોય છે. જીવના પ્રદેશો તો સંકોચ-વિકાસના સ્વભાવવાળા હોય છે. (૫-૯)

**પુદ્ગલોના પ્રદેશોનું પરિમાણ–**

## सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥५-१०॥

**સૂત્રાર્થ–** પુદ્ગલોના સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશો હોય છે. (૫-૧૦)

**भाष्यं–** सङ्ख्येया असङ्ख्येया अनन्ताश्च पुद्गलानां प्रदेशा भवन्ति । अनन्ता इति वर्तते ॥५-१०॥

**ભાષ્યાર્થ–** પુદ્ગલો (દ્રવ્યો)ના પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને અનંતા હોય છે. "अनन्ताः" એ પ્રમાણે ઉપરના સૂત્રથી ચાલ્યું આવે છે. (૫-૧૦)

**टीका–** एतद् व्याचष्टे-'सङ्ख्येया' इत्यादिना यथा सम्भवति परिणामवैचित्र्यात्, केषामित्याह-पुद्गलानाम्, इह पुद्गलाः परमाण्वादयः अचित्तमहास्कन्धावसाना गृह्यन्ते, पूरणगलनधर्मात्, अनन्ताः सूत्रेऽनुपात्ता अपि चशब्दात् लभ्यन्ते, अनुवृत्तेरिति, एतदाह-अनन्ता इति वर्त्तते, तदेतदुक्तं भवति-अनुवर्त्तन्ते नाम विधयो न चानुवर्त्तनादेव भवति, किं तर्हि ?, यत्नादिति ॥५-१०॥

**ટીકાર્થ–** સૂત્રોક્ત વિષયને ભાષ્યકાર 'सङ्ख्येया' ઇત્યાદિથી કહે છે- પુદ્ગલોનો પરિણામ વિચિત્ર હોવાથી પુદ્ગલોના સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશો યથાસંભવ હોય છે. અહીં પરમાણુથી પ્રારંભી અચિત્ત મહાસ્કંધસુધીના પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે. પૂરણ-ગલન સ્વભાવવાળા હોવાથી પુદ્ગલો કહેવાય છે.

સૂત્રમાં અનંત શબ્દ ન લીધો હોવા છતાં च શબ્દથી પ્રાપ્ત થાય છે. કેમકે અનુવૃત્તિ છે. આને જ ભાષ્યકાર કહે છે- अनन्ताः એ પ્રયોગ ઉપરના સૂત્રથી ચાલ્યો આવે છે.

અહીં તાત્પર્યાર્થ આ છે- જો કે વિધિઓનું(=વિધાનોનું) અનુવર્તન થાય છે આમ છતાં અનુવર્તનથી જ વિધિ થતી નથી. તો કેવી રીતે થાય છે ? યત્નથી વિધિઓ થાય છે. (પ્રસ્તુતમાં च શબ્દનો પ્રયોગ કરવા રૂપ યત્નથી વિધિ થઇ છે.) (૫-૧૦)

**પરમાણુમાં પ્રદેશોનો અભાવ–**

**नाणोः ॥५-११॥**

**સૂત્રાર્થ–** અણુના=પરમાણુના પ્રદેશો હોતા નથી. (૫-૧૧)

**भाष्यं–** अणोः प्रदेशा न भवन्ति । अनादिरमध्योऽप्रदेशो हि परमाणुः ॥५-११॥

**ભાષ્યાર્થ–** અણુના પ્રદેશો ન હોય. પરમાણુઓ આદિ ભાગથી, મધ્ય ભાગથી અને પ્રદેશથી રહિત હોય છે. (૫-૧૧)

**टीका–** पूर्वसूत्रापवादोऽस्य पिण्डार्थः । अवयवार्थं त्वाह- 'अणो'रित्यादिना अणोः-परमाणुपुद्गलस्य प्रदेशाः-आरम्भकाः परमाणवः न सन्ति, न चैवमप्यभावोऽस्येत्याह-'अनादिरमध्यऽप्रदेशो हि परमाणु'रिति, यस्मादादिमध्यान्तप्रदेशैः रहित एवायमिष्यते, न चैवम्भूतोऽपि न सम्भवति, विज्ञानवद्भावाविरोधात् कार्यगम्यत्वाच्चेति ॥५-११॥

**ટીકાર્થ–** પૂર્વના સૂત્રનો આ અપવાદ છે એવો આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર अणोः ઇત્યાદિથી કહે છે- અણુના= પરમાણુ પુદ્ગલના પ્રદેશો(=આરંભક પરમાણુઓ) હોતા નથી. અણુના પરમાણુઓ ન હોવા છતાં અણુનો અભાવ નથી. એથી કહે છે- પરમાણુ આદિ-મધ્ય-પ્રદેશથી(=અંતથી) રહિત છે. અણુના પ્રદેશો હોતા નથી. કેમકે અણુ આદિ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને અંત પ્રદેશથી રહિત જ અભિપ્રેત છે. આવો અણુ ન સંભવે એમ ન માનવું. આમાં વિજ્ઞાનનું દૃષ્ટાંત છે. (બૌદ્ધ મતમાં પ્રસિદ્ધ વિજ્ઞાન=વિજ્ઞાનક્ષણ આદિ, મધ્ય અને અંતથી રહિત હોય છે છતાં હોય છે તેમ પરમાણુ પણ આદિ-મધ્ય-અંતથી રહિત હોવા છતાં છે.) વિજ્ઞાન(ક્ષણ)ની જેમ પરમાણુ હોવામાં વિરોધ ન હોવાથી અને કાર્યથી જાણી શકાતો હોવાથી પરમાણુ છે. (ઘણા પરમાણુઓ જોડાય ત્યારે જ ઘટ-પટ વગેરે પદાર્થો બને છે. ઘટ-પટ વગેરે કાર્યથી પરમાણુ છે એમ જાણી શકાય છે, માટે પરમાણુ કાર્યગમ્ય છે.) (૫-૧૧)

**टीकावतरणिका–** व्यवहारनयमधिकृत्यावगाहिनामवगाहमाह–

**ટીકાવતરણિકાર્થ–** વ્યવહારનયને[1] આશ્રયીને પ્રવેશ કરનારાઓના પ્રવેશને(=રહેનારા પદાર્થોના રહેવાના સ્થાનને) કહે છે–

**ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું આધારક્ષેત્ર–**

**लोकाकाशेऽवगाहः ॥५-१२॥**

**સૂત્રાર્થ–** ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો અવગાહ(=રહેવા માટેનું સ્થાન) લોકાકાશમાં છે. (૫-૧૨)

૧. નિશ્ચયનયથી દરેક પદાર્થ પોતપોતાનામાં રહેલ છે. આથી અહીં વ્યવહારનયને આશ્રયીને એમ કહ્યું છે.

**भाष्यं–** अवगाहिनामवगाहो लोकाकाशे भवति ॥५-१२॥

**ભાષ્યાર્થ–** અવસ્થાનવાળા દ્રવ્યોનું અવસ્થાન લોકાકાશમાં હોય છે. (૫-૧૨)

**टीका–** एतद् व्याचष्टे–'अवगाहिना'मित्यादिना अवगाहिनामित्यनुप्रवेशवतां धर्मादीनां, किमित्याह–अवगाहः–प्रवेशः, क्वेत्याह–'लोकाकाशे' चतुर्दशरज्ज्वात्मक एव भवति, नालोकाकाशे, तस्य एतत्स्वभावत्वादिति ॥५-१२॥

**ટીકાર્થ–** રહેનારા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું રહેવા માટેનું સ્થાન ચૌદરાજ પ્રમાણ લોકાકાશમાં જ છે. અલોકાકાશમાં નથી. લોકાકાશનો જ આ(=રહેવા સ્થાન, અર્થાત્ જગ્યા આપવાનો) સ્વભાવ છે. (૫-૧૨)

**टीकावतरणिका–** तथा चाह–

**ટીકાવતરણિકાર્થ–**ગ્રંથકાર તેને (કયા દ્રવ્યનો કેટલા લોકાકાશમાં અવગાહ છે તેને) કહે છે–

**ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના સ્થિતિક્ષેત્રની મર્યાદા–**

## धर्माधर्मयोः कृत्स्ने ॥५-१३॥

**સૂત્રાર્થ–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અવગાહ સંપૂર્ણ લોકમાં છે. (૫-૧૩)

**भाष्यं–** धर्माधर्मयोः कृत्स्ने लोकाकाशेऽवगाहो भवतीति ॥५-१३॥

**ભાષ્યાર્થ–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું અવસ્થાન સંપૂર્ણ લોકાકાશમાં હોય છે. (૫-૧૩)

**टीका–** एतद् व्याचष्टे–'धर्माधर्मयो'रित्यादिना धर्मास्तिकायाधर्मास्तिकाययोः कृत्स्ने–सम्पूर्णे लोकाकाशे–चतुर्दशरज्ज्वात्मकेऽपि, किमित्याह–अवगाहो भवति, अनादिकालीनः, परस्पराश्लेषपरिणतेरिति भावः ॥५-१३॥

**ટીકાર્થ–** આને(=કયું દ્રવ્ય કેટલા લોકાકાશમાં રહે છે એ વિષયને) धर्माधर्मयोः ઇત્યાદિથી કહે છે- ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનો ચૌદરાજ પ્રમાણ સંપૂર્ણ લોકાકાશમાં અવગાહ(=રહેવા માટેનું સ્થાન=જગ્યા) છે, અર્થાત્ આ બે દ્રવ્યો સંપૂર્ણ લોકાકાશમાં રહેલા[1] છે. જેટલા સ્થાનમાં લોકાકાશ છે તેટલા જ સ્થાનમાં આ બે દ્રવ્યો પણ છે. આ અવગાહ અનાદિકાળથી છે(અમુક સમયથી થયો છે એવું નથી). પરસ્પર (સંયોગ)સંબંધના પરિણામથી અવગાહ અનાદિકાળથી છે. (૫-૧૩)

**પુદ્ગલના સ્થિતિક્ષેત્રની મર્યાદા–**

## एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥५-१४॥

**સૂત્રાર્થ–** લોકાકાશના એક પ્રદેશથી આરંભી (લોકાકાશ પ્રમાણ) અસંખ્ય પ્રદેશોમાં પુદ્ગલદ્રવ્યનો(=સ્કંધનો) અવગાહ ભાજ્ય છે= વિકલ્પ કરવા યોગ્ય છે. (૫-૧૪)

**भाष्यं–** अप्रदेशसङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशानां पुद्गलानामेकादिष्वाकाशप्रदेशेषु भाज्योऽवगाहः । भाज्यो विभाष्यो विकल्प्य इत्यनर्थान्तरम् । तद्यथा-परमाणोरेकस्मिन्नेव प्रदेशे । द्व्यणुकस्यैकस्मिन् द्वयोश्च । त्र्यणुकस्यैकस्मिन् द्वयोस्त्रिषु च । एवं चतुरणुकादीनां सङ्ख्येयासङ्ख्येयप्रदेशस्यैकादिषु सङ्ख्येयेष्वसङ्ख्येयेषु च । अनन्तप्रदेशस्य च ॥५-१४॥

**ભાષ્યાર્થ–** પ્રદેશ રહિત, સંખ્યાતપ્રદેશવાળા, અસંખ્યાતપ્રદેશવાળા અને અનંતપ્રદેશવાળા પુદ્ગલોનું અવસ્થાન એક આકાશપ્રદેશ વગેરેમાં ભાજ્ય છે=વિકલ્પ કરવા યોગ્ય છે. ભાજ્ય, વિભાષ્ય, વિકલ્પ્ય એ શબ્દોનો એક અર્થ છે. તે આ પ્રમાણે- પરમાણુનું અવસ્થાન એક જ પ્રદેશમાં હોય દ્વ્યણુકનું અવસ્થાન એક કે બે આકાશપ્રદેશોમાં હોય, ત્ર્યણુકનું અવસ્થાન એક, બે કે ત્રણ આકાશપ્રદેશોમાં હોય એ પ્રમાણે

૧. અર્થાત્ આ બે દ્રવ્યો અને આકાશ એક જ સ્થાનમાં સમવાય સંબંધ વગેરે સંબંધથી નહિ પરંતુ સંયોગ સંબંધથી રહેલા છે. આનો ભાવ એ થયો કે ઘટ અને ઘટના રૂપની જેમ નહિ કિંતુ દૂધ-પાણીની જેમ રહેલાં છે.

ચતુરણુક વગેરે સંખ્યાતપ્રદેશવાળા, અસંખ્યાતપ્રદેશવાળા અને અનંત-પ્રદેશવાળા સ્કંધનું અવસ્થાન એક વગેરે સંખ્યાતપ્રદેશોમાં કે અસંખ્યાત-પ્રદેશોમાં હોય. (૫-૧૪)

**टीका–** 'एकप्रदेशादिष्वि'ति समानाधिकरणे बहुव्रीहिः, एकश्चासौ प्रदेशश्चेति, प्रदेशः उक्तलक्षणः, एकः प्रदेश आदिर्येषां तेष्वेकप्रदेशादिषु भाज्योऽवगाहः पुद्गलानामिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह 'अप्रदेश'इत्यादिना अविद्यमानद्रव्यान्तरप्रदेशोऽप्रदेशः-परमाणुः, स्वयमेव प्रदेशत्वात्, पुद्गलश्चायं पूरणगलनधर्मत्वत एव, सङ्ख्येयप्रदेशैः प्रचयविशेषात् सङ्ख्येयः स्कन्धः, सोऽपि पुद्गलः, एवमसङ्ख्येया-नन्तप्रदेशावपि वाच्यौ, तेषां पुद्गलानां सर्वेषामेव एकादिष्वाकाशप्रदेशेषु, किमित्याह-'भाज्योऽवगाह' इति, अनेकार्थत्वाद्धातूनाम्, एतद् व्याचष्टे-'भाज्यो विभाष्यो विकल्प्य इत्यनर्थान्तरम्' विशेषेण अतिशयेन परमाण्वादिना भाषणीयो व्याख्येयः, विकल्प्यस्तु भेदसम्भवे, यथा द्व्यणुकस्यैकस्मिन् द्वयोश्च, परिणामवैचित्र्यादिति, एतदेवाह-'तद्यथे'त्यादिना परमाणोरेकस्मिन्नेव प्रदेशेऽवगाहः, तस्य प्रदेशत्वात्, द्व्यणुकस्यैकस्मिँश्च द्वयोश्च, परिणामवैचित्र्यात्, वज्रभाण्डादौ तथोपलब्धेः, एवं त्र्यणुकादिष्वपि भावनीयं यावदनन्तप्रदेशस्य च असङ्ख्येयप्रदेशेष्वेव, तथा परिणामवैचित्र्यात्, लोकाकाश एव तद्भावादिति ॥५-१४॥

**ટીકાર્થ–** एकप्रदेशादिषु એ પદમાં[1] સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ છે. एकश्चासौ प्रदेशश्च इति एकप्रदेशः એમ પ્રથમ કર્મધારય સમાસ છે પછી एकप्रदेशः आदिः येषां ते एकप्रदेशाः तेषु एकप्रदेशादिषु એમ આખો

૧. બહુવ્રીહિના સમાનાધિકરણ અને વ્યધિકરણ એમ બે ભેદ છે. બંને પદમાં સમાન સમાન વિભક્તિ હોય તે સમાનાધિકરણ બહુવ્રીહિ છે. બે પદમાં ભિન્ન ભિન્ન વિભક્તિ હોય તે વ્યધિકરણ બહુવ્રીહિ છે. જેમ કે चित्रा गावः सन्ति यस्य स इति चित्रगुः એમ બંને પદમાં સમાન (પ્રથમા) વિભક્તિ છે. वज्रं पाणौ यस्य स इति वज्रपाणिः આ વ્યધિકરણ બહુવ્રીહિ છે. કેમકે વજ્ર અને પાણિ બંનેની વિભક્તિ ભિન્ન છે.

સમાસ બહુવ્રીહિ છે જે आकाशप्रदेश નું વિશેષણ છે. એક પ્રદેશ છે આદિ જેમની તે એક પ્રદેશાદિ. તેમાં=એકપ્રદેશાદિમાં. પુદ્ગલોનો અવગાહ એકાદિ આકાશ પ્રદેશોમાં ભજનીય(=વિકલ્પ કરવા યોગ્ય) છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે.

અવયવાર્થને તો ભાષ્યકાર अप्रदेश० ઇત્યાદિથી કહે છે- જેમાં અન્ય દ્રવ્યનો પ્રદેશ નથી તે અપ્રદેશ. અપ્રદેશ એટલે પરમાણુ. પરમાણુને પ્રદેશ ન હોય, કેમકે પરમાણુ પોતે જ પ્રદેશરૂપ છે. અપ્રદેશ પુદ્ગલ-રૂપ છે, કેમકે તે પૂરણ-ગલન ધર્મવાળો જ છે. સંખ્યાતપ્રદેશો ભેગા થઇને બનતા સમૂહવિશેષથી સંખ્યાતપ્રદેશવાળો સ્કંધ થાય છે. એ સ્કંધ પણ પુદ્ગલ છે. એ પ્રમાણે અસંખ્યાતપ્રદેશવાળા અને અનંત-પ્રદેશવાળા સ્કંધો અંગે પણ કહેવું=સમજવું, અર્થાત્ અસંખ્યાતપ્રદેશો ભેગા થઇને બનતા સમૂહવિશેષથી અસંખ્યપ્રદેશવાળો સ્કંધ થાય છે. અનંતપ્રદેશો ભેગા થઇને બનતા સમૂહવિશેષથી અનંતપ્રદેશવાળો સ્કંધ થાય છે. આ બંને પ્રકારના સ્કંધો પુદ્ગલરૂપ છે. તે સઘળા જ પુદ્ગલોનો અવગાહ એક વગેરે આકાશપ્રદેશમાં ભાજ્ય છે.

ધાતુઓના અનેક અર્થ થતા હોવાથી આ કહે છે- ભાજ્ય, વિભાષ્ય અને વિકલ્પ્ય એ બધા શબ્દોનો એક જ અર્થ છે. (વિભાષ્ય શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-) વિશેષથી ભાષ્ય તે વિભાષ્ય. વિશેષથી એટલે અતિશયથી. ભાષ્ય એટલે કહેવા યોગ્ય=વ્યાખ્યાન કરવા યોગ્ય. પરમાણુ વગેરે[1] સ્વરૂપ જે અતિશય=વિશેષ તે અતિશયથી=વિશેષથી કહેવા યોગ્ય=વ્યાખ્યાન કરવા યોગ્ય હોય તે વિભાષ્ય, અર્થાત્ એક પરમાણુનો, દ્વ્યણુકનો, સંખ્યાતપ્રદેશવાળા સ્કંધનો અવગાહ કેટલા પ્રદેશમાં હોય એમ વિશેષથી કહેવા યોગ્ય હોય તે વિભાષ્ય. કોઇ પદાર્થના ભેદો હોય(=ભેદો કહેવા યોગ્ય હોય) ત્યારે વિકલ્પ્ય શબ્દનો પ્રયોગ થાય. જેમકે- દ્વ્યણુકનો અવગાહ એક પ્રદેશમાં કે બે પ્રદેશમાં

૧. વગેરે શબ્દથી સંખ્યાત પ્રદેશ સ્કંધ, અસંખ્યાત પ્રદેશ સ્કંધ વગેરે સમજવું.

હોય છે. કેમકે પદાર્થનો પરિણામ વિવિધ હોય છે. આ જ વિષયને तद्यथा ઇત્યાદિથી કહે છે- પરમાણુનો અવગાહ એક જ પ્રદેશમાં હોય. કેમકે પરમાણુ પ્રદેશરૂપ છે. દ્વ્યણુકનો અવગાહ એક પ્રદેશમાં કે બે પ્રદેશમાં હોય. કેમકે પદાર્થનો પરિણામ વિચિત્ર હોય છે. વજ્રના (=હીરાના) પાત્ર આદિમાં તે પ્રમાણે જોવામાં આવે છે. એ પ્રમાણે ત્ર્યણુકથી આરંભી અનંતપ્રદેશવાળા સ્કંધ સુધી વિચારવું અનંત-પ્રદેશવાળા સ્કંધનો અવગાહ અસંખ્યપ્રદેશોમાં જ હોય. આમ થવામાં કારણ એ છે કે તેવા પ્રકારના પરિણામની વિચિત્રતા છે અને લોકાકાશમાં જ અવગાહ હોય છે. (૫-૧૪)

**જીવની સ્થિતિક્ષેત્રની મર્યાદા–**

## असङ्ख्येयभागादिषु जीवानाम् ॥५-१५॥

**સૂત્રાર્થ–** લોકાકાશના અંગુલનો અસંખ્યાતમો ભાગ વગેરેમાં જીવોનો અવગાહ છે=જીવો રહે છે. (૫-૧૫)

**भाष्यं–** लोकाकाशप्रदेशानामसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति । आसर्वलोकादिति ॥५-१५॥

**ભાષ્યાર્થ–** જીવોનું અવસ્થાન લોકાકાશપ્રદેશોના અસંખ્યાતમા ભાગ વગેરેથી માંડીને સંપૂર્ણ લોક સુધી હોય છે. (૫-૧૫)

**टीका–** एतद् व्याचष्टे-'लोके'त्यादिना, लोकाकाशप्रदेशानां यथो-क्तानां, किमित्याह-असङ्ख्येयभागादिषु कदाचिदेकस्मिन् असङ्ख्येय-भागे कदाचिद् द्वयोः कदाचित्त्रिष्वित्यादि, जीवानां पृथिवीकायिकादीनां, किमित्याह-अवगाहो भवति, प्रवेशः, कियद्यावदित्याह-आ सर्वलोका-दिति, सर्वलोकं यावत्, केवलिनः समुद्घात इति ॥५-१५॥

**ટીકાર્થ–** સૂત્રમાં જે કહ્યું છે તેને ભાષ્યકાર लोका ઇત્યાદિથી વિશેષથી કહે છે- યથોક્ત(=અસંખ્ય)પ્રદેશોવાળા લોકાકાશના અસંખ્યાતમા ભાગથી આરંભીને સંપૂર્ણ લોકાકાશ સુધીમાં પૃથ્વીકાયાદિ જીવોનો અવગાહ છે=જીવો રહે છે. ક્યારેક એક અસંખ્યાતમા ભાગમાં, ક્યારેક

બે અસંખ્યાતમા ભાગમાં તો ક્યારેક ત્રણ અસંખ્યાતમા ભાગમાં જીવ રહે છે ઇત્યાદિ. કેવલી સમુદ્ઘાતમાં કેવળી ભગવંતોનો અવગાહ સંપૂર્ણ લોક છે. (૫-૧૫)

**भाष्यावतरणिका—** अत्राह- को हेतुरसङ्ख्येयभागादिषु जीवानाम-वगाहो भवतीति । अत्रोच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** જીવોનું અવસ્થાન અસંખ્યાતમા ભાગ વગેરેમાં હોય એમાં કારણ શું છે ? અહીં ઉત્તર કહેવાય છે—

**टीकावतरणिका—** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः कण्ठ्यः, को हेतुः-का युक्तिः, असङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति लोकस्य, तेऽपि तुल्यप्रदेशा एव, न च तुल्यप्रदेशानां पटादीनामवगाहभेद इत्यभिप्रायः, अत्रोच्यते समाधिः—

**ટીકાવતરણિકાર્થ— પ્રશ્ન—** જીવોનો લોકના અસંખ્યાતભાગાદિમાં અવગાહ થાય છે તેમાં કઇ યુક્તિ છે ? જીવો પણ આકાશની તુલ્ય પ્રદેશવાળા છે, અર્થાત્ આકાશના જેટલા પ્રદેશો છે તેટલા જ જીવના પ્રદેશો છે. તુલ્યપ્રદેશવાળા પટાદિના અવગાહમાં ભેદ પડતો નથી. આવો પ્રશ્નકારનો અભિપ્રાય છે. અહીં પ્રશ્નનું સમાધાન કહેવામાં આવે છે—

**જીવની ભિન્ન અવગાહનામાં હેતુ—**

## प्रदेशसंहार-विसर्गाभ्यां प्रदीपवद् ॥५-१६॥

**સૂત્રાર્થ—** જીવપ્રદેશોનો દીપકની જેમ સંકોચ-વિકાસ થતો હોવાથી જીવની ભિન્ન ભિન્ન અવગાહના થાય છે. (૫-૧૬)

**भाष्यं—** जीवस्य हि प्रदेशानां संहारविसर्गाविष्टौ प्रदीपस्येव । तद्यथा-तैलवर्त्यग्न्युपादानप्रवृद्धः प्रदीपो महतीमपि कूटागारशालां प्रकाशयति, अण्वीमपि, माणिकावृतः माणिकां, द्रोणावृतो द्रोणम्, आढकावृतश्चाढकं, प्रस्थावृतः प्रस्थं, पाण्यावृतो पाणिमिति । एवमेव प्रदेशानां संहारविसर्गाभ्यां जीवो महान्तमणुं वा पञ्चविधं शरीरस्कन्धं धर्माधर्माकाशपुद्गल-

जीवप्रदेशसमुदायं व्याप्नोतीति, अवगाहत इत्यर्थः । धर्माधर्माकाशजीवानां परस्परेण पुद्गलेषु च वृत्तिर्न विरुध्यते, अमूर्तत्वात् ।

अत्राह- सति प्रदेशसंहारविसर्गसंभवे कस्मादसङ्ख्येयभागादिषु जीवानामवगाहो भवति नैकप्रदेशादिष्विति । अत्रोच्यते- सयोगत्वात्संसारिणां चरमशरीरत्रिभागहीनावगाहित्वाच्च सिद्धानामिति ॥५-१६॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** દીપકની જેમ જીવના પ્રદેશોમાં સંહાર અને વિસર્ગ ઇષ્ટ છે. તે આ પ્રમાણે- તેલવાળી વાટ અને અગ્નિના ગ્રહણથી વધેલો દીપક મોટી પણ કૂટાકારવાળી શાળાને અને નાની પણ શાળાને પ્રકાશિત કરે છે. માણિકાથી આવરાયેલો દીપક માણિકાને, દ્રોણથી આવરાયેલો દીપક દ્રોણને, આઢકથી આવરાયેલો દીપક આઢકને, પ્રસ્થથી આવરાયેલો દીપક પ્રસ્થને, પાણિથી(=હાથથી) આવરાયેલો દીપક પાણિને (હાથને) પ્રકાશિત કરે છે. એ જ પ્રમાણે પ્રદેશોના સંહારથી અને વિસર્ગથી જીવ મહાન કે નાના પાંચ પ્રકારના શરીર સ્કંધમાં, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગલ અને જીવના પ્રદેશ-સમુદાયમાં અવસ્થાનથી વ્યાપી જાય છે(=ફેલાઇ જાય છે). ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવોનું પરસ્પર અવસ્થાન અને પુદ્ગલોમાં અવસ્થાન વિરોધવાળું નથી, કેમ કે ધર્માસ્તિકાય વગેરે અરૂપી છે.

**પ્રશ્ન–** પ્રદેશોનો સંહાર અને વિસર્ગ થયે છતે જીવોનું અવસ્થાન અસંખ્યેયભાગ આદિમાં કેમ થાય છે ? સ્કંધની જેમ એક પ્રદેશાદિમાં કેમ થતો નથી ?

**ઉત્તર–** સંસારી જીવો યોગસહિત હોવાથી અને સિદ્ધો અંતિમ શરીરના ત્રીજા ભાગથી ન્યૂન અવગાહનાવાળા હોવાથી જીવોનું અવસ્થાન એક પ્રદેશાદિમાં થતું નથી. (૫-૧૬)

**टीका–** अन्योऽन्यानुप्रवेशादिना प्रदीपवत्तुल्यत्वेऽप्यवगाहभेद इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'जीवस्य ही'त्यादिना जीवस्य

यस्मात् प्रदेशानाम् उक्तलक्षणानां संहारविसर्गौ सङ्कोचविकाशाविष्टौ-अभ्युपगतौ प्रदीपस्येवेति दृष्टान्तः, एनमेव व्याचष्टे-'तद्यथे'त्यादिना तैलवर्त्त्यग्न्युपादानप्रवृद्धः इत्यनेन अविकलां हेतुसामग्रीमाह, प्रदीपो विशिष्टज्वालात्मकः प्रतिबद्धप्रभासङ्घातपरिवारः महतीमपि शालामपि कूटाकारशालां सन्निवेशविशेषरूपां प्रकाशयति, अण्वीमपि लघ्वीमपि अपरित्यक्तपरिवार एव, एवं माणिकावृत्तो माणिकां प्रकाशयति, माणिका मानभेदः, एवं द्रोणावृत्तो द्रोणं प्रकाशयति, द्रोणोऽपि मानभेद एव, आढकावृत्तश्चाढकं प्रकाशयति, मानभेदमेव, एवं प्रस्थावृत्तः प्रस्थं मानभेदमेव, पाण्यावृत्तः पाणिमेव प्रकाशयति, एवं दृष्टान्तः, अयमर्थोपनयः-एवमेव प्रदेशानामुक्तलक्षणानां संहारविसर्गाभ्यां कर्मसचिवतत्-स्वभावतया सङ्कोचविकाशाभ्यां जीवः-आत्मा महान्तं प्रमाणतः हस्त्याद्यपेक्षया अणुं वा प्रमाणत एव (?) कुड्याद्यपेक्षया, किमित्याह-पञ्चविधं शरीरस्कन्धमौदारिकादिलक्षणमभिहितस्वरूपं, अयमेव विशेष्यते-'धर्मे'त्यादिना धर्मश्चाधर्मश्चाकाशं च पुद्गलजीवप्रदेशाश्चेति समासस्तेषां समुदायः तं व्याप्नोति जीव इति, किमुक्तं भवति ?-अवगाहत इत्यर्थः, तदित्थं 'धर्माधर्मे'त्यादि धर्मश्चाधर्मश्चेति द्वन्द्वः, एषां धर्माधर्माकाशजीवानामिति, अमूर्तत्वसाधर्म्यादित्थमुपन्यासः, परस्परेण वृत्तिरितीतरेतरानुवेधस्तत्स्वभावतया न विरुध्यते, पुद्गलेषु च स्कन्धादिषु न विरुध्यते, कुत इत्याह-अमूर्तत्वाद् धर्मादीनां, एवं व्यवहारनय-मतादवगाह्यादि, निश्चयतस्तु सर्व एव भावाः स्वावगाहा इति। 'अत्राहे'-त्यादि सति प्रदेशसंहारविसर्गसम्भवे उक्तनीत्या कस्मादसङ्ख्येयभागादिषु लोकस्य जीवानामवगाहः-प्रवेशो भवति ?, सर्वप्रदेशोपसंहारेण नैक-प्रदेशादिषु ?, प्रतिबन्धकस्याभावात्, संहरणादिति तथा संहरणोपपत्ते-रित्यभिप्रायः, अत्रोच्यते-'सयोगत्वा'दित्यादि सयोगत्वात् संसारिणां योगमधिकृत्य नैकप्रदेशादिष्ववगाहः, सरूपत्वादित्यभिप्रायः, सिद्धानां

किं न इत्याशङ्कापोहायाह-'चरमे'त्यादि चरमशरीरम्-अपश्चिमं तत् त्रिभागहीनत्वाच्च चरमशरीरत्रिभागोनावगाहित्वात् शुषिरापूरणतः सिद्धानामिति भावनीयं ॥५-१६॥

**ટીકાર્થ–** આકાશ અને જીવના પ્રદેશો તુલ્ય હોવા છતાં દીપકની જેમ એક-બીજામાં પ્રવેશ ઇત્યાદિથી અવગાહભેદ થાય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે.

અવયવાર્થને તો 'जीवस्य हि' ઇત્યાદિથી કહે છે- પ્રદીપના પ્રદેશોની જેમ જીવના પ્રદેશોનો સંકોચ-વિકાસ સ્વીકારેલ છે. तद्यथा ઇત્યાદિથી આ જ વિષયને કહે છે- તેલ, વાટ, અગ્નિરૂપ[1] ઉપાદાનથી અત્યંત વૃદ્ધિ પામેલ વિશિષ્ટ જ્વાળાસ્વરૂપ, પ્રતિબદ્ધપ્રભાના સમૂહરૂપ પરિવારવાળો દીપક વિશેષ પ્રકારની રચનાવાળી મોટી પણ કૂટાકાર શાળાને[2] પ્રકાશિત કરે છે. જેણે પોતાના પરિવારનો ત્યાગ કર્યો નથી એવો દીપક નાની પણ કૂટાકાર શાળાને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે [3]માણિકાથી આવરાયેલો(=માણિકામાં રહેલો) દીપક માણિકાને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે દ્રોણથી આવરાયેલો દીપક દ્રોણને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે આઢકથી આવરાયેલો દીપક આઢકને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે પ્રસ્થથી આવરાયેલો દીપક પ્રસ્થને પ્રકાશિત કરે છે. પાણિથી(=હાથથી) આવરાયેલો દીપક હાથને પ્રકાશિત કરે છે. માણિકા વગેરે માપના ભેદો છે. આ પ્રમાણે દૃષ્ટાંત છે.

અર્થનો ઉપનય આ પ્રમાણે છે- એ પ્રમાણે જ જેનું લક્ષણ પૂર્વે (પ્રસ્તુત અધ્યાયના પહેલા સૂત્રની ટીકામાં) કહ્યું છે તે પ્રદેશોનો કર્મની સહાયથી

---

૧. "તેલ, વાટ, અગ્નિરૂપ ઉપાદાનથી અત્યંત વૃદ્ધિ પામેલ" એમ કહેવાથી હેતુની સંપૂર્ણ સામગ્રીને કહી છે, અર્થાત્ પ્રદીપ પ્રકટાવવા માટે જે જે કારણો જોઈએ તે તે બધા કારણોને અહીં જણાવ્યા છે.

૨. પ્રાકૃત શબ્દકોષમાં કૂટાગારશાળા શબ્દનો "ષડ્યંત્ર કરવા માટે બનાવેલું ઘર" એવો અર્થ જણાવ્યો છે.

૩. માણિકા એટલે આઠ પલના માપવાળું એક સાધન.

સંકોચ વિકાસ થવાનો સ્વભાવ હોવાથી સંકોચ-વિકાસથી જીવ હાથી આદિની અપેક્ષાએ પ્રમાણથી મોટા અથવા કીડી આદિની અપેક્ષાએ પ્રમાણથી નાના એવા ઔદારિકાદિ પાંચ પ્રકારના ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ, જીવપ્રદેશોના સમુદાયરૂપ શરીરસ્કંધને વ્યાપે છે, અર્થાત્ વ્યાપીને રહે છે.

'धर्माधर्म' ઇત્યાદિ. અહીં धर्मश्च अधर्मश्च એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે. આ ધર્મ, અધર્મ, આકાશ, જીવોની પરસ્પરવૃત્તિ વિરુદ્ધ નથી. વૃત્તિ એટલે અન્યોન્યનું મિશ્રણ થવું. ધર્માસ્તિકાય વગેરે અન્યોન્યમાં મિશ્રિત થઇને રહેલા છે, અર્થાત્ જ્યાં ધર્મ વગેરે કોઇ એક દ્રવ્ય છે ત્યાં અધર્મ વગેરે બીજા દ્રવ્યો પણ છે. જ્યાં જીવદ્રવ્ય છે ત્યાં ધર્મ, અધર્મ વગેરે બીજા દ્રવ્યો પણ છે. આમ ધર્મ વગેરે દ્રવ્યો મિશ્રિત થઇને રહેલા છે. અહીં (પુદ્‌ગલને છોડીને) ધર્મ, અધર્મ, આકાશ, જીવ એ ચાર દ્રવ્યોનો ઉલ્લેખ એ ચારમાં રૂપાભાવનું સાધર્મ્ય હોવાથી કર્યો છે.

સ્કંધાદિ પુદ્‌ગલોમાં ધર્મ, અધર્મ, આકાશ અને જીવોનું રહેવું વિરુદ્ધ નથી. કારણ કે ધર્મ વગેરે અરૂપી દ્રવ્યો છે.

ટીકાના तदित्थं એ પદોનો સંબંધ આ પ્રમાણે છે- तद् તેથી(=જીવ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ, જીવપ્રદેશોના સમુદાય રૂપ શરીર સ્કંધને વ્યાપે છે તેથી) इत्थं=આ પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ, જીવોની પરસ્પર વૃત્તિ વિરુદ્ધ નથી. તથા પુદ્‌ગલોમાં ધર્મ, અધર્મ, આકાશ, જીવોનું રહેવું વિરુદ્ધ નથી. આ પ્રમાણે અવગાહ્ય(=વ્યાપીને રહેવા યોગ્ય) આદિ વ્યવહારનયના મતથી છે, અર્થાત્ અમુક પદાર્થ અમુક પદાર્થમાં રહે છે ઇત્યાદિ વર્ણન વ્યવહારનયના મતથી છે. નિશ્ચયનયથી તો બધા જ પદાર્થો પોતાનામાં રહે છે.

**પ્રશ્ન–** ઉક્ત રીતે જીવપ્રદેશોનો સંકોચ-વિકાસ થાય છે તો જીવોનો અવગાહ લોકના અસંખ્યાતમા ભાગાદિમાં જ કેમ થાય છે ? સર્વ પ્રદેશોના સંકોચથી એક પ્રદેશાદિમાં અવગાહ કેમ થતો નથી ? એક

પ્રદેશાદિમાં અવગાહ થવામાં કોઇ પ્રતિબંધક નથી, કેમકે તે રીતે સંકોચ ઘટી શકે છે.

**ઉત્તર–** સંસારી જીવો યોગથી સહિત હોવાથી, અર્થાત્ રૂપી હોવાથી સંસારી જીવોનો એક પ્રદેશાદિમાં અવગાહ થતો નથી.

**પ્રશ્ન–** સિદ્ધોનો એક પ્રદેશાદિમાં અવગાહ કેમ થતો નથી ?

**ઉત્તર–** ચરમશરીરના પોલાણો પુરાઇ જવાથી સિદ્ધના જીવોની અવગાહના ૧/૩ ભાગ ઓછી થાય છે પણ એનાથી વધારે ઓછી એક પ્રદેશાદિવાળી થતી નથી. માટે સિદ્ધોનો એક પ્રદેશાદિમાં અવગાહ થતો નથી. (૫-૧૬)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता धर्मादीनस्तिकायान् परस्ताल्लक्षणतो वक्ष्याम इति । तत्किमेषां लक्षणमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે ધર્માસ્તિકાય વગેરે અસ્તિકાયોને લક્ષણથી આગળ કહીશું એમ (અ.૫ સૂ.૧ ના ભાષ્યમાં) કહ્યું છે તેથી એમનું લક્ષણ શું છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, उक्तं भवता-ऽधिकृताध्यायप्रथमसूत्रे धर्मादीनस्तिकायान् परतः तल्लक्षणतो वक्ष्याम इति, तत् किमेषां धर्मादीनां लक्षणमिति, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ પંક્તિ હવે પછીના સૂત્રની સાથે સંબંધ જણાવનારી છે.

આપે પ્રસ્તુત અધ્યાયના પ્રથમ સૂત્રમાં ધર્માસ્તિકાય આદિના લક્ષણને આગળ કહીશું એમ કહ્યું હતું. તેથી (પૂછવામાં આવે છે કે) આ ધર્માસ્તિકાયાદિનું લક્ષણ શું છે ? અહીં ઉત્તર આપવામાં આવે છે–

**ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનું લક્ષણ–**

**गति-स्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥५-१७॥**

**સૂત્રાર્થ–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અનુક્રમે ગતિ-ઉપગ્રહ અને સ્થિતિ-ઉપગ્રહ ઉપકાર(=કાર્ય) છે. (૫-૧૭)

**भाष्यं–** गतिमतां गतेः स्थितिमतां च स्थितेरुपग्रहो धर्माधर्मयोरुपकारो यथासङ्ख्यम् । उपग्रहो निमित्तमपेक्षाकारणं हेतुरित्यनर्थान्तरम् । उपकारः प्रयोजनं गुणोऽर्थ इत्यनर्थान्तरम् ॥५-१७॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** ગતિવાળા પદાર્થોને ગતિમાં અને સ્થિતિવાળા પદાર્થોને સ્થિતિમાં ઉપગ્રહ કરવો એ અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો ઉપકાર છે. ઉપગ્રહ, નિમિત્ત, અપેક્ષા, કારણ, હેતુ એ શબ્દોનો એક અર્થ છે. ઉપકાર, પ્રયોજન, ગુણ અને અર્થ એ શબ્દોનો એક જ અર્થ છે. (૫-૧૭)

**टीका–** गतिस्थित्योरुपग्राहकौ धर्माधर्माविति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'गतिमता'मित्यादिना 'गतिमतां' स्वत एव गति-परिणामवतां जीवादीनां गतेः–देशान्तरप्राप्तिलक्षणायाः स्थितिमतां च स्थितिपरिणामवतां च स्वत एव स्थितेः–एकदेशावस्थानलक्षणायाः उपग्रह इति निमित्तं धर्मास्तिकायाधर्मास्तिकाययोः उपकारः प्रयोजनं, यथासङ्ख्यं, न व्यत्ययेन, नाप्येक एव द्वयोः, तदेतदुक्तं भवति–गतिलक्षणो धर्मास्तिकायः स्थितिलक्षणश्च अधर्मास्तिकाय इति, गतिस्थिती अपेक्षाकारणवत्यौ कार्यत्वाद् घटवत्, उपग्रहशब्दं व्याचष्टे 'उपग्रह' इत्यादिना एते पर्यायशब्दाः, एते सामान्येन, नवरं उपग्रहकारणं उपग्राहकं, वह्न्यादितद्धूमादेर्निमित्तकारणं सहकारि दण्डादिवद् घटादेः, अपेक्षाकारणं भिक्षादिवत्तथाविधवासादेः, भिक्षाः तत्र वासयन्तीति, कारीषोऽग्निरध्यापयति, निश्चौरता पन्थानं वाहयतीतिवचनात्, हेतुरुपा-दानकारणं मृदादि घटादेरिति, उपकारशब्दव्याचिख्यासयाऽऽह–'उपकार' इत्यादि एतेऽपि पर्यायशब्दा एव सामान्येन, नवरं यथोक्तोपग्रहादिषु यथासङ्ख्यमिति, उपग्रहकारणस्योपकारः कार्यं निमित्तकारणस्य प्रयोजनं, अपेक्षाकारणस्यानुपघातो गुणः, हेतोरर्थ इति, एवं गतिपरिणामपरिणतस्य मत्स्यस्य जलवद्गतेरुपग्राहको यथोक्तजीवानां धर्मास्तिकायः, एवं

तिष्ठासोः पुरुषस्य समभूमिवत् उपग्राहकः अधर्मास्तिकाय इति, एवं गतिस्थित्युपग्रहप्रयोजनताऽनयोः, सदोभयाभावश्च जीवादीनां धर्मादिभावे स्वगततथाविधपरिणामकादाचित्कतया, स त्वनादितद्भाव(?सद्भाव)-कालादिसापेक्ष इति भावनीयं, न हि मत्स्यानामपि जलमित्येव गतिः, अपि तु तथापरिणतस्य जलात्, एवं पुरुषस्यापि न समा भूमिरिति स्थितिः, अपि तु तथापरिणतस्य समभूमेः, मही पातालं किं ततः ?, त(द्)तद्भावपरिणतिशून्यस्य पातालागमनादित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तारभयात् अक्षरगमनिकामात्रफलत्वात् प्रारम्भस्येति ॥५-१७॥

**ટીકાર્થ–** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અનુક્રમે ગતિમાં અને સ્થિતિમાં ઉપગ્રાહક છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર गतिमताम् ઇત્યાદિથી કહે છે. પોતાની ઇચ્છાથી ગતિપરિણામવાળા(=ગતિ કરવાનાં પરિણામવાળા) અને સ્થિતિપરિણામવાળા(=સ્થિતિ કરવાના પરિણામવાળા) જીવોની ગતિ-સ્થિતિમાં નિમિત્ત બનવું એ યથાસંખ્ય ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો ઉપકાર(=કાર્ય) છે.

અહીં યથાસંખ્ય કહ્યું હોવાથી ધર્માસ્તિકાય ગતિમાં અને અધર્માસ્તિકાય સ્થિતિમાં નિમિત્ત છે, પણ ઉલટી રીતે નિમિત્ત નથી. અથવા (ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયમાંથી) કોઇ એક જ ગતિ-સ્થિતિ બંનેમાં નિમિત્ત નથી. અહીં કહેવાનો ભાવ આ છે- ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિ છે. અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિ છે. (ગતિમાં સહાય કરવાને કારણે ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિ છે, સ્થિતિમાં સહાય કરવાના કારણે અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિ છે.)

ગતિ અને સ્થિતિ અપેક્ષાકારણવાળી(=નિમિત્તકારણવાળી) છે, કેમકે ઘટની જેમ કાર્ય છે. (જે જે કાર્ય હોય તે તે નિમિત્તકારણવાળું હોય) અર્થાત્ નિમિત્તકારણ હાજર થાય તો કાર્ય થાય.

ગતિ એટલે અન્ય દેશની પ્રાપ્તિ, અર્થાત્ એક સ્થળેથી બીજે સ્થળે જવું. સ્થિતિ એટલે એક સ્થળે રહેવું.

उपग्रह ઇત્યાદિથી ઉપગ્રહ શબ્દને કહે છે- ઉપગ્રહ, નિમિત્ત, અપેક્ષાકારણ, હેતુ આ બધા શબ્દોનો એક જ અર્થ છે, અર્થાત્ આ પર્યાયવાચી શબ્દો છે. સામાન્યથી આ શબ્દો પર્યાયવાચી છે પણ વિશેષથી થોડો અર્થભેદ છે. તે આ પ્રમાણે- (૧) ઉપગ્રહકારણ ઉપકાર કરનારું છે. જેમકે અગ્નિ વગેરે તેમાંથી નીકળતા ધૂમાડા આદિ ઉપર ઉપકાર કરે છે. (અગ્નિ વિના ધૂમાડો ન હોય.) (૨) નિમિત્તકારણ એટલે સહકારી કારણ(=કાર્યમાં સહકાર કરે તે સહકારી કારણ.) જેમકે દંડ ઘટાદિનું સહકારી કારણ છે. (૩) કાર્યમાં જેની અપેક્ષા રહે તે અપેક્ષાકારણ. જેમકે તેવા પ્રકારના નિવાસમાં ભિક્ષા અપેક્ષાકારણ છે. (આથી જ કહેવાય છે કે) ત્યાં ભિક્ષા નિવાસ કરાવે છે. (તે સ્થળે ભિક્ષા સુલભ હોવાથી નિવાસમાં ભિક્ષા અપેક્ષાકારણ છે.) સુકાયેલા છાણાનો અગ્નિ ભણાવે છે. ચોરોનો અભાવ લોકોને માર્ગમાં ચલાવે છે. લોકમાં આવા વચનો બોલાય છે માટે ભિક્ષા વગેરે અપેક્ષાકારણ છે. (૪) હેતુ એટલે ઉપાદાનકારણ. જેમકે ઘટ વગેરેમાં માટી વગેરે હેતુ(=ઉપાદાન)કારણ છે.

ઉપકાર શબ્દનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાથી કહે છે- उपकार इत्यादि, ઉપકાર, પ્રયોજન, ગુણ અને અર્થ - આ શબ્દોનો એક અર્થ છે. સામાન્યથી આ શબ્દો પણ પર્યાયવાચી શબ્દો જ છે. ફક્ત આ તફાવત છે કે યથોક્ત ઉપગ્રહ આદિ શબ્દોમાં યથાસંખ્ય જાણવું. તે આ પ્રમાણે- ઉપગ્રહકારણનું ઉપકાર કાર્ય છે, નિમિત્તકારણનું પ્રયોજન છે, અપેક્ષાકારણનું ઉપઘાતનો અભાવગુણ છે, હેતુકારણનું અર્થ છે. જેવી રીતે ગતિપરિણામથી પરિણત(=ગતિ કરવાની ઇચ્છાવાળા થયેલા) માછલાને ગતિ કરવામાં પાણી ઉપગ્રાહક(=ઉપકારક) છે, તેવી રીતે (યથોક્ત) ગતિપરિણામથી પરિણત જીવોને ગતિ કરવામાં ધર્માસ્તિકાય ઉપગ્રાહક(=ઉપકારક) છે. એવી રીતે ઊભા રહેવાની ઇચ્છાવાળા પુરુષને ઊભા રહેવામાં અધર્માસ્તિકાય ઉપગ્રાહક છે. આ પ્રમાણે

ગતિસ્થિતિમાં ઉપગ્રહ(=ઉપકાર) કરવો એ ક્રમશઃ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનું પ્રયોજન છે. ધર્માસ્તિકાયાદિ સદા હોવા છતાં જીવો વગેરેની ગતિ-સ્થિતિ સદા થતી નથી. કારણ કે પોતાનામાં થનારા તેવા પ્રકારના(=ગતિ-સ્થિતિ કરવાના) પરિણામ ક્યારેક થાય છે.

**પ્રશ્ન–** ગતિ-સ્થિતિનો પરિણામ સદા કેમ થતો નથી ?

**ઉત્તર–** (स त्वनादिसद्भावकालादिसापेक्षः=) તે પરિણામ અનાદિથી વિદ્યમાન કાળ આદિની અપેક્ષાવાળો છે(=તેવા કાળાદિ ઉપસ્થિત થાય તો તે પરિણામ થાય, અન્યથા ન થાય.) પણ તેવો પરિણામ સદા થતો નથી. આ પ્રમાણે વિચારવું.

પાણી છે તેથી માછલાઓની ગતિ થતી નથી, પરંતુ તેવા પ્રકારના પરિણામથી પરિણત માછલાની જલના કારણે ગતિ થાય છે. એ પ્રમાણે સમાનભૂમિ છે એથી પુરુષની સ્થિતિ થતી નથી, કિંતુ સ્થિતિના પરિણામથી પરિણત પુરુષની સમાનભૂમિના કારણે સ્થિતિ થાય છે. શું ધર્માસ્તિકાયથી પૃથ્વી પાતાળમાં જાય ? અર્થાત્ ન જાય. કેમકે તે તે ભાવની પરિણતિથી રહિતની પાતાળમાં ગતિ થતી નથી.

અહીં બહુ કહેવા જેવું છે. ગ્રંથનો વિસ્તાર થઇ જવાના ભયથી કહેવાતું નથી. કારણ કે (પ્રસ્તુત ટીકાના) પ્રારંભનું ફળ માત્ર અક્ષરોનું વ્યાખ્યાન છે, અર્થાત્ માત્ર અક્ષરોનું વ્યાખ્યાન કરવા માટે આ ટીકા રચવાનો પ્રારંભ કર્યો છે. (૫-૧૭)

**આકાશનું લક્ષણ–**

## आकाशस्य अवगाहः ॥५-१८॥

**સૂત્રાર્થ–** આકાશનો અવગાહ(=જગ્યા આપવી) ઉપકાર=કાર્ય છે. (૫-૧૮)

**भाष्यं–** अवगाहिनां धर्माधर्मपुद्गलजीवानामवगाह आकाशस्योपकारः । धर्माधर्मयोरन्तःप्रवेशसम्भवेन पुद्गलजीवानां संयोगविभागैश्चेति ॥५-१८॥

**ભાષ્યાર્થ–** અવસ્થાન કરનારા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ અને જીવોને અવસ્થાન આપવું એ આકાશનો ઉપકાર છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને પોતાનામાં સમાવેશ કરીને તથા પુદ્ગલો અને જીવોને સંયોગ અને વિભાગથી ઉપકાર કરે છે. (૫-૧૮)

**टीका–** अवगाह उपकारः आकाशस्येति समुदायार्थः । अवयवार्थं त्वाह–'अवगाहिना'मित्यादिना अवगाहिनां धर्माधर्मपुद्गलजीवानां चतुर्णामपि अवगाहः तथातत्प्रवेशलक्षणः, किमित्याह–आकाशस्योपकारः आकाशस्य सम्बन्धि प्रयोजनं, भिन्नाधारमिति विभक्त्यलोपः, अवगाह्या-वगाहकयो रूपाधीनत्वेऽपि चावगाहस्याकाशेन व्यपदेशः तदसाधारण-त्वात्, असाधारणेन च हेतुना व्यपदेशः प्रवर्त्तते, तद्यथा–भेरीशब्दो यवाङ्कुर इति, धर्मादयो ह्यवगाहहेतवो गत्यादिहेतवश्च, आकाशं त्ववगाहहेतुरेव, आकाशस्योपकार इत्युक्तं, कथं केषामयमित्येतदाह–'धर्मे'त्यादिना धर्माधर्मयोः–उक्तलक्षणयोः अन्तःप्रवेशसम्भवेन स्वमध्ये धर्मादिप्रवेशदानेन, आकाशप्रदेशाभ्यन्तरवर्त्तिनो हि धर्माधर्मप्रदेशाः, सम्भवग्रहणमलोके तदसम्भवात्, न तर्हीदं व्याप्याकाशलक्षणं इति चेत् को वा किमाह ?, लोकाकाशस्यैवैतदभिधानात्, अत एवोक्तं लोका-काशेऽवगाह इति, तथा पुद्गलजीवानां उक्तलक्षणानां, किमित्याह–संयोगविभागैश्च तथा नियतैर्बहुभिस्तेषामन्यत्र गमनात्, चशब्दादन्तःप्रवेशेन आकाशस्योपकार इति ॥१–१८॥

**ટીકાર્થ–** આકાશનો અવગાહ ઉપકાર છે આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો કહે છે- અવગાહ કરનારા (પ્રવેશીને રહેનારા) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ અને જીવો એ ચારેયને તે રીતે તેમાં પ્રવેશરૂપ અવગાહ એ આકાશનો ઉપકાર છે=આકાશનું પ્રયોજન(=કાર્ય) છે.

**પ્રશ્ન–** અહીં સૂત્રમાં आकाशस्य अवगाहः એવો પ્રયોગ કર્યો પણ વિભક્તિનો લોપ કરીને आकाशावगाहः એવો પ્રયોગ કેમ ન કર્યો ?

**ઉત્તર–** આધાર ભિન્ન હોવાને કારણે સમાસ કરીને વિભક્તિનો લોપ કર્યો નથી. ઘટ પાણીનો અને રૂપનો પણ આધાર છે. પાણીનો આધાર ભિન્ન છે. કેમકે પાણી અને ઘટ બંને ભિન્ન=અલગ થઇ શકે. જ્યારે રૂપનો આધાર અભિન્ન છે. કેમકે રૂપ અને ઘટ બંને અલગ થઇ શકતા નથી.

અવગાહ અવગાહ્ય(=સ્થાન આપનાર કે પ્રવેશ આપનાર) અને અવગાહક(=રહેનાર કે પ્રવેશનાર) એમ બંનેને[1] આધીન હોવા છતાં અવગાહનો આકાશની સાથે વ્યવહાર થાય છે, અવગાહ આકાશનું લક્ષણ છે એમ જે મનાય છે તેનું કારણ આકાશ અસાધારણ[2] કારણ છે. વ્યવહાર અસાધારણ કારણથી થાય છે. તે આ પ્રમાણે- ભેરીમાં શબ્દ ઉત્પન્ન થવામાં પુરુષના હાથનો અને દંડનો સંયોગ અને ભેરી વગેરે (અનેક) કારણો હોવા છતાં ભેરીશબ્દ(=ભેરીનો શબ્દ છે) એવો વ્યવહાર થાય છે. કારણ કે શબ્દની ઉત્પત્તિમાં ભેરી અસાધારણ કારણ છે. યવના અંકુર ઉત્પન્ન થવામાં ભૂમિ વગેરે અનેક કારણો હોવા છતાં યવનો અંકુર એવો વ્યવહાર થાય છે. કારણ કે તેમાં યવ અસાધારણ કારણ છે. પ્રસ્તુતમાં ધર્માસ્તિકાય વગેરે અવગાહના અને ગતિ આદિના હેતુઓ છે. આકાશ તો અવગાહનો જ હેતુ છે. એથી અવગાહ આકાશનો ઉપકાર છે એમ કહ્યું છે.

આકાશ કોને કેવી રીતે અવગાહ આપે છે તે **धर्म** ઇત્યાદિથી કહે છે- જેનું લક્ષણ પૂર્વે (પ્રસ્તુત અધ્યાયના ૧૭મા સૂત્રમાં) કહ્યું છે તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને અંદર પ્રવેશના સંભવથી=પોતાનામાં ધર્માસ્તિકાય આદિને પ્રવેશ આપવા વડે આકાશ ઉપકાર કરે છે. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના પ્રદેશો આકાશપ્રદેશોની અંદર રહેનારા છે.

અલોકમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનો સંભવ ન હોવાથી અહીં સંભવ શબ્દનો પ્રયોગ કર્યો છે.

---

૧. અવગાહ્ય અને અવગાહક એ બંને હોય તો અવગાહ થાય. બેમાંથી કોઇ એકના અભાવમાં અવગાહ ન થાય. આમ અવગાહ બંનેથી થતો હોવાથી બંનેને આધીન છે.

૨. બીજા કારણો હાજર હોવા છતાં જેના વિના કાર્ય ન થાય તે અસાધારણ કારણ કહેવાય.

**પૂર્વપક્ષ–** જો ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનો સંભવ નથી તો આકાશનું લક્ષણ વ્યાપી નથી=સંપૂર્ણ આકાશનું નથી.

**ઉત્તરપક્ષ–** કોણ શું કહે છે? અર્થાત્ એમાં કોણ ના પાડે છે? કારણ કે આ લક્ષણ સંપૂર્ણ આકાશનું નહિ પરંતુ લોકાકાશનું જ છે. આથી જ लोकाकाशेऽवगाहः (૫-૧૨) એવું સૂત્ર છે.

તથા જેનું લક્ષણ[1] પૂર્વે કહ્યું છે તે પુદ્ગલ અને જીવોના સંયોગ-વિભાગોથી આકાશનો ઉપકાર છે. કેમકે ઘણા પુદ્ગલ અને જીવો અનિયતપણે બીજા સ્થળે જાય છે. એક સ્થળે આકાશ પ્રદેશોનો સંયોગ થાય અને બીજા સ્થળે આકાશ પ્રદેશોનો વિભાગ=વિયોગ થાય. જે પુદ્ગલ-જીવો એક સમયે જે સ્થળે રહેલા છે તે પુદ્ગલ-જીવો બીજા સમયે બીજા સ્થળે જોવામાં આવે છે. च શબ્દથી પુદ્ગલ-જીવોને અંદર પ્રવેશ અને સંયોગ-વિભાગોથી આકાશનો ઉપકાર છે. (૫-૧૮)

**પુદ્ગલોનો ઉપકાર–**

## शरीर-वाङ्-मनः-प्राणापानाः पुद्गलानाम् ॥५-१९॥

**સૂત્રાર્થ–** શરીર, વાણી, મન અને પ્રાણાપાન(=શ્વાસોચ્છ્વાસ) એ પુદ્ગલોનો ઉપકાર=કાર્ય છે. (૫-૧૯)

**भाष्यं–** पञ्चविधानि शरीराण्यौदारिकादीनि वाङ्मनःप्राणापानाविति पुद्गलानामुपकारः । तत्र शरीराणि यथोक्तानि । प्राणापानौ च नामकर्मणि व्याख्यातौ । द्वीन्द्रियादयो जिह्वेन्द्रिययोगाद्भाषात्वेन गृह्णन्ति नान्ये । संज्ञिनश्च मनस्त्वेन गृह्णन्ति नान्य इति । वक्ष्यते हि 'सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्त' इति ॥५-१९॥

**ભાષ્યાર્થ–** ઔદારિક વગેરે પાંચ પ્રકારના શરીર, વાણી, મન, શ્વાસોચ્છ્વાસ આ પુદ્ગલોનો ઉપકાર છે. તેમાં શરીરો યથોક્ત (અ.૨ સૂ.૭ માં) કહ્યા પ્રમાણે જાણવા અને શ્વાસોચ્છ્વાસનું વ્યાખ્યાન નામ-કર્મના (અ.૮ સૂ.૧૨ માં) વર્ણન કર્યું છે.

૧. પુદ્ગલોનું લક્ષણ ૫-૧ સૂત્રની ભાષ્યની ટીકામાં કહ્યું છે તથા કારણ ૫-૨૬ સૂત્રમાં કહેવાશે. જીવનું લક્ષણ ૨-૮ સૂત્રમાં કહ્યું છે.

બેઇન્દ્રિય વગેરે જીવો રસનેન્દ્રિયના યોગથી પુદ્ગલોને ભાષારૂપે ગ્રહણ કરે છે, બીજા (એકેન્દ્રિય) જીવો નહિ. સંજ્ઞી જીવો પુદ્ગલોને મનપણે ગ્રહણ કરે છે. બીજા જીવો નહિ. જીવ કષાય સહિત હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે એમ (અ.૮ સૂ.૨ માં) કહેવાશે. (૫-૧૯)

**टीका–** शरीरादयः पुद्गलानामुपकार इति समुदायार्थः । अवयवार्थं त्वाह-'पञ्चविधानी'त्यादिना पञ्चविधानि पञ्चप्रकाराणि शरीराण्यौदारिकादीनि प्रागुक्तानि पुद्गलानामुपकार इति योगः, तथा वाङ्मनः-प्राणापानौ, वाङ्मनःपर्याप्त्येकत्वविवक्षयैकवचनं, प्राणापानयोरप्युच्छ्वासनिश्वासयोर्जात्यपेक्षमिति, इतिशब्दश्चार्थे, वाङ्मनः प्राणापानौ चेत्यर्थः, पुद्गलानां स्कन्धादीनां सम्बन्धि प्रयोजनं, जीव इति गम्यते, एतदेव विशेषेण व्याचिख्यासुराह-'तत्रे'त्यादि शरीराणि यथोक्तानि द्वितीयाध्याये तथेह द्रष्टव्यानि प्राणापानौ चाष्टमेऽध्याये नामकर्मणि 'गतिजाती'त्यादिसूत्रे पञ्चप्रकारपर्याप्तिकर्मणि प्राणापानक्रियायोग्यद्रव्यग्रहणशक्तिनिर्वर्त्तन-क्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिरित्यत्र भाष्ये व्याख्यास्येते, किं तर्हि वृत्तौ व्याख्यातावित्याह ?, उच्यते-'आशंसायामर्थे भूतवद्वर्त्तमानवच्च प्रत्यया भवन्ति, उपाध्यायश्चेदागमिष्यते तद् व्याकरणमधीतम्', एवमिहापि नामकर्म्मापि संमतमित्यदोषः, तथा 'द्वीन्द्रियादय' इत्यादि, द्वीन्द्रियादयः कृम्यादयः जिह्वेन्द्रिययोगात् पर्याप्तिरसनेन्द्रियसम्बन्धेन भाषात्वेन गृह्णन्ति, तदुचितस्कन्धानामिति, नान्ये जिह्वेन्द्रियरहिताः पृथिव्यादयः, जिह्वेन्द्रिय-प्रतिबद्धत्वाद्भाषापर्याप्तेरिति, 'संज्ञिनश्चे'त्यादि, संज्ञिनः समनस्का एव, चशब्दस्यावधारणत्वात् मनस्त्वेन मनोभावेन गृह्णन्ति, मननार्थं, नान्ये एकेन्द्रिया(द्य)संज्ञिपञ्चेद्रियावसानाः, मनःपर्याप्तिकारणाभावादिति । कथमात्मा शरीरादियोग्यान् पुद्गलानादत्ते इत्याक्षिप्ते सत्याह-'वक्ष्यते ही'त्यादि, अभिधास्यते यस्मादष्टमेऽध्याये बन्धाधिकारे, किमित्याह-सकषायत्वाज्जीवः कर्म्मणो योग्यान् पुद्गलानादत्ते स बन्ध इति,

उक्तमन्यत्रापि-"उष्णगुणः सन् दीपः, स्नेहं वृत्त्या यथा समादत्ते । आदाय शरीरतया, परिणमयति चापि तं स्नेहं ॥१॥ तद्वद् रागादिगुणः, स्वयोगवृत्त्याऽऽत्मदीप आदत्ते । स्कन्धानादाय तथा, परिणमयति तांश्च कर्म्मतया ॥२॥" तस्माच्छरीराद्याकारेणोपकारिणः प्राणिनां पुद्गला इति ॥५-१९॥

**ટીકાર્થ–** શરીર વગેરે પુદ્ગલોનો ઉપકાર છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો पञ्चविधानि ઇત્યાદિથી કહે છે- પૂર્વે (૨-૩૭ સૂત્રમાં) કહેલા ઔદારિક વગેરે પાંચ પ્રકારના શરીરો પુદ્ગલોનો ઉપકાર છે.

તથા વાણી, મન અને શ્વાસોચ્છ્વાસ પુદ્ગલોનો ઉપકાર છે. અહીં ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિની એકત્વની વિવક્ષાથી वाङ्मनः એમ એકવચન છે. પ્રાણાપાન એટલે ઉચ્છ્વાસ-નિઃશ્વાસ. અહીં જાતિની અપેક્ષાએ દ્વિવચન છે. (જાતિની અપેક્ષાએ એક ઉચ્છ્વાસ અને એક નિઃશ્વાસ એમ બે હોવાથી દ્વિવચન છે.) प्राणापानाविति એ સ્થળે રહેલ इति શબ્દ च શબ્દના અર્થમાં છે. શરીર વગેરે સ્કંધાદિ સ્વરૂપ પુદ્ગલોનું પ્રયોજન=કાર્ય છે.

जीव इति गम्यते=જીવમાં એમ (પ્રકરણ)થી જાણી શકાય છે. આનો ભાવ એ થયો કે શરીર પુદ્ગલોનો ઉપકાર જીવમાં=જીવ સંબંધી છે. કારણ કે શરીર વગેરે જીવની સાથે સીધો સંબંધ રાખનારા છે.

આનું જ વિશેષથી વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે- तत्र इत्यादि, શરીરો બીજા અધ્યાયમાં (૩૭મા સૂત્રમાં) જે પ્રમાણે કહ્યા છે તે પ્રમાણે અહીં જાણવા.

પ્રાણાપાનનું વ્યાખ્યાન આઠમા અધ્યાયમાં બારમા સૂત્રના ભાષ્યમાં પાંચ પ્રકારની પર્યાપ્તિનામકર્મના વર્ણનમાં प्राणापान એ સ્થળે કરવામાં આવશે.

**પ્રશ્ન–** જો ત્યાં પ્રાણાપાનનું વર્ણન કરવાનું છે તો અહીં વૃત્તિમાં (? ભાષ્યમાં) તેનું પુદ્ગલોના ઉપકારરૂપ વ્યાખ્યાન કેમ કર્યું ?

**ઉત્તર–** આશંસા અર્થમાં ભૂતકાળ અને વર્તમાનકાળની જેવા પ્રત્યયો થાય છે. જેમ કે ઉપાધ્યાય આવ્યા હોત તો હું વ્યાકરણ ભણત. અહીં 'अधीतम्' એ ભૂતકાળનો પ્રયોગ ભવિષ્યકાળના અર્થમાં છે. એ પ્રમાણે આશંસાના અર્થમાં વૃત્તિમાં પ્રાણાપાનની વ્યાખ્યા કરવામાં આવી છે. [આનો ભાવ એ છે કે જો નામકર્મનો ઉદય હોય તો શરીર વગેરે પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે. અહીં શરીર વગેરે "નામકર્મના ઉદયથી છે જ" એ સંમત જ છે અને "પુદ્‌ગલોનો ઉપકાર છે" એ પણ સંમત છે. પુદ્‌ગલોનો ઉપકાર છે એટલે પુદ્‌ગલદ્રવ્ય શરીર વગેરેનું નિમિત્ત છે.]

"द्वीन्द्रियादयः" इत्यादि કૃમિ વગેરે બેઇન્દ્રિય જીવો જિહ્વેન્દ્રિયના યોગથી=પર્યાપ્તિ અને રસના ઇન્દ્રિયના સંબંધથી (બોલવા માટે) ભાષાને યોગ્ય પુદ્‌ગલોને ભાષારૂપે(=ભાષારૂપે પરિણમાવવા માટે) ગ્રહણ કરે છે. જિહ્વેન્દ્રિયથી રહિત પૃથ્વીકાય વગેરે જીવો ભાષાયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરતા નથી. કેમકે ભાષાપર્યાપ્તિ જિહ્વેન્દ્રિયની સાથે સંબંધવાળી છે. જેને જિહ્વેન્દ્રિય હોય તેને જ ભાષાપર્યાપ્તિ હોય.

"संज्ञिनश्च" इत्यादि સંજ્ઞી જીવો મનઃસહિત જ હોય. સંજ્ઞી જીવો મનન કરવા માટે (મનોવર્ગણાના પુદ્‌ગલોને) મનરૂપે (મનરૂપે પરિણમાવવા માટે) ગ્રહણ કરે છે. બીજા(=મન રહિત) એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતા નથી, કેમકે તેમને મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવાનું કારણ જે મનઃપર્યાપ્તિ છે તે હોતી નથી.

આત્મા શરીરાદિને યોગ્ય પુદ્‌ગલોને કેવી રીતે ગ્રહણ કરે છે એવો પ્રશ્ન ઉપસ્થિત થયે છતે સમાધાન કહે છે- આઠમા અધ્યાયના બંધ અધિકારમાં કહેશે કે "જીવ કષાય સહિત હોવાથી કર્મને યોગ્ય(=કાર્મણ વર્ગણાના) પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. (૮-૨) ગ્રહણ કરેલા પુદ્‌ગલોને દૂધમાં પાણીની જેમ આત્મામાં એકમેક કરે છે. તે જ કર્મનો બંધ છે, અર્થાત્ કાર્મણવર્ગણાના કર્મને યોગ્ય પુદ્‌ગલોનો આત્માની સાથે ક્ષીર-નીરવત્ એકમેકરૂપે સંબંધ તે બંધ. (૮-૩)

બીજે પણ કહ્યું છે કે- જેવી રીતે ઉષ્ણ ગુણવાળો દીપક વાટ દ્વારા સ્નેહને ગ્રહણ કરે છે અને તેને શરીરરૂપે પરિણમાવે છે, તેવી રીતે રાગાદિ ગુણવાળો આત્મદીપક પોતાની યોગરૂપ વાટથી પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે." તેથી પુદ્ગલો જીવોને શરીરાદિના આકારથી ઉપકાર કરનારા છે. (૫-૧૯)

**भाष्यावतरणिका–** किं चान्यत् ।

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यत् प्रकारान्तरेणापि पुद्गलानामुपकारित्वमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** વળી બીજું- બીજી રીતે પણ પુદ્ગલોનો ઉપકાર છે એમ કહે છે–

**પુદ્ગલોનો ઉપકાર–**

## सुख-दुःख-जीवित-मरणोपग्रहाश्च ॥५-२०॥

**સૂત્રાર્થ–** તથા સુખ, દુઃખ, જીવિત(=જીવન) અને મરણ પુદ્ગલોનો ઉપકાર=કાર્ય છે. (૫-૨૦)

**भाष्यं–** सुखोपग्रहो दुःखोपग्रहो जीवितोपग्रहो मरणोपग्रहश्चेति पुद्गलानामुपकारः । तद्यथा-इष्टाः स्पर्शरसगन्धवर्णशब्दाः सुखस्योपकारः । अनिष्टा दुःखस्य । स्नानाच्छादनानुलेपनभोजनादीनि विधिप्रयुक्तानि जीवितस्यानपवर्तनं चायुष्कस्य । विषशस्त्राग्न्यादीनि मरणस्यापवर्तनं चायुष्कस्य ॥

अत्राह- उपपन्नं तावदेतत्सोपक्रमाणामपवर्तनीयायुषाम् । अथानपवर्त्यायुषां कथमिति । अत्रोच्यते- तेषामपि जीवितमरणोपग्रहः पुद्गलानामुपकारः । कथमिति चेत्तदुच्यते- कर्मणः स्थितिक्षयाभ्याम् । कर्म हि पौद्गलमिति । आहारश्च त्रिविधः सर्वेषामेवोपकुरुते । किं कारणम् । शरीरस्थित्युपचयबलवृद्धिप्रीत्यर्थं ह्याहार इति ॥५-२०॥

**ભાષ્યાર્થ–** સુખોપગ્રહ, દુઃખોપગ્રહ, જીવિતોપગ્રહ અને મરણોપગ્રહ એ પુદ્ગલોનો ઉપકાર છે. તે આ પ્રમાણે- સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દવાળા ઇષ્ટ પુદ્ગલો સુખનો ઉપકાર છે(=સુખ આપવા રૂપ ઉપકાર કરે છે.) અનિષ્ટ પુદ્ગલો દુઃખનો ઉપકાર છે. વિધિથી પ્રયોજેલા(=કરેલા) સ્નાન, આચ્છાદન, વિલેપન, ભોજન વગેરે અને આયુષ્યનું અપવર્તન ન થવું એ આયુષ્યનો(=જીવિતનો) ઉપકાર છે. વિષ, શસ્ત્ર, અગ્નિ વગેરે અને આયુષ્યનું અપવર્તન એ મરણના ઉપકાર છે.

**પ્રશ્ન–** સોપક્રમ એવા અપવર્તનીય આયુષ્યવાળા જીવોમાં જીવિત-મરણોપગ્રહ ઘટે છે. પણ અનપવર્તનીય આયુષ્યવાળા જીવોમાં આ કેવી રીતે ઘટે ?

**ઉત્તર–** તેમને પણ જીવિતોપગ્રહ અને મરણોપગ્રહ પુદ્ગલોનો ઉપકાર છે. કેવી રીતે એમ પૂછવામાં આવે તો કહેવાય છે- કર્મની સ્થિતિ અને ક્ષયથી જીવિત ઉપગ્રહ અને મરણ ઉપગ્રહ ઘટે છે. કર્મ પૌદ્ગલિક છે. અને ત્રણ પ્રકારનો આહાર બધા જ જીવોને ઉપકાર કરે છે. ઉપકાર કરે છે એનું શું કારણ ? તેનું કારણ એ છે કે આહાર શરીરની સ્થિતિ, ઉપચય, બલ, વૃદ્ધિ અને પ્રીતિમાં કારણ બને છે. (૫-૨૦)

**टीका–** सुखादिनिमित्तता चोपकारः पुद्गलानामिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'सुखोपग्रह' इत्यादिना स्रगादिसम्बन्धादात्मनः आह्लादः सुखं तस्योपग्रहो–निमित्तता पुद्गलानामुपकार इति योगः, एवं दुःखोपग्रहः, नवरं कण्टकादिसम्बन्धात् परितापो दुःखं, एवं जीवितोपग्रहः, नवरं प्राणापानक्रियानुपरमो जीवितं, एवं मरणोपग्रहो, नवरं प्राणाद्युपरमो मरणं, अयं च पुद्गलानामुपकारः, पुद्गलसम्बन्धि प्रयोजनमात्मसमवायि, चशब्दाच्छरीरादि च, तस्मिन् सत्येतदिति, भेदेन सूत्राभिधानं पुद्गलात्मो-भयाधीनत्वेऽप्यधिकृतफलस्य पुद्गलानामसाधारणतया व्युद्घटिष्यत इत्युक्तं, एवं सर्वत्र योजनीयमिति । सुखोपग्रहादित्वमेव स्पष्टयन्नाह–'तद्यथे'त्यादि इष्टाः–स्पर्शादयः अवस्थाऽपेक्षं वल्लभा मनोऽनुकूलतया

सुखस्योक्तलक्षणस्य उपकार इति, सुखमात्मपरिणामस्वभावमुपकुर्वन्तीति, कर्मणि षष्ठी द्रष्टव्या, एवमनिष्टाः स्पर्शादयः अवस्थापेक्षमवल्लभा मनः-प्रतिकूलतया दुःखस्योक्तलक्षणस्यैव उपकार इति पूर्ववत्, दुःखमात्म-परिणामस्वभावमुपकुर्वन्तीत्यर्थः, 'स्नाने'त्यादि स्नानादीनि प्रतीतान्येव, विधिप्रयुक्तानीति देशकालमात्रासात्म्ययोजितानि जीवितस्योपकार इति वर्त्तते, केन भावेनेत्याह-अनपवर्त्तनं चायुष्कस्येति जन्मान्तरोपनिबद्धस्य अनुग्राहकहेतुसन्निधानतस्तु, तावन्मात्रे वेदनमित्यर्थः, एवं विषशस्त्राग्नि-मन्त्रादीनि प्रतीतान्येव, एतानि किमित्याह-मरणस्योपकारा इति वर्त्तन्ते, नैतान्येवेत्याह-अपवर्त्तनं चायुष्कस्य तथा पूर्वबद्धस्यैव दण्डादिभिः ह्रस्वतापादनमितिभावः, सुखादौ, असातसातवेदनीयाद्युदयोपलक्षणमेतत्, 'अत्राहे'त्यादि, उपपन्नं तावदेतज्जीवितमरणोपग्रहत्वं सोपक्रमायुषां विषादिसम्बन्धवतां अपवर्त्तनीयायुषां (परं अनपवर्त्तनीयायुषां विषादि-सम्बन्धरहितानां कथं उपकारः ?, अत्रोच्यते, तेषामपि) जीवितमरण-योर्निमित्तता, किमित्याह-पुद्गलानामुपकार इति, पुद्गलानां सम्बन्धि प्रयोजनमात्मनि, विभक्त्यलोपे प्रयोजनं पूर्ववत्, एतत् सम्यग्दर्शने-नावधारयन्नाह-कथमिति चेद् अनन्तरोक्तः पुद्गलानामुपकारः, उच्यते-कर्म्मण इत्यादि, कर्म्मणः ज्ञानावरणीयादेः स्थितिक्षयाभ्यामिति, स्थित्याः क्षयाच्च तत्स्थित्या जीवितोपग्रहः तद्द्वारेण जीवनात्, क्षयेण मरणोपग्रहः, तद्विपाकक्षयात् मरणात्, क्रियामात्रतत्त्वे कर्मणि कथमेत-दित्याशङ्कापोहायाह-कर्म्म हि पौद्गलमिति अनन्तप्रदेशात्मकस्कन्ध-विकाररूपं, न क्रियामात्रतत्त्वमेवेत्याशङ्कानुपपत्तिः । आहारश्च त्रिविध इत्यादि, आहारः अभ्यवहरणं, चः समुच्चये, ओजःलोमप्रक्षेपभेदत-स्तत्प्रकारः, (ओजआहारः) सर्वप्रदेशैरात्मनः सर्वस्य अपर्याप्तकावस्थायां जन्मकाले घृतमध्यप्रक्षिप्तापूपवत्, पर्याप्तकावस्थायां तु लोमाहारस्त्व-गिन्द्रियग्रहणः, प्रक्षेपाहारस्तु कावलिकः, सोऽपि पर्याप्तकानामेव,

पृथिवीकायाद्येकेन्द्रियनारकदेववर्जानां, एवमयं सर्वेषामपि संसारिणां, विग्रहगतिसमापन्नसमुद्घातगतशैलेशीकेवल्युपकाराभावेऽपि स्तोकतया बाहुल्यमधिकृत्याह-उपकुरुते, किं कारणमित्यनधिगतभावार्थप्रश्नः, इहोत्तरं-'शरीरे'त्यादि स्थितिश्च उपचयश्चेत्यादिर्द्वन्द्वः, शरीरस्य स्थित्यादयः, एतदर्थं यस्मात् आहार इति, तस्मादाहारः सर्वेषामेवोपकुरुत इति, तत्र स्थितिः-शरीरस्य संधारणं उपचयः-परियोगः बलं-शक्तिः वृद्धिः-आहारादिरूपा प्रीतिः-परितोषणेति ॥५-२०॥

**ટીકાર્થ–** સુખાદિમાં નિમિત્ત બનવું એ પુદ્ગલોનો ઉપકાર છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો સુખોપગ્રહ ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- માળાદિના સંબંધથી આત્માને આહ્લાદ થવો એ સુખ છે. સુખનો ઉપગ્રહ=સુખમાં નિમિત્ત બનવું એ પુદ્ગલોનો ઉપકાર છે. એ પ્રમાણે દુઃખોપગ્રહ અંગે જાણવું. વિશેષ એ છે કે કાંટાદિના સંબંધથી પરિતાપ થવો એ દુઃખ છે. એ પ્રમાણે જીવિતોપગ્રહ અંગે જાણવું. વિશેષ એ છે કે શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ ન થવી એ જીવિત(=જીવન) છે. એ પ્રમાણે મરણોપગ્રહ અંગે જાણવું. વિશેષ એ છે કે શ્વાસાદિ અટકી જવા એ મરણ છે. આ પુદ્ગલોનો ઉપકાર(=કાર્ય) છે.

पुद्गलसम्बन्धि प्रयोजनमात्म समवायि=જેમાં આત્મા ઉપાદાનકારણ છે એવું પુદ્ગલ સંબંધી કાર્ય છે. સૂત્રમાં રહેલા च શબ્દથી શરીર વગેરે પુદ્ગલોનો ઉપકાર છે. શરીર વગેરે હોય તો સુખ વગેરે હોય. (માટે પહેલા શરીરાદિનો અને પછી સુખાદિનો ઉલ્લેખ કર્યો છે.)

**પ્રશ્ન–** શરીરાદિ અને સુખાદિ એ બધાં પુદ્ગલોનો ઉપકાર છે તો એક સૂત્ર ન કરતા બે સૂત્રો કેમ કર્યાં ?

**ઉત્તર–** પ્રસ્તુત શરીરાદિ કાર્ય પુદ્ગલ અને આત્મા બંનેને આધીન હોવા છતાં(=બંને હોય તો જ થતું હોવા છતાં) પુદ્ગલો અસાધારણ કારણ છે એમ હવે પછી સ્પષ્ટ કરશે, માટે બે સૂત્રો કર્યાં છે. આ પ્રમાણે સર્વસ્થળે(=ઉપકાર સંબંધી સર્વસૂત્રોમાં) યોજના કરવી.

સુખોપગ્રહ આદિને જ સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- तद्यथा इत्यादि તે તે અવસ્થાની અપેક્ષાએ મનને અનુકૂળ હોવાથી પ્રિય એવા સ્પર્શ વગેરે ઉક્તલક્ષણવાળા સુખનો ઉપકાર છે, અર્થાત્ પ્રિયસ્પર્શ વગેરે આત્મપરિણામ સ્વરૂપ સુખના ઉપકારક છે. અહીં सुखस्य એ છઠ્ઠી વિભક્તિ કર્મમાં છે.

એ પ્રમાણે તે તે અવસ્થાની અપેક્ષાએ મનને પ્રતિકૂળ હોવાથી અપ્રિય એવા સ્પર્શ વગેરે ઉક્તલક્ષણવાળા દુઃખનો ઉપકાર છે એમ પૂર્વની જેમ જાણવું, અર્થાત્ આત્મપરિણામ સ્વરૂપ દુઃખના ઉપકારક છે.

"स्नान" ઇત્યાદિ, વિધિપૂર્વક યોજેલા સ્નાન, આચ્છાદન, અનુલેપન, ભોજન વગેરે જીવિતનો ઉપકાર છે. સ્નાન વગેરે(=સ્નાન વગેરેના અર્થો) જાણીતા જ છે. વિધિપૂર્વક યોજેલા એટલે દેશ, કાળ, પરિણામ અને પ્રકૃતિને અનુકુળ હોય તે પ્રમાણે યોજેલા.

કયા પ્રકારથી જીવિતના ઉપકારક છે તે કહે છે- अनपवर्तनं आयुष्कस्य=આયુષ્યના અપવર્તનનો અભાવ જીવિતનો ઉપકાર છે. આયુષ્યના અપવર્તનનો અભાવ એટલે અન્ય જન્મમાં જેટલા પરિમાણવાળું આયુષ્ય બાંધ્યું હોય તેટલા જ પરિમાણવાળું ભોગવવું.

વિષ, શસ્ત્ર અને અગ્નિ વગેરે તથા આયુષ્યનું અપવર્તન મરણના ઉપકારો છે. વિષાદિ જાણીતા જ છે. અપવર્તન એટલે પૂર્વે બાંધેલા આયુષ્યને દંડાદિથી (પાપના અધ્યવસાયથી) ટૂંકું કરવું.

સુખાદિમાં ઉપકાર રૂપે જણાવેલ આ ઇષ્ટ સ્પર્શ વગેરે અસાતા-સાતાવેદનીય આદિના ઉદયનું ઉપલક્ષણ છે, અર્થાત્ ઇષ્ટ સ્પર્શ વગેરેના ઉપલક્ષણથી અસાતા-સાતાવેદનીયાદિ કર્મનો ઉદય પણ સુખાદિમાં ઉપકારક છે. (જેમકે સુખમાં સાતાવેદનીય અને દુઃખમાં અસાતાવેદનીય, જીવિતમાં આયુષ્ય અને મરણમાં અસાતાવેદનીય કર્મ ઉપકારક છે. અહીં ભાવાર્થ એ છે કે સાતાવેદનીય કર્મસ્વરૂપ પુદ્ગલો પણ સુખાદિમાં ઉપકારક છે.)

**પ્રશ્ન–** ઉપક્રમ સહિત અને (એથી જ) વિષાદિના સંબંધવાળા એવા જ અપવર્તનીય આયુષ્યવાળા જીવોમાં જીવિત-મરણનો ઉપકાર ઘટી શકે છે પણ અનપવર્તનીય[1] આયુષ્યવાળા અને વિષાદિના સંબંધથી રહિત જીવોમાં આ કેવી રીતે ઘટે ?

**ઉત્તર–** તે જીવોમાં પણ જીવિત-મરણમાં નિમિત્ત બનવું એ પુદ્ગલોનો ઉપકાર છે. પુદ્ગલ સંબંધી જીવિત-મરણરૂપ કાર્ય આત્મામાં થાય છે, અર્થાત્ જીવિત-મરણરૂપ કાર્યનું ઉપાદાન કારણ આત્મા છે, પુદ્ગલો નિમિત્ત કારણ છે.

આને સમ્યગ્ જોવા વડે(=સારી રીતે જોયો હોવાથી) નિર્ણય કરતા ભાષ્યકાર કહે છે-

**પ્રશ્ન–** હમણાં જ કહેલો પુદ્ગલોનો ઉપકાર કેવી રીતે છે ?

**ઉત્તર–** कर्मणः इत्यादि જ્ઞાનાવરણીયાદિ કર્મની (?આયુષ્યકર્મની) સ્થિતિ અને ક્ષયથી પુદ્ગલોનો ઉપકાર છે. કર્મની (આયુષ્યકર્મની) સ્થિતિથી જીવિતોપગ્રહ છે. કેમકે કર્મસ્થિતિ દ્વારા જીવન છે. કર્મક્ષયથી મરણોપગ્રહ છે. કારણ કે કર્મવિપાકના ક્ષયથી મરણ થાય છે.

માત્ર ક્રિયા સ્વરૂપ કર્મમાં[2] આ કેવી રીતે ઘટે ? એવી શંકાને દૂર કરવા માટે કહે છે- कर्म हि पौद्गलम् અહીં કર્મ અનંતપ્રદેશ સ્વરૂપ સ્કંધના વિકારરૂપ છે, માત્ર ક્રિયા સ્વરૂપ જ નથી. આથી શંકા અસંગત છે.

आहारश्च त्रिविधः इत्यादि ત્રણ પ્રકારનો આહાર સર્વ જીવો ઉપર ઉપકાર કરે છે. આહાર એટલે અભ્યવહરણ. આહારના ઓજાહાર, લોમાહાર અને પ્રક્ષેપાહાર એમ ત્રણ પ્રકાર છે.

**ઓજાહાર–** સર્વ જીવો જન્મ સમયે અપર્યાપ્તાવસ્થામાં ઘીના મધ્ય ભાગમાં નાખેલા પુડલાની જેમ સર્વ આત્મપ્રદેશોથી પુદ્ગલોને ગ્રહણ કરે છે તે ઓજાહાર.

---

૧. औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः (૨-૫૨)

૨. કર્મ શબ્દના અનેક અર્થો છે. તેમાં કર્મ એટલે ક્રિયા એવો અર્થ પણ છે. આથી અહીં શંકાકારે માત્ર ક્રિયારૂપ કહેલ છે.

**લોમાહાર–** પર્યાપ્તાવસ્થામાં સ્પર્શનેન્દ્રિય દ્વારા ગ્રહણ કરાતા પુદ્ગલો તે લોમાહાર.

**કવલાહાર–** કોળિયાથી ગ્રહણ કરાતો આહાર. આ આહાર પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય, નારકો અને દેવો સિવાયના પર્યાપ્તા જીવોને જ હોય.

આ પ્રમાણે આહાર સર્વસંસારી જીવોને હોય છે.

**પૂર્વપક્ષ–** વિગ્રહગતિમાં રહેલા, સમુદ્ઘાતને પામેલા અને શૈલેશી અવસ્થાવાળા કેવળી જીવોને આહાર ઉપકારક બનતો નથી.

**ઉત્તરપક્ષ–** એવા જીવો થોડા હોવાથી બહુલતાને આશ્રયીને અહીં કહે છે કે- ત્રણ પ્રકારનો આહાર સર્વજીવો ઉપર ઉપકાર કરે છે.

શા કારણે આહાર બધા જ જીવો ઉપર ઉપકાર કરે છે? જેણે ભાવાર્થને જાણ્યો નથી તેવા જીવનો આ પ્રશ્ન છે. અહીં ઉત્તર આ પ્રમાણે છે- शरीर इत्यादि શરીરની સ્થિતિ વગેરે માટે આહાર છે, અર્થાત્ શરીરની સ્થિતિ વગેરે આહારને આધીન છે. તેથી આહાર બધા જ જીવો ઉપર ઉપકાર કરે છે.

સ્થિતિ એટલે શરીરનું સંધારણ, અર્થાત્ શરીર ટકી રહેવું. ઉપચય એટલે પરિયોગ, અર્થાત્ માંસ-મજ્જા આદિની પુષ્ટિ. બલ એટલે શક્તિ. વૃદ્ધિ એટલે આહાર આદિને અનુરૂપ શરીરની વૃદ્ધિ. પ્રીતિ એટલે માનસિક પરિતોષ. (૫-૨૦)

**भाष्यावतरणिका–** अत्राह- गृह्णीमस्तावद्धर्माधर्माकाशपुद्गला जीवद्रव्याणामुपकुर्वन्तीति । अथ जीवानां क उपकार इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને પુદ્ગલો જીવદ્રવ્યને ઉપકાર કરે છે એ અમે સ્વીકારીએ છીએ. હવે જીવોનો શો ઉપકાર છે? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, गृह्णीमस्तावत्, किमित्याह–धर्म्माधर्माकाशपुद्गलाः उक्तलक्षणा जीवद्रव्याणां संसारिणा–

मुपकुर्वन्ति इत्युक्तनीत्येति बुध्यामहे-अथ जीवानां पृथिव्यादीनां क उपकारः ?, परस्परतः, इत्यनवबोधात् प्रश्निते सत्याह-अन्योऽन्य इत्यादि,

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ(=વાક્ય) આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. અહીં કહે છે કે જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલો સંસારી જીવો ઉપર ઉપકાર કરે છે એમ પૂર્વોક્ત નીતિથી(=વર્ણનથી) અમે જાણીએ છીએ. હવે પૃથ્વીકાય વગેરે જીવોનો પરસ્પર શો ઉપકાર છે ? ન જાણવાના કારણે આમ પ્રશ્ન કર્યે છતે કહે છે- अत्रोच्यते, અહીં ઉત્તર આપવામાં આવે છે–

**જીવોનો પરસ્પર ઉપકાર–**

## परस्परोपग्रहो जीवानाम् ॥५-२१॥

**સૂત્રાર્થ–** પરસ્પર ઉપગ્રહ(=સહાય) કરવો એ જીવોનો ઉપકાર છે. (૫-૨૧)

**भाष्यं–** परस्परस्य हिताहितोपदेशाभ्यामुपग्रहो जीवानामिति ॥५-२१॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** પરસ્પર હિતોપદેશ અને અહિતોપદેશથી જીવોનો ઉપગ્રહ છે. (૫-૨૧)

**टीका–** अन्योऽन्योपग्रहो जीवानामुपकार इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'परस्परे'त्यादिना, परस्परस्य-अन्योऽन्यं हिताहितोपदेशाभ्यामिति हितप्रतिपादनेन अहितप्रतिषेधेन च उपग्रहो जीवानामिति, तथाभव्यत्वाक्षिप्ता हिताहितनिमित्तता जीवानां प्रयोजनमिति, प्राग् उपयोगो लक्षणमित्युक्तं असाधारणं, तत्र साधारणा च निमित्ततेति न सूत्रान्तरोपन्यासदोषः ॥५-२१॥

**ટીકાર્થ–** પરસ્પર ઉપગ્રહ(=સહાય) કરવો એ જીવોનો ઉપકાર છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર 'परस्पर' ઇત્યાદિથી કહે છે- પરસ્પરને એક-બીજાને હિતનું પ્રતિપાદન કરવા વડે અને અહિતનો નિષેધ કરવા વડે ઉપગ્રહ(=સહાય) કરવો એ જીવોનો

ઉપકાર છે. તથાભવ્યત્વથી આક્ષિપ્ત(=ભેગા થયેલા) જીવોના હિત-અહિતમાં નિમિત્ત બનવું એ જીવોનું પ્રયોજન=કાર્ય છે.

**પૂર્વપક્ષ–** પૂર્વે उपयोगो लक्षणम् (૨-૮) સૂત્રમાં અસાધારણ (જીવ સિવાય કોઇનામાં ન હોય તેવું) લક્ષણ કહ્યું છે. અહીં નિમિત્ત બનવું એ સાધારણ છે. (કેમકે જડ પદાર્થો પણ નિમિત્ત[1] બને છે.) આથી અન્ય સૂત્રનો ઉપન્યાસ કરવામાં દોષ નથી. (૫-૨૧)

**भाष्यावतरणिका–**अत्राह-अथ कालस्योपकारः क इति। अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–પ્રશ્ન–** હવે કાળનો શો ઉપકાર છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः । अथ कालस्य पाक्षिकत्वेनेष्टस्य 'कालश्चेत्येक' इति वचनात्, उपकारः प्रयोजनाख्यः कः ? इति, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ કરવા માટે છે. હવે કાળનો પ્રયોજન નામનો(=પ્રયોજનરૂપ) ઉપકાર શો છે ? कालश्चेत्येके (૫-૩૮) એવા વચનના આધારે કાળ કોઇક પક્ષને દ્રવ્ય તરીકે ઇષ્ટ છે. આવા કાળનો ઉપકાર શો છે ? અહીં જવાબ આપવામાં આવે છે–

**કાળનો ઉપકાર–**

**वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥५-२२॥**

**સૂત્રાર્થ–** વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ કાળનો ઉપકાર છે. (૫-૨૨)

**भाष्यं–** तद्यथा-सर्वभावानां वर्तना कालाश्रया वृत्तिः । वर्तना उत्पत्तिः स्थितिः प्रथमसमयाश्रया इत्यर्थः ॥ परिणामो द्विविधः ।

---

૧. **પ્રશ્ન–** ઉપકારના અધિકારમાં ફરી ઉપગ્રહ શબ્દ શા માટે છે ? (૨૦મા સૂત્રમાં ઉપગ્રહ શબ્દ છે જ તેની અનુવૃત્તિ આ સૂત્રમાં થઇ શકે છે. તેથી ફરી ઉપગ્રહ શબ્દ નિરર્થક છે. **ઉત્તર–** સુખાદિ પણ જીવોને જીવકૃત ઉપકાર છે, અર્થાત્ જેમ પરસ્પર ઉપગ્રહ જીવોનો જીવકૃત ઉપકાર છે, તેમ સુખાદિ પણ જીવોનો જીવકૃત ઉપકાર છે એ જણાવવા માટે ફરી ઉપગ્રહ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. (તત્ત્વાર્થ ઉપર દિગંબરાચાર્યે રચેલી સર્વાર્થસિદ્ધિ ટીકાના આધારે.)

अनादिरादिमांश्च । तं परस्ताद्वक्ष्यामः ॥ क्रिया गतिः । सा त्रिविधा। प्रयोगगतिर्विस्रसागतिर्मिश्रिकेति ॥ परत्वापरत्वे त्रिविधे प्रशंसाकृते क्षेत्रकृते कालकृते इति । तत्र प्रशंसाकृते परो धर्मः परं ज्ञानमपरोऽधर्मोऽपरमज्ञानमिति । क्षेत्रकृते एकदिक्कालावस्थितयोर्विप्रकृष्टः परो भवति, सन्निकृष्टोऽपरः । कालकृते द्विरष्टवर्षाद्वर्षशतिकः परो भवति, वर्षशतिकाद्-द्विरष्टवर्षोऽपरो भवति । तदेवं प्रशंसाक्षेत्रकृते परत्वापरत्वे वर्जयित्वा वर्तनादीनि कालकृतानि कालस्योपकार इति ॥५-२२॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** સર્વ પદાર્થોની વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનો ઉપકાર છે. વર્તના એટલે કાળના આશ્રયવાળી વૃત્તિ. વર્તના, ઉત્પત્તિ, સ્થિતિ, પ્રથમસમયઆશ્રયા એ શબ્દોનો એક અર્થ છે. પરિણામ અનાદિમાન અને આદિમાન એમ બે પ્રકારે છે. પરિણામને આગળ (અ.૫ સૂ.૪૨ માં) કહીશું.

ક્રિયા એટલે ગતિ. ગતિ પ્રયોગગતિ, વિસ્રસાગતિ અને મિશ્રગતિ એમ ત્રણ પ્રકારની છે.

પરત્વ અને અપરત્વ પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાલકૃત એમ ત્રણ પ્રકારે છે. તેમાં ધર્મ પર (શ્રેષ્ઠ) છે, જ્ઞાન પર (શ્રેષ્ઠ) છે, અધર્મ અપર (હલકો) છે, અજ્ઞાન અપર (હલકું) છે. અહીં પરત્વ અને અપરત્વ પ્રશંસાકૃત છે. એક દિશામાં રહેલા બેમાં ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વ આ પ્રમાણે છે- પર એટલે દૂર. અપર એટલે નજીક. સોળ વર્ષની વયવાળાથી ૧૦૦ વર્ષની વયવાળો પર(=મોટો) છે. સો વર્ષની વયવાળાથી સોળ વર્ષની વયવાળો અપર(=નાનો) છે. આ કાળકૃત પરત્વ અપરત્વ છે. આ પ્રમાણે પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત પરત્વ અને અપરત્વને છોડીને કાલકૃત વર્તના વગેરે કાળનો ઉપકાર છે. (૫-૨૨)

**टीका–** वर्त्तनादिलक्षण उपकारः कालस्येति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'तद्यथे'त्यादि सर्वभावानां धर्मादीनां, वर्त्तमानकाला–

श्रयास्ते हि वर्त्तन्ते स्वयमेव, तेषां वर्त्तमानानां प्रयोजकः, कालाश्रया वृत्तिस्तथा वर्त्तनाशीलता वर्त्तना कालस्योपकार इति वक्ष्यति, तद्भावनार्थ-मेवाह-उत्पत्तिस्तथा तद्भावप्रादुर्भावलक्षणा अधिगतिः-अविच्युति-स्तदाऽस्याः प्रथमसमयाश्रया अर्थविवक्षितसमया भावोत्पत्तिः वर्त्तनेति भण्यते, तथा परिणामो द्विविध इत्यादि, द्रव्यस्य स्वजात्यपरित्यागेन परिस्पन्देतरप्रयोगजपर्यायस्वभावः परिणामस्तद्यथा-अङ्कुरावस्थवनस्पते-र्मूलकाण्डत्वक्पत्रस्कन्धशाखाविटपपुष्पफललक्षणः परिणामः, आसीद् अङ्कुरः, सम्प्रति स्कन्धवान् ऐषमः पुष्पिष्यतीति, पुरुषद्रव्यस्य वा बालकुमारयुवमध्यमाद्यवस्थाः परिणामस्तद्भावलक्षणः, स द्विविधः-अविद्यमानादिरनादिरमूर्त्तेषु धर्मादिषु, मूर्त्तेषु पुनरादिमान् अभ्रेन्द्रधनुरादिषु स्तम्भकुम्भादिषु च, चशब्दोऽवधारणार्थः, परिणामो द्विविध एव, तं चाध्यायपरिसमाप्तौ वक्ष्यामः तद्भावः परिणाम इति, स च वस्तूनां ऋतुविभागवेलानियमकृतः 'क्रिया गति'रित्यादि भाष्यं, करणं क्रिया-द्रव्यपरिणामस्तस्यानुग्राहकः कालः, तथाऽऽकाशदेशावल्यामङ्गुली वर्त्तते, अतीतानागतेति च, अन्यथाऽतीत एव वर्त्तमानोऽनागतश्च स्याद्, एवमनागतो वर्त्तमानश्च सङ्कीर्येत, अनिष्टं चैतत्, तस्मादस्ति कालो यदपेक्षयाऽतीतादिव्यपदेशाः परस्परासङ्कीर्णाः संव्यवहारानुगुणाः प्रथन्ते, तत्रातीतो द्विविधः भावविषयभेदात्, विनष्टो घट इति भावातीतः, विषयातीतश्चक्षुरादिग्रहणानन्तरमद्राक्षं घटं, तथाऽनागतदिदृक्षाभ्यर्णो घटो विषयानागतः, अलब्धात्मभावो भावानागत इति, तत्र प्रयोगगतिः-जीवगतिपरिणामसम्प्रयुक्ता शरीराहारवर्णगन्धरसस्पर्शसंस्थानविषया, विस्रसागतिः प्रयोगमन्तरेण केवला जीवद्रव्यस्वपरिणामरूपा परमाण्व-भ्रेन्द्रधनुःपरिवेषादिरूपा विचित्रसंस्थाना, मिश्रिका प्रयोगविस्रसाभ्यामु-भयपरिणामरूपत्वाज्जीवप्रयोगसहचरिताचेतनद्रव्यपरिणामा कुम्भ-स्तम्भादिविषया, कुम्भादयो हि तेन तादृशा परिणामेनोत्पत्तुं स्वत एव

शक्ताः कुम्भकारसाचिव्यादुपजायन्ते, वर्त्तनापरिणामयोः क्रियाजातीयत्वादेव पर्यन्ते क्रियोपादानं, परिणामश्चात्र प्रधानमित्यतो वर्त्तनाक्रिययोः स मध्येऽधीतः सूत्रकारेण, परिणतिविशेषा एव वर्त्तनाक्रियाभेदा इति, परत्वापरत्वेत्यादि, प्रशंसाक्षेत्रकालभेदात्त्रैविध्यं, तत्र प्रशंसायां परो धर्म्मः सर्वोत्तमत्वात् प्रशस्तः सकलमङ्गलनिलयत्वात् प्रकर्षकाष्ठां गत इति, अपरोऽधर्मो जघन्यः स्वल्पगुणत्वात् निकर्षावस्थां प्राप्तः, तथा परं ज्ञानं यथावस्थितवस्तुवेदित्वादपरमन्यथा, तच्चाज्ञानमेव अप्रशस्तत्वात् कुत्सितमसम्यग्दृष्टेरिति, क्षेत्रकृते इत्यादि, एकस्यां दिश्येकदा विप्रकृष्टो-दूरवर्त्ती परः प्रत्यासन्नोऽपरः, सन्निकृष्ट इत्यर्थः, दिशः प्राधान्यम्, अविनाभावित्वात् कालोऽप्यत्राक्षिप्यते, कालैकत्वेऽप्यपदेशो भवत्येकदिग्व्यस्थितयोः परोऽपर इति, कालकृते इत्यादिव्यतिकरेण परस्मिन् परमपरस्मिँश्चापरमिति यन्निमित्ते प्रत्ययाभिधाने स कालः, तद्यथा-षोडशवर्षात् परो वर्षशतायुः, वर्षशतायुषोऽपरो द्विरष्टवर्षायुः, प्रशंसाक्षेत्रकृते परत्वापरत्वे चैते न भवतो, लुब्धकादावपि दर्शनात्, यस्माल्लुब्धकेऽपि देशकुलजातिविद्यापरिहीणे परत्वापरत्वप्रत्ययाभिधानसम्भवः, न च बन्धुजनापेक्षे, एकाकिन्यपि भावात्, न तपश्चरणालम्बने, अतपस्विन्यपि दर्शनात्, न कर्म्मसंस्कारापेक्षे, तयोरनधिकारात्, न चादित्यनिमित्ते, तत्रापि दृष्टित्वात्, परोऽभियोग्यः अपर आदित्यः परः सविता अपरोऽभियोग्य इति, अतः सामर्थ्यात् कालकृते, तयोर्विशेषणार्थमिदमुच्यते-प्रशंसाक्षेत्रकृते वर्जयित्वेति, वर्त्तनादयः सर्वे कालकृताः कालस्यापेक्षाकारणस्यानुग्रह उपकारः इति, सूत्रार्थः एवं चायं यत् परत्वापरत्वे सूत्रभेदेन समस्य निर्दिष्टे सूरिणा तदवगमकंन प्रशंसाक्षेत्रकृतयोरत्र परिग्रहः, वर्त्तना परिणामः क्रियाश्च द्रव्यस्वभावः कालापेक्षो निरदेशि, परत्वापरत्वे चावधित्वेन काललिङ्गमिति ॥५-२२॥

**ટીકાર્થ–** કાળનો વર્તનાદિરૂપ ઉપકાર છે, અર્થાત્ વર્તનાદિ કાળનો ઉપકાર છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- तद्यथा इत्यादि તે આ પ્રમાણે-

**વર્તના–** વર્તના એટલે વૃત્તિ. વૃત્તિ એટલે તે પ્રમાણે વર્તવાનો=હોવાનો સ્વભાવ.

ધર્માસ્તિકાયાદિ સર્વ પદાર્થોની વૃત્તિ કાળના આશ્રયવાળી છે, અર્થાત્ સર્વ પદાર્થો કાળમાં રહેલા છે. વર્તમાનકાળના આશ્રયવાળા (=વર્તમાનકાળમાં રહેલા) ધર્માસ્તિકાય આદિ પદાર્થો સ્વયમેવ વર્ત્તી રહ્યા છે. સ્વયમેવ વર્ત્તી રહેલા તે પદાર્થોનો કાળ પ્રયોજક છે=પ્રેરક છે. (જેમકે- ખેતરમાં માણસો કામ કરી રહ્યા હોય ત્યારે ત્યાં રહેલ શેઠ પ્રયોજક-પ્રેરક બને છે. સ્વયં કામ કરી રહેલા માણસોને કામ કરવામાં શેઠની ઉપસ્થિતિ પ્રયોજક=પ્રેરક બને છે. શેઠ ઊભો ન રહે તો માણસો વચ્ચે વચ્ચે કામ કરતા અટકી જાય વગેરે બને. શેઠ ઊભો રહે તો આવું ન બને. માટે શેઠ માણસોને કામ કરવાનું કહેતો ન હોવા છતાં પ્રયોજક બને છે. તેમ કાળ કશું ન કરતો હોવા છતાં માત્ર કાળનું અસ્તિત્વ પદાર્થોની વિદ્યમાનતાનું પ્રયોજક છે.) વર્તના કાળનો ઉપકાર છે એમ (આ જ સૂત્રના ભાષ્યમાં આગળ) કહેશે.

વર્તનાની વિચારણા માટે જ કહે છે- ઉત્પત્તિ એટલે તે પદાર્થનો તે સ્વરૂપે પ્રાદુર્ભાવ. સ્થિતિ એટલે પદાર્થનો નાશ ન થવો=પદાર્થનું ટકી રહેવું. प्रथमसमयाश्रया=વિવક્ષિત સમયે પદાર્થની ઉત્પત્તિ (અને સ્થિતિ) વર્તના કહેવાય છે. [આનો સાર એ આવ્યો કે દરેક સમયે થઇ રહેલા તે તે સ્વરૂપે પદાર્થની ઉત્પત્તિ અને તે તે સ્વરૂપે સ્થિતિ[1] એ વર્તના છે. આ વર્તના કાળનો ઉપકાર છે. અહીં ઉપકારનો અર્થ નિમિત્ત છે. કાળ વર્તનામાં નિમિત્ત બને છે.

---

૧. અહીં ઉત્પત્તિ અને સ્થિતિના ઉપલક્ષણથી નાશ પણ સમજી લેવો. કારણ કે દરેક પદાર્થમાં દરેક સમયે ઉત્પત્તિ, સ્થિતિ, નાશ એ ત્રણેય થઇ રહ્યા છે. એ ત્રણેયમાં કાળ નિમિત્ત બને છે.

**પરિણામ–** "परिणामो द्विविधः" इत्यादि, પરિણામ દ્રવ્યના સ્વજાતિનો ત્યાગ કર્યા વિના થનારા પર્યાય સ્વરૂપ છે. આ પર્યાય સ્વયં કે બીજાના પ્રયોગથી થાય છે. ટૂંકમાં- દ્રવ્યમાં પર્યાયનું પરિવર્તન એ પરિણામ છે. તે આ પ્રમાણે- અંકુર અવસ્થાવાળી વનસ્પતિના મૂળ, પર્વ, છાલ, પત્ર, થડ, ડાળીઓ, કુંપળ, પુષ્પ, ફળ રૂપ પરિણામ છે. પહેલાં અંકુર હતો હમણાં થડવાળું છે અને આ વર્ષે(=ભવિષ્યમાં) પુષ્પવાળું થશે. અથવા પુરુષરૂપ દ્રવ્યની બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા અને મધ્યમાવસ્થા આદિ અવસ્થાઓ પરિણામ છે. પરિણામ તદ્ભાવ રૂપ છે=તેના=દ્રવ્યના અને ગુણોના ભાવરૂપ છે, અર્થાત્ દ્રવ્યો અને ગુણો જે સ્વરૂપે બને તે રૂપ દ્રવ્યોનો અને ગુણોનો પરિણામ છે. પરિણામ અનાદિ-આદિ એમ બે પ્રકારે છે. જેની આદિ નથી તે અનાદિ. અરૂપી ધર્માસ્તિકાય આદિમાં થનારા પરિણામ અનાદિ પરિણામ છે. આકાશમાં થનારા ઈન્દ્રધનુષ વગેરેમાં તથા થાંભલા, ઘટ વગેરેમાં થનારા પરિણામ આદિ પરિણામ છે. આ રીતે પરિણામ બે પ્રકારે જ છે. આ બે પ્રકારના પરિણામને પ્રસ્તુત અધ્યાયના અંતે तद्भावः परिणामः એ સૂત્રથી કહીશું.

વસ્તુઓનો પરિણામ ઋતુઓના વિભાગથી અને કાળના નિયમથી કરાયેલો છે=થાય છે. (જેમકે શિયાળામાં ઠંડી વાય છે, ઉનાળામાં ગરમી થાય છે અને ચોમાસામાં વરસાદ વરસે છે, વગેરે ઋતુઓના વિભાગથી થાય છે. સૂર્યના કિરણો પ્રાતઃકાળે અને સંધ્યાકાળે બહુ ઉષ્ણ હોતા નથી અને બપોરે બહુ ઉષ્ણ હોય છે, સમુદ્રમાં અમુક સમયે ભરતી આવે છે તો અમુક સમયે ઓટ આવે છે. લોકો દિવસે પ્રવૃત્તિમય હોય છે અને રાત્રે નિદ્રાધીન બને છે, દિવસે પ્રકાશ હોય છે અને રાત્રે અંધકાર ફેલાય છે ઈત્યાદિ કાળના નિયમથી થાય છે.)

**ક્રિયા–** क्रिया गतिः ઈત્યાદિ ભાષ્યપાઠ છે. કરવું તે ક્રિયા. ક્રિયા દ્રવ્યનો પરિણામ છે. કાળદ્રવ્ય પરિણામરૂપ ક્રિયાનો અનુગ્રાહક છે= અનુગ્રહ કરનાર છે. આંગળી હમણાં આકાશ પ્રદેશોની શ્રેણીમાં છે, ભૂતકાળમાં હતી અને ભવિષ્યમાં થશે. જો આ પ્રમાણે ત્રણ કાળ ન હોય

તો જે ભૂતકાળ છે તે જ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ થઇ જાય. એ પ્રમાણે ભવિષ્યકાળ અને વર્તમાનકાળ (ભૂતકાળમાં) મળી જાય. આ અનિષ્ટ છે. તેથી પરસ્પર મિશ્રણ થયા વિના અને સમ્યક્ વ્યવહારને અનુકૂળ એવી ભૂતકાળ આદિ સંજ્ઞાઓ જેની અપેક્ષાએ પ્રસિદ્ધ બને છે તે કાળ છે. તેમાં ભૂતકાળ ભાવ અને વિષયના ભેદથી બે પ્રકારે છે. ઘડો વિનાશ પામ્યો એમ ભાવભૂતકાળ છે. ચક્ષુ આદિ દ્વારા ગ્રહણ થયા પછી મેં ઘટને જોયો. આ વિષયભૂતકાળ છે. એ પ્રમાણે ભવિષ્યકાળ વિષય અને ભાવ એમ બે પ્રકારે છે. તેમાં ભવિષ્યમાં જોવાની ઇચ્છાની નજીકમાં રહેલો ઘટ, અર્થાત્ જેને નજીકના જ ભવિષ્યકાળમાં જોવાની ઇચ્છા છે તેવો ઘટ વિષયભવિષ્યકાળ છે. જેણે આત્મલાભ મેળવ્યો નથી, અર્થાત્ જે હજી ઉત્પન્ન થયો નથી તે ઘટ ભાવભવિષ્યકાળ છે.

ક્રિયા એટલે ગતિ. ગતિના પ્રયોગગતિ, વિસ્રસાગતિ અને મિશ્રિકા-ગતિ એમ ત્રણ પ્રકાર છે.

**પ્રયોગગતિ–** જીવની ગતિપરિણામથી સંયુક્ત એવી શરીર, આહાર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન સંબંધી ક્રિયા પ્રયોગગતિ છે.

**વિસ્રસાગતિ–** જીવના પ્રયોગ વિના કેવળ જીવદ્રવ્યની સ્વપરિણામ-રૂપ ક્રિયા વિસ્રસાગતિ છે. તે પરમાણુ, વાદળ, ઇન્દ્રધનુષ, પરિધિ આદિ અનેક પ્રકારના સંસ્થાનવાળી છે.

**મિશ્રિકાગતિ–** પ્રયોગ અને વિસ્રસા ઉભય પરિણામ સ્વરૂપ હોવાથી પ્રયોગ-વિસ્રસાથી થનારી ક્રિયા મિશ્રિકાગતિ છે. મિશ્રિકાગતિ જીવપ્રયોગવાળી અચેતનદ્રવ્યના પરિણામ સ્વરૂપ છે. જેમકે કુંભ અને સ્તંભ વગેરે. કુંભ વગેરે તેવા પ્રકારના પરિણામ રૂપે સ્વયં જ ઉત્પન્ન થવાને સમર્થ છે, પણ તેમને કુંભાર વગેરેની સહાયતાની જરૂર છે. એથી કુંભાર વગેરેની સહાયતાથી કુંભાદિ રૂપે ઉત્પન્ન થાય છે.

વર્તના અને પરિણામ ક્રિયાજાતિના જ હોવાથી અહીં વર્તના, પરિણામ પછી ક્રિયાનું ગ્રહણ કર્યું છે. અહીં પરિણામ મુખ્ય હોવાથી

સૂત્રકારે વર્તના-ક્રિયા એ બેની મધ્યમાં પરિણામનો ઉલ્લેખ કર્યો છે. કેમકે વર્તના અને ક્રિયાના ભેદો પરિણામવિશેષ જ છે.

परत्वापरत्व इत्यादि, પરત્વ અને અપરત્વના પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત એમ ત્રણ પ્રકાર છે.

**પ્રશંસાકૃત–** ધર્મ પર(=શ્રેષ્ઠ) છે. કેમકે તે સર્વોત્તમ છે અને સર્વ મંગલોનો નિવાસ છે. અધર્મ અપર(=કનિષ્ઠ) છે. કેમકે તે ગુણહીન છે, હલકી અવસ્થાને પમાડનાર છે. જ્ઞાન પર(=શ્રેષ્ઠ) છે. કેમકે જ્ઞાન યથાવસ્થિત બોધ કરાવનાર છે. જે જ્ઞાન વસ્તુને યથાવસ્થિત પણે ન જાણે તે અપર(=કનિષ્ઠ) છે. તેવું જ્ઞાન અજ્ઞાન જ છે. કારણ કે તેવું જ્ઞાન અપ્રશસ્ત છે. સમ્યગ્દર્શનથી રહિત જીવનું જ્ઞાન નિંદિત(=હલકું) છે.

**ક્ષેત્રકૃત–** क्षेत्रकृते इत्यादि, એક સમયમાં એક દિશામાં આ દૂર રહેલો છે. આ નજીકમાં રહેલો છે એવો વ્યવહાર થાય છે. અહીં દિશાની પ્રધાનતા છે. દિશાથી અવિનાભાવ હોવાથી(=જ્યાં દિશા હોય ત્યાં કાળ અવશ્ય હોવાથી) કાળ પણ ગ્રહણ કરવામાં આવે છે. એક કાળમાં એક દિશામાં રહેલા બે પદાર્થોમાં આ પર છે, આ અપર છે, એવો વ્યવહાર થાય છે.

અહીં ભાવાર્થ એ છે કે વિવક્ષિત કોઇ એક કાળમાં જે પદાર્થ પર છે અને જે પદાર્થ અપર છે તેનાથી બીજા કોઇ કાળમાં જે પદાર્થ પર છે તે અપર બની જાય અને જે પદાર્થ અપર છે તે પર બની જાય માટે પરત્વ-અપરત્વની વિવક્ષામાં જેમ દિશા એક હોવી જોઇએ તેમ કાળ પણ એક હોવો જોઇએ. ભાષ્યમાં एकदिक्कालावस्थितयोः એમ જણાવ્યું છે. માટે જ ટીકામાં "एकस्यां दिश्येकदा" એમ જણાવ્યું છે. ભાષ્યમાં એક કાળનું ગ્રહણ શા માટે છે તેની સ્પષ્ટતા કરવા માટે આગળ अविनाभावित्वात् कालोऽप्यत्राक्षिप्यते ઇત્યાદિ જણાવ્યું છે.

**કાલકૃત–** कालकृते ઇત્યાદિ વર્ણનથી પરમાં પર એવો અને અપરમાં અપર એવો બોધ(=બુદ્ધિ) અને કથન જેના નિમિત્તે છે તે કાળ છે. તે આ પ્રમાણે–

૧૬ વર્ષની વયવાળાથી ૧૦૦ વર્ષની વયવાળો પર(=મોટો) છે. ૧૦૦ વર્ષની વયવાળાથી ૧૬ વર્ષની વયવાળો અપર(=નાનો) છે.

પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃતમાં પરત્વ અને અપરત્વ થતા નથી, અર્થાત્ આ પર છે અને આ અપર છે એવો વ્યવહાર અહીં વિવક્ષિત નથી. કારણ કે દેશ, કુળ, જાતિ અને વિદ્યાથી હીન એવા શિકારીમાં પણ પરત્વ અને અપરત્વનું જ્ઞાન(=બુદ્ધિ) અને કથન સંભવે છે. (પર એટલે શ્રેષ્ઠ. શિકારી શ્રેષ્ઠ ન હોવા છતાં તેને શ્રેષ્ઠ કહેવાનો વ્યવહાર સંભવે છે માટે તે વ્યવહાર સાચો નથી.)

બંધુજનની(=બંધુઓની) અપેક્ષાએ પરત્વ-અપરત્વનો વ્યવહાર વિવક્ષિત નથી, કારણ કે એકલામાં(=એક વ્યક્તિમાં) પણ પરત્વ-અપરત્વનો વ્યવહાર સંભવે છે. (આ માણસ પર=શ્રેષ્ઠ છે. આ માણસ અપર=હલકો છે એવો વ્યવહાર જોવામાં આવે છે.)

તપશ્ચર્યાના આલંબનથી પરત્વ-અપરત્વનો વ્યવહાર વિવક્ષિત નથી. કારણ કે જે તપસ્વી નથી તેમાં પણ પરત્વ-અપરત્વનો વ્યવહાર જોવામાં આવે છે.

કામની (આજીવિકા માટે નોકરી ધંધા વગેરે કામની) અને (શુભાશુભ) સંસ્કારની અપેક્ષાએ પરત્વ-અપરત્વ વિવક્ષિત નથી. કેમકે તે બેનો અહીં અધિકાર નથી.

સૂર્યના નિમિત્તથી(=સૂર્યનું નિમિત્ત લઈને) પરત્વ-અપરત્વ વિવક્ષિત નથી. કારણ કે ત્યાં પણ આભિયોગ્ય(=નોકર જેવો દેવ) પર છે, સૂર્ય અપર છે. સૂર્ય પર છે, આભિયોગ્ય અપર છે એમ (એકમાં જ પરત્વ-અપરત્વનો વ્યવહાર) જોવામાં આવ્યો છે.

આથી સામર્થ્યથી (આ સમજાય છે કે) પરત્વ-અપરત્વ કાલકૃત છે=કાળની અપેક્ષાએ છે. પરત્વ-અપરત્વના કાલકૃત એવા વિશેષણ માટે(=વિશેષતા બતાવવા માટે) આ કહેવાય છે કે- પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત પરત્વ-અપરત્વને છોડીને વર્તનાદિ સર્વ કાલકૃત છે, અર્થાત્

વર્તનાદિ સર્વ અપેક્ષાકારણ એવા કાળનો અનુગ્રહ=ઉપકાર છે. આ પ્રમાણે સૂત્રાર્થ છે.

આ પ્રમાણે આચાર્ય ભગવંતે परत्वापरत्वे એમ સમાસ કરીને સૂત્રના ભેદથી[1] પરત્વ-અપરત્વનો જે નિર્દેશ કર્યો તે એમ જણાવે છે કે- અહીં પ્રશંસાકૃત અને ક્ષેત્રકૃત પરત્વ-અપરત્વનું ગ્રહણ કર્યું નથી. તથા વર્તના, પરિણામ, ક્રિયારૂપ દ્રવ્યપરિણામ કાળની અપેક્ષાએ છે અને પરત્વ-અપરત્વ અવધિરૂપે કાળનું લિંગ છે એમ જણાવ્યું છે. (૫-૨૨)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता शरीरादीनि पुद्गला-नामुपकार इति । पुद्गलानिति च तन्त्रान्तरीया जीवान्परिभाषन्ते । स्पर्शादिरहिताश्चान्ये । तत्कथमेतदिति । अत्रोच्यते- एतदादिविप्रतिपत्ति-प्रतिषेधार्थं विशेषवचनविवक्षया चेदमुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** શરીર વગેરે પુદ્ગલોનો ઉપકાર છે એમ આપે (અ.૫ સૂ.૧૯ માં) કહ્યું. અન્યદર્શનીઓ પુદ્ગલોને જીવ કહે છે અને બીજાઓ પુદ્ગલો સ્પર્શાદિથી રહિત છે એમ કહે છે તેથી આ કેવી રીતે છે ? અર્થાત્ અહીં સત્ય શું છે ?

**ઉત્તર–** અન્ય દર્શનીઓ પુદ્ગલને જીવ કહે છે ઇત્યાદિ વિવાદનો નિષેધ કરવા માટે અને વિશેષ વચન કહેવાની ઇચ્છાથી આ કહેવાય છે–

**टीकावतरणिका–** अत्राहोक्तं भवतेत्यादि सम्बन्धग्रन्थः, अत्र प्रस्तावे परोऽभिधत्ते-प्रतिपादितं भवता शरीरादयः सुखादयश्च पुद्गला-नामुपकार इति, तन्त्रान्तरीयाश्च मायासूनवीयाः पुद्गला इत्यनेन शब्देन जीवान् परिभाषन्ते, पुद्गलशब्दं जीवेषु सङ्केतयन्ति व्यवहार-सिद्ध्यर्थमिति, ननु च तेषां जीव एव नास्ति कथं तद्विषयं पुद्गलध्वनिं परिभाषेरन्निति ?, उच्यते-अस्त्यार्यसम्मितीयानामात्मा, सौत्रान्तिकानां तु

૧. સૂત્રમાં વર્તના, પરિણામ અને ક્રિયા એ ત્રણ શબ્દોનો સમાસ કર્યા વિના નિર્દેશ કર્યો અને પરત્વ-અપરત્વ એ બે શબ્દોનો સમાસ કરીને નિર્દેશ કર્યો. સૂત્રનો ભેદ થયો=સૂત્ર સમાન ન થયું. આથી ટીકામાં सूत्रभेदेन(=સૂત્રના ભેદથી) એમ ઉલ્લેખ કર્યો છે.

'चित्ततद्युक्तसन्ततौ तत्पुद्गलप्रज्ञप्तिः", चित्तसन्ततौ वेदनासंज्ञाचेतनादि-धर्म्मयुक्तायां चक्षुरादिसहितायां च चित्तेनान्योऽन्यानुविधानादित्येषा चित्ततद्युक्तानां धर्माणां सन्ततिरहङ्कारः वस्तुत्वादात्मन्युपचर्यते, तथा पुनः पुनर्गत्यादानात् पुद्गल इत्युपचर्यते, योगाचाराणां तु विज्ञानपरिणामः पुद्गलो, यथाऽऽह-"आत्मधर्मोपचारो हि, विविधो यः प्रवर्त्तते । विज्ञानपरिणामोऽसौ, परिणामः स च त्रिधा ॥१॥" एवं तन्त्रान्तरीयैः पुद्गलो जीव उक्तः, त्वया पुनः शरीराद्युपकारिणः पुद्गला इत्युच्यन्ते तदेतत् कथं ?, विप्रतिषिद्धत्वादिति प्रश्न इति, नन्वनुपपन्नः संशयः, पूर्वमुक्तमेव 'रूपिणः पुद्गला' इति, न च रूप्यात्मा प्रतीत इति, उच्यते, रूपशब्देन तत्र मूर्त्तिरुक्ता, सा च मूर्त्तिरन्यैः असर्वगतद्रव्यपरिमाणमिष्यते, यथा मनः, तच्च स्पर्शादिरहितं, एतन्निरासार्थमिदमवश्यं वक्तव्यं भवति सूत्रं स्पर्शादियुक्ता मूर्तिः, तथा चतुःत्रिद्व्येकगुणानि पृथिव्यादीनि कणभुजोक्तानि तत्प्रतिषेधार्थं चावश्यंतया विधेयं, सर्वाणि तानि चतुर्गुणानीत्येता विप्रतिपत्तीः सर्वाश्चेतस्याध्यायात्रोच्यते इत्याह-'एतदादी'त्यादि, एषा आदिर्यासां ता एतदादयः, पुद्गलशब्देनात्मोच्यत इत्येषा विप्रतिपत्तिराद्या, कुत्सिता प्रतिपत्तिर्विप्रतिपत्तिः, तथा असर्वगतं द्रव्यं स्पर्शादिरहितं चेति द्वितीया विप्रतिपत्तिस्तन्निषेधाय सूत्रारम्भः, तथा पृथिव्यादीनि विशेषवचनैर्वक्तुमिष्टानि पृथक् पृथक् चतुर्गुणानीत्ये-तदभिधीयते—

**ટીકાવતરણિકાર્થ—** अत्राहोक्तं भवता ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથેનો સંબંધ જણાવવા માટે છે. આ અવસરે અન્ય કહે છે કે આપે શરીર વગેરે અને સુખ વગેરે પુદ્ગલોનો ઉપકાર છે એમ પ્રસ્તુત અધ્યાયના ૧૯મા અને ૨૦મા સૂત્રમાં કહ્યું છે. અન્ય બૌદ્ધદર્શનીઓ પુદ્ગલશબ્દથી જીવોને કહે છે, વ્યવહારની સિદ્ધિ માટે પુદ્ગલ શબ્દને જીવોમાં સંકેતવાળું કરે છે, અર્થાત્ પુદ્ગલો એટલે જીવો એમ કહે છે.

**પ્રશ્ન–** એમના મતમાં જીવ જ નથી તો જીવના વિષયમાં પુદ્ગલ-શબ્દને કેવી રીતે બોલે ?

**ઉત્તર–** આર્યસમ્મિતિના અનુયાયી (વૈભાષિક બૌદ્ધો)ના મતે આત્મા છે. (૨) સૌત્રાન્તિક બૌદ્ધોનો चित्ततद्युक्तसन्ततौ तत्पुद्गलप्रज्ञप्तिः એવો મત છે. આનો અર્થ આ પ્રમાણે છે- ચિત્તસંતતિમાં પુદ્ગલની પ્રજ્ઞપ્તિ=સંકેત છે, અર્થાત્ ચિત્તસંતતિને પુદ્ગલ કહે છે. [चित्ततद्युक्त-सन्ततौ=ચિત્ત અને ચિત્તથી યુક્ત સંતતિમાં, અર્થાત્ ચિત્તસંતતિમાં तत्पुद्गलप्रज्ञप्तिः=તે પુદ્ગલની પ્રજ્ઞપ્તિ=સંકેત છે. સળંગ અર્થ આ પ્રમાણે છે- ચિત્તસંતતિમાં પુદ્ગલનો સંકેત છે, અર્થાત્ ચિત્તસંતતિને પુદ્ગલ કહે છે. આ શબ્દને વિશેષથી સ્પષ્ટ કરે છે-]

આ પ્રસંગે બીજા મતવાળા કહે છે કે– શરીરાદિ અને સુખાદિ એ પુદ્ગલોનો ઉપકાર છે એમ આપના વડે પ્રતિપાદન કરાયું. આ બાબતમાં અન્ય મતવાળા બૌદ્ધો પુદ્ગલશબ્દથી વાચક જીવોને વાચ્ય માને છે. એટલે વ્યવહારની સિદ્ધિ માટે જીવોને વિષે પુદ્ગલશબ્દનો સંકેત કરે છે.

**પ્રશ્ન–** બૌદ્ધો જીવને માનતા જ નથી તો પછી પુદ્ગલશબ્દનો વિષય જીવ કેવી રીતે બને ?

**ઉત્તર–** બૌદ્ધોમાં ચાર ભેદ છે- (૧) આર્યસમિતિ અથવા વૈભાષિક (૨) સૌત્રાન્તિક (૩) યોગાચાર અને (૪) માધ્યમિક. આમાં આર્યસમિતિ પક્ષવાળા બૌદ્ધોના આચાર્ય આત્માનું અસ્તિત્વ માને છે અને સૌત્રાન્તિક બૌદ્ધો ચિત્ત અને ચિત્તસંતતિ વિષે પુદ્ગલશબ્દનો પ્રયોગ કરે છે (વ્યવહાર કરે છે). કારણ કે વેદના, સંજ્ઞા, ચેતનાદિ ધર્મોથી યુક્ત ચિત્તસંતતિમાં, ચક્ષુરાદિ ઇન્દ્રિયથી સહિત પદાર્થનું પૌદ્ગલિક જ્ઞાન ચિત્તની સાથે પરસ્પરનો અનુવેધ [પરસ્પરમાં મળી જવાપણું] (ચિત્તસંતતિમાં) થાય છે. તે ચિત્ત અને ચિત્તથી યુક્ત સંતતિ તે અહંકાર છે. આ અહંકાર વસ્તુ છે તેથી તે આત્મામાં ઉપચાર કરાય છે. તેથી આત્માને પુદ્ગલ કહે છે. [ચક્ષુરિન્દ્રિય પોતે પુદ્ગલ છે.

એનાથી થતું પદાર્થનું જ્ઞાન પૌદ્‌ગલિક છે. આ પૌદ્‌ગલિક જ્ઞાન અને ચિત્તસંતતિનું ચૈતન્યજ્ઞાન પરસ્પર મળેલા છે. તેથી ચક્ષુરિન્દ્રિયનાં પૌદ્‌ગલિક જ્ઞાનનો ઉપચાર ચિત્તમાં કરીને સૌત્રાન્તિક બૌદ્ધો ચિત્તને પણ પુદ્‌ગલ કહે છે.]

અને યોગાચાર નામના બૌદ્ધમતમાં વિજ્ઞાન પરિણામને જ પુદ્‌ગલ કહે છે. આત્મધર્મનો ઉપચાર વિવિધ રૂપે પ્રવર્તે છે અને તે વિજ્ઞાન પરિણામ છે. તે ત્રણ પ્રકારનો છે.

**પ્રશ્ન–** એવી રીતે બીજા મતવાળા બૌદ્ધો જીવને પુદ્‌ગલ કહે છે અને આપે શરીરાદિને પુદ્‌ગલનો ઉપકાર કહ્યો છે તો એ કેવી રીતે ઘટે ? કારણ કે બંને કથનમાં વિસંગતિ દેખાય છે.

**ઉત્તર–** બૌદ્ધાદિનું આ કથન યથાર્થ નથી, અર્થાત્ આ સંશય ઘટી શકતો નથી. પુદ્‌ગલો રૂપી છે તે પૂર્વે (અ.૫ સૂ.૪ માં) અમે બતાવી જ દીધું છે અને આત્મા રૂપી નથી. રૂપશબ્દ વડે ત્યાં મૂર્તિ કહેવાઇ છે. તે મૂર્તિને અન્ય લોકો અસર્વગત દ્રવ્યપરિણામરૂપ માને છે. જેમકે મન. અને મન સ્પર્શાદિથી રહિત છે એવા કથનનું ખંડન કરવા માટે આ કહેવું જરૂરી છે કે જે સ્પર્શાદિથી યુક્ત હોય તે મૂર્ત છે અને પૃથ્વીમાં ચાર ગુણ, પાણીમાં ત્રણ ગુણ, તેજમાં બે ગુણ અને વાયુમાં એક સ્પર્શ ગુણ એવું જે વૈશેષિકો માને છે તેનું ખંડન કરવા અહીં અવશ્ય કહેવું જોઇએ. (જેને સ્પર્શાદિ ન હોય તેને પણ મૂર્ત માને છે. જેમ મન.)

એ બધી વિપ્રતિપત્તિઓ (અસંગત કથનો) છે. તેથી યથાર્થ નથી. પુદ્‌ગલશબ્દ વડે આત્મા કહેવાય છે તે પહેલી વિપ્રતિપત્તિ છે અને અસર્વગત દ્રવ્ય સ્પર્શાદિથી રહિત છે એ બીજી વિપ્રતિપત્તિ છે. આના નિષેધ માટે આ સૂત્રનો આરંભ કરવામાં આવે છે તથા પૃથ્વી આદિ પૃથક્ પૃથક્ ચાર ગુણવાળા છે તે વિશેષવચનોથી કહેવા ઇચ્છાયા છે. તેથી કહેવાય છે કે–

પુદ્ગલનું લક્ષણ–

**स्पर्श-रस-गन्ध-वर्णवन्तः पुद्गलाः ॥५-२३॥**

**સૂત્રાર્થ–** પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે. (૫-૨૩)

**भाष्यं–** स्पर्शः रसः गन्धः वर्ण इत्येवंलक्षणाः पुद्गला भवन्ति । तत्र स्पर्शोऽष्टविधः कठिनो मृदुर्गुरुर्लघुः शीत उष्णः स्निग्धः रूक्ष इति । रसः पञ्चविधस्तिक्तः कटुः कषायोऽम्लो मधुर इति । गन्धो द्विविधः सुरभिरसुरभिश्च । वर्णः पञ्चविधः कृष्णो नीलो लोहितः पीतः शुक्ल इति ॥५-२३॥

**ભાષ્યાર્થ–** પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રૂપ લક્ષણવાળા હોય છે. તેમાં સ્પર્શ કઠિન-કોમળ, ગુરુ-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ એમ આઠ પ્રકારનો છે.

**રસ–** તીખો, કડવો, તૂરો, ખાટો, મધુર એમ પાંચ પ્રકારનો છે.

**ગંધ–** સુરભિ, દુરભિ એમ બે પ્રકારે છે.

**વર્ણ–** કાળો, લીલો, લાલ, પીળો અને સફેદ એમ પાંચ પ્રકારનો છે. (૫-૨૩)

**टीका–** प्राग्निर्दिष्टेन्द्रियक्रमापेक्षः स्पर्शादिविन्यास इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'स्पर्शे'त्यादिना स्पर्शादिविन्यासे स्वविषयबलवत्त्वादादौ स्पर्शः, सत्यस्मिन् रसादिसद्भावात्, कर्म्मसाधनाश्च सर्वे स्पर्शादयः, स्पृश्यन्त इति, इत्येवंलक्षणाः पुद्गला भवन्ति, सर्वदैव स्पर्शादि(मन्तः) पुद्गला इति नित्ययोगे मतुः, यतश्चैवमतो न जीवशब्दवाच्याः, मूर्तत्वात्तेषां, एवं मनोऽपि, स्पर्शादिमत्पुद्गलमयत्वात्, आपादीन्यपि स्पर्शादिमन्ति असर्वगतद्रव्यत्वात् पार्थिवाणुवत्, 'तत्र स्पर्शोऽष्टविध' इत्यादि निगदसिद्धं यावत् सूत्रसमाप्तेरिति ॥ ५-२३ ॥

**ટીકાર્થ–** પૂર્વે (૨-૨૦ સૂત્રમાં) નિર્દિષ્ટ ઇન્દ્રિયોના ક્રમની અપેક્ષાએ સ્પર્શાદિનો ઉલ્લેખ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને

તો ભાષ્યકાર "स्पर्श" ઇત્યાદિથી કહે છે– સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એવા લક્ષણવાળા પુદ્ગલો હોય છે, અર્થાત્ આ ચાર જેમાં હોય તે પુદ્ગલ છે. સ્પર્શાદિના ઉલ્લેખમાં પોતાનો વિષય બળવાન હોવાથી આદિમાં સ્પર્શનો ઉલ્લેખ કર્યો છે. જે પુદ્ગલમાં સ્પર્શ હોય તેમાં રસ વગેરે હોય માટે સ્પર્શનો વિષય બળવાન છે. સ્પર્શ વગેરે કર્મરૂપ સાધનવાળા છે. તે આ પ્રમાણે- જે સ્પર્શાય તે સ્પર્શો. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એવા લક્ષણવાળા પુદ્ગલો હોય છે. પુદ્ગલો સદાય સ્પર્શાદિવાળા હોય છે, એ પ્રમાણે નિત્યયોગમાં मतुप् પ્રત્યય છે. આ પ્રમાણે હોવાથી પુદ્ગલો જીવ શબ્દથી વાચ્ય નથી, અર્થાત્ પુદ્ગલોને જીવ ન કહેવાય. કારણ કે પુદ્ગલો રૂપી છે. એ પ્રમાણે મન પણ રૂપી છે. કારણ કે મન સ્પર્શાદિવાળું હોવાથી પુદ્ગલમય છે. (અહીં દ્રવ્યમનને જ પુદ્ગલમય સમજવું. વિચાર કરવામાં સહાયક મનરૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્રવ્યમન છે.) એ પ્રમાણે પાણી વગેરે પણ સ્પર્શાદિવાળા છે. કેમકે પૃથ્વીના પરમાણુઓની જેમ અસર્વગત(=સંપૂર્ણ લોકાકાશમાં ન રહેનાર) દ્રવ્ય છે.

तत्र स्पर्शोऽष्टविधः ઇત્યાદિથી સૂત્રની સમાપ્તિ સુધીનું ભાષ્ય બોલતા જ(=વાંચતા જ) સમજાઇ જાય તેવું છે. તે ભાષ્યનો અર્થ આ પ્રમાણે છે- તેમાં સ્પર્શ કઠિન-કોમળ, ગુરુ-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ એમ આઠ પ્રકારનો છે. તીખો, કડવો, તૂરો, ખાટો, મધુર એમ પાંચ પ્રકારનો રસ છે. સુગંધ, દુર્ગંધ એમ બે પ્રકારનો ગંધ છે. કૃષ્ણ, નીલ, લાલ, પીત, શુક્લ એમ પાંચ પ્રકારનો વર્ણ છે. (૫-૨૩)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदिति सम्बन्धग्रन्थः ।

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यत्- વળી બીજું- એ ભાષ્ય ગ્રંથ હવે પછીના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે.

## પુદ્ગલોના શબ્દાદિ પરિણામોનું વર્ણન–

**शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तमश्छाया-ऽऽतपोद्योतवन्तश्च ॥५-२४॥**

**સૂત્રાર્થ–** પુદ્ગલો, શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂળતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા પણ છે, અર્થાત્ શબ્દાદિ પુદ્ગલના પરિણામો છે. (૫-૨૪)

**भाष्यं–** तत्र शब्दः षड्विधः-ततो विततो घनः शुषिरो घर्षो भाष इति ॥ बन्धस्त्रिविधः । प्रयोगबन्धो विस्रसाबन्धो मिश्र इति । स्निग्ध-रूक्षत्वाद् भवतीति वक्ष्यते । सौक्ष्म्यं द्विविधमन्त्यमापेक्षिकं च । अन्त्यं परमाणुष्वेव । आपेक्षिकं द्व्यणुकादिषु सङ्घातपरिणामापेक्षं भवति । तद्यथा- आमलकाद्बदरमिति । स्थौल्यमपि द्विविधमन्त्यमापेक्षिकं च । सङ्घातपरिणामापेक्षमेव भवति । तत्रान्त्यं सर्वलोकव्यापिनि महास्कन्धे भवति । आपेक्षिकं बदरादिभ्य आमलकादिष्विति । संस्थानमनेकविधम् । दीर्घ-ह्रस्वाद्यनित्थंत्वपर्यन्तम् । भेदः पञ्चविधः । औत्कारिकः चौर्णिकः खण्डः प्रतर अनुतट इति । तमश्छायातपोद्योताश्च परिणामजाः । सर्व एवैते स्पर्शादयः पुद्गलेष्वेव भवन्तीत्यतः पुद्गलास्तद्वन्तः ॥

अत्राह- किमर्थं स्पर्शादीनां शब्दादीनां च पृथक् सूत्रकरणमिति । अत्रोच्यते- स्पर्शादयः परमाणुषु स्कन्धेषु च परिणामजा एव भवन्तीति । शब्दादयस्तु स्कन्धेष्वेव भवन्त्यनेकनिमित्ताश्चेत्यतः पृथक्करणम् ॥५-२४॥

**ભાષ્યાર્થ–** પુદ્ગલો શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા હોય છે. તેમાં **શબ્દ-** તત, વિતત, ઘન, સુષિર, ઘર્ષ અને ભાષ એમ છ પ્રકારનો છે. **બંધ-** પ્રયોગ, વિસ્રસા અને મિશ્ર એમ ત્રણ પ્રકારનો છે. "સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શથી પુદ્ગલોનો બંધ થાય છે." એમ (અ.૫ સૂ.૩૨ માં) કહેવાશે.

**સૂક્ષ્મતા** અંત્ય અને આપેક્ષિક એમ બે પ્રકારે છે. અંત્ય સૂક્ષ્મતા પરમાણુઓમાં જ હોય. આપેક્ષિક સૂક્ષ્મતા દ્વ્યણુક આદિમાં હોય. સૂક્ષ્મતા સંઘાત અને પરિણામની અપેક્ષાએ થાય. તે આ પ્રમાણે- આમળાથી બોર નાનો છે(=સૂક્ષ્મ છે).

**સ્થૂળતા** પણ અંત્ય અને આપેક્ષિક એમ બે પ્રકારે છે. સ્થૂળતા સંઘાત અને પરિણામની અપેક્ષાએ જ થાય. તેમાં અંત્ય સ્થૂળતા સર્વ લોકવ્યાપી મહાસ્કંધમાં હોય. આપેક્ષિક સ્થૂલતા બોરાદિની અપેક્ષાએ આમળા આદિમાં હોય.

**સંસ્થાન–** દીર્ઘ, હ્રસ્વ વગેરે અનિત્થંત્વ સુધી અનેક પ્રકારનું છે.

**ભેદ–** ઔત્કારિક, ચૌર્ણિક, ખંડ, પ્રતર અને અનુતટ એમ પાંચ પ્રકારનો છે.

અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત પરિણામથી થનારા છે. આ સ્પર્શ વગેરે બધા પુદ્ગલોમાં જ હોય, આથી પુદ્ગલો તેનાવાળા (સ્પર્શાદિવાળા) છે.

**પ્રશ્ન–** સ્પર્શ આદિનું અને શબ્દાદિનું સૂત્ર અલગ શા માટે બનાવ્યું ?

**ઉત્તર–** સ્પર્શ વગેરે પરમાણુ અને સ્કંધ બંનેમાં પરિણામથી જ થાય છે. શબ્દ વગેરે તો એકલા સ્કંધોમાં જ થાય છે અને અનેક નિમિત્તવાળા અનેક અણુઓ વગેરેથી ઉત્પન્ન થનારા છે. એ જણાવવા માટે સ્પર્શ વગેરેનું અને શબ્દ વગેરેનું સૂત્ર જુદું કર્યું છે. (૫-૨૪)

**टीका–** न केवलं स्पर्शादिमन्तः पुद्गलाः, शब्दादिमन्तश्च, शब्दादयः कृतद्वन्द्वा मतुपा निर्दिश्यन्त इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'तत्रे'त्यादिना तत्र-तेषु पुद्गलपरिणामेषु शब्दादिषु शब्दस्तावत् श्रोत्रेन्द्रियग्राह्यः षड्विधः षट्प्रकारः, प्रकारानेवाह-'तत' इत्यादिना, ततो-मृदङ्गपणवाद्या-तोद्यसमुत्थः विततो-वीणात्रिसिरकादितन्त्रीप्रभवः घनः-कांस्यभाजनकाष्ठ-शलाकादिजन्यः शुषिरो-वेणुविवरादिसमुत्थः घर्षः-चक्रक्रकचकाष्ठादि-

संघर्षप्रसूतः भाष्यो-वर्णपदवाक्याकारेण भाष्यत इतिकृत्वा, अभिव्यञ्जक-भेदतः परिणामवैचित्र्यत एते भेदाः, एतेन निरवयवगुणविकाराकाशगुण-वासनाभावरूपशब्दव्यवच्छेदमाह, एकान्तनिरवयवात् सावयवविकारायोगात् अस्य चाकारादिभेदेन तद्भावोपलब्धेः, कृत्स्नगुणरूपकत्वाच्च गुणानां, सर्वगतगुणत्वे देशाभिव्यक्त्यसिद्धेः, वासनाभावरूपत्वे ग्रहणायोग्य इति पौद्गलिक एव शब्दः इत्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, ग्रन्थविस्तरभयाद्, अक्षरगमनिकामात्रसारत्वात् प्रारम्भस्य । एवं 'बन्धस्त्रिविध' इत्यादि, बन्धनं बन्धः-परस्पराश्लेषलक्षणः स त्रिप्रकारः, प्रकारानेवाह-प्रयोगबन्धो जीवव्यापारनिर्वर्त्तितः औदारिकादिशरीरजतुकाष्ठादिविषयः, विस्रसाबन्धः-विस्रसा-स्वभावः तेन बन्धो द्विधा-आदिमाननादिमाँश्च, विद्युदुल्कादिविषय आद्यः, धर्माधर्माकाशगोचरस्त्वितरः, मिश्रबन्धः प्रयोगविस्रसाभ्यां स्तम्भकुम्भादिविषय इति, सामान्यभवनविधिं बन्धस्याह-स्निग्धरूक्ष-त्वाद्भवति, बन्ध इति वर्त्तते, एतच्चोपरिष्टाद् दर्शयिष्यामः, 'सौक्ष्म्यं द्विविध'मित्यादि, सूक्ष्मभावः सौक्ष्म्यं, तद् द्विविधं-द्विप्रकारं, एतदेवाह-अन्त्यम्-अन्ते भवम् आपेक्षिकं च प्रतीते, बुद्धिप्रयोजकत्वमपेक्षा सा प्रयोजनमस्येतिकृत्वा, अन्त्यं सौक्ष्म्यं परमाणुष्वेव, अन्यत्रासम्भवात्, आकाशादिषु देशानाममूर्त्तत्वात्, आपेक्षिकम्-अपेक्षाप्रयोजनं, किमित्याह-द्व्यणुकादिषु, द्व्यणुके त्र्यणुकापेक्षया सौक्ष्म्यं, चतुरणुके त्र्यणुकापेक्षयेत्येवं (?त्र्यणुके चतुरणुकापेक्षयेत्येवं) सङ्घातपरिणामापेक्षं (बहुभेदं) भवति, सङ्घातपरिणामस्यानेकभेदत्वात्, 'तद्यथे'त्यादि, तद्यथेत्युदाहरणोपन्यासार्थः, आमलकाद्बदरमिति आमलकं प्रतीत्य बदरं सूक्ष्मं, एवं स्थौल्यमपि स्थूलभावलक्षणं द्विविधं-द्विप्रकारं, प्रकारावेवाह-अन्त्यमापेक्षिकं च, एतदपि सङ्घातपरिणामापेक्षमेव भवति, परमाणुप्रचयपरिणामापेक्षमित्यर्थः, तत्रान्त्यं स्थौल्यं सर्वलोकव्यापिनि तथापरिणामभेदात् महास्कन्ध इति, इहावयव-विकाशमात्रं स्थौल्यं गृह्यते, न बादरपरिणामरूपं, तत्र लोकव्यापिनि पर्वत इव लोकाच्छादनसङ्गात्, आपेक्षिकं तु स्थूलत्वं बदरादिभ्यः सकाशात् आमलकादिष्विति, आदिशब्दात् दाडिमादिग्रहः, न चातात्त्विकमेतत् सौक्ष्म्यं

स्थौल्यं वा, सन्मूर्ताचेतनत्वादिवदनन्तधर्मात्मके वस्तुनि तद्वाचिशब्देन प्रतीतेः, सर्वार्थे न, निमित्तत्वाद् धियो भेदायोगात्, न हि नीलं कृष्णपीताद्यपेक्षयापि नीलानीलधीजनकमिति भावनीयं, 'संस्थान'मित्यादि, संस्थानं रचनाविशेषः तदनेकविधं-अनेकप्रकारं, जीव(जीवाजीव)संस्थानभेदेन दीर्घह्रस्वादि, दीर्घमायतं ह्रस्वं तद्विपरीतं, समचतुरस्रपरिमण्डलाद्युपलक्षणमेतत्, अनित्थंत्वपर्यन्तमिति, दीर्घादिना प्रकारेण यदित्थमिति निरूपयितुमशक्यं तदनित्थं तद्भावोऽनित्थंत्वं तत्पर्यन्तं संस्थानमिति, धीभेदगम्यं चैतदिति भावितमेतद्, भेदः पञ्चविध इत्यादि, द्रव्यैकत्वपरिणतिविश्लेषो भेदः, स पञ्चविधः-पञ्चप्रकारः, प्रकारानाह-'औत्कारिक'-इत्यादि तत्रौत्कारिकः समुत्कीर्यमाणदारुकप्रस्थकभेरीत्वगाकर्षादिविषयः, अवयवशः चूर्णनं चौर्णिकं क्षिप्तपिष्टमुष्टिवत्, खण्डशो विशरणं खण्डभेदः क्षिप्तमृत्पिण्डवत् प्रतरो भेदोऽभ्रपटलभूर्यपत्रादिषु बहुतिथपुटोत्त्रोटनलक्षणः अनुतटभेदस्तु वंशेक्षुयष्टित्वगुत्पाटनम्, इतिशब्दो भेदेयत्तावधारणार्थः, 'तमश्छाये'त्यादि समानविचारत्वादेकनिर्देशः, तमश्चेत्यादि द्वन्द्वः, एते च परिणामजाः पुद्गलपरिणामभवा इति, अत्र तमः पौद्गलं दृष्टिप्रतिबन्धकारित्वात् कुड्यादिवत्, एवं छायापि पुद्गलमयी शिशिरत्वाज्जलवत्, आतपोऽपि पुद्गलात्मकः तापकत्वादग्निवत्, उद्योतोऽपि आह्लादादिहेतुत्वात् वृष्टिवत्, चशब्दात् वृष्टिदीपोद्योतावि(व)रोधादिपरिणामपरिग्रहः, सूत्रद्वयोक्तमर्थमुपसंहरन्नाह-'सर्व एवैते' इत्यादि स्पर्शादय इति स्पर्शरसगन्धवर्णशब्दादयः पुद्गलेष्वेव भवन्ति, तत्परिणामत्वादिति, अतः पुद्गलाः परमाण्वादयः तद्वन्तः स्पर्शादिमन्त इति चानेन गुणगुणिनोर्भेदाभेदमाहेति, भावितमेतत्, 'अत्राहे'त्यादि किमर्थं शब्दादीनां स्पर्शादीनां च पृथक् पृथक् सूत्रं, एकार्थप्रतिबद्धत्वादिति, अत्रोच्यते-एकार्थप्रतिबद्धत्वेऽपि चेत्येतदाह-स्पर्शादयः पूर्वसूत्रोक्ताः परमाणुषु केवलेषु स्कन्धेषु च द्व्यणुकादिषु परिणामजा एव भवन्ति, प्रयोगादेस्तथा दर्शनात्, शब्दादयस्तु द्वितीयसूत्रोक्ताः स्कन्धेष्वेव भवन्ति, न द्व्यणुकादिषु, किन्त्वनेकाणुकेषु, अनेकनिमित्ताश्च शब्दादयः सङ्घातभेदादिभ्यो भावादित्यतः पृथक्करणं सूत्रयोरिति ॥५-२४॥

**ટીકાર્થ–** પુદ્ગલો કેવળ સ્પર્શાદિવાળા નથી પરંતુ શબ્દાદિવાળા પણ છે. શબ્દ વગેરે શબ્દો દ્વન્દ્વ સમાસવાળા છે અને मतुप् પ્રત્યયથી નિર્દેશ કરાયા છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર तत्र ઇત્યાદિથી કહે છે- તેમાં (પુદ્ગલપરિણામ સ્વરૂપ શબ્દાદિમાં) શબ્દ શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય છે=સાંભળી શકાય છે અને છ પ્રકારે છે. ભાષ્યકાર तत ઇત્યાદિથી શબ્દના પ્રકારોને જ કહે છે–

**શબ્દ–** તત, વિતત, ઘન, શુષિર, ઘર્ષ અને ભાષા એમ છ પ્રકારે શબ્દ છે.

**તત–** મૃદંગ અને ઢોલ વગેરે (ચર્મના) વાજિંત્રોથી ઉત્પન્ન થતો શબ્દ.

**વિતત–** વીણા, સારંગી આદિના તારથી ઉત્પન્ન થતો શબ્દ.

**ઘન–** કાંસાના પાત્ર(=ઝાલરાદિ) ઉપર કાષ્ઠની સળી (દાંડી) આદિથી ઉત્પન્ન થતો શબ્દ.

**શુષિર–** વાંસમાં કરાયેલા છિદ્રો વગેરેથી ઉત્પન્ન થતો શબ્દ.

**ઘર્ષ–** ચક્ર(=પૈડું), કરવત અને કાષ્ઠાદિના ઘર્ષણથી(=અથડાવાથી) ઉત્પન્ન થતો શબ્દ.

**ભાષા–** વર્ણ, પદ, વાક્યરૂપે જે બોલાય તે ભાષા.

પ્રકાશક(=પ્રગટ કરનાર)ના ભેદથી અને પરિણામની વિચિત્રતાથી આ ભેદો છે.

આનાથી અન્ય દર્શનવાળા શબ્દને (૧) નિરવયવ (૨) ગુણનો વિકાર (૩) આકાશનો ગુણ અને (૪) વાસનાનો અભાવ એવું જે માને છે તેમનું ખંડન કરવા ઉપરના શબ્દોની ઉત્પત્તિના છ ભેદો કહ્યા છે. (૧) શબ્દને એકાંતે નિરવયવ માનીએ તો નિરવયવમાં વિકાર ન ઘટી શકે. સાવયવમાં જ વિકાર ઘટે. જેમાં આકાર હોય તેમાં વિકાર થાય અને આકાર આદિના ભેદથી શબ્દની ઉપલબ્ધિ થાય છે તેથી શબ્દ આકારવાળો છે તેથી નિરવયવ નથી. (૨) ગુણનો વિકાર અને (૩)

આકાશનો ગુણ. શબ્દ ગુણનો વિકાર નથી. કેમકે જે ગુણ હોય તે ગુણીમાં સંપૂર્ણ રૂપથી પ્રાપ્ત થવો જોઈએ. આકાશ સર્વગત છે તેથી આકાશના ગુણ શબ્દમાં સર્વગતપણું પ્રાપ્ત થવું જોઈએ. શબ્દમાં સર્વગતપણું હોય તો શબ્દની નિયત સ્થાનમાં અભિવ્યક્તિ થાય છે તે ન થવી જોઈએ. (૪) વાસનાનો અભાવ- જેમ વીજળી એક ક્ષણમાં ઉત્પન્ન થતાં જ નાશ પામી જાય છે તેમ શબ્દ એક ક્ષણમાં ઉત્પન્ન થતાં તિરોભવ થઈ જાય છે, અર્થાત્ શબ્દની પૂર્વ ક્ષણ, ઉત્પન્ન ક્ષણ અને પશ્ચિમ ક્ષણ ન હોવાથી એક જ ક્ષણ હોવાથી શબ્દ, વાસના(=સંસ્કાર)નો વિષય બનતો નથી. આવું જો માનવામાં આવે તો યુક્ત નથી. કેમકે વાસનાના અભાવવાળા શબ્દનું ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થઈ શકે નહિ. શબ્દને અવયવી આદિ માનવામાં આવે તો જ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થઈ શકે. માટે શબ્દ એ પૌદ્ગલિક છે એમ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે અહીં ઘણું કહેવા યોગ્ય છે પણ તે ગ્રંથ વિસ્તારના ભયથી કહેવામાં આવતું નથી. કારણ કે આ ગ્રંથનો પ્રારંભ માત્ર અક્ષરનો અર્થ જણાવવા માટે કરવામાં આવ્યો છે.

**बन्धस्त्रिविधः** इत्यादि, બંધન તે બંધ, અર્થાત્ પરસ્પર સંબંધ (સંયોગ) થવો તે બંધ. બંધ ત્રણ પ્રકારનો છે. ભાષ્યકાર બંધના પ્રકારોને જ કહે છે- પ્રયોગબંધ, વિસ્રસાબંધ અને મિશ્રબંધ એમ ત્રણ પ્રકારનો બંધ છે.

**પ્રયોગબંધ–** જીવના પ્રયત્નથી થયેલ. જીવની સાથે ઔદારિક વગેરે શરીરનો સંબંધ અને લાખ-કાષ્ઠનો સંબંધ વગેરે પ્રયોગબંધ છે.

**વિસ્રસાબંધ–** વિસ્રસા એટલે સ્વભાવ. સ્વભાવથી(=જીવના પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે) થતો બંધ વિસ્રસાબંધ છે. વિસ્રસાબંધ આદિમાન અને અનાદિમાન એમ બે પ્રકારે છે. વીજળી અને ઉલ્કા(=રેખાના આકાર જેવો આકાશમાંથી પડતો તેજનો સમૂહ) આદિનો સંબંધ આદિમાન વિસ્રસાબંધ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશનો સંબંધ અનાદિમાન વિસ્રસાબંધ છે.

**મિશ્રબંધ–** પ્રયોગ અને વિસ્રસાથી થતો સ્તંભ-કુંભાદિનો સંબંધ મિશ્રબંધ છે. બંધ થવાની સામાન્ય વિધિને ભાષ્યકાર કહે છે- સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શથી પુદ્‌ગલોનો બંધ થાય છે. આ વિષયને આગળ (પ્રસ્તુત અધ્યાયના ૩૨મા સૂત્રમાં) બતાવીશું.

**સૂક્ષ્મતા–** सौक्ष्म्यं द्विविधम् इत्यादि, સૂક્ષ્મનો ભાવ તે સૌક્ષ્મ્ય, અર્થાત્ સૂક્ષ્મતા. તે બે પ્રકારની છે. આને જ ભાષ્યકાર કહે છે- અંત્ય અને આપેક્ષિક એમ બે પ્રકારની સૂક્ષ્મતા છે. આ બંને પ્રસિદ્ધ છે.

**અંત્ય–** અંતે થનારી સૂક્ષ્મતા અંત્ય છે. અંત્ય સૂક્ષ્મતા પરમાણુઓમાં જ છે. કારણ કે બીજી વસ્તુઓમાં અંત્ય સૂક્ષ્મતાનો અસંભવ છે. આકાશ વગેરેમાં પ્રદેશો અમૂર્ત હોવાથી તેમાં અંત્ય સૂક્ષ્મતાનો અસંભવ છે.

**આપેક્ષિક–** બુદ્ધિ[1] જેમાં હેતુ છે તે અપેક્ષા. અપેક્ષા જેનું પ્રયોજન છે તે આપેક્ષિક. આપેક્ષિક સૂક્ષ્મતા દ્વ્યણુક આદિમાં છે. દ્વ્યણુક સ્કંધમાં ત્ર્યણુક સ્કંધની અપેક્ષાએ અને ત્ર્યણુક સ્કંધમાં ચતુરણુક સ્કંધની અપેક્ષાએ સૂક્ષ્મતા છે. આમ સંઘાતના(=સ્કંધના) પરિણામની અપેક્ષાએ સૂક્ષ્મતા થાય છે. આપેક્ષિક સૂક્ષ્મતા ઘણા ભેદોવાળી છે. કારણ કે સંઘાત પરિણામના અનેક ભેદો છે.

"तद्यथा" इत्यादि, तद्यथा એવો પ્રયોગ ઉદાહરણ મૂકવા=બતાવવા માટે છે. આમળાની અપેક્ષાએ બોર સૂક્ષ્મ છે.

**સ્થૂલતા–** એ પ્રમાણે સ્થૂલભાવ રૂપ સ્થૂલતા પણ બે પ્રકારની છે. ભાષ્યકાર પ્રકારોને જ કહે છે- અંત્ય અને આપેક્ષિક એમ બે પ્રકારની સ્થૂલતા છે. સ્થૂલતા પણ સંઘાતના(=સ્કંધના) પરિણામની અપેક્ષાએ જ થાય છે, અર્થાત્ પરમાણુઓના પ્રચયરૂપ પરિણામની અપેક્ષાએ થાય છે.

**અંત્ય–** અંત્ય સ્થૂલતા તેવા પ્રકારના પરિણામ ભેદથી સર્વલોકવ્યાપી (અચિત્ત)મહાસ્કંધમાં છે. અહીં માત્ર અવયવોના વિકાસરૂપ સ્થૂલતા

૧. આની અપેક્ષાએ આ સૂક્ષ્મ છે, આની અપેક્ષાએ આ સૂક્ષ્મ છે એવી બુદ્ધિ થતી હોવાથી અપેક્ષામાં બુદ્ધિ હેતુ છે.

ગ્રહણ કરવી, બાદર પરિણામરૂપ સ્થૂલતા ગ્રહણ ન કરવી. બાદર પરિણામરૂપ સ્થૂલતા ગ્રહણ કરવામાં આવે તો લોકવ્યાપી પર્વતની જેમ લોકને ઢાંકી દેવાનો પ્રસંગ આવે.

**આપેક્ષિક–** બોરાદિથી આમળાદિમાં સ્થૂલતા છે. આદિ શબ્દથી દાડમાદિનું ગ્રહણ કરવું. આ સૂક્ષ્મતા અને સ્થૂલતા અતાત્ત્વિક(=ખોટી) નથી. સત્ત્વ, મૂર્તત્વ, અચેતનત્વાદિવાળી અનંતધર્મસ્વરૂપ વસ્તુમાં તદ્ વાચક શબ્દથી સૂક્ષ્મતા સ્થૂલતાની પ્રતીતિ થાય છે, અર્થાત્ પુદ્ગલ વસ્તુમાં સૂક્ષ્મતા અને સ્થૂલતાનો વ્યવહાર થાય છે.

सर्वार्थे न=સર્વ વસ્તુઓમાં આવી પ્રતીતિ થતી નથી. निमित्तत्वाद् धियो भेदायोगात्=કેમકે નિમિત્તના કારણે થનારો બુદ્ધિનો ભેદ(=ભિન્ન બુદ્ધિ) સર્વ વસ્તુઓમાં થતો નથી. અહીં ભાવાર્થ આ છે–જેમ ત્ર્યણુકાદિમાં ચતુરણુકાદિની અપેક્ષાએ આ સૂક્ષ્મ છે અને દ્વ્યણુકાદિની અપેક્ષાએ આ સ્થૂળ છે એવો બુદ્ધિભેદ=એક જ વસ્તુમાં ભિન્નબુદ્ધિ થાય છે તેવો બુદ્ધિભેદ સર્વ વસ્તુઓમાં ન થાય. જેમકે કૃષ્ણ અને પીતાદિની અપેક્ષાએ પણ નીલવસ્તુ આ નીલ છે અને અનીલ છે એવી બુદ્ધિને ઉત્પન્ન કરતી નથી.

"संस्थानम्" इत्यादि, સંસ્થાન એટલે વિશેષ પ્રકારની રચના. તે સંસ્થાન જીવ (અને અજીવ)ના સંસ્થાન ભેદથી દીર્ઘ-હ્રસ્વ વગેરે અનેક પ્રકારનું છે. દીર્ઘ એટલે લાંબું. તેનાથી વિપરીત હ્રસ્વ(=ટૂંકું) છે. દીર્ઘ-હ્રસ્વાદિના ઉપલક્ષણથી સમચતુરસ્ર અને (ન્યગ્રોધ)પરિમંડલ વગેરે સંસ્થાન પણ જાણવા.

अनित्थंत्वपर्यन्तम् इति દીર્ઘાદિ પ્રકારથી જેનું 'આવું છે' એમ નિરૂપણ ન કરી શકાય તે अनित्थं. અર્થાત્ આ દીર્ઘ છે, આ હ્રસ્વ છે ઇત્યાદિ કોઇ પ્રકારથી જેનો નિર્દેશ ન કરી શકાય તે अनित्थं સંસ્થાન છે. અનિત્થંનો ભાવ તે અનિત્થંત્વમ્. અનિત્થંત્વ સુધી સંસ્થાન છે. દીર્ઘ-હ્રસ્વાદિ બુદ્ધિ ભેદથી જાણી શકાય છે, અર્થાત્ દીર્ઘની અપેક્ષાએ આ હ્રસ્વ છે અને

હ્રસ્વની અપેક્ષાએ આ દીર્ઘ છે એમ બુદ્ધિભેદથી=અપેક્ષાથી જાણી શકાય છે. આ અંગે પૂર્વે(=આપેક્ષિક સ્થૂલ-સૂક્ષ્મતાના પ્રસંગે) વિચાર્યું છે.

**भेद: पञ्चविध इत्यादि** દ્રવ્યના એકત્વ પરિણામનું અલગ થવું, અર્થાત્ એક વસ્તુના ભાગ પડવા તે ભેદ. ભેદના પાંચ પ્રકાર છે. ભાષ્યકાર પ્રકારોને કહે છે- "औत्कारिक:" इत्यादि ભેદના ઔત્કારિક, ચૌર્ણિક, ખંડ, પ્રતર અને અનુતટ એમ પાંચ પ્રકાર છે.

(૧) **ઔત્કારિક–** કોતરાતા કાષ્ઠ, પ્રસ્થક, ભેરી(આદિ)ની છાલ ઉતારવી વગેરેથી, અર્થાત્ કાષ્ઠાદિને કાપવા વગેરેથી થતો ભેદ.

(૨) **ચૌર્ણિક–** એક-એક અવયવને ચૂરી નાખવાથી થતો લોટ, અર્થાત્ ઘઉં વગેરેને પીષવાથી થતો લોટ. क्षिप्तपिष्टमुष्टिवत्=મુઠ્ઠીમાં ભરેલા લોટને ફેંકવાથી જેમ કણ કણ વિખરાઇ જાય તેવો જે ભેદ તે ચૌર્ણિક.

(૩) **ખંડ–** મૃત્પિંડ=માટીના ઢેફાને ફેંકવાથી જેમ કણ કણ વિખેરાઇ જાય તેવો ભેદ તે ખંડ. (એ જ પ્રમાણે કાચને ફેંકવાથી જેમ કણ કણ થઇ જાય તેવો ભેદ તે ખંડ.)

(૪) **પ્રતર–** અભ્રકપટલ (પડ) અને ભોજપત્રાદિમાં ઘણા પડોને છેદવાથી (છૂટા પાડવાથી) થતો ભેદ તે પ્રતર.

(૫) **અનુતટ–** વાંસ, શેરડી, લાકડી વગેરેની છાલને છોલવાથી થતો ભેદ તે અનુતટ.

इति શબ્દ આટલા જ ભેદો છે એમ ભેદોનું અવધારણ કરવા માટે છે.

"तमश्छाया" इत्यादि પુદ્ગલ પરિણામ રૂપ વિચાર શબ્દ વગેરેની સાથે સમાન હોવાથી तमश्छाया આદિનો એક જ સૂત્રમાં નિર્દેશ કર્યો છે. तमश्च વગેરે દ્વન્દ્વ સમાસ છે. અંધકાર વગેરે પુદ્ગલના પરિણામથી થનારા છે. અંધકાર પૌદ્ગલિક છે. કેમકે ભીંત વગેરેની જેમ દૃષ્ટિનો પ્રતિબંધ કરે છે. એ પ્રમાણે છાયા પણ પુદ્ગલમય છે. કારણ કે પાણીની જેમ ઠંડી છે. તાપ પણ પુદ્ગલસ્વરૂપ છે. કેમકે અગ્નિની જેમ બાળે છે. ઉદ્યોત પણ પુદ્ગલ સ્વરૂપ છે. કેમકે વર્ષાદાદિની જેમ આહ્લાદનું કારણ છે.

च શબ્દથી (પરસ્પર) અવિરોધી એવા વૃષ્ટિ અને દીપોદ્યોત વગેરે પુદ્ગલ પરિણામનું ગ્રહણ કરવું. (વૃષ્ટિ પૌદ્ગલિક છે), કારણ કે સ્પર્શનેન્દ્રિયથી તેના આલ્હાદિકનો અનુભવ કરાય છે. તેમજ દીપોદ્યોત પૌદ્ગલિક છે કારણ કે દીપકનો પ્રકાશ નજીકમાં હોય ત્યારે ઠંડીને દૂર કરતો હોવાથી આલ્હાદક છે અને સ્પર્શનેન્દ્રિયથી અનુભવ કરાય છે. ઈન્દ્રિય માત્રથી અનુભવ કરાય તે બધું પૌદ્ગલિક છે. આ પૌદ્ગલિક પરિણામો પરસ્પર અવિરોધી છે= એકબીજાને બાધક બનતા નથી.

બે સૂત્રોમાં કહેલા અર્થનો ઉપસંહાર કરતા ભાષ્યકાર કહે છે- सर्व एवैते इत्यादि સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ વગેરે પુદ્ગલોમાં જ હોય. કેમકે એ બધા પુદ્ગલના પરિણામ છે. આથી પરમાણુ વગેરે પુદ્ગલો સ્પર્શાદિવાળા છે. આનાથી ગુણ-ગુણીનો ભેદાભેદ સંબંધ કહ્યો, અર્થાત્ ગુણ-ગુણી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. આ પૂર્વે (અ.૫ સૂ.૪ ની ટીકામાં) વિચાર્યું છે.

'अत्राह' इत्यादि **પ્રશ્ન–** શબ્દાદિનું અને સ્પર્શાદિનું સૂત્ર જુદું કેમ કર્યું ? કારણ કે બંને સૂત્રો એક અર્થથી પ્રતિબદ્ધ છે, અર્થાત્ બંને સૂત્રોનો અર્થ એક છે.

**ઉત્તર–** બંને સૂત્રો એક અર્થથી પ્રતિબદ્ધ હોવા છતાં પૂર્વસૂત્રમાં કહેલા સ્પર્શાદિ (કેવળ=)એકલા પરમાણુઓમાં અને દ્વ્યણુકાદિ સ્કંધોમાં પરિણામથી જ હોય છે. કારણ કે પ્રયોગાદિથી તે પ્રમાણે જોવામાં આવે છે. [પ્રયોગથી=જીવના પ્રયત્નથી. આદિ શબ્દથી સ્વાભાવિક રીતે. અણુઓમાં અને સ્કંધોમાં સ્વાભાવિક રીતે જ સ્પર્શાદિ હોય છે પણ કેટલીક વસ્તુઓમાં જીવના પ્રયત્નથી સ્પર્શાદિ થાય છે.] બીજા સૂત્રમાં કહેલા શબ્દ વગેરે સ્કંધોમાં જ હોય છે. સ્કંધોમાં પણ દ્વ્યણુકાદિ સ્કંધોમાં નહિ પરંતુ અનેકાણુકાદિ સ્કંધોમાં હોય છે. વળી શબ્દાદિ સંઘાત અને ભેદોથી ઉત્પન્ન થતા હોવાથી અનેક નિમિત્તોવાળા છે. આથી અલગ બે સૂત્રો કર્યા છે. (૫-૨૪)

**भाष्यावतरणिका–**त एते पुद्गलाः समासतो द्विविधा भवन्ति। तद्यथा–

**ભાષ્યાવતરણિકાર્થ–** તે આ પુદ્ગલો સંક્ષેપથી બે પ્રકારે છે. તે આ પ્રમાણે–

**टीकावतरणिका–** 'त एत' इत्यादि पुद्गलाः प्रस्तुताः समासतः सामान्येन द्विधा भवन्ति, तद्यथा–

**ટીકાવતરણિકાર્થ–** त एत इत्यादि, પ્રસ્તુત પુદ્ગલો સંક્ષેપથી= સામાન્યથી બે પ્રકારે છે. તે આ પ્રમાણે–

**પુદ્ગલના મુખ્ય બે ભેદો–**

**अणवः स्कन्धाश्च ॥५-२५॥**

**સૂત્રાર્થ–** પુદ્ગલના પરમાણુ અને સ્કંધ એમ બે ભેદો છે. (૫-૨૫)

**भाष्यं–** उक्तं च–

"कारणमत्र तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।

एकरसगन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च" ॥ इति ॥

तत्राणवोऽबद्धाः, स्कन्धास्तु बद्धा एव ॥५-२५॥

**ભાષ્યાર્થ–** તે આ પુદ્ગલો સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે–

કહ્યું છે કે- પરમાણુપુદ્ગલ સ્કંધનું કારણ જ છે (કાર્ય રૂપ નથી), સ્કંધનો અંતિમ વિભાગ છે, સૂક્ષ્મ છે અને નિત્ય છે. એક રસ, એક ગંધ, એક વર્ણવાળો છે અને બે સ્પર્શવાળો છે. કાર્યથી જણાય છે. તેમાં અણુઓ કોઇની સાથે બંધાયેલા હોતા નથી. સ્કંધો તો બીજાઓની સાથે બંધાયેલા જ હોય છે. (૫-૨૫)

**टीका–** अण्यन्ते इत्यणवः पृथक्परिणामाः, स्कन्धाश्च तथाविधैक-परिणामभाजः, पूर्वाचार्योक्तमधिकृतवस्तुसंवाद्येवाणुकलक्षणमाह-उक्तं च पूर्वाचार्यैः, किमित्याह-'कारणमत्रे'त्यादि, करोतीति कारणं, अत्र पुद्गलाधिकारे, अन्त्यमिति अन्ते भवमन्त्यं, द्रव्यतोऽशक्यभेदस्य

परमाणुवस्तुत्वात्, सूक्ष्मः सर्वलघुरतीन्द्रियः नित्यश्च तद्भावाव्ययतया भवति परमाणुरेवम्भूत इति, स चैकरसस्तिक्तरसाद्यपेक्षया एकगन्धः सुरभिगन्धाद्यपेक्षया एकवर्णः कृष्णादिवर्णापेक्षया द्विस्पर्शः शीत-कठिनताद्यविरुद्धस्पर्शापेक्षया, कार्यलिङ्गश्चेति बादरघटादिकार्यदर्शना-न्यथाऽनुपपत्तिगम्य इति, अन्ये तु कारणमेवेति पठन्ति, तत्त्वसाम्प्रतिकमिति गुरवः, भेदस्य कार्यतयाऽपि तदन्त्यत्वावधारणानुपपत्तेः, पाठेऽपि कारणं अन्त्यमेवेति केचिद् व्याचक्षते, एतदपि यत्किञ्चिद्, भेदस्य कार्यस्यापि तदन्त्यत्वादिति, 'तत्रे'त्यादि, अणवः-परमाणवः अबद्धाः, परस्परेणासंयुक्ता इत्यर्थः, स्कन्धास्तु स्कन्धाः पुनः बद्धा एव बन्धपरिणाम एव स्कन्धत्वोपपत्तेरिति ॥५-२५॥

**ટીકાર્થ–** જે નાના થાય તે અણુઓ, અર્થાત્ અલગ પરિણામવાળા હોય=સમૂહમાં જોડાયા ન હોય તેવા છૂટા પરિણામવાળા હોય તે અણુઓ. તેવા પ્રકારના એક પરિણામવાળા હોય તે સ્કંધ.

પૂર્વાચાર્યોએ કહેલા પ્રસ્તુત પદાર્થના સંવાદી જ અણુના લક્ષણને કહે છે- પૂર્વાચાર્યોએ કહ્યું છે. શું કહ્યું છે ? એ પ્રશ્નના જવાબને કહે છે- 'कारणमत्र' इत्यादि, જે કરે તે કારણ. અહીં એટલે આ પુદ્‌ગલના અધિકારમાં. જે અંતે થાય તે અંત્ય. પરમાણુ અંત્ય છે. કારણ કે પરમાણુપદાર્થ દ્રવ્યને આશ્રયીને અશક્ય ભેદવાળો છે, અર્થાત્ પરમાણુ દ્રવ્યનો અંતિમ ભેદ છે તેથી તેનો ભેદ ન થઇ શકે માટે અંત્ય છે.

कारणम्=જે કરે તે કારણ.

अत्र=અહીં એટલે પુદ્‌ગલના અધિકારમાં.

अन्त्यम्=જે અંતે થાય તે અંત્ય. પરમાણુ અંત્ય છે. કારણ કે દ્રવ્યને આશ્રયીને પરમાણુપદાર્થ અશક્ય ભેદવાળો છે, અર્થાત્ પરમાણુપુદ્‌ગલ દ્રવ્યનો અંતિમ ભેદ હોવાથી તેનો ભેદ ન થઇ શકે માટે તે અંત્ય છે.

सूक्ष्म=સૂક્ષ્મ એટલે સૌથી નાનો. પરમાણુ સર્વ પદાર્થોથી નાનો છે અને અતીન્દ્રિય છે.

नित्यश्च=પરમાણુ પોતાના ભાવથી(=મૂળ સ્વરૂપથી) રહિત ન બનતો હોવાથી નિત્ય છે.

भवति=પરમાણુ આવા પ્રકારનો છે.

एकरसगन्धवर्णः=પરમાણુમાં કડવા વગેરે રસની અપેક્ષાએ કોઇ એક રસ, સુગંધાદિની અપેક્ષાએ કોઇ એક ગંધ, કૃષ્ણ વગેરે વર્ણની અપેક્ષાએ કોઇ એક વર્ણ હોય છે.

द्विस्पर्शः=પરમાણુમાં અવિરુદ્ધ એવા શીત અને કઠિન વગેરે બે સ્પર્શો હોય.

कार्यलिङ्गश्च=મોટા ઘટાદિ કાર્યો જે દેખાઇ રહ્યા છે તે પરમાણુ વિના ઘટી શકતા ન હોવાથી પરમાણુ જાણી શકાય છે. આથી પરમાણુ કાર્યલિંગ=કાર્યથી જાણી શકાય તેવો છે.

બીજાઓ कारणमत्र એ પાઠના સ્થાને कारणमेव એવો પાઠ કહે છે તે બરાબર નથી એમ ગુરુઓ કહે છે. કારણ કે પરમાણુ જેમ અંત્ય કારણ છે તેમ અંત્ય કાર્ય પણ છે. જ્યારે સ્કંધમાંથી ભેદરૂપ કાર્ય થાય ત્યારે અંત્યભેદરૂપ કાર્ય પરમાણુ છે. कारणमेव એવા પાઠથી પરમાણુ અંત્ય જ કાર્ય છે એમ પરમાણુના અંત્યત્વના અવધારણની ઉપપત્તિ ન થાય.

कारणमेव એવા પાઠમાં પણ કોઇક कारणमन्त्यमेव અંત્ય જ કારણ છે એવી વ્યાખ્યા કરે છે એ પણ બરોબર નથી, કારણ કે ભેદરૂપ કાર્યનો પણ પરમાણુ અંત્ય છે. (कारणमेव એમ કહેવામાં કાર્યરૂપ નથી એવો અર્થ થાય. कारणमन्त्यमेव એવો અર્થ કરવામાં અંત્ય કાર્યરૂપ નથી એવો અર્થ થાય. માટે एव કાર વિના कारणमत्र એવો પાઠ બરોબર છે એમ ટીકાકારનું કહેવું છે.)

तत्र इत्यादि, તેમાં(=પરમાણુ અને સ્કંધ એ બેમાં) પરમાણુઓ અબદ્ધ છે, અર્થાત્ પરસ્પર અસંયુક્ત(=જોડાયા વિનાના છૂટા) છે. પણ સ્કંધ તો બદ્ધ જ છે, કારણ કે બંધપરિણામમાં(=પરસ્પર જોડાયેલાઓમાં જ) સ્કંધપણું ઘટી શકે. (૫-૨૫)

**भाष्यावतरणिका–** अत्राह- कथं पुनरेतद्द्वैविध्यं भवतीति । अत्रोच्यते- स्कन्धास्तावत्–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** પુદ્ગલોના આવા બે પ્રકાર કેમ થાય છે ? તેમાં સ્કંધો કેવી રીતે થાય છે તે કહે છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि कथं पुनरेतद्द्वैविध्यमणुस्कन्ध-लक्षणं भवतीति प्रश्नः, अत्रोच्यते समाधिः, स्कन्धास्तावत्, किमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह इत्यादि, અણુ અને સ્કંધ એવા બે પ્રકાર કેવી રીતે થાય છે ? એવો પ્રશ્ન છે. અહીં સમાધાન કહેવામાં આવે છે. તેમાં સ્કંધો કેવી રીતે થાય છે તે કહે છે–

**સ્કંધની ઉત્પત્તિનાં કારણો–**

## सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ।।५-२६।।

**સૂત્રાર્થ–** સંઘાત, ભેદ અથવા સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈ પણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે. (૫-૨૬)

**भाष्यं–** सङ्घाताद्भेदात्सङ्घातभेदादिति । एभ्यस्त्रिभ्यः कारणेभ्यः स्कन्धा उत्पद्यन्ते द्विप्रदेशादयः । तद्यथा–द्वयोः परमाण्वोः सङ्घाताद्-द्विप्रदेशः । द्विप्रदेशस्याणोश्च सङ्घातात्त्रिप्रदेशः । एवं सङ्ख्येया-नामसङ्ख्येयानामनन्तानामनन्तानन्तानां च प्रदेशानां सङ्घातात्तावत्प्रदेशाः ।। एषामेव भेदात् द्विप्रदेशपर्यन्ताः ।। एत एव सङ्घातभेदाभ्यामेकसामयिकाभ्यां द्विप्रदेशादयः स्कन्धा उत्पद्यन्ते । अन्यस्य सङ्घातेनान्यतो भेदेनेति ।।५-२६।।

**ભાષ્યાર્થ– ઉત્તર–** સંઘાતથી, ભેદથી અને સંઘાત-ભેદથી એમ ત્રણ કારણોથી દ્વિપ્રદેશી વગેરે સ્કંધો ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે- બે પરમાણુઓના સંઘાતથી દ્વિપ્રદેશી સ્કંધ થાય છે. દ્વિપ્રદેશ સ્કંધ અને પરમાણુના સંઘાતથી ત્રિપ્રદેશી સ્કંધ થાય છે. એ પ્રમાણે સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા અને અનંતાનંત પ્રદેશોના સંઘાતથી તેટલા પ્રદેશવાળા સ્કંધો થાય છે. સ્કંધોના જ ભેદથી દ્વિપ્રદેશી સુધીના સ્કંધો

ઉત્પન્ન થાય છે. એક જ સમયમાં થયેલા સંઘાત અને ભેદથી દ્વિપ્રદેશી વગેરે સ્કંધો ઉત્પન્ન થાય છે. (એક તરફ) અન્યના=પરમાણુના સંઘાતથી અને બીજી તરફ પરમાણુના ભેદથી એમ એક જ સમયમાં સંઘાત-ભેદથી નવો સ્કંધ ઉત્પન્ન થાય છે. (૫-૨૬)

**टीका—** इत्थं भवतीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'सङ्घात'इत्यादिना सङ्घातात् केवलात्, एवं भेदात् केवलादेव, सङ्घातभेदाद्वा मिश्रादिति, एवं एभ्यः सङ्घातादिभ्यः कारणेभ्यः स्कन्धा उक्तलक्षणाः, किमित्याह-उत्पद्यन्ते, किम्भूता इत्याह-द्विप्रदेशादयः, 'तद्यथे'त्यादि प्रकटार्थमासूत्रपरिसमाप्तेः, नवरं अनन्तानामनन्तानन्तानां च प्रदेशानां परमाणूनां सङ्घातात्तु तथाविधैकपरिणामलक्षणात् तावत्प्रदेशा इति तावन्तः प्रदेशा येषु ते तावत्प्रदेशाः, यथाऽनन्तानन्तप्रदेशानां सङ्घातः तावदनन्तानन्तप्रदेश इति, तथा एषामेवानन्तरोदितस्कन्धानां अनन्तानन्तप्रदेशान्तानां भेदादेकपरमाण्वादिरूपात् द्विप्रदेशपर्यन्ताः भूयांस स्कन्धा भवन्ति, तथातथैकाण्वादिविगमे तत्तन्न्यूनाः, परापरस्कन्धभेदोत्पत्तेरिति, एत एव चेत्यादि, तृतीयादिविकल्पभावना त एव च स्कन्धाः सङ्घातभेदाभ्यां एकसामयिकाभ्यां, भिन्नकालाभ्यां न, किमित्याह-द्विप्रदेशादयः स्कन्धा उत्पद्यन्ते, यस्मिन्नेव समये द्व्यणुकस्कन्धादेकोऽणुर्भिद्यते तदैवापरः संहन्यते तेनेत्येकसामयिकत्वं, एतदेवाह-अन्यस्य परमाणोः सङ्घातेन अन्यतो भेदेन तत एव स्कन्धादिति, एवं त्र्यणुकादिष्वपि भावनीयं ॥५-२६॥

**ટીકાર્થ—** એ પ્રમાણે(=સંઘાત, ભેદ અથવા સંઘાત-ભેદથી સ્કંધની ઉત્પત્તિ) થાય છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'सङ्घात' ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- કેવળ સંઘાતથી, કેવળ ભેદથી અથવા સંઘાત-ભેદરૂપ મિશ્રથી એમ ત્રણ કારણોથી દ્વિપ્રદેશ વગેરે સ્કંધો ઉત્પન્ન થાય છે. સ્કંધનું લક્ષણ ૨૫મા સૂત્રમાં કહ્યું છે.

'तद्यथा' ઇત્યાદિથી પ્રારંભી સૂત્ર પૂર્ણ થાય ત્યાં સુધીનું ભાષ્ય સ્પષ્ટ અર્થવાળું છે.

ફક્ત 'अनन्तानाम्' ઇત્યાદિ ભાષ્યનો અર્થ આ પ્રમાણે છે- અનંત અને અનંતાનંત પરમાણુના તેવા પ્રકારના એક પરિણામરૂપ સંઘાતથી તેટલા પ્રદેશવાળા સ્કંધો થાય. જેમકે અનંતાનંત પ્રદેશોનો સંઘાત અનંતાનંત પ્રદેશસ્કંધ છે.

તથા અનંતરોક્ત અનંતાનંતપ્રદેશ સુધીના સ્કંધોના એક પરમાણુ વગેરેના ભેદથી દ્વિપ્રદેશ સુધીના ઘણાં સ્કંધો થાય છે. કેમકે તે તે રીતે એક પરમાણુ વગેરેનો વિગમ(=વિયોગ) થયે છતે સ્કંધો તે તે અણુથી ન્યૂન થાય છે. તેથી બીજા બીજા સ્કંધભેદોની ઉત્પત્તિ થાય છે.

'एत एव' ઇત્યાદિ ત્રીજા વિકલ્પની ભાવના છે. આ જ સ્કંધો એક જ સમયે થનારા સંઘાત-ભેદથી દ્વિપ્રદેશ વગેરે સ્કંધો રૂપે ઉત્પન્ન થાય છે. દ્વ્યણુક સ્કંધમાંથી જે સમયે એક અણુ છૂટો થાય છે તે જ સમયે બીજો અણુ દ્વ્યણુકમાં જોડાય છે તેથી એક જ સમયમાં સંઘાત-ભેદથી દ્વ્યણુક સ્કંધ થાય છે. આને જ ભાષ્યકાર કહે છે- અન્ય પરમાણુના જોડાવાથી અને બીજી તરફ તે જ સ્કંધમાંથી એક પરમાણુના ભેદથી=અલગ થવાથી એક જ સમયમાં સંઘાત-ભેદથી દ્વ્યણુક સ્કંધ થાય છે. આ પ્રમાણે ત્ર્યણુકઆદિમાં પણ વિચારવું. (૫-૨૬)

**भाष्यावतरणिका—**अत्राह- अथ परमाणुः कथमुत्पद्यत इति अत्रोच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** પરમાણુ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? અહીં ઉત્તર કહેવાય છે—

**टीकावतरणिका—** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अथ परमाणुरुक्तलक्षणः कथमुत्पद्यत इति, अत्रोच्यते—

**ટીકાવતરણિકાર્થ—** अत्राह ઇત્યાદિ ગ્રંથ બીજા સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે.

હવે જેનું લક્ષણ પૂર્વે (૨૫મા સૂત્રમાં) કહ્યું છે તે પરમાણુ કેવી રીતે ઉત્પન્ન થાય છે એવો પ્રશ્ન છે. અહીં પ્રત્યુત્તર કહેવામાં આવે છે—

**અણુની ઉત્પત્તિનું કારણ–**

**भेदादणुः ॥५-२७॥**

**સૂત્રાર્થ–** પરમાણુ સ્કંધના ભેદથી જ ઉત્પન્ન થાય છે. (૫-૨૭)

**भाष्यं–** भेदादेव परमाणुरुत्पद्यते, न सङ्घातादिति ॥५-२७॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** પરમાણુ ભેદથી જ ઉત્પન્ન થાય છે, સંઘાતથી નહિ. (૫-૨૭)

**टीका–** प्रकारद्वयप्रतिषेधोऽस्य समुदायार्थः । अवयवार्थं त्वाह- 'भेदे'त्यादि भेदादेव स्कन्धविचटनरूपात् परमाणुरुत्पद्यते, तथा तद्भावापत्त्या, न सङ्घातात् नापि सङ्घातभेदात्, परमाणुत्वायोगादिति । आह- नित्योऽयमुक्तमि(इ)ति, तथा तत् कथं उत्पद्यते ?, तद्भावाव्ययतया, द्रव्यार्थादेशतस्तु तथैव तत् । उत्पद्यते तथास्कन्धरूपं परित्यजतः एकरूपतापत्त्या, अन्यथाऽभूतेरिति । यद्येवं न भेदादेवास्य जन्म, पूर्वाशादित्यागतोऽप्यन्यथाभूतेः साधुत्वेनैव, तथा भवनात्, व्यवहारत इयमुत्पादादिचिन्ता, निश्चयतस्तु सर्वमेव नित्यमिति, यथोक्तं- "सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः । सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानाद्" ॥१॥ इति ॥५-२७॥

**ટીકાર્થ–** સંઘાત અને સંઘાત-ભેદ એ બે પ્રકારથી અણુ ઉત્પન્ન ન થાય એમ બે પ્રકારનો પ્રતિષેધ એ આ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- 'भेदात्' इत्यादि, સ્કંધના છૂટા પડવા રૂપ ભેદથી જ પરમાણુ ઉત્પન્ન થાય છે. કેમ કે તે રીતે(=ભેદથી જ) પરમાણુભાવની પ્રાપ્તિ થાય છે. સંઘાતથી કે સંઘાત-ભેદથી પરમાણુભાવનો યોગ થતો નથી.

**પૂર્વપક્ષ–** પરમાણુને નિત્ય કહ્યો છે તેથી તે કેવી રીતે ઉત્પન્ન થાય ?

**ઉત્તરપક્ષ–** (પરમાણુ ઉત્પન્ન થવા છતાં) પોતાના ભાવથી(=મૂળ સ્વરૂપથી) રહિત ન બનવાથી અને દ્રવ્યાસ્તિકનયથી તો (तथैव=) તે જ પ્રમાણે=નિત્ય જ છે. उत्पद्यते=પર્યાયથી ઉત્પન્ન થાય છે. તથાસ્કંધના

સ્વરૂપનો(=તેવા પ્રકારના ત્ર્યણુકાદિ સ્કંધપરિણામનો) પરિત્યાગ કરતા પરમાણુને એકરૂપતાની(=સ્વતંત્રરૂપતાની) પ્રાપ્તિ થવા છતાં પરમાણુનું (પરમાણુત્વ)સ્વરૂપ બદલાતું નથી. આથી તે નિત્ય છે.

જો પરમાણુની બીજી રીતે પણ ઉત્પત્તિ થતી હોય તો ભેદથી જ પરમાણુ ઉત્પન્ન થાય છે એવું ન કહી શકાય. હા ! પરમાણુ પૂર્વદિશાસ્થિતત્વરૂપે નાશ પામી ઉત્તરદિશાસ્થિતત્વરૂપે ઉત્પન્ન થાય છે, તો પણ अन्यथाभूतेः= પરમાણુત્વ સિવાયના ઉત્તરદિશાસ્થિતત્વ આદિ રૂપે પરમાણુની ઉત્પત્તિ થવી વ્યાજબી છે. કેમકે પરમાણુ તે રૂપે પરિણમે છે. આમ છતાં તે વખતે પરમાણુત્વરૂપે તેની ઉત્પત્તિ નથી થતી માટે સૂત્ર સંગત છે, અર્થાત્ સૂત્ર મુજબ પરમાણુની (પરમાણુત્વરૂપે) ઉત્પત્તિ ભેદથી જ થાય છે.

ઉત્પત્તિ આદિની આ વિચારણા વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી તો બધી જ વસ્તુઓ નિત્ય છે. કહ્યું છે કે- "સર્વ પદાર્થોમાં (नियतम्=)નિરંતર ક્ષણે ક્ષણે (अन्यत्वम्) પરિવર્તન થવા છતાં (न विशेषः) વસ્તુમાં વિશેષતા થતી નથી= સર્વથા ભેદ યા નાશ થતો નથી. ઉપચય અને અપચય થવા છતાં આકૃતિ, જાતિ કે દ્રવ્યની સત્તા રહે છે." (ષડ્દર્શન સમુચ્ચય કારિકા ૫૭ની ટીકા, અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા શ્લોક-૨૧, સ્યાદ્વાદ મંજરી ટીકા) (૫-૨૭)

**ત્રણ કારણોમાંથી કયા કારણથી ઉત્પન્ન થયેલા સ્કંધો જોઈ શકાય છે તેનું નિરૂપણ–**

**भेदसङ्घाताभ्यां चाक्षुषाः ॥५-२८॥**

**સૂત્રાર્થ–** ભેદ અને સંઘાત એમ ઉભયથી ઉત્પન્ન થયેલા સ્કંધો જ ચાક્ષુષ(=ચક્ષુથી જોઈ શકાય તેવા) બને છે. (૫-૨૮)

**भाष्यं–** भेदसङ्घाताभ्यां चाक्षुषाः स्कन्धा उत्पद्यन्ते । अचाक्षुषास्तु यथोक्तात्सङ्घाताद्भेदात्सङ्घातभेदाच्चेति ॥५-२८॥

**ભાષ્યાર્થ–** આંખોથી જોઈ શકાય તેવા સ્કંધો ભેદથી અને સંઘાતથી ઉત્પન્ન થાય છે. આંખોથી જોઈ ન શકાય તેવા સ્કંધો તો યથોક્ત સંઘાતથી, ભેદથી અને સંઘાત-ભેદથી ઉત્પન્ન થાય છે. (૫-૨૮)

**टीका–** अधिकारात् सम्बन्धमेव, अचाक्षुषस्कन्धविषय एव सङ्घातादिभिरुत्पत्तिक्रम इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'भेदसङ्घाताभ्या'मित्यादिना, पश्यतीति चक्षुः चक्षुष इमे गोचरीभूता इति, तस्येदमित्यण् चक्षुर्ग्राह्याः चाक्षुषाः-बादरपरिणामवन्तः प्रयोगविस्रसाजनितात् साङ्गत्यादपि स्कन्धनात् स्कन्धाः, एते सङ्घातभेदाभ्यामेवोत्पद्यन्त इति नियमः, न त्वयं नियमो भेदसङ्घाताभ्यामुत्पन्नाः सर्वे चाक्षुषा इति, चक्षुर्ग्रहणाच्च समस्तेन्द्रियपरिग्रहः, पश्यति-उपलभत इति चक्षुः, एवं स्पर्शरसगन्धशब्दा अपि एवंविधपरिणामभाज एव निजोपलम्भनैरुपलभ्यन्त इति, 'अचाक्षुषास्त्वि'त्यादि ये पुनरचाक्षुषा द्व्यणुकादयोऽनन्ताणुकपर्यवसानाः सूक्ष्मास्ते 'यथोक्ता'दिति यथाऽभिहितात् सङ्घाताद् भेदात् सङ्घातभेदाच्च त्रिविधात् कारणादुत्पद्यन्त इति, सूक्ष्मबादरत्वं च परिणामभेद एवेति ॥५-२८॥

**ટીકાર્થ–** અધિકારથી સંબંધ કરાયો જ છે, અર્થાત્ ભેદ અને સંઘાતથી ઉત્પત્તિનો અધિકાર ચાલતો હોવાથી અને આ સૂત્રમાં પણ ભેદ અને સંઘાતથી ઉત્પત્તિનું વર્ણન ચાલતું હોવાથી પૂર્વસૂત્રની સાથે આ સૂત્રનો સંબંધ કરાયો જ છે. પૂર્વસૂત્રોમાં જણાવેલો સંઘાતાદિથી ઉત્પત્તિક્રમ અચાક્ષુષ(=ચક્ષુથી ન જોઇ શકાય તેવા) સ્કંધો સંબંધી જ છે. આ સૂત્રમાં જણાવેલ સંઘાતાદિથી ઉત્પત્તિ ચાક્ષુષ સંબંધી છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "भेदसङ्घाताभ्याम्" ઇત્યાદિથી કહે છે- જે જુએ તે ચક્ષુ. ચક્ષુના વિષય થયેલા આ ચાક્ષુષ છે. અહીં "तस्येदम्" અર્થમાં (સિ.હે.શબ્દા. ૬-૩-૧૬૦) સૂત્રથી अण् પ્રત્યય થયો છે. જે ચક્ષુથી ગ્રાહ્ય હોય (જોઇ શકાય) તે ચાક્ષુષ. આ સ્કંધો બાદર પરિણામવાળા હોય છે. (ભેદ-સંઘાતથી ઉત્પન્ન થવા છતાં જો બાદર પરિણામવાળા ન હોય તો ચક્ષુથી ગ્રાહ્ય ન બને.)

પ્રયોગથી કે વિસ્રસાથી ઉત્પન્ન કરાયેલ સંબંધથી(=સંયોગથી) એકત્રિત થવાના કારણે સ્કંધો કહેવાય છે. ચક્ષુગ્રાહ્ય સ્કંધો સંઘાત-ભેદથી

જ ઉત્પન્ન થાય છે એવો નિયમ છે પણ આ નિયમ નથી કે ભેદ-સંઘાતથી ઉત્પન્ન થયેલ બધા સ્કંધો ચક્ષુગ્રાહ્ય હોય.

અહીં ચક્ષુના ગ્રહણથી સર્વ ઇન્દ્રિયોનું ગ્રહણ કરવામાં આવે છે. (એથી ચક્ષુ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- જે જુએ છે=જાણે છે તે ચક્ષુ. આ પ્રમાણે સ્પર્શ, રસ, ગંધ, શબ્દો પણ આવા પ્રકારના(=બાદર) પરિણામવાળા જ સ્કંધોને પોતાના જ્ઞાનથી જાણે છે.

"अचाक्षुषास्तु" इत्यादि, જે સ્કંધો ચક્ષુગ્રાહ્ય નથી તે દ્વ્યણુકથી પ્રારંભી અનંતાણુક સુધીના સ્કંધો યથોક્ત સંઘાતથી, ભેદથી કે સંઘાત-ભેદથી એમ ત્રણ પ્રકારના કારણથી ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મપણું અને બાદરપણું એ પરિણામના જ ભેદ છે.

**તાત્પર્યાર્થ–** અત્યંત સ્થૂલ પરિણામવાળા જ સ્કંધો આંખોથી જોઇ શકાય છે. એ સ્કંધો કેવળ ભેદથી કે કેવળ સંઘાતથી ઉત્પન્ન થતા નથી, કિંતુ ભેદ-સંઘાતથી જ ઉત્પન્ન થાય છે. ભેદ-સંઘાતથી ઉત્પન્ન થયેલા બધા સ્કંધો જોઇ શકાય છે એવો નિયમ નથી, કિંતુ જે સ્કંધો જોઇ શકાય છે તે સ્કંધો ભેદ-સંઘાતથી જ ઉત્પન્ન થયેલા હોય છે એવો નિયમ છે.

અહીં ચક્ષુથી ગ્રાહ્ય બને છે એનો અર્થ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય બને છે એવો છે. એથી ભેદ-સંઘાતથી ઉત્પન્ન થયેલા સ્કંધો ઇન્દ્રિયગ્રાહ્ય બને છે એવો સૂત્રનો ભાવાર્થ છે. (૫-૨૮)

**भाष्यावतरणिका–** अत्राह- धर्मादीनि सन्तीति कथं गृह्यत इति । अत्रोच्यते- लक्षणतः । किञ्च सतो लक्षणमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** ધર્માસ્તિકાય વગેરે છે એ કેવી રીતે સ્વીકારી શકાય ? **ઉત્તર–** લક્ષણથી સ્વીકારી શકાય છે.

વળી બીજું–

પ્રશ્ન– સત્‌નું લક્ષણ શું છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, धर्मादीनि द्रव्याणि सन्तीत्येवं कथं गृह्यत इति ?, नन्वेषां गत्याद्युपकारेणानुमानमस्तित्वे तत्

कुतः सन्देह इति ?, उच्यते, तत्तथाऽनुमिताः, अनुमानेनानुमितमेव कथं गृह्यत इति तु कथं निश्चीयत इति विशेषार्थः प्रश्नः, अत्रोच्यत इति समाधिः, तदाह-लक्षणत इति, इहापि सामान्याभिधानात् सन्देहान आह-किञ्च सतो लक्षणमिति किं पुनः सतो लक्षणं ?, लक्ष्यते येन सदिति, अत्रोच्यते-

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધને જોડવા માટે છે. અહીં શિષ્ય કહે છે=પૂછે છે કે–

**પ્રશ્ન–** ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો છે તે કેવી રીતે જાણી શકાય ?

**ઉત્તર–** ગતિ આદિ ઉપકારદ્વારા ધર્માસ્તિકાયાદિના અસ્તિત્વમાં અનુમાન છે જ. તેથી ધર્માસ્તિકાયના અસ્તિત્વમાં સંદેહ ક્યાંથી રહે ? (એથી આ પૂછવાની જરૂર નથી.)

**પ્રશ્ન–** ધર્માસ્તિકાય વગેરે તે રીતે અનુમાનથી જણાયેલા છે. (तत्=) તેથી તેમનું અસ્તિત્વ અનુમાનથી જણાયેલું જ છે. તેમનું અસ્તિત્વ અનુમાનથી જણાયેલું છે તે કેવી રીતે જાણી શકાય ? અર્થાત્ કેવી રીતે નિશ્ચિત કરી શકાય ? એવા વિશેષ અર્થવાળો પ્રશ્ન છે.

**ઉત્તર–** અહીં સમાધાન કહેવામાં આવે છે- 'लक्षणतः' इति ધર્માસ્તિકાયાદિના લક્ષણથી નિશ્ચિત કરી શકાય છે.

અહીં પણ=આ સમાધાનમાં પણ સામાન્યથી કહ્યું હોવાથી સંદેહ કરતો શિષ્ય કહે છે=પૂછે છે- વળી સત્ નું(=વિદ્યમાન વસ્તુનું) લક્ષણ શું છે ? જેનાથી સત્ જણાય તે લક્ષણ. અહીં જવાબ આપવામાં આવે છે–

**સત્નું લક્ષણ–**

## उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ॥५-२९॥

**સૂત્રાર્થ–** જે વસ્તુ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી યુક્ત હોય તે વસ્તુ સત્ (=વિદ્યમાન) છે. (૫-૨૯)

**भाष्यं–** उत्पादव्ययाभ्यां ध्रौव्येण च युक्तं सतो लक्षणम् । यदुत्पद्यते, यद्व्येति, यच्च ध्रुवं तत्सत् । अतोऽन्यदसदिति ।

उत्पादव्ययौ ध्रौव्यं च सतो लक्षणम् । यदिह मनुष्यत्वादिना पर्यायेण व्ययत, आत्मनो देवत्वादिना पर्यायेणोत्पादः, एकान्तध्रौव्ये आत्मनि तत्तथैकस्वभावतयावस्थाभेदानुपपत्तेः । एवं च संसारापवर्गभेदाभावः । कल्पितत्वेऽस्य निःस्वभावतयानुपलब्धिप्रसङ्गात् । सस्वभावत्वे त्वेकान्तध्रौव्याभावस्तस्यैव तथाभवनादिति तत्तत्स्वभावतया विरोधाभावात्तथोपलब्धिसिद्धेः । तद्भ्रान्तत्वे प्रमाणाभावः । योगिज्ञानप्रमाणाभ्युपगमे त्वभ्रान्तस्तदवस्थाभेदः । इत्थं चैतत्, अन्यथा न मनुष्यादेर्देवत्वादीति । एवं यमादिपालनानर्थक्यम् । एवं च सति "अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः" "शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः" इति आगमवचनं वचनमात्रम् । एवमेकान्ताध्रौव्येऽपि सर्वथा तदभावापत्तेः तत्त्वतोऽहेतुकत्वमेवावस्थान्तरमिति सर्वदा तद्भावाभावप्रसङ्गः अहेतुकत्वाविशेषात् । न हेतुस्वभावतयोर्ध्वं तद्भावः, तत्स्वभावतयैकान्तेन ध्रौव्यसिद्धेः । यदा हि हेतोरेवासौ स्वभावो यत्तदनन्तरं तद्भावस्तदा ध्रुवोऽन्वयस्तस्यैव तथाभवनात् । एवं च तुलोन्नामावनामवद्धेतुफलयोर्युगपद्व्ययोत्पादसिद्धिरन्यथा तत्तद्व्यतिरिक्तेतरविकल्पाभ्यामयोगात् । तत्र मनुष्यादेर्देवत्वमित्यायातं मार्गवैफल्यमागमस्येति । एवं सम्यग्दृष्टिः सम्यक्संकल्पः सम्यग्वाग् सम्यग्मार्गः सम्यगार्जवः सम्यग्व्यायामः सम्यक्स्मृतिः सम्यक्समाधिरिति वाग्वैयर्थ्यम् । एवं घटव्ययवत्या मृदः कपालोत्पादभावात् उत्पादव्ययध्रौव्ययुक्तं सदिति । एकान्तध्रौव्ये तत्तथैकस्वभावतयावस्थाभेदानुपपत्तेः, समानं पूर्वेण । एवमेतद्व्यवहारतः तथा मनुष्यादिस्थितिद्रव्यमधिकृत्य दर्शितम् । निश्चयतस्तु प्रतिसमयमुत्पादादिमत्तथाभेदसिद्धेः । अन्यथा तदयोगात् । यदाह—

"सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः ।
सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानात् ॥१॥

नरकादिगतिविभेदो भेदः संसारमोक्षयोश्चैव ।
हिंसादिस्तद्धेतुः सम्यक्त्वादिश्च मुख्य इति ॥२॥

उत्पादादियुते खलु वस्तुन्येतदुपपद्यते सर्वम् ।
तद्रहिते तदभावात् सर्वमपि न युज्यते नीत्या ॥३॥

निरुपादानो न भवत्युत्पादो नापि तादवस्थ्येऽस्य ।
तद्विक्रियया तु तथा त्रितययुतेऽस्मिन् भवत्येषः ॥४॥

सिद्धत्वेनोत्पादो व्ययोऽस्य संसारभावतो ज्ञेयः ।
जीवत्वेन ध्रौव्यं त्रितययुतं सर्वमेवं तु ॥५॥"

तदित्थं उत्पादव्ययौ ध्रौव्यं चैतत्त्रितययुक्तं सतो लक्षणम् । अथवा युक्तं समाहितं त्रिस्वभावं सत् । यदुत्पद्यते यद्व्येति यच्च ध्रुवं तत्सत् अतोऽन्यदसदिति ॥५-२९॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** ઉત્પત્તિ, નાશ અને સ્થિરતાથી જે યુક્ત હોય તે સત્ છે એમ સત્નું લક્ષણ છે. જે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને સ્થિર રહે છે. આનાથી બીજું દ્રવ્ય અસત્ છે.

ટીકામાં કરેલા સ્પષ્ટીકરણને સમજ્યા વિના ભાષ્યાર્થ બરોબર સમજાય તેમ નથી તેથી અહીં ભાષ્યાર્થ લખ્યો નથી. આથી જિજ્ઞાસુએ ટીકાના અનુવાદના આધારે જ ભાષ્યનો ભાવાર્થ સમજી લેવો. (૫-૨૯)

**टीका–** उत्पादादिमदेव सदिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह– 'यदिहे'त्यादिना प्रवचनगर्भसूत्रमेतदित्यैहिकामुष्मिकव्यवस्थानिबन्धनतया व्याचष्टे–यस्मादिह लोके मनुष्यत्वादिना पर्यायेण, आदिशब्दात्तिर्यगादि-परिग्रहः, अव्ययतः अविनाभावतः, मनुष्यत्वादिरूपस्यैवेत्यर्थः, कस्ये-त्याह–आत्मनो जीवस्य देवत्वादिना पर्यायेण आदिशब्दान्नारकादिपरिग्रहः, उत्पादः प्रादुर्भाव इति, अत उत्पादव्ययध्रौव्ययुक्तं सदिति । इहैव विपक्षे बाधामाह–'एकान्तध्रुवे' इत्यादिना, एकान्तध्रुवे सर्वथाऽप्रच्युतानुत्पन्न–

स्थिरैकस्वभावे आत्मनि तत्तथैकस्वभावतया तस्य आत्मनस्तथा-मनुष्यत्वादिना प्रकारेण एकस्वभावतया कारणेन अवस्थाभेदानुपपत्तेः देवादिभेदानुपपत्तेरित्यर्थः, 'एवं चे'त्यादि, एवं चावस्थाभेदाभावे सति किमित्याह-संसारापवर्गभेदाभावः अवस्थाभेदानान्तरीयकत्वादनयोः, तथाहि-संसरणं संसारः, अपवर्जनमपवर्ग इति, अवस्थाभेदगर्भाविमौ, कल्पितत्वेऽस्येत्यादि कल्पितत्वेऽस्य संसारापवर्गभेदस्याभ्युपगते, किमित्याह-निःस्वभावतया कारणेन तथा संसारादिरूपतयाऽनुपलब्धिप्रसङ्गात्, कल्पितं अपारमार्थिको, न किञ्चित्, न भाव इतिकृत्वा, अथ मा भूदेष दोष इति सस्वभाव एव कल्पितोऽभिधीयत इत्याह-सस्वभावत्वे तु पुनरस्य अधिकृतभेदस्येति वर्त्तते, किमित्याह-एकान्तध्रौव्याभावः, कुत इत्याह-तस्यैव तथाभवनादिति आत्मन एव संसारापवर्गावस्थाभेदभावेन वृत्तेः, संसारिस्वभावस्यापवर्गस्वभावत्वाद्विरोध इत्याशङ्कापोहायाह-तत्तत्स्वभावतयेत्यादि, तस्य-आत्मनस्तत्स्वभावतया, किमित्याह-विरोधाभावात्, न हि स्वभावः पर्यनुयोज्यः, इतश्चैतदेवं इत्याह-तथोपलब्धिसिद्धेः तथा संसार्यादिभेदेन उपलब्धिसिद्धेः, तिर्यगादिभेदेनेत्यभिप्रायः, भ्रान्तोऽयमिति विभ्रमनिरासायाह-'तद्भ्रान्तत्व' इत्यादि तस्या उपलब्धेर्भ्रान्तत्वे, किमित्याह-प्रमाणाभावः, वाङ्मात्रेणाभिधानात्, 'योगिज्ञाने'त्यादि, योगिज्ञानप्रमाणाभ्युपगमे तु तद्भ्रान्तत्वविषये, किमित्याह-अभ्रान्तस्तदवस्थाभेदः, योग्ययोगिनोरवस्थाभेदसिद्धेः, प्रस्तुतवस्तुनो दाढ्‌र्यायैवाह-'इत्थं चैतदि'त्यादि, इत्थं चैतदभ्युपगन्तव्यं, अन्यथैवमनभ्युपगम्यमाने, किमित्याह-न मनुष्यादेर्देवत्वादि, इत्येवं यमादिपालनानर्थक्यं आदिशब्दान्नियमपरिग्रहः, आगमासारतामाह-'एवं चे'त्यादिना, एवं सति 'अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः' 'शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमा' इत्यागमवचनं वचनमात्रमर्थशून्यमित्यर्थः, 'एव'मित्यादि, एवमेकान्ताध्रौव्येऽपि, प्रकृत्यैकक्षणस्थितिधर्मणीत्यर्थः, न मनुष्यत्वादिनाऽव्ययवतः आत्मनो देवत्वादिनोत्पाद इति वर्त्तते, कुत इत्याह-सर्वथा तदभावापत्तेः 'न तत्र किञ्चिद् भवति, न भवत्येव केवल'मिति वचनात्, एवं 'तत्त्वत' इत्यादि, तत्त्वतः परमार्थेना-

हेतुकमवस्थान्तरं देवत्वादि त्वन्नीत्या, मनुष्यत्वाद्यभावापत्तेः, इति एवं सर्वदा सर्वकालं तद्भावाभावप्रसङ्गः देवत्वाद्यवस्थान्तरभावाभावप्रसङ्गः, कुत इत्याह-अहेतुकत्वादविशेषात् पूर्वहेतुनिरन्वयाभावेन, पराभिप्रायमाशङ्क्य परिहरन्नाह-'न हेत्वि'त्यादि, यस्माद् यदा हेतोरेवासौ स्वभाव इति, किमुक्तं भवति ?-स्वो भाव इति, आत्मीया सत्ता हेतोरेवेयं यत्तदनन्तरं तद्भावः-कार्यभावो यदा तदा ध्रुवोऽन्वयः, कुत इत्याह-तस्यैव हेतोः तथाभवनात् कार्यत्वेन भवनात्, त्वदभ्युपगमेनैवाभ्युदयमाह-'एवमेव चे'त्यादिना, एवमेव च तत्तथा भवनेन तुलोन्नामावनामवदित्यमुना दृष्टान्तेन हेतुफलयोः कारणकार्ययोः युगपदेककालं व्ययोत्पादसिद्धिः, अन्यथा तत्तद्व्यतिरिक्तेतर-विकल्पाभ्यामयोगात्, तथाहि-तौ यदि व्ययोत्पादौ कारणकार्ययोर्व्यतिरिक्तौ न कारणस्य व्ययो नापि कार्यस्योत्पादः, अथाव्यतिरिक्तौ कारणकार्ये एव तौ तत्कथमनयोर्यौगपद्यं ?, योगपद्ये वा हेतुफलभाव इति, न सव्येतरयो-र्विषाणयोरयमिति भावनीयं, तदेवमेव च तत्तथाभवनेन हेतुफलयोर्युगपद् व्ययोत्पादसिद्धिरन्यथाऽयोगादिति स्थितं, तद् इत्थं न मनुष्यत्वादेः प्राणिनो देवत्वं, तन्निरन्वयाभावेनेति आयातं मार्गवैफल्यमागमस्येति, 'एवं चे'त्यादिना, एवं सम्यग्दृष्टिः सम्यक्संकल्पः सम्यग्वाक् सम्यग्मार्गः सम्यगार्जवः सम्यग्व्यायामः सम्यक्स्मृतिः सम्यग्समाधिरिति वाग्वैयर्थ्यमर्थशून्यतया, एवं सकलपुरुषार्थाधारभूते आत्मन्युत्पादादिमत्वमभिधायाचेतने घटादावभि-धातुमाह-'एव'मित्यादि एवं घटव्ययवत्या इति, घटस्य व्ययो घटव्ययः सोऽस्या अस्तीति घटव्ययवती तस्याः मृदः, किमित्याह-कपालोत्पादभावाद्, अन्यस्यास्त्वभावात्, उत्पादव्ययध्रौव्ययुक्तं सदिति, विपक्षे बाधामाह-एकान्तध्रौव्ये मृदः तत्तथैकस्वभावतया तस्या मृदस्तथाघटरूपभवनैक-स्वभावतया अवस्थाभेदानुपपत्तेः कपालोत्पादाभाव इति प्रायः समानं पूर्वेण आत्मसम्बन्धिनाऽभिहितेन, 'एव'मित्यादि, एवमुक्तप्रकारेण परिस्थूर-नीत्यैतदुत्पादादिमत्त्वं व्यवहारनयतः तथाऽनेकप्रकारेण मनुष्यादिष्विति-मनुष्याद्यवधिद्रव्यमधिकृत्य दर्शितमुत्पादादिमत्त्वं, निश्चयतस्तु प्रतिसमय-मुत्पादादिमत् मनुष्याद्यपि, कुत इत्याह-'तथे'त्यादि, तथा तेन प्रकारेण

बालादिनवादिमनुष्याद्यधिकृत्यभेदसिद्धेः, अन्यथा तदयोगात्, 'यदाह-सर्वे'त्यादि, सर्वव्यक्तिषु मनुष्यादिलक्षणासु नियतं स्थितमेतत् क्षणे क्षणेऽन्यत्वं कालभेदात्, अथ च न विशेषो नैकान्तभेदः, सत्योः विद्यमानयोश्चित्यपचित्योः अवस्थाभेदरूपयोः, किमित्याह-आकृतिजातिव्यवस्थानात् एतच्चानुभवसिद्धमेव, नान्यथा सदृशापरापरोत्पत्तिज्ञानोपाय इति भावनीयं ॥१॥ 'नरके'त्यादि, नरकादिगतिविभेदश्चतुर्गतिलक्षणः पर्याप्तेतरादिभेदभिन्नः भेदः संसारमोक्षयोश्चैव अन्यः संसारोऽन्यश्च मोक्षः, अन्यथा तत्साध्यत्वासिद्धेः, हिंसादिस्तद्धेतुः आदिशब्दादनृतादिग्रहः संसारहेतुः सम्यक्त्वादिश्च उक्तलक्षणो मोक्षहेतुर्मुख्य इति निरुपचरित इत्यर्थः ॥२॥ एतत् सर्वं किमित्याह-'उत्पादादी'त्यादि, उत्पादादियुते खल्विति उत्पादव्ययध्रौव्ययुक्त एव वस्तुनि सति एतद् अनन्तरोदितं उपपद्यते सर्वं, न्याय्यत्वात्, तद्रहिते उत्पादादिशून्ये तदभावात् वस्त्वभावकारणात् सर्वमपि न युज्यते नीत्या, अनन्तरोदितमिति ॥३॥ एतद्भावनायैवाह-'निरुपादान'इत्यादि, निरुपादानः कारणशून्यः न भवत्युत्पादः, अहेतुकत्वप्रसङ्गात्, नापि तादवस्थ्योऽस्य हेतोरुत्पाद इति, सदा तत्प्रसङ्गात्, तद्विक्रियया तु हेतुविक्रियया पुनः तथा तेन प्रकारेण तदन्यथाभवनलक्षणेन भवत्युत्पाद इति त्रितययुते उत्पादादियुते वस्तुन्येष उत्पाद इति ॥४॥ 'सिद्धत्वेने'त्यादि, सिद्धत्वेनोत्पादस्तथाऽभूतप्रादुर्भावात् व्ययोऽस्य सिद्धस्य संसारभावतः संसारभावेन ज्ञेयः, तस्यातीतसंसारभावत्वात्, जीवत्वेन ध्रौव्यं उभयत्र तद्भावात्, त्रितययुतं उत्पादादियुतं सर्वमेव एवं खल्विति ॥५॥ 'तदित्थ'मित्यादि, उत्पादश्च व्ययश्चोत्पादव्ययौ, समस्यैकत्वेन निर्दिष्टौ पर्यायत्वात्, ध्रुवतीति ध्रुवं-शाश्वतं तद्भावो ध्रौव्यं, चः समुच्चये, एतत्त्रितययुक्तं तत एतद्योगः, एतत्समुदितमेव किमित्याह-सतो लक्षणं सल्लक्ष्यतेऽनेन, तेन वियुक्तस्य सत्ताऽयोगात्, न वन्ध्यासुते उत्पादव्ययौ, न च तद्रहितं तत्र ध्रौव्यमपीति तदसत्त्वं, अथवा समाध्यर्थयुजेर्युक्तं-समाहितं त्रिस्वभावं सत्, एते च त्रयः स्वभावाः, न त्वेभिर्युक्तिमन्यत्, एतदाह-'यदुत्पद्यत' इत्यादि, यद्धर्मादि उत्पद्यते प्रयोगविस्रसाभ्यां तथा

तथाऽभूतप्रादुर्भावतस्तद्गत्यादिनिबन्धनावध्यभावेन, एवं यद्व्येति विनिवर्त्तते अधिकृतोत्पादपूर्वरूपेण, अन्यथा तद्गत्याद्ययोगात्, एवं यच्च ध्रुवं-शाश्वतं तदुभयाधारभावेन, निराधारयोस्तयोरसम्भवात्, नामृदाधाराः कपालादयो घटविनाशो वा, तथा तद्बुद्धिसिद्ध्योरित्यत आह-तत् सदिति, किमुक्तं भवति ?-तत् सदित्यस्य ध्वनेर्विषयः, सद्विद्यमानमित्यर्थः, व्यतिरेकमाह-अतोऽन्यदसदिति अत उत्पादादिमतोऽन्यदुत्पादादिरहितं किमित्याह-असदिति, असदित्यस्य ध्वनेर्विषयः असदविद्यमानमित्यर्थः ॥५-२९॥

**ટીકાર્થ–** ઉત્પાદાદિવાળું જ સત્ છે. જેમાં ઉત્પાદાદિ ત્રણેય અવશ્ય હોય તે સત્ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર 'यदिह' ઇત્યાદિથી કહે છે- આ સૂત્ર પ્રવચનના રહસ્યરૂપ છે. આથી આ લોક સંબંધી અને પરલોક સંબંધી વ્યવસ્થાના કારણરૂપે આ સૂત્રની વ્યાખ્યા કરે છે- આ લોકમાં મનુષ્યત્વાદિ પર્યાયથી અવિનાભાવ-રૂપે(=જીવત્વને છોડ્યા વિના) અર્થાત્ મનુષ્યત્વાદિરૂપે જ (જીવત્વરૂપે નહિ) નાશ પામતા જીવની દેવત્વાદિ પર્યાયથી ઉત્પત્તિ થાય છે. (અહીં દેવપર્યાયરૂપે ઉત્પત્તિ છે, મનુષ્યપર્યાયરૂપે નાશ છે અને જીવરૂપે ધ્રુવ છે=સ્થિર છે.) આથી જે ઉત્પત્તિ, વ્યય, ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ છે. मनुष्यत्वादिना એ સ્થળે આદિ શબ્દથી 'તિર્યંચ' આદિનું ગ્રહણ કરવું. देवत्वादिना એ સ્થળે આદિ શબ્દથી 'નારક' આદિનું ગ્રહણ કરવું.

અહીં જ વિપક્ષમાં(=એકાંતનિત્યપક્ષમાં) બાધાને (પદાર્થોનો અવસ્થાભેદ ન ઘટવારૂપ બાધાને) 'एकान्तध्रुव' ઇત્યાદિથી કહે છે- સર્વથા(=કોઇ પણ રીતે) નાશ ન પામે, ઉત્પન્ન ન થાય અને સ્થિર રહે તેવા એક સ્વરૂપવાળા આત્મામાં આત્મા મનુષ્યત્વાદિ પ્રકારથી એક જ સ્વરૂપવાળો હોવાને કારણે દેવાદિ ભેદો ઘટતા નથી.

(एवं च संसारापवर्गभेदाभावः=)આ પ્રમાણે અવસ્થાભેદ ન ઘટતા હોવાથી સંસાર-અપવર્ગ રૂપ ભેદનો અભાવ થાય. કારણ કે સંસાર અપવર્ગ અવસ્થાભેદવિના ન હોય. તે આ પ્રમાણે- એક ગતિમાંથી બીજી ગતિમાં

સરકવું તે સંસાર. એક ગતિમાંથી બીજી ગતિમાં સરકવાનો ત્યાગ તે અપવર્ગ. આ બેમાં અવસ્થાભેદ છે, અર્થાત્ આ બે અવસ્થાભેદવાળા છે.

"कल्पितत्वेऽस्य" इत्यादि, સંસાર-અપવર્ગના ભેદ કલ્પિત છે એમ સ્વીકારવામાં (આત્માનો) સ્વભાવ ન હોવાને કારણે આત્માની સંસારરૂપે ઉપલબ્ધિ(=પ્રાપ્તિ) ન થવાનો પ્રસંગ આવે. કેમકે કલ્પિત વસ્તુ અપારમાર્થિક છે, અર્થાત્ કંઇ નથી. કંઇ ન હોવાના કારણે અભાવરૂપ થાય.

**પૂર્વપક્ષ–** હવે આ દોષ ન આવે એ માટે અમે કહીએ છીએ કે આત્મા સસ્વભાવ છે. સંસાર-અપવર્ગ આત્માનો સ્વભાવ છે પણ એ સ્વભાવ જ કલ્પિત છે.

**ઉત્તરપક્ષ–** ("सस्वभावत्वे तु" इत्यादि) આત્મા સંસાર-અપવર્ગના સ્વભાવવાળો હોય તો એકાંતે ધ્રૌવ્યનો(=નિત્યતાનો) અભાવ થાય, કારણ કે તે જ રીતે થાય છે=આત્મા જ સંસાર-અપવર્ગરૂપ અવસ્થા-ભેદથી રહે છે.

**પૂર્વપક્ષ–** સંસારસ્વભાવવાળો આત્મા અપવર્ગસ્વભાવવાળો થાય છે. આથી આમાં વિરોધ છે.

**ઉત્તરપક્ષ–** આત્માનો તેવો સ્વભાવ(=પહેલા સંસારસ્વભાવ અને પછી અપવર્ગસ્વભાવ એમ આત્માનો તેવો સ્વભાવ) હોવાથી વિરોધ નથી. જ્યાં સ્વભાવ જ હોય ત્યાં આ આમ કેમ છે એવો પ્રશ્ન કરવો યોગ્ય નથી. આથી[1] આ આ પ્રમાણે છે એમ ભાષ્યકાર કહે છે- तथोपलब्धिसिद्धेः=સંસારસ્વભાવવાળો આત્મા અપવર્ગસ્વભાવવાળો થાય તેમાં વિરોધ નથી. કેમકે આત્માની સંસારી=તિર્યંચાદિ ભેદથી ઉપલબ્ધિ સિદ્ધ છે, અર્થાત્ સંસારસ્વભાવવાળો આત્મા અપવર્ગ-સ્વભાવવાળો થાય છે એમ જ્ઞાનીઓ પ્રત્યક્ષ જુએ છે.

આ અવસ્થાભેદ ભ્રાન્ત છે એવા ભ્રમને દૂર કરવા માટે કહે છે- "तद् भ्रान्तत्वे" इत्यादि ઉપલબ્ધિની ભ્રાન્તિમાં પ્રમાણ નથી, કેમકે આ કથન માત્ર વાણીથી છે. 'योगिज्ञान' इत्यादि અવસ્થાભેદની ભ્રાન્તિના વિષયમાં

૧. इतस्=इतः- આથી.

યોગીઓનું જ્ઞાન પ્રમાણ છે એમ સ્વીકારવામાં તો સંસાર-અપવર્ગનો ભેદ અભ્રાન્ત છે. કારણ કે આ યોગી છે, આ અયોગી છે (અથવા આ પહેલા અયોગી હતો હવે યોગી છે) એવા અવસ્થાભેદની સિદ્ધિ થાય છે. પ્રસ્તુત વિષયની દઢતા માટે જ કહે છે- 'इत्थं चैतद्' इत्यादि આ વિષય આ પ્રમાણે જ છે એમ સ્વીકારવું જોઈએ. જો આ પ્રમાણે ન સ્વીકારવામાં આવે તો મનુષ્યત્વાદિમાંથી દેવત્વાદિ ન ઘટે. એ પ્રમાણે(=જો આ ન ઘટે તો) યમ આદિનું પાલન નિરર્થક બને. અહીં આદિ શબ્દથી નિયમનું ગ્રહણ કરવું. અર્થાત્ યમ-નિયમ નિરર્થક બને.

'एवं च' ઇત્યાદિથી આગમની અસારતાને કહે છે- યમ-નિયમ નિરર્થક બને તો "અહિંસા, સત્ય, અસ્તેય(=અચૌર્ય) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ છે. આવું આગમવચન વચનમાત્ર= અર્થશૂન્ય બને.

## એકાંત અનિત્યપક્ષમાં દોષો

'एवम्' इत्यादि, [एवमेकान्ताध्रौव्येऽपि सर्वथा तदभावापत्तेः तत्त्वतोऽहेतुकत्वमेवावस्थान्तरम्=એ પ્રમાણે એકાંત અનિત્યતા પક્ષમાં પણ સર્વથા (तद्=હેતુ) હેતુના અભાવની આપત્તિ આવતી હોવાથી પરમાર્થથી અવસ્થાંતર અહેતુક(=હેતુ વિના) છે.] એ પ્રમાણે એકાંત અનિત્યમાં પણ, અર્થાત્ સ્વભાવથી જ એક ક્ષણ રહેનારા આત્મામાં પણ જ્યાં સુધી મનુષ્યત્વાદિ પર્યાયનો વ્યય=નાશ ન થાય ત્યાં સુધી દેવત્વ આદિ રૂપે ઉત્પત્તિ ન થઈ શકે. કારણ કે "અભાવમાં કોઈ વસ્તુ હોતી નથી, કેવળ અભાવ જ હોય છે" એવા વચનથી સર્વથા તેના (=મનુષ્યત્વના) અભાવની આપત્તિ આવે છે. 'तत्त्वतः' इत्यादि, તમારા મતે પરમાર્થથી અવસ્થાંતર દેવત્વાદિ અહેતુક(=હેતુ વિના થયેલ) છે. કારણ કે મનુષ્યત્વાદિપર્યાયનો અભાવ સિદ્ધ થાય છે. ક્ષણિકવાદીના મતે મનુષ્યત્વપર્યાયનો ઉત્પત્તિની બીજી જ ક્ષણે નાશ થઈ ગયો છે. આથી મનુષ્યત્વપર્યાય રહ્યો નથી. (મનુષ્યત્વપર્યાય જ નથી તો

મનુષ્યત્વપર્યાયના નાશથી થનાર દેવત્વપર્યાય કેવી રીતે થાય ? મનુષ્યત્વપર્યાયનો નાશ દેવત્વપર્યાયની ઉત્પત્તિનું કારણ છે. આથી દેવત્વપર્યાયની ઉત્પત્તિ અહેતુક થાય.) सर्वदा तद्भावाभावप्रसङ्गः अहेतुकत्वाविशेषात्=)આ પ્રમાણે સર્વકાળે દેવત્વાદિ અન્ય અવસ્થાના ભાવનો કે અભાવનો પ્રસંગ આવે. કેમકે બંનેમાં અહેતુકત્વ સમાન છે. બંનેમાં અહેતુકત્વ સમાન છે એનું કારણ એ છે કે પૂર્વના હેતુનો નિરન્વય અભાવ=નાશ થાય છે. અહીં ભાવાર્થ આ છે- દેવત્વરૂપ અન્ય અવસ્થાનું કારણ મનુષ્યત્વ છે. મનુષ્યત્વરૂપ હેતુનો નિરન્વય (પૂર્વક્ષણોનો ઉત્તરક્ષણોની સાથે સંબંધ થયા વિના) નાશ થાય છે. એટલે મનુષ્યત્વ હેતુ રહ્યો નહીં. માટે દેવત્વરૂપ અન્ય અવસ્થા હેતુ વિના થાય. જે વસ્તુ હેતુવિના થાય તે સદાય હોય અથવા સદાય ન હોય. માટે દેવત્વ રૂપ અન્ય અવસ્થા સદાય હોય અથવા સદાય ન હોય.[1]

પરના અભિપ્રાયની આશંકા કરીને આશંકાને દૂર કરતા ભાષ્યકાર કહે છે- न हेतु इत्यादि, न हेतुस्वभावतयोर्ध्वं तद्भावः=હેતુનો જ આ સ્વભાવ છે કે હેતુની સત્તા પછી કાર્યભાવ થાય આવું માનવું બરોબર નથી. કેમકે જો હેતુની સત્તા પછી કાર્યભાવ થાય તો એકાંતે નિત્યતાની સિદ્ધિ થાય.

અહીં ભાવાર્થ આ છે- પૂર્વે 'અહેતુકત્વ' એવા હેતુથી तद्भावा-भावप्रसङ्गः એવો દોષ આપ્યો હતો. આ દોષના નિવારણ માટે વાદી કહે છે કે અવસ્થાંતરમાં અહેતુકત્વ નથી. કેમકે મનુષ્યત્વરૂપ હેતુ ન હોવા છતાં હેતુનો જ આ સ્વભાવ છે કે હેતુની સત્તા પછી કાર્ય થાય. અહીં સિદ્ધાંતપક્ષ કહે છે કે- હેતુસ્વભાવતાના કારણે જો મનુષ્યમાંથી દેવત્વાદિ થવાનું માનવામાં આવે તો તે પણ ઠીક નથી. (तत्स्वभाव-तयैकान्तेन ध्रौव्यसिद्धेः=)કેમકે હેતુના સ્વભાવતાના કારણે એકાંત નિત્યતાની સિદ્ધિ થાય. કારણ કે જો હેતુના સ્વભાવના કારણે હેતુની

૧. नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् । अपेक्षातो हि भावानां कादाचित्कत्वसंभवः ॥ **અર્થ–** જે પદાર્થોનો અન્ય કોઇ હેતુ નથી તે પદાર્થો સદા વિદ્યમાન હોય અથવા ક્યારેય ન હોય. જે પદાર્થ ક્યારેક હોય તેનું અવશ્ય અન્ય કોઇ કારણ હોય. (યોગબિંદુ શ્લોક ૧૯૭ની ટીકા)

પછી કાર્ય થતું હોય, અર્થાત્ હેતુનો જ આ સ્વભાવ છે કે તેના પછી કાર્ય થાય તો અન્વય પણ ધ્રુવ જ સિદ્ધ થાય. કારણ કે तस्यैव तथाभवनात्=હેતુ જ કાર્યરૂપે થાય છે=હેતુ જ કાર્યરૂપે પરિણમે છે.

તમારા(=વાદીના) સ્વીકારથી જ (અમને) ઇચ્છિત લાભ થયો છે એમ एवमेव च ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- (एवमेव च तुलोन्नामावनामवद् हेतुफलयोर्युगपद्व्ययोत्पादसिद्धिः=ત્રાજવાની ઉંચાઇ-નીચાઇની જેમ કારણ-કાર્ય એ બેની એકી સાથે વ્યય-ઉત્પાદની સિદ્ધિ થાય છે. एवमेव च=હેતુ કાર્યરૂપે પરિણમે છે તેથી ત્રાજવાની ઊંચાઇ-નીચાઇ એકી સાથે થાય છે. (જે સમયે એક ત્રાજવું ઊંચું થાય છે તે જ સમયે બીજું ત્રાજવું નીચું થાય છે. જે સમયે એક ત્રાજવું નીચું થાય છે તે જ સમયે બીજું ત્રાજવું ઊંચું થાય છે.) એ દૃષ્ટાંતથી કારણ-કાર્યની એકી સાથે વ્યય-ઉત્પાદની સિદ્ધિ થાય છે, અર્થાત્ જે સમયે હેતુનો વ્યય થાય છે તે જ સમયે કાર્યની ઉત્પત્તિ થાય છે. (પૂર્વપર્યાયના વ્યય વિના ઉત્તરપર્યાયની ઉત્પત્તિ થઇ શકતી નથી, બંને એક સાથે થાય છે. અન્યથા વ્યય-ઉત્પાદ કારણ-કાર્યથી ભિન્ન છે કે અભિન્ન છે એવા બે વિકલ્પોથી એકી સાથે વ્યય-ઉત્પાદનો મેળ(=સિદ્ધિ) ન થાય. તે આ પ્રમાણે- જો વ્યય અને ઉત્પાદ કારણ અને કાર્યથી ભિન્ન છે તો કારણનો વ્યય ન થાય અને કાર્યની ઉત્પત્તિ ન થાય અથવા વ્યય-ઉત્પાદ કારણ-કાર્યથી અભિન્ન છે=કારણ-કાર્ય રૂપ જ છે, તો એ બંનેનું એકી સાથે થવું કેવી રીતે ઘટે ? અથવા એક સાથે થાય તો પણ એ બેનો કારણ-કાર્ય ભાવ કેવી રીતે થાય ? જમણા-ડાબા શીંગડાઓમાં કારણ-કાર્ય ભાવ થતો નથી. આ પ્રમાણે વિચારવું.

આ પ્રમાણે કારણ જ કાર્ય રૂપે પરિણત થવાથી હેતુ-ફળનું એકી સાથે થવાના કારણે વ્યય-ઉત્પાદ એકી સાથે થાય છે એની સિદ્ધિ થાય છે. અન્યથા (પૂર્વે બે વિકલ્પોથી જણાવ્યું તેમ) એકી સાથે વ્યય-ઉત્પાદની સિદ્ધિ ન થાય એ નિશ્ચિત થયું.

तत्र मनुष्यादेर्देवत्वमित्यायातं मार्गवैकल्यमागमस्य=) આ પ્રમાણે મનુષ્યાદિ પ્રાણીનો નિરન્વય નાશ થવાથી દેવભવમાં જન્મ ન થાય. આ

રીતે આગમમાં જે યમ-નિયમાદિ માર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેનું નિષ્ફળપણું આવ્યું=યમ-નિયમાદિ મોક્ષમાર્ગ વ્યર્થ થયો.

एवं इत्यादि આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ સમ્યક્ સંકલ્પવાળો, સમ્યગ્વાણી-વાળો, સમ્યગ્માર્ગવાળો, સમ્યક્સરળતાવાળો, સમ્યક્પુરુષાર્થવાળો, સમ્યક્સ્મૃતિવાળો અને સમ્યક્સમાધિવાળો હોય. આવી વાણી અર્થરહિત બનવાના કારણે વ્યર્થ બને.

આ પ્રમાણે સર્વ પુરુષાર્થના આધારભૂત આત્મા ઉત્પાદાદિવાળો છે એમ કહીને અચેતન ઘટાદિમાં કહેવા માટે ભાષ્યકાર કહે છે- 'एवम्' इत्यादि, કપાલની ઉત્પત્તિ ઘટના વ્યયથી યુક્ત માટીમાં થાય છે, અન્ય માટીમાં નહીં. તેથી જે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી યુક્ત છે તે સત્ છે.

## એકાંત નિત્યપક્ષમાં બાધા

વિપક્ષમાં(=એકાંતનિત્યપક્ષમાં) બાધાને (પદાર્થોનો અવસ્થા ભેદ ન ઘટવા રૂપ બાધાને) કહે છે- (एकान्तध्रौव्ये तत्तथैकस्वभावतयाऽवस्था-भेदानुपपत्तेः समानं पूर्वेण) એકાંત નિત્યપક્ષમાં માટીનો તે રીતે=ઘટરૂપે જ થવાનો સ્વભાવ હોવાથી અવસ્થાભેદ ન ઘટી શકે, અર્થાત્ કપાલની ઉત્પત્તિ ન થઇ શકે, એથી પૂર્વે આત્માને આશ્રયીને જે કહ્યું હતું તેની સમાન બધી હકીકત આમાં જાણવી. 'एवम्' इत्यादि ઉક્ત રીતે આ(=ઉત્પાદાદિ) સ્થૂલ નીતિથી=વ્યવહારનયની અપેક્ષાએ મનુષ્યાદિ અવધિદ્રવ્યને(=મોટા ફેરફારવાળા દ્રવ્યને) આશ્રયીને બતાવવામાં આવ્યું છે. નિશ્ચયથી તો મનુષ્યાદિ પણ પ્રતિસમય ઉત્પાદાદિવાળા છે(=મનુષ્યાદિ પણ પ્રતિસમય ઉત્પાદાદિવાળા છે એ રીતે જ). કારણ કે તે રીતે જ આ બાળમનુષ્ય છે, આ યુવાનમનુષ્ય છે ઇત્યાદિને આશ્રયીને ભેદની સિદ્ધિ થાય છે, અર્થાત્ આ બાળ છે, આ યુવાન છે ઇત્યાદિ જે અવસ્થાંતર દેખાય છે એની સિદ્ધિ થાય છે. અન્યથા (પ્રતિસમય ઉત્પાદાદિ ન હોય તો) અવસ્થાંતરનો મેળ(=સિદ્ધિ) ન થાય. (પ્રતિક્ષણ ઉત્પાદાદિને માન્યા વિના ન તો વસ્તુનું વસ્તુત્વ સિદ્ધ થાય અને ન તો લોકવ્યવહાર ઘટી શકે.) કહ્યું છે કે- 'सर्व' इत्यादि

મનુષ્યાદિ સર્વ પદાર્થોમાં (नियतम्=)આ નિશ્ચિત છે કે કાળના ભેદથી ક્ષણે ક્ષણે અન્યત્વ(=પરિવર્તન) થાય છે, છતાં એકાંતે ભેદ (કે નાશ) થતો નથી. (કેમ કે) અવસ્થાભેદ રૂપ ઉપચય-અપચય વિદ્યમાન હોવા છતાં આકૃતિની=વિશેષ આકારની, જાતિની=સામાન્ય આકારની (કે દ્રવ્યની) સત્તા રહે છે."[1] (ષડ્દર્શન સમુચ્ચય કારિકા ૫૭ની ટીકા, અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા શ્લોક ૨૧ની સ્યાદ્વાદમંજરીની ટીકા.)

આ અનુભવ સિદ્ધ જ છે, અન્યથા(=આકૃતિ-જાતિ ન રહેતી હોય તો) સમાન અન્ય અન્યની ઉત્પત્તિને જાણવાનો બીજો કોઈ ઉપાય નથી. (૧)

'नरक' इत्यादि (આવા વસ્તુસ્વભાવના અનુસારે જ) પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદોથી ભિન્ન એવો નરકાદિ ચાર ગતિરૂપ ભેદ, સંસાર અન્ય છે અને મોક્ષ અન્ય છે એવો સંસાર-મોક્ષનો ભેદ સિદ્ધ થાય છે. જો મોક્ષ સંસારથી અન્ય ન હોય તો તેના સાધ્યત્વની સિદ્ધિ ન થાય. હિંસા વગેરે સંસારનું કારણ છે. સમ્યક્ત્વ વગેરે મોક્ષનું મુખ્ય=નિરુપચરિત કારણ છે. સમ્યક્ત્વ વગેરેનું લક્ષણ પૂર્વે (૧-૧ સૂત્ર વગેરેમાં) કહ્યું છે. (૨)

'उत्पादादि' इत्यादि, આ બધું(=ભેદો અને કારણો) વસ્તુ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી યુક્ત જ હોય તો ઘટે છે. કારણ કે ન્યાયયુક્ત છે. ઉત્પાદાદિથી શૂન્ય વસ્તુમાં અનંતરોક્ત સઘળું ય નીતિથી ન ઘટે. કારણ કે તેમાં વસ્તુનો જ અભાવ છે=વસ્તુનો અભાવ જ સિદ્ધ થાય છે. (૩)

આની વિચારણા માટે જ કહે છે- 'निरुपादान' इत्यादि ઉપાદાન કારણ વિના ઉત્પાદ ન થાય. કારણ કે અહેતુકત્વનો પ્રસંગ આવે. સર્વથા તદવસ્થ(=ધ્રૌવ્ય સ્વભાવવાળી) વસ્તુમાં પણ હેતુનો ઉત્પાદ ન થઈ શકે. કારણ કે સદા તેની ઉત્પત્તિનો પ્રસંગ આવે. પણ હેતુમાં વિકાર થાય અને એથી હેતુ કાર્યરૂપ થાય તો ઉત્પાદ થાય. આ પ્રમાણે ઉત્પાદાદિ ત્રણથી યુક્ત વસ્તુમાં ઉત્પાદ સંગત બને. (૪)

૧. આ શ્લોક ૫-૨૭ સૂત્રની ટીકામાં પણ છે.

'सिद्धत्वेन' इत्यादि, જીવનો સિદ્ધત્વરૂપે ઉત્પાદ થયો, કેમ કે આમાં જીવ જે રીતે ન હતો તે રીતે પ્રગટ થાય છે. સિદ્ધનો સંસારપર્યાયથી વ્યય (નાશ) જાણવો. કેમકે તેના સંસારપર્યાયનો નાશ થઇ ગયો છે. જીવરૂપે ધ્રૌવ્ય છે. કારણ કે કારણ અને કાર્યમાં એ બંનેમાં (અથવા સંસારપર્યાય અને સિદ્ધપર્યાય એ બંનેમાં) તેની સત્તા છે. એ પ્રમાણે ચોક્કસ બધા ય દ્રવ્યો ઉત્પાદાદિ ત્રણથી યુક્ત છે. (૫)

'तदित्थम्' इत्यादि, અહીં ઉત્પાદ-વ્યયનો દ્વન્દ્વ સમાસ કરીને એક રૂપે(=ભેગો) નિર્દેશ કર્યો છે. કારણ કે બંને પર્યાયરૂપ છે. જે સ્થિર રહે તે ધ્રુવ. ધ્રુવ એટલે શાશ્વત. ધ્રુવનો ભાવ તે ધ્રૌવ્ય. આ ત્રણથી યુક્ત હોવું=આ ત્રણનો યોગ થવો એ સત્નું લક્ષણ છે. આ ત્રણ સમુદિત જ સત્નું લક્ષણ છે. સત્ જેનાથી ઓળખાય=જણાય તે સત્નું લક્ષણ છે. સત્ના આ લક્ષણથી રહિત સત્ નથી. જેમ કે વંધ્યાપુત્રમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યયથી રહિત વંધ્યાપુત્રમાં ધ્રૌવ્ય પણ નથી. તેથી તેમાં સત્ત્વ નથી=વંધ્યાપુત્ર અસત્ છે. અથવા સમાધિ અર્થવાળા युज् ધાતુનું યુક્ત એવું રૂપ છે. યુક્ત એટલે સમાહિત (સમાહિત એટલે જેમાં અનેકનો સંગ્રહ હોય તે=જે સમુદિત હોય તે) ત્રણ સ્વભાવવાળી વસ્તુ સત્ છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણ સ્વભાવો(=વસ્તુના સ્વરૂપો) છે. સત્ સિવાય બીજી કોઇ વસ્તુ આ ત્રણથી યુક્ત ન હોય, અર્થાત્ અસત્ વસ્તુ આ ત્રણથી યુક્ત ન હોય. આને ભાષ્યકાર કહે છે- "यदुत्पद्यते" इत्यादि પ્રયોગથી કે વિસ્રસાથી, પૂર્વે જે જે સ્વરૂપે ન હોય તે તે સ્વરૂપે પ્રગટ થવાથી જીવ-પુદ્ગલની ગતિ આદિના અવંધ્યકારણરૂપે ધર્માસ્તિકાય વગેરે જે ઉત્પન્ન થાય છે, જે પ્રસ્તુત ઉત્પાદના પૂર્વરૂપથી નિવૃત્ત થાય છે, પ્રસ્તુત ઉત્પાદના પૂર્વ રૂપથી નિવૃત્ત ન થાય તો જીવ-પુદ્ગલની ગતિ આદિની સાથે સંબંધ ન થાય, એ પ્રમાણે જે ઉત્પત્તિ-વ્યયરૂપ ઉભયના આધારરૂપે શાશ્વત છે, આધાર વિના ઉત્પત્તિ-વ્યયનો અસંભવ છે, માટીના આધાર વિના કપાલ વગેરે કે ઘટ વિનાશ ન થાય. (तद्बुद्धिसिद्धयोः=)ઉત્પાદ-વ્યય આધારની બુદ્ધિથી સિદ્ધ છે, અર્થાત્

લોકની બુદ્ધિમાં નિશ્ચિત થયેલું છે કે આધાર વિના ઉત્પાદ-વ્યય ન થાય. (तत् सत्=)જે ઉત્પન્ન થાય છે, જે નાશ પામે છે, જે સ્થિર રહે છે તે સત્ છે, અર્થાત્ તે 'सत्' એવા શબ્દનો વિષય બને છે. સત્ નો વિદ્યમાન એવો અર્થ છે. ઉત્પાદાદિથી રહિત વસ્તુ અસદ્ છે, અસદ્ એવા શબ્દનો વિષય છે. અસત્નો અવિદ્યમાન એવો અર્થ છે. (૫-૨૯)

**भाष्यावतरणिका**– अत्राह- गृह्णीमस्तावदेवंलक्षणं सदिति । इदं तु वाच्यं तत्किं नित्यमाहोस्विदनित्यमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** સત્ના આ લક્ષણને અમે સ્વીકારીએ છીએ, પણ આપે સ્પષ્ટ કરવું જોઇએ કે તે સત્ શું નિત્ય છે કે અનિત્ય છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका**– 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अत्रावसरे परः प्रश्नयत्यव्युत्पन्नः, गृह्णीमस्तावदेवंलक्षणं उत्पादादिलक्षणं सदित्येवमनुमन्यामहे, तावच्छब्दः क्रमावद्योतनार्थः इतिशब्दो हेत्वर्थः, यस्मात्सत्तस्मादिदं तु वाच्यं, किमित्याह-'तत् कि'मित्यादि, तत् सत् किं नित्यं स्थिरं आहोश्विद् अनित्यम्-अस्थिरमिति प्रपच्छ, निबन्धनं तु नित्यावस्थितान्यरूपीणीति वचनं, इहारूपिग्रहणाद्रूपिष्वनित्यतापत्त्या सम्मोहः, अत्रोच्यते-अव्युत्पन्नचोदकचोदिते समाधिः–

**ટીકાવતરણિકાર્થ**– अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. આ અવસરે મંદબુદ્ધિ બીજો પ્રશ્ન કરે છે- ઉત્પાદાદિ સ્વરૂપ દ્રવ્ય સત્ છે, એમાં અમે સંમત છીએ. જેથી (ઉત્પાદાદિવાળું) સત્ છે તેથી તમારે આ કહેવું જોઇએ કે સત્ નિત્ય છે કે અનિત્ય ? આમ બીજાએ પૂછ્યું. પૂછવાનું કારણ એ છે કે नित्यावस्थितान्यरूपीणि (૫-૩) એવું સૂત્ર છે. આ સૂત્રમાં अरूपि એ પ્રમાણે ઉલ્લેખ હોવાથી રૂપી પદાર્થોને અનિત્ય માનવાની આપત્તિ આવવાથી મૂંઝવણ(=સંદેહ) થાય છે કે શું રૂપી પદાર્થો અનિત્ય છે? આથી પ્રશ્ન કર્યો કે સત્ નિત્ય છે કે અનિત્ય ? મંદબુદ્ધિ પ્રશ્નકારે આ પ્રમાણે પ્રશ્ન કર્યે છતે ઉત્તર આપવામાં આવે છે–

**નિત્યનું લક્ષણ–**

## तद्भावाव्ययं नित्यम् ॥५-३०॥

**સૂત્રાર્થ–** જે વસ્તુ પોતાના ભાવથી અવ્યય રહે, એટલે કે પોતાના મૂળ સ્વરૂપથી રહિત ન બને તે નિત્ય છે. (૫-૩૦)

**भाष्यं–** यत्सतो भावान्न व्येति न व्येष्यति तन्नित्यमिति ॥५-३०॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** જે સત્‌ના ભાવથી (વર્તમાનમાં) વ્યય થતું નથી અને (ભવિષ્યમાં) વ્યય નહિ પામે તે નિત્ય છે. (૫-૩૦)

**टीका–** यदुत्पादादियुक्तं तन्नित्यानित्यमेवेति व्याप्त्या नित्यांशलक्षणमेतदिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'यत् सतो' इत्यादिना यद्वस्तु सामान्येन सतो भावादस्तित्वादित्यर्थः न व्येति न विनश्यति न व्येष्यति विनशिष्यत्युपलक्षणत्वात् न च विनष्टमतीतकाले तन्नित्यमिति तन्नित्यमुच्यते, जीवत्वादिवत्, एतद्धि मनुष्यदेवादिपर्यायेष्वपि न व्येति, जीवो जीव इत्यधिगमप्रतीतेः, एवं पिण्डघटादिष्वपि मृदपेक्षं भावनीयं, धर्मादिष्वपि तथा तथा गत्यादिनिबन्धनावस्थाभेदेऽपि तच्छब्दाप्रच्युतेरिति ॥५-३०॥

**ટીકાર્થ–** જે ઉત્પાદાદિથી યુક્ત હોય તે નિત્યાનિત્ય જ હોય.આવી વ્યાપ્તિના નિત્ય અંશના લક્ષણ રૂપ આ સૂત્ર છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો यत् सत् ઇત્યાદિથી કહે છે- જે વસ્તુ સામાન્યથી પોતાના અસ્તિત્વથી વિનાશ પામતી નથી, ભવિષ્યમાં વિનાશ પામશે નહિ, ભૂતકાળમાં વિનાશ પામી નથી તે નિત્ય કહેવાય છે. જેમકે જીવત્વ. જીવત્વ મનુષ્ય અને દેવ આદિના પર્યાયોમાં પણ નાશ પામતું નથી. કારણ કે (મનુષ્ય-દેવાદિના પર્યાયોમાં) આ જીવ છે, આ જીવ છે એવા જ્ઞાનની પ્રતીતિ થાય છે. એ પ્રમાણે માટીની અપેક્ષાએ પિંડ અને ઘટ વગેરેમાં જાણવું. ધર્માસ્તિકાયાદિ પદાર્થોમાં પણ તેવી તેવી ગતિ આદિના કારણે અવસ્થાભેદ હોવા છતાં ધર્માસ્તિકાયાદિ શબ્દનો વિનાશ થતો નથી, અર્થાત્ ધર્માસ્તિકાયાદિ શબ્દથી જ વ્યવહાર થાય છે. (૫-૩૦)

**टीकावतरणिका—** तद्भावाव्ययत्वेन साक्षात् ध्रौव्यलक्षणमुक्तं, उत्पादव्यययोस्तद्भावाव्ययता-ऽन्यथाऽनुपपत्त्या, मनुष्यदेवाद्यवस्थाऽभावे जीवत्वायोगात्, न पुनः साक्षात्, कुत इत्याह—

**ટીકાવતરણિકાર્થ—** તદ્ભાવાવ્યય રૂપે ધ્રૌવ્યનું સાક્ષાત્ લક્ષણ કહ્યું. કારણ કે તદ્ભાવની અવ્યયતા વિના ઉત્પાદ-વ્યય ન ઘટી શકે. મનુષ્ય-દેવાદિ અવસ્થાના અભાવમાં જીવત્વ ન ઘટે. ધ્રૌવ્યનું લક્ષણ સાક્ષાત્ કહ્યું છે પણ ઉત્પાદ-વ્યયનું લક્ષણ સાક્ષાત્ કહ્યું નથી. ઉત્પાદ-વ્યયનું લક્ષણ સાક્ષાત્ કેમ નથી કહ્યું તેને જણાવે છે—

**સ્યાદ્વાદની સિદ્ધિ—**

## अर्पितानर्पितसिद्धेः ॥५-३१॥

**સૂત્રાર્થ—** એક જ વસ્તુમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મોની સિદ્ધિ અર્પિતથી=અપેક્ષાથી અને અનર્પિતથી=અપેક્ષાના અભાવથી થાય છે. (૫-૩૧)

**भाष्यं—** सच्च त्रिविधमपि नित्यं च । उभे अपि अर्पितानर्पितसिद्धेः । अर्पितव्यावहारिकमनर्पितव्यावहारिकं चेत्यर्थः । तत्र सच्चतुर्विधम् । तद्यथा-द्रव्यास्तिकं मातृकापदास्तिकमुत्पन्नास्तिकं पर्यायास्तिकमिति । एषामर्थपदानि द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा सत् । असन्नाम नास्त्येव द्रव्यास्तिकस्य ॥ मातृकापदास्तिकस्यापि, मातृकापदं वा मातृकापदे वा मातृकापदानि वा सत् । अमातृकापदं वा अमातृकापदे वा अमातृकापदानि वा असत् ॥ उत्पन्नास्तिकस्य, उत्पन्नं वोत्पन्ने वोत्पन्नानि वा सत् । अनुत्पन्नं वानुत्पन्ने वानुत्पन्नानि वाऽसत् ॥ अर्पितेऽनुपनीते न वाच्यं सदित्यसदिति वा । पर्यायास्तिकस्य सद्भावपर्याये वा सद्भावपर्याययोर्वा सद्भावपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा सत् । असद्भावपर्याये वा असद्भावपर्याययोर्वा असद्भावपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वाऽसत् ।

तदुभयपर्याये वा तदुभयपर्याययोर्वा तदुभयपर्यायेषु वा आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा न वाच्यं सदित्यसदिति वा । देशादेशेन विकल्पयितव्यमिति ॥५-३१॥

**ભાષ્યાર્થ–** ટીકામાં કરેલા સ્પષ્ટીકરણને સમજ્યા વિના ભાષ્યાર્થ બરોબર સમજી શકાય તેમ નથી, તેથી અહીં ભાષ્યાર્થ લખ્યો નથી. આથી જિજ્ઞાસુએ ટીકાના અનુવાદના આધારે જ ભાષ્યનો ભાવાર્થ સમજી લેવો. (૫-૩૧)

**टीका–** विवक्षितात् ध्रौव्यलक्षणात् अविवक्षिता उत्पादव्ययसिद्धिः, पूर्वमुत्तरं च पर्यायं ध्रौव्यमासादयतीति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'सच्चे'त्यादिना, सच्च त्रिविधमपि उत्पादादिभेदेन किमित्याह–नित्यं च उभे अपीति चशब्दो भिन्नक्रमः समुच्चये नित्यमुभे च सदसती च अपिः सम्भावने अनुभे च असदसती, (न सदसती) इति, एतदुक्तं भवति–नित्यं सच्चेतनत्वादिना, सत् प्रक्रान्तमिति नपुंसकलिङ्गनिर्देशः, सदसती च वर्त्तमानातीतादिपर्यायापेक्षया हि जीवद्रव्यमिति मनुष्यावस्थायां तथैव सत्, अतीतभावितिर्यग्देवाद्यवस्थया च असद्, अन्यथा तया सत्त्वे मनुष्यावस्थाया असत्त्वप्रसङ्गात्, न चैकान्तेनासदेव तथा, सच्छक्तियोगात्, अन्यथा तदतीताद्यवस्थाऽभावे असदिति प्रसङ्गात्, सूक्ष्मधिया भावनीयमिति, अनुभे वा असदसती च वर्त्तमानातीतादिपर्यायापेक्षयेत्यर्थः, चित्तविवक्षानिबन्धनमेतदित्थमित्याह–अर्पितानर्पितसिद्धेरिति, अर्पितं निर्दशितमुपात्तं विवक्षितमित्यनर्थान्तरं, तद्विपरीतमनर्पितं, ताभ्यां सिद्धिर्ज्ञानं ततोऽर्पितानर्पितसिद्धेः, अर्पितेन हि मनुष्यत्वादिना अनर्पिततिर्यग्देवादि–परिज्ञानं, तन्नान्तरीयकत्वादेवेति, यत्रापि च विवक्षितगुणपरिज्ञानम–विवक्षितसत्त्वादिज्ञाननान्तरीयकमितरदपि सत्त्वादिज्ञानमितरनान्तरीय–कमिति विमलबुद्धय इति कृतं प्रसङ्गेन । एतदेव प्रपञ्चतोऽभिधातुमाह–'अर्पिते'त्यादि, प्रस्तुतं सत् अर्पितं–विवक्षितं साक्षाद्वाचकेन शब्देनाभिहितं

व्यवहारः प्रयोजनमस्येति व्यावहारिकं, अर्पितं च तद् व्यावहारिकं चेति समासः, किञ्चित् सद्वस्तु विशिष्टाभिधानार्पितं तद्व्यवहारं साधयति, दध्यानयनचोदनायां दध्यादिवत्, अपरमनर्पितमेव साक्षात् कल्पनया प्रतीयमानं सद्व्यवहाराय व्यापृतं इत्याह-अनर्पितव्यवहारिकं चेत्यर्थः, अक्षरार्थः पूर्ववदिति, इहैव तन्त्रगर्भप्रक्रियासारं चतुर्भिरनुयोगद्वारैरभिधातुमाह-'तत्र सच्चतुर्विधं' इत्यादि तत्रेति वाक्योपन्यासार्थः सदुक्तलक्षणं चतुर्विधं चतुष्प्रकारं अनयाऽनुयोगद्वारनिरूपणया, तदुपदेशार्थमाह-'तद्यथे'त्यादि तद्यथेत्युदाहरणोपन्यासार्थः, 'द्रव्यास्तिक'मित्यादि, अस्ति मतिरस्येति आस्तिकं, सतः प्रस्तुतत्वात्तदभिसम्बन्धे नपुंसकलिङ्गता, द्रव्ये आस्तिकं द्रव्यास्तिकं, अथवा आस्तिकम्-अस्तिमतिकं, किं तत् ?, नयरूपं प्रतिपादयितृ, कस्य प्रतिपादकं ?, द्रव्यस्य, स च प्रतिपाद्यप्रतिपादकभावलक्षणसम्बन्धः, विवक्षायां षष्ठी समासस्य, एवं मातृकापदास्तिकादिष्वपि योज्यं, इह सङ्ग्रहाभिप्रायानुसारि द्रव्यास्तिकं व्यवहारनयानुसारि तु मातृकापदास्तिकं, तत्र शुद्धाशुद्धभेदोऽयमित्थं द्रव्यास्तिकः स्थित इति, तत्र द्रव्यास्तिकमशेषविशेषविमुखं सन्मात्रमेव, मानमेययोरपि सन्मात्रत्वानतिक्रमात् अन्यतरासत्त्वाद् इति, मातृकापदास्तिकं तु पञ्च धर्मादयोऽस्तिकाया एव तत् सन्मात्रं, न तेभ्योऽन्यद् द्रव्यास्तिकमिति, इह धर्मास्तिकायादयोऽशेषसामान्यविशेषाश्रयत्वान्मातृकापदशब्दवाच्याः, मातृकापि ह्यशेषवर्णपदवाक्यप्रकरणादीनामाश्रयत्वे मातृकेति, उत्पन्नानामेव सत्त्वात् स्थूलसूक्ष्मोत्पादकलापेऽस्तिमत्युत्पन्नास्तिकं, अनुत्पन्नस्य वान्ध्येयव्योमोत्पलादेरसत्त्वात् उत्पत्तिमतोऽवश्यं विनाशाद्विनाशेऽस्तिमति पर्यायास्तिकं पर्यायो विनाश उच्यते, प्राप्तपर्यायो देवदत्त इति प्रयोगदर्शनात्, उत्पादव्ययभेदेन तत्, [१]पर्यायास्तिको हि तद्, इत्थं द्रव्यास्तिकं मातृकापदास्तिकं च द्रव्यनयः, (पर्यायास्तिकं)

---

१. 'पर्यायास्तिको हि तद्' इति पाठोऽशुद्धः प्रतिभाति ।

उत्पन्नास्तिकं च पर्यायनय इति, एषामर्थपदानीत्यादि एषां-द्रव्यपर्यायनयभेदानां द्रव्यास्तिकादीनां अर्थानि पदान्यर्थपदानि, कानि तानीत्याह-'द्रव्यं चे'त्यादि, द्रव्यं चेति शुद्धद्रव्यास्तिकप्रकृतेर्द्रव्यमेव सत्, गुणकर्म्मसामान्यविशेषसमवायानामपि तन्मात्रत्वात्, तदग्रहे तु तद्बुद्ध्यभावाद्, पितृपुत्रभ्रातृभागिनेयादिसम्बन्धविशिष्टैकपुरुषवत्, एवं द्रव्यं द्रव्ये द्रव्याणि वा सदेव, सङ्ख्याया अपि सत्त्वाव्यतिरेकात्, अन्यथा तदसत्त्वप्रसङ्गात्, खरविषाणादिकल्पत्वात्, प्रतीत्यनुपपत्तेरिति, यत्र तु नैवं प्रतीतिः तदसदित्याह- असदिति यस्य नाम-संज्ञिता तत् संज्ञिरूपमसन्नामकं, नास्ति, संज्ञिरूपाभावाच्च संज्ञापि नास्ति, परस्परापेक्षितत्वात् संज्ञासंज्ञिनोः, एवं वा शब्देन गुणाद्यभाव एवोच्यत इति, तन्नासतो व्यावृत्त्या सद्, अपि तु सदेवेति, अतः असन्नाम नास्तीति तुच्छं तत्, न किञ्चिदित्यर्थः, तत्ततोऽपि व्यावृत्त्यादिवृत्ताभावः, एवं द्रव्यास्तिकस्य सङ्ग्रहात्मनः शुद्धप्रकृतेः सन्मात्रतत्त्वमिति, मातृकापदास्तिकस्यापि प्राग्निरूपितशब्दार्थस्याशुद्धद्रव्यास्तिकस्येति योऽर्थः, किमित्याह-मातृकापदं वा धर्म्मास्तिकायादि सत्, सर्वास्तिकायानामस्तिकायत्वात्, मातृकापदे च जीवात्मके (? जीव-पुद्गलात्मके) सती, भेदनिबन्धनत्वात् द्वित्वादिसङ्ख्यायाः, मातृकापदानि च धर्माधर्माकाशादीनि सन्ति, व्यवहार्य्यव्यवहारतादिभावव्यवहारसिद्धेः, अन्यच्चैकसङ्ख्यायाः अयोगादिति, यथा चैकवचनादेः सद्गर्भैकादि-सङ्ख्याप्रतीतिरेव, यतो मातृपदमित्युक्ते सत् प्रतीयते, मातृकापदे चेति सती मातृकापदे इति, सन्ति मातृकापदानि चेति सन्ति, एते च धर्मादयः परस्परविलक्षणा इत्याह-अमातृकापदं चेत्यादि धर्मास्तिकायस्वलक्षणम-धर्मास्तिकायस्वलक्षणं न भवति, इतरेतररूपापत्त्येतरेतराभावप्रसङ्गात्, तदिहास्त्यंशगोचरं मातृकापदं, इहैव पररूपनास्तित्वागोचरं मातृका-पदमसत्, तस्य पररूपेण नास्तित्वादिति, एवं शेषेष्वपि भावना कार्या,

सर्वसद्गतिविशेषाणां प्रसवहेतुत्वात्, धर्मास्तिकायो मातृकापदं, स एव च सर्वसत्स्थितिविशेषप्रसवव्यावृत्त्यपेक्षया अमातृकापदम्, एवं च द्विवचनबहुवचने अपि भावनीये, असद् असती असन्तीत्यपि, तदुपाध्यभेदतोऽदुष्टमेव, नयत्वं च तथा तदंशप्रतिपत्त्येति । उक्तो द्विभेदोऽपि द्रव्यास्तिकः, पर्यायास्तिकमधिकृत्याह-उत्पन्नास्तिकस्य प्राग् निरूपितशब्दार्थस्य, किमित्याह-उत्पन्नं चेत्यादि उत्पन्नं वा वर्त्तमानक्षणस्थित्येव सत्, अतीतानागतयोर्विनष्टानुत्पन्नत्वेनासत्त्वात्, एवमेवैकं धर्मास्तिकायादि, उत्पन्ने वा द्वे वस्तुनी सती, उत्पन्नानि वा बहूनि सन्ति, भिन्नान्येव, इत्थं चैतद्, अन्यथाऽभावः, एतेन पर्यायास्तिको व्याख्यातः, तत्त्वतो वस्तुन एव पर्यायत्वात्, अत एवैतन्मतानुसारिप्रलापो यदुत क्षणस्थितिधर्माभाव एव नाश इति, विपक्षे बाधामाह-परपरिकल्पितं च सत् उत्पन्नं वा स्यात् अनुत्पन्नं वा ?, आद्यपक्षेऽस्मत्पक्षसिद्धिः, उत्तरपक्षेऽसत्त्वं, तदाह-'अनुत्पन्नं चे'त्यादि, अनुत्पन्नं च-अप्रादुर्भूतं वान्ध्येयादि, अनुत्पन्ने वा खरविषाणशशविषाणौ, अनुत्पन्नानि वा खकुसुमभेकजटाभारकूर्मरोमादीनि, किमित्याह-असत्, सर्वमिदमसत्, सल्लक्षणस्योत्पादस्याभावात्, एवमुक्तनीत्या धर्मादि द्रव्यं स्यात् सत् स्यात् असत्, स्यान्नित्यं स्यादनित्यमिति तत्त्वेन सूचितं, इह द्रव्यार्थनयप्रधानतायां पर्यायगुणभावेन च प्रथमभङ्गः, प्राधान्यं चेह शब्देन विवक्षितत्वात् शब्दाधीनम्, शब्दानुपात्तस्य त्वर्थतो गम्यमानस्य गुणभावः, पर्यायनयप्रधानतायां द्रव्यनयगुणभावेन च द्वितीयः, 'अर्पित' इत्यादि अनेन तु तृतीयः स्यादवक्तव्यमिति, युगपद्वस्त्वात्मन्यस्तित्व-नास्तित्वाभ्यामर्पिते विवक्षिते क्रमेण चानुपतीते क्रमेणाक्रमेण चाभिधातुमविवक्षिते पूर्वभङ्ग(म)प्राप्तः यतश्चैवमतो न वाच्यं, कथमित्याह-सदित्यसदिति चैकेन रूपेण, किं तर्ह्युभयेनैकेनार्पितं तच्च तथा अवाच्यं, तद्विवक्षितस्यार्थस्य शब्दस्य चासम्भवाद् अतः स्यादवक्तव्यमिति, एते

त्रयः सकलादेशाः, यदा ह्यस्ति तन्नामकं वस्त्वेकेन गुणरूपेणोच्यते, गुणिनां गुणरूपमन्तरेण विशेषप्रतिपत्तेरभावात्, तदिह धर्माद्येकं वस्तु सत्त्वादेरेकस्य गुणस्वरूपेणाभेदोपचारेण विवक्षां प्रापितो(? तं), यया निरंशं सकलं व्याप्तुमिष्यते, विभागनिमित्तस्य प्रतियोगिनो गुणान्तरेऽस्या (? रस्या)सत्त्वादेस्तत्रानाश्रयणात्, तत्र द्रव्यार्थाश्रयं सत्त्वगुणमाश्रित्य तदा स्यात् सन्नित्युच्यत इति सकलादेशः, गुणद्वयं तु गुणिनो भागवृत्तिरिति भवत्युभयात्मकत्वात् गुणिनः, न त्वेको गुणो भागवृत्तिरिति, एवं स्यान्नित्यमित्यपि वाच्यं, तथा पर्यायनयाश्रयमसत्त्वमनित्यत्वमङ्गीकृत्य स्यादसत् स्यादनित्यमिति भवति, युगपद्भावादुभयगुणयोरप्रधानतायां शब्देनाभिधेयायां तथाऽभिधेयतयाऽनुमतत्वात् स्यादवक्तव्यमिति, एतेन विकलादेशा अपि संयोगभङ्गाः स्यादस्ति च नास्ति चेत्येवमादयो द्रष्टव्याः, एवमेतान् द्रव्यास्तिकनयानुसारतोऽपि भावयन्नाह- 'पर्यायास्तिकस्ये'त्यादि पर्यायास्तिकस्य प्रागनिरूपितशब्दार्थस्य, पर्यायास्तिकग्रहणं धर्मविषयस्याद्वादप्रतिपत्त्यर्थं, धर्मास्त्वरूपित्वसत्त्व-मूर्त्तत्वादिरूपाद्धर्मिणः पारिणामिनो नात्यन्तं व्यतिरिक्ता इत्यतस्त-त्प्रणाडिकया धर्मिविषयत्वमपि, द्रव्यपर्याययोः संसृष्टत्वाद्, एवमेव च द्रव्यास्तिकपर्यायास्तिकनयद्वयमात्रवस्तुसमाश्रयः सिद्ध्यति स्याद्वादः, अन्यथा पर्यायनयाश्रय एव च विकल्पसप्तकेन सकलवस्तुव्यापी स्याद्वादो, न चैतदेवमिति, तत् सतो भवनं भावः, तद्भावलक्षणः परिणामः, स चानेकरूपः क्रमयुगपद्भावित्वाद् धर्मद्वये यावत्, तत्र जीवपुद्गलापेक्षया तथा तथा गतिनिबन्धकत्वं तथा सत्त्वामूर्त्तत्त्वा-सङ्ख्येयप्रदेशात्मकत्वादिति, स एषोऽस्य सद्भावपर्यायाश्रयः, चित्राऽधर्मादिद्रव्यवृत्तिः पुनरसद्भावपर्याय इति, वर्त्तमानकालावधयो वा सद्भावपर्यायाः, अतीतानागताश्च पर्याया इति, परस्परपर्यायाऽपेक्षया-ऽनन्तधर्मात्मकाः सर्वे भावा इति, तदित्थं व्यवस्थिते पर्यायास्तिक-

स्याधिकृतनयस्य सद्भावपर्याये वा सत्त्वादौ सद्भावपर्याययोर्वा वस्तुद्वयाश्रययोः सद्भावपर्यायेषु वा बहुवस्त्वाश्रयेषु, किमित्याह-आदिष्टं विवक्षितं पर्यायाः प्रधानतया द्रव्यं वा वस्तुस्थित्या द्रव्ये वा द्रव्याणि वा, किमित्याह-सत् सती सन्तीति, अथैकस्मिन् सद्भाव-पर्यायविषय आदिष्टं द्रव्यं वा द्रव्ये वा द्रव्याणि वा सत्, तथा द्वयोर्बहुषु च विभाव्यं, अविशिष्टस्य वा द्रव्यपदार्थस्यैकत्वद्वित्वबहुत्वपर्यायाः, तथा च तदादिष्टं स्यादस्त्येकत्वेनादिष्टत्वात्, एकसङ्ख्यारूपतयैवाऽस्ति, धर्मेतराणां सतामप्यविवक्षितत्वात्, द्वितीयभङ्गभावनाय त्वाह-असद्भावपर्यायः स्थित्यादिलक्षणः परपर्यायः अतीतानागतौ चेति, तदित्थम्भूतेऽसद्भावपर्याये वा विवक्षिते कस्मिँश्चित् असद्भावपर्याययोर्वा विवक्षितयोः असद्भावपर्यायेषु वा बहुषु आदिष्टं विवक्षितं 'द्रव्यं चे'त्यादि पूर्ववत्, किमित्याह-(?असत्)अतः स्यान्नास्ति परपर्यायै-र्नास्तित्वादिति, इदानीमवक्तव्यताविभावनायाह-'तदुभयपर्याये चे'त्यादि, तदित्यतिक्रान्तद्वयपरामर्शः, सद्भावासद्भावपर्यायद्वयसंपरिग्रहार्थं, उभय-श्चासौ पर्यायश्च उभयपर्यायः-अस्तित्वनास्तित्वलक्षणः स चासावुभय-पर्यायश्च तदुभयपर्यायस्तदुभयपर्यायनिमित्तस्तत्तद्विषयो वाऽऽदेशस्ते-नार्पितधर्मतत्त्वमस्तिनास्तिरूपेण युगपद्विवक्षायामुक्तप्रकारभावनया न शक्यं वक्तुमित्यवाच्यं, ताभ्यामुभयपर्यायाभ्यां आदिष्टं युगपद्धर्मिरूपं द्रव्यं वेत्यादिविकल्पतो न वाच्यं, सदित्यसदिति वा सद्द्रव्यमसद्वा द्रव्यं न वक्तव्यं, क्रमेण त्वादेशे भवत्येतद्, एवं सहभावार्पणायां तु न सच्छब्दवाच्यं नासच्छब्दाभिधेयं, एकस्मिन् काले तादृग्विधवाचक-शब्दाभावात्, ननु च तदुभयपर्याये त्वेकवचनमनुपपन्नम्, एकपर्याय-विवक्षायामवक्तव्यत्वाभावाद्, अत्रोच्यते, उभयग्रहणाद् द्वयमत्र गृह्यते, एवं तर्हि तदुभयपर्याययोर्वेत्यस्मादविशेषः, नैतदेवं, यतस्तदुभयपर्याये विशेषविवक्षया अस्तित्वं हि स्वपर्यायविषयं परपर्यायविषयं

चेत्युभयपर्यायस्तत् तु स्वपर्यायेणावच्छिद्यमानमिहास्तीति गृह्यते तदेव परपर्यायेणावच्छिद्यमानमात्मनि नास्तीति ग्राह्यम्, इदानीमयमुभयपर्याय-युगपदर्पणायां भवत्यवक्तव्यः, इतरत्र तु भेदप्रधानव्याख्यायां द्विवचनादिनिर्देशः समीचीनः जातिविवक्षायां वा, जातेरेकत्वादेक-वचनसिद्धिरिति । एवमेते त्रयः सकलादेशा भाष्येण च विभाषिताः, सम्प्रति विकलादेशविभावनार्थमाह भाष्यकारः-'देशादेशेन विकल्पयि-तव्य'मिति इतिकरणो विकल्पेयत्ताप्रतिपादनार्थः, पर्यायास्तिकमिति नपुंसकलिङ्गप्रक्रान्ते विकल्पयितव्यमित्याह- किं पुनः कारणं भाष्यकृता सकलादेशत्रयवदितरेऽपि चत्वारो विकलादेशा भाष्येण नोक्ता इति, अयमभिप्रायो भाष्यकारस्य लक्ष्यते-सकलादेशसंयोगाच्चतुर्णां निष्पत्ति-रिति सुज्ञानाः, तत्राद्यद्वितीयविकल्पसंयोगे चतुर्थविकल्पनिष्पत्तिः, स्यादस्ति च नास्ति चेति, प्रथमतृतीयविकल्पसंयोगे पञ्चमविकल्प-निष्पत्तिः, स्यादस्ति चावक्तव्यं चेति, द्वितीयतृतीयविकल्पसंयोगे षष्ठविकल्पनिष्पत्तिः, स्यान्नास्ति चावक्तव्यं चेति, आद्यद्वितीयतृतीय-विकल्पसंयोगे सप्तमविकल्पनिष्पत्तिः, स्यादस्ति च स्यान्नास्ति चावक्तव्यं चेति, तत्राद्येषु त्रिषु विकल्पेषु सकलमेव द्रव्यमादिश्यते, चतुर्थादिषु पुनर्विकलीकृतं खण्डश आदिश्यते, तदाह-'देशादेशेने'त्यादि, सकलस्य वस्तुनो बुद्धिच्छेदविभक्तोऽवयवो देशस्तस्मिन् देशे आदेशो देशादेशस्तेन, देशेन विकल्पनीयं व्याख्येयं धर्मादितत्त्वमित्येवं विकल्पचतुष्टयस्यापि ग्रहणमिति ॥५-३१॥

**टीકાર્થ–** વિવક્ષિત ધ્રૌવ્ય લક્ષણથી અવિવક્ષિત ઉત્પાદ-વ્યયની સિદ્ધિ થાય છે. પૂર્વપર્યાય અને ઉત્તરપર્યાય ધ્રૌવ્યને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો સચ્ચ ઇત્યાદિથી કહે છે-(सच्च त्रिविधमपि नित्यं चोभे अपि अर्पितानर्पित सिद्धेः) ઉત્પાદાદિ ભેદથી ત્રણેય

પ્રકારનું સત્ નિત્ય છે. (उभे च=)નિત્ય પદાર્થ સત્ છે, અસત્ પણ છે એમ ઉભય સ્વરૂપે છે, (अनुभे च=)અને સદ્-અસદ્ એમ ઉભય સ્વરૂપે નથી.

અહીં ભાવાર્થ આ છે- સત્ ચેતનત્વાદિની અપેક્ષાએ નિત્ય છે. વર્તમાન અને અતીતાદિ પર્યાયોની અપેક્ષાએ જીવ દ્રવ્ય સત્ પણ છે અને અસત્ પણ છે. મનુષ્ય અવસ્થામાં વર્તમાન પર્યાયોની અપેક્ષાએ સત્ છે. અતીત અને ભાવી તિર્યંચ-દેવાદિની અવસ્થાથી અસત્ છે. જો તિર્યંચ-દેવાદિની અવસ્થાથી સત્ત્વ(=સત્પણું) હોય તો મનુષ્યાવસ્થાનો અસત્ત્વનો પ્રસંગ આવે. (કોઈ પણ વસ્તુ) એકાંતે અસત્ જ નથી. કેમ કે તેમાં સત્ શક્તિનો યોગ છે, અર્થાત્ સત્રૂપે થવાની શક્તિ રહેલી છે. અન્યથા (=સત્ શક્તિનો યોગ ન હોય તો) તેની અતીતાદિ અવસ્થાના અભાવમાં (એકાંતે) અસત્નો પ્રસંગ આવે. આ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. વર્તમાન અને અતીતાદિ પર્યાયોની અપેક્ષાએ તે નથી સત્ કે નથી અસત્.

[અહીં ક્રમશઃ વાક્યો આ પ્રમાણે છે–

(૧) સત્ વસ્તુ ચેતનત્વની અપેક્ષાએ નિત્ય છે.

(૨) નિત્યવસ્તુ મનુષ્ય-અવસ્થામાં વર્તમાન પર્યાયોની અપેક્ષાએ સત્ છે.

(૩) અતીત-ભાવી પર્યાયોની અપેક્ષાએ અસત્ છે.

(૪) યુગપદ્ વર્તમાન-અતીતાદિ પર્યાયોની અપેક્ષાએ નથી સત્ કે નથી અસત્=અવક્તવ્ય છે.]

આ આ પ્રમાણે ચિત્તની વિવક્ષાના કારણે છે એમ કહે છે- "अर्पितानर्पितसिद्धेः" इति, અર્પિત, નિદર્શિત, ઉપાત્ત અને વિવક્ષિત આ શબ્દોનો એક જ અર્થ છે. તેનાથી વિપરીત અનર્પિત છે. અર્પિત અને અનર્પિતની સિદ્ધિથી=જ્ઞાનથી (આ પ્રમાણે છે.) અર્પિત મનુષ્યત્વાદિથી તિર્યંચ-દેવાદિનું જ્ઞાન અનર્પિતરૂપે થાય છે. કારણ કે અર્પિત અને અનર્પિત પરસ્પર એક બીજા વિના હોતા નથી. જ્યાં પણ વિવક્ષિત ગુણોનું જ્ઞાન થાય છે ત્યાં તે જ્ઞાન અવિવક્ષિત સત્ત્વાદિના જ્ઞાન વિના ન થાય.

સત્ત્વાદિનું જ્ઞાન અન્ય ગુણોના જ્ઞાન વિના ન થાય. આવું નિર્મળ-બુદ્ધિવાળાઓનું કથન છે. આ વિષયમાં અધિક કહેવાની જરૂર નથી.

આ જ વિષયને વિસ્તારથી કહેવા માટે કહે છે- 'अर्पित' इत्यादि, અર્પિત વ્યાવહારિક અને અનર્પિત વ્યાવહારિક. અર્પિત એટલે વિવક્ષિત, અર્થાત્ સાક્ષાત્ વાચક શબ્દોથી કહેલું. વ્યવહાર જેનું પ્રયોજન છે તે વ્યાવહારિક. अर्पितं तद् व्यावहारिकं च એવો સમાસ છે. કોઈ સદ્વસ્તુ તેના વિશિષ્ટકથનથી વિવક્ષિત હોય તો તે વસ્તુ વ્યવહારને સાધે છે. જેમકે (दधि आनय=) દહીં લઈ આવ એવી પ્રેરણામાં દહીં વ્યવહારને સાધે છે=દહીંની અપેક્ષાએ (દહીં લાવવું વગેરે) વ્યવહાર થાય છે.

બીજું જે અનર્પિત=અવિવક્ષિત જ છે તે સાક્ષાત્ કલ્પનાથી જણાય છે. સાક્ષાત્ કલ્પનાથી જણાતું છતું તે વ્યવહાર માટે પ્રવૃત્ત થાય છે એમ કહે છે- अनर्पितव्यावहारिकं चेत्यर्थः આનો અક્ષરાર્થ પૂર્વની જેમ જાણવો.

### ચાર પ્રકારનું સત્

શાસ્ત્રની રહસ્યભૂત પ્રક્રિયાના સારને ચાર અનુયોગ દ્વારોથી જણાવવા માટે કહે છે- 'तत्र सच्चतुर्विधम्' इत्यादि, तत्र એવો પ્રયોગ વાક્યના આરંભ માટે છે. જેનું લક્ષણ (પ્રસ્તુત અધ્યાયના ૨૯મા સૂત્રમાં) કહ્યું છે તે સત્ આ(=હવે કહેવાશે તે) અનુયોગ દ્વારની પ્રરૂપણાથી ચાર પ્રકારનું છે. સત્ના ચાર પ્રકારનો ઉપદેશ આપવા માટે કહે છે- 'तद्यथा' इत्यादि, तद्यथा એ પદ ઉદાહરણનો પ્રારંભ કરવા માટે છે. તે આ પ્રમાણે છે–

દ્રવ્યાસ્તિક, માતૃકાપદાસ્તિક, ઉત્પન્નાસ્તિક અને પર્યાયાસ્તિક.

### દ્રવ્યાસ્તિકનું વર્ણન

द्रव्यास्तिकम् इत्यादि, છે એવી જેની મતિ છે તે આસ્તિક. સત્ પ્રસ્તુત હોવાથી તેના સંબંધમાં द्रव्यास्तिकम् એમ નપુંસકલિંગમાં પ્રયોગ છે. દ્રવ્યમાં આસ્તિક(=દ્રવ્ય છે એવી જેની મતિ છે તે) દ્રવ્યાસ્તિક. અથવા આસ્તિક એટલે છે એવી મતિવાળું. એવી મતિવાળું શું છે ? પ્રતિપાદન નયસ્વરૂપ. કોનું પ્રતિપાદક છે ? અહીં પ્રતિપાદ્ય-પ્રતિપાદકરૂપ સંબંધ

છે. સંબંધની વિવક્ષામાં ષષ્ઠી તત્પુરુષ સમાસ છે. એ પ્રમાણે માતૃકાપદાસ્તિક વગેરે શબ્દોમાં પણ યોજના કરવી.

અહીં દ્રવ્યાસ્તિકનય સંગ્રહનયને અનુસરે છે, અર્થાત્ સંગ્રહનયના વિષયભૂત દ્રવ્યમાત્રને અસ્તિ સ્વરૂપ માને છે. માતૃકાપદાસ્તિક વ્યવહારનયને અનુસરે છે, અર્થાત્ વ્યવહારનયના વિષયભૂત દ્રવ્યને અસ્તિરૂપ માને છે. અહીં ભાવાર્થ આ છે- દ્રવ્યાસ્તિકનય દ્રવ્યમાત્રને અસ્તિરૂપે માને છે, આથી દ્રવ્યાસ્તિકનય શુદ્ધનય છે. પરંતુ દ્રવ્યાસ્તિકનય નૈગમનયના વિષયને પણ ગ્રહણ કરે છે. નૈગમમાં સંગ્રહ-વ્યવહાર એ બંનેનો પ્રવેશ છે. આથી જ દ્રવ્યાસ્તિકનયને શુદ્ધાશુદ્ધ કહેવાય છે. સંગ્રહનયને ગ્રહણ કરે છે તે દૃષ્ટિએ શુદ્ધ છે, વ્યવહારનયને ગ્રહણ કરે છે એ દૃષ્ટિએ અશુદ્ધ છે. તેમાં સંગ્રહનયના અભિપ્રાયને દ્રવ્યાસ્તિક અને વ્યવહારનયના અભિપ્રાયને માતૃકાપદાસ્તિક કહેવામાં આવે છે. આમ દ્રવ્યાસ્તિક અને માતૃકાપદાસ્તિક એ બે દ્રવ્યનયો છે. આમ છતાં શુદ્ધ અને અશુદ્ધની દૃષ્ટિએ દ્રવ્યનયના બે ભેદ છે. તેથી જ–

અહીં ટીકામાં કહે છે કે तत्र शुद्धाशुद्धभेदोऽयमित्थं द्रव्यास्तिकः स्थित इति=આ પ્રમાણે તે બેમાં શુદ્ધિ-અશુદ્ધિનો ભેદ છે. આ નય દ્રવ્યાસ્તિક છે એમ નિશ્ચિત થયું.

तत्र द्रव्यास्तिकमशेषविशेषविमुखं सन्मात्रमेव=આ બેમાં દ્રવ્યાસ્તિકનય સઘળા વિશેષોથી વિમુખ છે, અર્થાત્ એક પણ વિશેષને ગ્રહણ કરતો નથી. સન્માત્રને જ=સર્વને સત્ તરીકે જ ગ્રહણ કરે છે. પ્રમાણ અને પ્રમેય પણ સન્માત્રત્વની બહાર ન હોવાથી(=સત્ તરીકે સર્વ સત્ વસ્તુઓમાં આવી જતા હોવાથી) કોઈ એકનો અભાવ છે, અર્થાત્ સત્ તરીકે પ્રમાણ અને પ્રમેય એક જ છે. પ્રમાણ પણ સત્ છે અને પ્રમેય પણ સત્ છે.

## માતૃકાપદાસ્તિકનું વર્ણન

માતૃકાપદાસ્તિક ધર્માસ્તિકાય વગેરે પાંચ અસ્તિકાયો જ છે. માતૃકાપદાસ્તિક સન્માત્ર છે. કેમ કે ધર્માસ્તિકાયાદિ પાંચથી બીજું કોઈ

દ્રવ્યાસ્તિક નથી. અહીં ધર્માસ્તિકાય વગેરે સર્વ સામાન્ય-વિશેષના આશ્રય હોવાથી માતૃકાપદ શબ્દથી વાચ્ય થાય છે. માતૃકા(=૪૯ વર્ણો) પણ સર્વ વર્ણ, પદ, વાક્ય, પ્રકરણાદિનો આશ્રય હોવાથી માતૃકા કહેવાય છે.

ઉત્પન્ન થયેલાઓનું સત્ત્વ હોય, અર્થાત્ ઉત્પન્ન થયેલા પદાર્થો સત્ હોય. આથી સ્થૂલ-સૂક્ષ્મ ઉત્પાદ સમૂહમાં જે અસ્તિવાળું હોય તેમાં, અર્થાત્ જે સ્થૂલ-સૂક્ષ્મ ઉત્પાદ સમૂહને જ અસ્તિરૂપે માને તે ઉત્પન્નાસ્તિક (સત્) છે. જે ઉત્પન્ન થયેલ નથી તે વંધ્યાપુત્ર, આકાશકમળ આદિની જેમ અસત્ છે. જે ઉત્પન્ન થયેલ છે તેનો અવશ્ય વિનાશ થાય છે. આથી અસ્તિવાળા વિનાશમાં પર્યાયાસ્તિકનય છે, અર્થાત્ જે વિનાશને અસ્તિત્વરૂપે માને છે તે પર્યાયાસ્તિકનય. પર્યાય વિનાશ કહેવાય છે, અર્થાત્ પર્યાય એટલે વિનાશ. प्राप्तपर्यायो देवदत्तः(=જેણે વિનાશને પ્રાપ્ત કર્યો છે તે દેવદત્ત) એવો પ્રયોગ જોવામાં આવે છે. ઉત્પાદ-વ્યયના ભેદથી પર્યાયાસ્તિક છે, અર્થાત્ ઉત્પાદ પર્યાયાસ્તિક છે અને વ્યય પણ પર્યાયાસ્તિક છે. પર્યાયાસ્તિક ઉત્પાદ-વ્યય સ્વરૂપ છે.

આ પ્રમાણે દ્રવ્યાસ્તિક અને માતૃકાપદાસ્તિક એ બે દ્રવ્યનય છે. પર્યાયાસ્તિક અને ઉત્પન્નાસ્તિક એ બે પર્યાયનય છે.

"एषामर्थपदानि" इत्यादि, દ્રવ્ય-પર્યાય રૂપ ભેદવાળા દ્રવ્યાસ્તિકાદિના અર્થપદો[1], અર્થપદો કયા છે એમ કહે છે- "द्रव्यं च" इत्यादि.

દ્રવ્યાસ્તિકના અર્થપદો- એક દ્રવ્ય છે, બે દ્રવ્યો છે કે ઘણાં દ્રવ્યો છે, આ સત્ છે. શુદ્ધ દ્રવ્યાસ્તિકના સ્વભાવ પ્રમાણે(=મતે) દ્રવ્ય જ સત્ છે. કારણ કે ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય પણ સન્માત્ર જ છે. દ્રવ્યત્વના બોધ વિના ગુણાદિની બુદ્ધિ થતી નથી. પિતા, પુત્ર, ભાઈ, બહેન વગેરે સંબંધવાળા વિશિષ્ટ એક પુરુષની જેમ. **ભાવાર્થ–** એક જ પુરુષના પુત્રાદિ અપેક્ષાએ અનેક સંબંધો હોય છે અને એથી પિતાદિ તરીકે ભિન્ન ભિન્ન વ્યવહાર થાય છે. પણ પિતૃત્વ વગેરે ધર્મો પુરુષથી ભિન્ન નથી. તે રીતે પ્રસ્તુતમાં ગુણ વગેરે દ્રવ્યથી ભિન્ન નથી.

૧. દ્રવ્યાસ્તિકાદિના અર્થોને જણાવે તે અર્થપદો.

આ પ્રમાણે એક દ્રવ્ય, બે દ્રવ્યો કે ઘણા દ્રવ્યો સત્ જ છે. સંખ્યા પણ સત્ત્વથી ભિન્ન ન હોય. જો સંખ્યા સત્ત્વથી ભિન્ન હોય તો ખરવિષાણની જેમ તેના અભાવનો પ્રસંગ આવે. જો સંખ્યા સત્‌થી ભિન્ન હોય તો સંખ્યાની જે પ્રતીતિ થઇ રહી છે તે પ્રતીતિ ન ઘટે. જ્યાં (?જેની) આ પ્રમાણે પ્રતીતિ ન થાય તે અસત્ છે એમ ભાષ્યકાર કહે છે- 'असद्' इति (असन्नामनास्त्येव द्रव्यास्तिकस्य=) દ્રવ્યાસ્તિકના મતે જેનું અસત્ એવું નામ છે તે નથી. [નામ એટલે સંજ્ઞા. જેનું નામ હોય તે સંજ્ઞી. અસત્=નથી નામ(=સંજ્ઞા) જેનું તે અસંજ્ઞી=સંજ્ઞી નથી.] જો સંજ્ઞી નથી તો સંજ્ઞા પણ નથી, અર્થાત્ સંજ્ઞીના અભાવમાં સંજ્ઞાનો અભાવ થાય. કારણ કે સંજ્ઞા અને સંજ્ઞી પરસ્પર સાપેક્ષ છે=બેમાંથી કોઇ એક-બીજાને છોડીને ન રહી શકે.

એ પ્રમાણે (द्रव्याणि वा એ સ્થળે રહેલા) वा શબ્દથી ગુણાદિનો અભાવ જ કહેવાય છે. આ ગુણાભાવ દ્રવ્યાસ્તિકના મતે દ્રવ્યમાત્ર જ છે. આથી અસત્‌ની વ્યાવૃત્તિથી સત્ નથી કિંતુ સત્ જ છે=સત્ સ્વતંત્ર છે. કોઇકના આધારે નથી, અર્થાત્ અસત્ જાય તો સત્ રહે એવું નથી. સત્ સ્વયં જ રહેલું છે. આથી જેનું નામ નથી તે નથી, આથી તે તુચ્છ છે. કંઇ પણ નથી. તેથી તેનાથી (અસન્નામથી) પણ વ્યાવૃત્તિ આદિનો અભાવ છે.

એ પ્રમાણે સંગ્રહરૂપ શુદ્ધસ્વભાવવાળા દ્રવ્યાસ્તિકના મતે સત્‌માત્ર જ સત્ત્વ છે. માતૃકાસ્તિક પદનો શબ્દાર્થ (આ જ સૂત્રમાં) પૂર્વે જણાવ્યો છે. અશુદ્ધ દ્રવ્યાસ્તિક એવા માતૃકાપદાસ્તિકનો અર્થ આ પ્રમાણે છે-

એક માતૃકાપદ, બે માતૃકાપદ કે ઘણાં માતૃકાપદ સત્ છે. ધર્માસ્તિ-કાયાદિ એક માતૃકાપદ સત્ છે. કારણ કે સર્વે અસ્તિકાયો અસ્તિકાય રૂપ છે. જીવ અને આત્મા (? જીવ અને પુદ્‌ગલ) એ બે માતૃકાપદો સત્ છે. કારણ કે બે વગેરે સંખ્યા (જીવ-જડ વચ્ચે) ભેદનું કારણ છે. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશ વગેરે ઘણા માતૃકાપદો સત્ છે. આનાથી વ્યવહાર કરવા યોગ્ય વસ્તુનો વ્યવહાર વગેરે સદ્‌વ્યવહારની(=તાત્ત્વિક વ્યવહારની) સિદ્ધિ થાય છે.

વળી બીજું- એક સંખ્યામાં દ્વિત્વ, બહુત્વનો સમાવેશ થતો ન હોવાથી દ્વિત્વ, બહુત્વને માન્યા વિના એક સંખ્યા સિદ્ધ થઈ શકતી નથી. જેમકે એકવચનથી સત્‌માં રહેલ એક વગેરે સંખ્યાની પ્રતીતિ થાય છે. કારણ કે मातृकापदं એમ કહેવામાં એકત્વવિશિષ્ટ(=એક) સત્‌ની પ્રતીતિ થાય છે. मातृकापदे એમ કહેવામાં દ્વિત્વવિશિષ્ટ (બે) સત્‌ની પ્રતીતિ થાય છે. सन्ति मातृकापदानि એમ કહેવામાં બહુત્વવિશિષ્ટ(=ઘણા) સત્‌ની પ્રતીતિ થાય છે.

આ ધર્માસ્તિકાય વગેરે પરસ્પર વિલક્ષણ(=ભિન્ન લક્ષણવાળા) છે એમ કહે છે- "अमातृकापदं च" इत्यादि, કોઈ પણ વસ્તુનો ધર્મ પોતાના પ્રતિપક્ષ ભાવને છોડીને રહી શકે નહિ. આથી માતૃકાપદના વિપક્ષને બતાવે છે- એક અમાતૃકાપદ, બે અમાતૃકાપદ, ઘણાં અમાતૃકાપદ અસત્ છે. અમાતૃકાપદનું કહેવું છે કે ધર્માસ્તિકાયનું જે સ્વલક્ષણ છે તે અધર્માસ્તિકાયનું સ્વલક્ષણ ન થાય. કેમ કે (इतरेतररूपापत्त्येतरेतराभाव-प्रसङ्गात्=)જો એમ થાય તો એક બીજાના રૂપે પરિણત થવાની આપત્તિ આવે. (ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયના રૂપે પરિણત બને, અધર્માસ્તિકાય ધર્માસ્તિકાયના રૂપે પરિણત બને.) તથા એક બીજાના અભાવનો પ્રસંગ આવે. (ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયરૂપે પરિણત બને તો ધર્માસ્તિકાયનો અભાવ થાય. ઇત્યાદિ) આથી અહીં 'અસ્તિ' અંશને ગ્રહણ કરવાવાળું માતૃકાપદ છે અને અહીં જ પરરૂપે નાસ્તિત્વને ગ્રહણ ન કરવાવાળું માતૃકાપદ અસત્ છે. કારણ કે પદાર્થો પરરૂપે નાસ્તિત્વવાળા છે.

[દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવની અપેક્ષાએ સત્=વિદ્યમાન છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવની અપેક્ષાએ અસત્=અવિદ્યમાન છે. ઘટના દૃષ્ટાંતથી આ વિષયને વિચારીએ–

મૃતિકારૂપ સ્વદ્રવ્યની અપેક્ષાએ સત્.

સૂતરરૂપ પરદ્રવ્યની અપેક્ષાએ અસત્.

અમદાવાદરૂપ સ્વક્ષેત્રની અપેક્ષાએ સત્.

(અમદાવાદમાં બન્યો છે અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ.)

મુંબઈરૂપ પરક્ષેત્રની અપેક્ષાએ અસત્.

શિયાળારૂપ સ્વકાળની અપેક્ષાએ સત્.

(શિયાળામાં બન્યો છે અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ.)

ઉનાળારૂપ પરકાળની અપેક્ષાએ અસત્.

લાલરંગરૂપ સ્વભાવની=સ્વપર્યાયની અપેક્ષાએ સત્.

(લાલ ઘડો છે માટે.)

કૃષ્ણરંગરૂપ પરભાવની=પરપર્યાયની અપેક્ષાએ અસત્.]

આ પ્રમાણે બીજી વસ્તુઓમાં પણ ભાવના કરવી.

સર્વ સદ્ગતિ વિશેષોની ઉત્પત્તિનો હેતુ હોવાથી ધર્માસ્તિકાય માતૃકાપદ છે. ધર્માસ્તિકાય જ સર્વ સત્સ્થિતિવિશેષોની ઉત્પત્તિની વ્યાવૃત્તિની અપેક્ષાએ=સત્સ્થિતિની ઉત્પત્તિ ન કરતો હોવાથી અમાતૃકાપદ છે. એ પ્રમાણે દ્વિવચન અને બહુવચન વિચારવા. (असद्, असती, असन्तीत्यपि=) એકત્વવિશિષ્ટ માતૃકાપદ, દ્વિત્વવિશિષ્ટ માતૃકાપદ અને બહુત્વવિશિષ્ટ માતૃકાપદ અસત્ છે એમ પણ વિચારવું. વિશેષણના ભેદથી આ કથન નિર્દોષ જ છે. વસ્તુના અંશના સ્વીકારથી નયપણું છે, અર્થાત્ નય એટલે વસ્તુના કોઈ એક અંશનો સ્વીકાર.

બંને પ્રકારનો દ્રવ્યાસ્તિકનય કહ્યો. હવે પર્યાયાસ્તિકનયને આશ્રયીને ભાષ્યકાર કહે છે- ઉત્પન્નાસ્તિકનયનો શબ્દાર્થ પૂર્વે કહ્યો છે. ઉત્પન્ન એક સત્ છે. વર્તમાનક્ષણ સ્થિતિવાળું જ સત્ છે. કેમ કે અતીત વિનાશ પામ્યું હોવાથી અને અનાગત હજી ઉત્પન્ન થયું ન હોવાથી અસત્ છે. એ પ્રમાણે ઉત્પન્ન ધર્માસ્તિકાયાદિ એક સત્ છે, ઉત્પન્ન બે વસ્તુઓ સત્ છે, ઉત્પન્ન બહુ વસ્તુઓ સત્ છે. આ વસ્તુઓ ભિન્ન ભિન્ન છે. આ આ પ્રમાણે જ છે=ઉત્પન્ન થયેલી જ સત્ છે. અન્યથા=અનુત્પન્ન છે તો અભાવ છે. આનાથી પર્યાયાસ્તિકનયનું વ્યાખ્યાન કર્યું.

પરમાર્થથી તો વસ્તુ જ (પુદ્ગલના) પર્યાયરૂપ છે. આથી જ આ મતને (વસ્તુ જ પર્યાયરૂપ છે એ મતને) અનુસરનારાઓનો આ પ્રલાપ

છે કે ક્ષણસ્થિતિવાળા ધર્મનો અભાવ જ નાશ છે. વિપક્ષમાં(=વસ્તુને જ પર્યાયરૂપ ન માનવામાં) બાધાને કહે છે–

બીજાઓએ કલ્પેલું સત્ ઉત્પન્ન કે અનુત્પન્ન છે ? અર્થાત્ ઉત્પન્ન થયેલું સત્ છે કે અનુત્પન્ન થયેલું સત્ છે ? પ્રથમપક્ષમાં અમારા મતની સિદ્ધિ થાય છે. ઉત્તરપક્ષમાં અસત્ત્વ છે. તેથી જ ભાષ્યકાર કહે છે- "अनुत्पन्नं च" इत्यादि, વંધ્યાપુત્ર વગેરે એક અનુત્પન્ન(=પ્રગટ નહિ થયેલું) અસત્ છે. ખરવિષાણ અને શશવિષાણ એ બે અનુત્પન્ન અસત્ છે. આકાશકુસુમ, દેડકાનો જટાભાર અને કાચબાના રોમ વગેરે બહુ અનુત્પન્ન અસત્ છે. આ બધું ય અસત્ છે. કારણ કે સત્નું લક્ષણ ઉત્પત્તિ છે. આ વિકલ્પમાં ઉત્પત્તિનો અભાવ છે. આ પ્રમાણે ઉક્તનીતિથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય કથંચિત્ સત્ છે, કથંચિત્ અસત્ છે. કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે. આમ તાત્ત્વિક સૂચન કર્યું છે. અહીં દ્રવ્યાસ્તિક-નયને પ્રધાન કરવામાં અને પર્યાયાસ્તિકનયને ગૌણ કરવામાં પ્રથમ ભંગ છે. અહીં પ્રધાનતા શબ્દથી વિવક્ષિત હોવાથી પ્રધાનતા શબ્દને આધીન છે. શબ્દથી જેનો ઉલ્લેખ કર્યો નથી તેની ગૌણતા અર્થથી જણાઇ જ જાય છે. પર્યાયાસ્તિકનયને પ્રધાન કરવામાં અને દ્રવ્યાસ્તિકનયને ગૌણ કરવામાં બીજો ભંગ છે.

'अर्पित' इत्यादि (अर्पितेऽनुपनीते वाच्यं सदित्यसदिति वा=)આનાથી स्याद् अवक्तव्यम् એ ત્રીજો ભાંગો સૂચવ્યો છે.

આત્મામાં અસ્તિત્વ-નાસ્તિત્વ એ બંને યુગપદ્=એકી સાથે વિવક્ષિત હોવાથી અને ક્રમથી કહેવાની ઇચ્છા ન હોવાથી પહેલો બીજો ભાંગો પ્રાપ્ત થતો નથી. માટે સત્ એ પ્રમાણે અને અસત્ એ પ્રમાણે એક રૂપે(=એકી સાથે) કહી શકાય તેમ નથી. સત્ અને અસત્ બંનેની એકી સાથે વિવક્ષા છે. પણ (વિરુદ્ધ) એ બંને ધર્મોનો એક વસ્તુમાં સંભવ ન હોવાથી અને તે બંનેને એકી સાથે જણાવનાર શબ્દ ન હોવાથી અવાચ્ય છે. એથી स्याद् अवक्तव्यं એ ત્રીજો ભાંગો થાય છે.

[આત્મા સ્વરૂપે સત્ છે. આત્મા પરરૂપે અસત્ છે. જેમકે ઘટ. ઘટ સ્વરૂપે=ઘટરૂપે સત્ છે, પરરૂપે=પટરૂપે અસત્ છે. જો ઘટ પટરૂપે પણ સત્ હોય તો તેને પણ પટ કહેવો જોઇએ અને પટના સઘળાં કાર્યો ઘટથી થવા જોઇએ પણ તેમ બનતું નથી. આપણે બોલીએ પણ છીએ કે આ ઘટ છે, પટ નથી. આથી ઘટ પટરૂપે અસત્ છે.

આ પ્રમાણે આત્મા કથંચિત્ સત્ છે, આત્મા કથંચિત્ અસત્ છે એમ બે ભાંગા થયા. કોઇ એમ કહે કે બે ભાંગામાં ક્રમથી સત્ અને અસત્નું પ્રતિપાદન કર્યું. પણ હવે ક્રમ વિના એકી સાથે આત્મા સત્ પણ છે અને અસત્ પણ છે એમ કહો, તો અહીં કહેવું જોઇએ કે અપેક્ષા વિના સત્-અસત્ એવા વિરુદ્ધ ધર્મો જેમાં હોય એવી કોઇ વસ્તુ નથી અને એકી સાથે સત્-અસત્ને સમજાવે તેવો કોઇ શબ્દ પણ નથી. માટે ત્રીજો ભાંગો આત્માની અપેક્ષાએ અવક્તવ્ય છે.]

स्याद् सत्, स्याद् असत्, स्याद् अवक्तव्यः આ ત્રણ ભાંગા(=વિકલ્પો) સકલાદેશ છે.

ગુણી વસ્તુઓનો ગુણ વિના વિશેષ બોધ થતો નથી. (તેથી વસ્તુને ઓળખવા તેના ગુણોને આગળ કરવા જોઇએ.) તેથી કોઇ વસ્તુને એક ગુણથી=કોઇ એક ગુણને પ્રધાન બનાવીને કહેવામાં આવે ત્યારે તે ધર્માસ્તિકાય વગેરે વસ્તુને સત્ત્વાદિ કોઇ ગુણરૂપે[1] અભેદ ઉપચાર કરીને(=નિરંશ) ભાગરહિત સંપૂર્ણપણે કહેવામાં વિભાગનું નિમિત્ત એવા વિરોધી ગુણાંતર અસત્ત્વાદિની વિવક્ષા ન હોવાથી અને તે વસ્તુમાં રહેલ ગુણની વિવક્ષા હોવાથી) स्यात् सत् એ પ્રમાણે કહેવાય છે. આ પ્રમાણે સકલાદેશ છે.

ગુણીના બે વૃત્તિકૃત વિભાગમાં સત્ત્વ-અસત્ત્વ વગેરે ગુણના જોડકા રહે છે, આથી વસ્તુ ઉભયાત્મક છે. કોઇ એકાદ ગુણ સંપૂર્ણ વસ્તુમાં નથી રહેતો માટે આ સકલાદેશ આ પ્રમાણે स्याद् नित्यम् એ પ્રમાણે પણ

૧. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ એક વસ્તુમાં રહેલા બધા ધર્મો અભિન્ન=એક જ છે. પર્યાય-અર્થિકનયની અપેક્ષાએ એક વસ્તુમાં રહેલા બધા ધર્મો ભિન્ન છે એટલે પર્યાયાર્થિકનયની મુખ્યતા હોય ત્યારે અભેદનો આરોપ=ઉપચાર કરવો પડે છે. દ્રવ્યાર્થિકનયની મુખ્યતા હોય ત્યારે ભેદનો આરોપ=ઉપચાર કરવો પડે છે.

કહેવું તથા પર્યાયનયના આશ્રયવાળા અસત્ત્વ અને અનિત્યત્વને સ્વીકારીને स्यात् असत्, स्याद् अनित्यम् એવો વાક્ય પ્રયોગ થાય, (સત્ત્વ-અસત્ત્વ) ઇત્યાદિ ઉભયગુણની અપ્રધાનતા શબ્દથી એકી સાથે કહેવી હોય ત્યારે તે રીતે અભિધેય તરીકે સંમત હોવાથી 'स्याद् अवक्तव्यम्' એવો વાક્ય પ્રયોગ થાય. આનાથી સંયોગથી થનારા ભંગ સ્વરૂપ स्यादस्ति च नास्ति च ઇત્યાદિ વિકલાદેશો પણ જાણવા.

આ પ્રમાણે આ ભાંગાઓને દ્રવ્યાસ્તિકનયના અનુસારે પણ વિચારતા ભાષ્યકાર કહે છે- 'पर्यायास्तिकस्य' इत्यादि, पर्यायास्तिक શબ્દનો શબ્દાર્થ પૂર્વે (પ્રસ્તુત સૂત્રમાં) કહ્યો છે.

પર્યાયાસ્તિક શબ્દનું ગ્રહણ સ્યાદ્વાદ ધર્મસંબંધી છે એવા બોધ માટે છે. અરૂપિત્વ, સત્ત્વ, મૂર્ત્તત્વ વગેરે ધર્મો પરિણામી ધર્મીથી અત્યંત ભિન્ન નથી. આથી ધર્મ દ્વારા ધર્મસંબંધી પણ સ્યાદ્વાદ છે. કેમ કે દ્રવ્ય-પર્યાય (પરસ્પર) સંબંધવાળા(=જોડાયેલા) છે. આ રીતે જ માત્ર દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ બે નયથી જ વસ્તુ સંબંધી સ્યાદ્વાદ સિદ્ધ થાય છે. અન્યથા વસ્તુ(=ધર્મી) સંબંધી સ્યાદ્વાદ સિદ્ધ ન થાય તો સાત વિકલ્પોથી સર્વ વસ્તુ સંબંધી સ્યાદ્વાદ પર્યાયનયને આશ્રયીને જ પ્રવર્તે. આ આ પ્રમાણે નથી, અર્થાત્ સ્યાદ્વાદ એકલા પર્યાયનયને આશ્રયીને જ નથી, કિંતુ દ્રવ્યનયને આશ્રયીને પણ છે.

(सद्भावपर्याये=)સત્નું હોવું તે सद्भाव. સદ્ભાવપર્યાય એટલે સદ્ભાવ રૂપ પરિણામ. ક્રમથી અને યુગપદ્ થનાર એ પરિણામ અનેક છે. તેમાં જીવ-પુદ્ગલની અપેક્ષાએ તે તે રીતે ગતિનું કારણ બનવું અને સત્ત્વ, અમૂર્તત્વ, અસંખ્યેય પ્રદેશપણું વગેરે ધર્માસ્તિકાયનો પરિણામ છે. ધર્માસ્તિકાયનો આ પરિણામ સદ્ભાવપર્યાય છે. (ધર્માસ્તિકાયમાં રહેનારો પરિણામ છે.) અધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં રહેલા વિવિધ પર્યાયો અસદ્ભાવ પર્યાય છે અથવા વર્તમાનકાળના પર્યાયો સદ્ભાવપર્યાય છે. અતીત-અનાગત કાળના પર્યાયો અસદ્ભાવ પર્યાયો છે. પરસ્પરના પર્યાયોની અપેક્ષાએ સર્વ પદાર્થો અનંતધર્મવાળા છે. આ પ્રમાણે નિશ્ચિત

થયે છતે પ્રસ્તુત પર્યાયાસ્તિકનયના મતે એક વસ્તુમાં રહેલ સત્ત્વાદિ સદ્ભાવપર્યાયમાં, બે વસ્તુઓમાં રહેલ સદ્ભાવપર્યાયોમાં, ઘણી વસ્તુઓમાં રહેલ સદ્ભાવપર્યાયોમાં પર્યાયોની પ્રધાનતા રહે તે રીતે વિવક્ષિત એકદ્રવ્ય સત્ છે, બે દ્રવ્યો સત્ છે, બહુ દ્રવ્યો સત્ છે.

હવે (બીજી રીતે) એક સદ્ભાવપર્યાયમાં વિવક્ષિત એક દ્રવ્ય, બે દ્રવ્યો કે ઘણાં દ્રવ્યો સત્ છે. એ પ્રમાણે બે સદ્ભાવપર્યાયોમાં અને બહુ સદ્ભાવપર્યાયોમાં પણ વિચારવું.

અથવા અવિશિષ્ટ(=કોઇ વિશેષદ્રવ્યની વિવક્ષા વિના સામાન્યથી) દ્રવ્ય પદાર્થના એકત્વ, દ્વિત્વ અને બહુત્વ પર્યાયો છે. એકત્વથી વિવક્ષિત હોય ત્યારે 'स्याद् अस्ति' એવો પ્રયોગ થાય. કેમ કે એકત્વથી વિવક્ષિત છે, એક સંખ્યારૂપે જ છે. (બે કે બહુ સંખ્યા રૂપે વિવક્ષિત નથી.) આત્મામાં (एकत्व સિવાય) બીજા ધર્મો હોવા છતાં એ ધર્મોની વિવક્ષા કરી નથી.

બીજા અસદ્ ભાંગાને વિચારવા માટે કહે છે- સ્થિતિ[૧] આદિ પરપર્યાયો અને અતીત-અનાગતપર્યાયો અસદ્ભાવપર્યાયો છે. આવા પ્રકારના અસદ્ભાવપર્યાયની વિવક્ષા હોય ત્યારે વિવક્ષિત કોઇ એક અસદ્ભાવ-પર્યાયમાં, વિવક્ષિત બે અસદ્ભાવપર્યાયોમાં, વિવક્ષિત ઘણા અસદ્ભાવ-પર્યાયોમાં એક દ્રવ્ય વગેરે પૂર્વવત્ સમજવું. અહીં વાક્યપ્રયોગ આ પ્રમાણે થાય- स्याद् नास्ति. કેમ કે પરપર્યાયોથી આત્મા નથી.

હવે અવક્તવ્યતાની વિચારણા માટે કહે છે- "तदुभयपर्याये च" इत्यादि, तद् એવા શબ્દથી અતિક્રાંત(=હમણાં જ કહેલા) બે વિકલ્પોનો પરામર્શ જાણવો, અર્થાત્ સદ્ભાવ અને અસદ્ભાવ એ પર્યાયોના અહીં પરિગ્રહ કરવા માટે तद् શબ્દ છે. અસ્તિત્વ-નાસ્તિત્વ રૂપ ઉભયપર્યાય છે. તે ઉભયપર્યાય સંબંધી આદેશથી વિવક્ષિત ધર્મતત્ત્વની अस्ति-नास्ति એમ યુગપદ્ વિવક્ષા કરવાની હોય ત્યારે ઉક્ત પ્રકારની ભાવનાથી

૧. અધર્માસ્તિકાયનો સ્થિતિપર્યાય, આકાશનો અવગાહ પર્યાય, પુદ્ગલના સ્પર્શ વગેરે પર્યાયો, ધર્માસ્તિકાયના પરપર્યાયો છે.

કહેવાનું શક્ય નથી માટે અવાચ્ય છે. ઉભયપર્યાયોથી વિવક્ષિત ધર્મીરૂપ દ્રવ્ય 'द्रव्यं वा' ઈત્યાદિ વિકલ્પથી સદ્દ્રવ્ય-અસદ્દ્રવ્ય એ પ્રમાણે વાચ્ય (=વક્તવ્ય) નથી.

ક્રમથી આદેશમાં આ કહેવાનું શક્ય છે. યુગપદ્ વિવક્ષામાં ન તો સત્ શબ્દથી વાચ્ય છે અને ન તો અસત્ શબ્દથી વાચ્ય છે. કેમકે એક કાળે તેવા પ્રકારનો વાચક કોઈ શબ્દ જ નથી.

**પૂર્વપક્ષ–** તદ્દુભય પર્યાયમાં એકવચન ન ઘટી શકે. (કેમ કે બે છે.) હવે જો એક પર્યાયની વિવક્ષા હોય તો અવક્તવ્ય ભાંગો ન ઘટે.

**ઉત્તરપક્ષ–** ઉભય શબ્દના ગ્રહણથી અહીં દ્વય ગ્રહણ કરવામાં આવે છે. (દ્વય શબ્દનો એક વચનમાં પ્રયોગ થાય છે.)

**પૂર્વપક્ષ–** જો એમ છે તો तदुभयपर्यायोर्वा એ ભાંગાથી तदुभयपर्याये वा એ ભાંગામાં કોઈ વિશેષતા રહેતી નથી.

**ઉત્તર–** આ એ પ્રમાણે નથી, કારણ કે तदुभयपर्यायेમાં વિશેષ વિવક્ષાથી અસ્તિત્વ સ્વપર્યાય સંબંધી અને પરપર્યાય સંબંધી છે. અસ્તિત્વનું સ્વપર્યાયથી નિર્ણય કરવામાં આવે ત્યારે અસ્તિ એમ ગ્રહણ કરાય છે. (કારણ કે સ્વપર્યાયથી આત્મા સત્ છે.) અસ્તિત્વનું જ પરપર્યાયથી નિર્ણય કરવામાં આવે ત્યારે નાસ્તિ એમ ગ્રહણ કરવું જોઈએ. (કારણ કે પરપર્યાયથી આત્મા અસત્ છે.) હમણાં ઉભય-પર્યાયોની યુગપદ્ વિવક્ષા કરવામાં અવક્તવ્ય થાય છે. तदुभयपर्यायोर्वा ઈત્યાદિ સ્થળે ભેદપ્રધાનતાની વ્યાખ્યામાં દ્વિવચન વગેરેનો નિર્દેશ યોગ્ય છે અથવા જાતિ વિવક્ષામાં દ્વિવચન વગેરેનો નિર્દેશ યોગ્ય છે. કારણ કે જાતિ એક હોવાથી એકવચનની સિદ્ધિ થાય છે.

આ પ્રમાણે આ ત્રણ સકલાદેશો છે અને ભાષ્ય દ્વારા વિશેષથી કહેવાયા છે. હવે વિકલાદેશની વિશેષથી વિચારણા કરવા માટે ભાષ્યકાર કહે છે- देशादेशेन विकल्पयितव्यम् इति, इति શબ્દનો ઉલ્લેખ વિકલ્પો આટલા જ છે એમ પરિમાણ (સંખ્યા) જણાવવા માટે છે.

**પ્રશ્ન–** ભાષ્યમાં विकल्पयितव्यम् એમ નપુંસકલિંગનો પ્રયોગ કેમ કર્યો ? (કેમ કે નય શબ્દ પુંલિંગ છે.)

**ઉત્તર–** पर्यायास्तिकम् એ પ્રમાણે નપુંસકલિંગ પ્રારંભ થયો હોવાથી विकल्पयितव्यम् એમ નપુંસકલિંગમાં પ્રયોગ છે.

**પ્રશ્ન–** જેવી રીતે ભાષ્યકારે ત્રણ સકલાદેશો કહ્યા તેમ બીજા પણ ચાર વિકલાદેશો ભાષ્ય વડે કેમ ન કહ્યા ?

**ઉત્તર–** અહીં ભાષ્યકારનો અભિપ્રાય આ જણાય છે- સકલાદેશોના સંયોગથી ચાર વિકલાદેશોની સિદ્ધિ થાય છે. આથી સરળતાથી સમજી શકાય તેવા છે. તેમાં–

(૧) પહેલા-બીજા વિકલ્પના સંયોગમાં स्यादस्ति च नास्ति च એવા ચોથા વિકલ્પની સિદ્ધિ થાય છે.

(૨) પહેલા-ત્રીજા વિકલ્પના સંયોગમાં स्यादस्ति चावक्तव्यं चेति એવા પાંચમા વિકલ્પની સિદ્ધિ થાય છે.

(૩) બીજા-ત્રીજા વિકલ્પના સંયોગમાં स्यान्नास्ति चावक्तव्यं चेति એવા છઠ્ઠા વિકલ્પની સિદ્ધિ થાય છે.

(૪) પહેલા-બીજા-ત્રીજા વિકલ્પના સંયોગમાં स्यादस्ति च स्यान्नास्ति चावक्तव्यं चेति એવા સાતમા વિકલ્પની સિદ્ધિ થાય છે.

તેમાં પ્રથમના ત્રણ વિકલ્પોમાં સકળ જ(=સંપૂર્ણ જ) દ્રવ્યની વિવક્ષા કરાય છે. ચોથાદિ વિકલ્પોમાં ન્યૂન કરાયેલા ખંડ ખંડ દ્રવ્યની વિવક્ષા કરાય છે. તેથી કહે છે- 'देशादेशेन' इत्यादि, સંપૂર્ણ વસ્તુનો બુદ્ધિરૂપ છેદથી વિભક્ત કરાયેલો અવયવ તે દેશ. તે દેશમાં આદેશ=દેશાદેશ. તેનાથી विकल्पनीयं એટલે વ્યાખ્યાન કરવું. ધર્માસ્તિકાયાદિ તત્ત્વનું દેશથી વ્યાખ્યાન કરવું. આ પ્રમાણે ચારેય વિકલ્પોનું ગ્રહણ કર્યું છે. [આ પ્રમાણે દરેક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ હોવા છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ સિદ્ધ થતા સત્ત્વ-અસત્ત્વ આદિ ધર્મયુગલને આશ્રયીને વિધિ-નિષેધથી સપ્તભંગી થાય છે.]

આ સાત વાક્યોમાં સાત ભંગો=પ્રકારો થતા હોવાથી આ સાત વાક્યોને સપ્તભંગી કહેવામાં આવે છે. સંસ્કૃતમાં આ સાત વાક્યોની રચના નીચે મુજબ છે–

**સપ્તભંગી**

(૧) आत्मा स्यान्नित्य एव-આત્મા અપેક્ષાએ નિત્ય જ છે.

(૨) आत्मा स्यादनित्य एव-આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે.

(૩) आत्मा स्यान्नित्य एव, स्यादनित्य एव-આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે.

(૪) आत्मा स्यादवक्तव्य एव-આત્મા અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૫) आत्मा स्यान्नित्य एव, स्यादवक्तव्य एव-આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૬) आत्मा स्यादनित्य एव, स्यादवक्तव्य एव-આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૭) आत्मा स्यान्नित्य एव स्यादनित्य एव, स्यादवक्तव्य एव-આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે. (૫-૩૧)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता सङ्घातभेदेभ्यः स्कन्धा उत्पद्यन्त इति । तत्किं संयोगमात्रादेव सङ्घातो भवति । आहोस्विदस्ति कश्चिद्विशेष इति । अत्रोच्यते- सति संयोगे बद्धस्य सङ्घातो भवतीति । अत्राह- अथ कथं बन्धो भवतीति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** "સંઘાત ભેદોથી સ્કંધો ઉત્પન્ન થાય છે" એમ (અ.૫ સૂ.૨૬ માં) આપે કહ્યું છે. તેથી શું સંયોગમાત્રથી જ સંઘાત થાય છે કે કોઇ વિશેષ છે ?

**ઉત્તર–** સંયોગ થયે છતે બંધાયેલાનો (=એકત્વ પરિણામને પામેલાનો) સંઘાત થાય છે.

**પ્રશ્ન–** હવે બંધ કેવી રીતે થાય છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अत्र प्रस्तावे आह परः-उक्तं भवता, किमित्याह-सङ्घातभेदेभ्यः स्कन्धा उत्पद्यन्त इत्येतत्, किमित्याह-तत् किं संयोगमात्रादेव सङ्घातो भवति, स्कन्ध इत्यर्थः, आहोश्विदस्त्यत्र संयोगे कश्चित् प्रतिविशेष इति, अत्रोच्यते इत्यादि, सति संयोगे परस्परसङ्घट्टलक्षणे बद्धस्यैकत्वपरिणतिमतः सङ्घातो भवति, स्कन्धः, नाबद्धस्य, संयोगमात्रात् स्कन्धासिद्धेः, अत्राह-'अथे'त्यादि, अथेत्यानन्तर्यार्थः, बन्धः स्कन्धपरिणामहेतुः कथं भवतीति, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' इत्यादि ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. આ અવસરે બીજો કહે છે- સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈપણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે એમ આપે (૫-૨૬ સૂત્રમાં) કહ્યું છે, તો શું સંયોગમાત્રથી જ સ્કંધ થાય છે ? કે સંયોગમાં કોઇ વિશેષતા છે ?

अत्रोच्यते इत्यादि, પરસ્પર સંઘટ્ટન રૂપ સંયોગ થયે છતે એકત્વ પરિણામવાળા અણુઓ વગેરેનો સ્કંધ થાય છે, એકત્વપરિણામથી રહિતનો નહિ. કારણ કે સંયોગમાત્રથી સ્કંધ થતો નથી.

### બંધપ્રકરણ

'अत्राह-अथ' इत्यादि, अथ શબ્દ આનન્તર્ય અર્થમાં છે. સ્કંધ પરિણામનો હેતુ એવો બંધ કેવી રીતે થાય છે ? અહીં ઉત્તર કહેવામાં આવે છે–

**પુદ્ગલના બંધમાં હેતુ–**

## स्निग्धरूक्षत्वाद्बन्धः ॥५-३२॥

**સૂત્રાર્થ–** સ્નિગ્ધ અને રૂક્ષસ્પર્શથી સંયુક્ત પુદ્ગલોનો બંધ થાય છે. (૫-૩૨)

**भाष्यं–** स्निग्धरूक्षयोः पुद्गलयोः स्पृष्टयोर्बन्धो भवतीति ॥५-३२॥

**ભાષ્યાર્થ–** ઉત્તર– સંયુક્ત થયેલા સ્નિગ્ધ, રૂક્ષ એ બે પુદ્ગલોનો બંધ થાય છે. (૫-૩૨)

**टीका–** नेतरेतरानुवेधादिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'स्निग्धरूक्षयो'रित्यादिना स्नेहो हि गुणः स्पर्शाख्यः, तथा रूक्षोऽपि, एकः स्निग्धः अपरो रूक्षस्तयोः स्निग्धरूक्षयोः पुद्गलयोः परमाण्वोः परमाणूनां वा बहूनां, द्विवचनोपन्यासस्तु सर्वलघुस्कन्धदर्शनार्थः, स्पृष्टयोरिति संयुक्तयोस्तथैकपरिणामात्, किमित्याह-बन्धो भवति रूक्षस्नेहविशेषात्, श्लेषमष्टप(ःमृदाप)बन्धवत् (बन्धः-अण्वन्तरेणाणोः श्लेषः, मृद्रजोभिस्तृणादिबन्धवत्), चिक्कणत्वलक्षणः परिणामः स्नेहस्त-द्विपरीतो रूक्ष इति, घटादिप्रत्यक्षसिद्धकार्यगम्योऽयमित्यविषयः, सुधियां विवादस्य, तदिह देशादिसंयोगविकल्पाः हस्तिव्यापादनोक्तौ प्राप्ताप्राप्तविकल्पतुल्या इति न तेष्वास्था विधेया इति ॥५-३२॥

**ટીકાર્થ–** કેવળ પરસ્પરના સંસર્ગથી બંધ થતો નથી. (સંયોગ ઉપરાંત સ્નેહ-રૂક્ષ ગુણના કારણે બંધ થાય છે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "स्निग्धरूक्षयोः" ઇત્યાદિથી કહે છે- સ્નેહ સ્પર્શ નામનો ગુણ છે. તેનો પરિણામ તે સ્નિગ્ધ. તે રીતે રૂક્ષ વિષે પણ જાણવું. એક સ્નિગ્ધ અને બીજો રૂક્ષ. સ્નિગ્ધ-રૂક્ષ અને તેવા પ્રકારના એક પરિણામથી સંયુક્ત એવા બે પરમાણુઓનો કે ઘણાં પરમાણુઓનો બંધ થાય છે. અહીં દ્વિવચનનો પ્રયોગ સર્વથી લઘુ સ્કંધને બતાવવા માટે છે. બે પરમાણુઓ ભેગા થાય એટલે દ્વ્યણુક સ્કંધ બને. દ્વ્યણુક સ્કંધ સર્વ સ્કંધોથી લઘુ છે. દ્વ્યણુકથી નાનો કોઇ સ્કંધ નથી. (પરમાણુઓનો બંધ શાના કારણે થાય તે કહે છે-) रूक्षस्नेहविशेषात्=રૂક્ષ અને સ્નેહ રૂપ ગુણનો ભેદ હોવાથી બંધ થાય છે. (કારણ કે गुणसाम्ये सदृशानाम् એ સૂત્રથી સદૃશમાં ગુણની સમાનતા હોય તો બંધ થતો નથી.)

(કોની જેમ બંધ થાય છે તે જણાવે છે-) (એક અણુનો બીજા અણુની સાથે માટીની રજની સાથે તૃણાદિની જેમ બંધ થાય છે.) श्लेषमष्टप(मृदाप)[1]बन्ध-वत्= સંયોગવાળા(=ભેગા થયેલા) માટી પાણીના બંધની જેમ બંધ થાય છે.

૧. કોઇ પણ શબ્દકોષમાં मष्टप એવો શબ્દ જોવામાં આવ્યો નથી. આથી સંભાવના કરીને કાંઉસમાં मष्टप શબ્દના સ્થળે मृदाप એવો શબ્દ લખ્યો છે. मृद्+आप=मृदाप. आप એટલે પાણીનો સમૂહ.

ચિક્કણાપણારૂપ જે પરિણામ તે સ્નેહ છે. તેનાથી વિપરીત રૂક્ષ છે. આ બંધ પ્રત્યક્ષથી સિદ્ધ એવા ઘટાદિરૂપ કાર્યથી જાણી શકાય છે. આથી બંધ વિદ્વાનોના વિવાદનો વિષય નથી, અર્થાત્ વિદ્વાનો બંધ અંગે વિવાદ કરતા નથી.

તેથી અહીં દેશાદિ સંયોગના વિકલ્પો 'હાથી મારે છે'. એવા વચનમાં પ્રાપ્ત-અપ્રાપ્ત વિકલ્પ સમાન છે. તેથી તે વિકલ્પોમાં શ્રદ્ધા કરવા જેવી નથી. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- પરમાણુઓનો દેશથી સંયોગ થાય તો બંધ થાય કે સર્વથી સંયોગ થાય તો બંધ થાય ? એવા બે વિકલ્પો છે.

વ્યવહારુ બુદ્ધિથી રહિત કોઈ ન્યાયના પંડિત નગરની શેરીમાં જઈ રહ્યા હતા. સામેથી હાથી આવી રહ્યો હતો. લોકોએ કહ્યું: હાથી આવી રહ્યો છે, એક બાજુથી ચાલો નહીંતર હાથી કચડી નાખશે. પંડિતે ન્યાયથી તર્ક આપ્યો કે હાથી પ્રાપ્તને મારે છે કે અપ્રાપ્તને ? લોકોએ કહ્યું: પ્રાપ્તને મારે છે. પંડિતે દલીલ કરી કે તો મહાવતને કેમ નથી મારતો તે તો પ્રાપ્ત છે. (હાથી ઉપર બેઠો છે.) એમ દલીલ કરી હાથીના માર્ગને ન છોડ્યો. સામેથી હાથીએ આવીને તેને કચડી નાખ્યો.

જેમ અહીં પ્રાપ્તને મારે છે કે અપ્રાપ્તને ? એમ પ્રાપ્ત-અપ્રાપ્ત વિકલ્પો નિરર્થક છે, તેમ બંધમાં દેશથી સંયોગ અને સર્વથી સંયોગ એવા વિકલ્પો નિરર્થક છે. (૫-૩૨)

**भाष्यावतरणिका–** अत्राह- किमेष एकान्त इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** શું આ બધા જ પ્રકારના સ્નિગ્ધ, રૂક્ષ પુદ્ગલોનો બંધ થાય એ એકાંત છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थ एव किमेष एकान्त इति, किमिति प्रश्नार्थः, एष इत्यनन्तरयोगार्थाभिसम्बन्धः एकान्तो नियमः, यदुत सर्वस्य स्निग्धस्य सर्वेण रूक्षेण बन्धः ?, इत्यत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. શું આ એકાંતે નિયમ છે કે સર્વ પ્રકારના સ્નિગ્ધનો સર્વ પ્રકારના રૂક્ષની સાથે બંધ થાય ? અહીં ઉત્તર આપવામાં આવે છે–

**બંધના વિષયમાં પ્રથમ અપવાદ–**

**न जघन्यगुणानाम् ॥५-३३॥**

**સૂત્રાર્થ–** જઘન્ય ગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી. (૫-૩૩)

**भाष्यं–** जघन्यगुणस्निग्धानां जघन्यगुणरूक्षाणां च परस्परेण बन्धो न भवतीति ॥५-३३॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** જઘન્યગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલોનો અને જઘન્ય ગુણવાળા રૂક્ષ પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી. (૫-૩૩)

**टीका–** अतिप्रसक्तस्य विधेरपवादः सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'जघन्यगुणाना'मित्यादिना अणवो ह्येकगुणस्निग्धादिक्रमेण सङ्ख्येयासङ्ख्येयानन्तगुणस्निग्धा भवन्ति, एवं रूक्षा अपि, जघने भवो जघन्यः जघन्य इव अन्त्यो निकृष्ट इत्यर्थः, जघन्यश्चासौ गुणश्च जघन्यगुणः जघन्यगुणः स्निग्धो येषां ते जघन्यगुणस्निग्धाः, तेषां, जघन्यगुणरूक्षाणां च परस्परेण अन्योऽन्यं स्वतः परतश्च बन्धो न भवति, तथास्वभावत्वादिति ॥५-३३॥

**ટીકાર્થ–** અતિપ્રસક્ત(=અતિ વિસ્તારવાળી) વિધિનો આ અપવાદ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'जघन्यगुणानाम्' ઇત્યાદિથી કહે છે. અણુઓ એકગુણ સ્નિગ્ધ આદિ ક્રમથી, સંખ્યાતગુણ સ્નિગ્ધ, અસંખ્યાતગુણ સ્નિગ્ધ અને અનંતગુણ સ્નિગ્ધ હોય છે. એ પ્રમાણે રૂક્ષ અણુઓ પણ હોય છે. जघने भवः જંઘામાં (કેડની નીચેના ભાગમાં) થયેલ તે જઘન્ય. જઘન્યની જેમ જે અંતિમ હલકું હોય તે જઘન્ય(અર્થાત્ સર્વથી ન્યૂન). જઘન્ય એવો ગુણ તે જઘન્યગુણ. જઘન્યગુણ સ્નિગ્ધ જેમને હોય તે જઘન્યગુણસ્નિગ્ધ. જઘન્યગુણસ્નિગ્ધ અને જઘન્યગુણરૂક્ષ પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી.

**પ્રશ્ન–** આનું શું કારણ ?

**ઉત્તર–** તેવા પુદ્ગલોનો તેવો(=બંધ ન થવાનો) સ્વભાવ છે. (૫-૩૩)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता जघन्यगुणवर्जानां स्निग्धानां रूक्षेण रूक्षाणां च स्निग्धेन सह बन्धो भवतीति । अथ तुल्य-गुणयोः किमत्यन्तप्रतिषेध इति । अत्रोच्यते- न जघन्यगुणानामित्यधि-कृत्येदमुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** જઘન્યગુણ સિવાયના સ્નિગ્ધ-પુદ્ગલોનો રૂક્ષપુદ્ગલોની સાથે અને રૂક્ષપુદ્ગલોનો સ્નિગ્ધપુદ્ગલોની સાથે બંધ થાય એમ આપે કહ્યું. હવે તુલ્યગુણવાળા પુદ્ગલોના બંધનો શું અત્યંત પ્રતિષેધ છે ?

**ઉત્તર–** જઘન્યગુણવાળા પુદ્ગલોનો બંધ ન થાય એ નિયમને આશ્રયીને આ (હવે કહેવાશે તે) કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि उक्तं भवता अनन्तरसूत्रं 'जघन्यगुणवर्जाना'मिति, एकगुणस्निग्धैकगुणरूक्षवर्जानां स्निग्धानां रूक्षेण सह रूक्षाणां स्निग्धेन सह सम्बन्धो भवतीति सामर्थ्यादुक्तं, अथ तुल्यगुणयोरिति प्रस्तुतानन्तरवचनोऽथशब्दः, तुल्यगुणयोरिति सदृशगुणयोः स्निग्धाद्यधिकरणयोः द्व्यादिगुणापेक्षया किमेकान्तेनैव प्रतिषेधो बन्धस्येति, अत्रोच्यते समाधिः-न जघन्यगुणानामिति यदुक्तं एतदधिकृत्योच्यते, किमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' ઇત્યાદિ, અનંતર સૂત્રમાં આપે જઘન્ય ગુણવાળા પુદ્ગલો સિવાયના પુદ્ગલોનો બંધ થાય એમ કહ્યું. આ કથનના સામર્થ્યથી આપે એકગુણસ્નિગ્ધ-એકગુણરૂક્ષ સિવાયના સ્નિગ્ધ પુદ્ગલોનો રૂક્ષની સાથે અને રૂક્ષ પુદ્ગલોનો સ્નિગ્ધની સાથે બંધ થાય એમ કહ્યું.

'अथ तुल्यगुणयोः' इति, अथ શબ્દ પ્રસ્તુત વચન પછીના અનંતર વચન માટે છે. તુલ્ય ગુણવાળા એટલે સમાન ગુણવાળા. સ્નિગ્ધાદિના અધિકરણ અને દ્વિગુણ(=બે ગુણ) આદિની અપેક્ષાએ સમાન ગુણવાળા પુદ્ગલોના બંધનો શું એકાંતે પ્રતિષેધ છે ? "જઘન્યગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી" એમ જે (ગત સૂત્રમાં) કહ્યું છે એને આશ્રયીને સમાધાન કહેવાય છે, અર્થાત્ તે સૂત્રમાં જેમ એકાંતે પ્રતિષેધ છે તેમ આ સૂત્રમાં એકાંતે પ્રતિષેધ છે. શું સમાધાન કહેવાય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે—

**બંધના વિષયમાં બીજો અપવાદ—**

## गुणसाम्ये सदृशानाम् ॥५-३४॥

**સૂત્રાર્થ—** ગુણની સમાનતા હોય તો સદૃશ પુદ્ગલોનો બંધ થતો નથી. (૫-૩૪)

**भाष्यं—** गुणसाम्ये सति सदृशानां बन्धो न भवति । तद्यथा- तुल्यगुणस्निग्धस्य तुल्यगुणस्निग्धेन तुल्यगुणरूक्षस्य तुल्यगुणरूक्षेणेति ।

अत्राह- सदृशग्रहणं किमपेक्षत इति । अत्रोच्यते- गुणवैषम्ये सदृशानां बन्धो भवतीति ॥५-३४॥

**ભાષ્યાર્થ—** ગુણનું સામ્ય હોય તો સમાન ગુણવાળા પુદ્ગલોનો બંધ ન થાય. તે આ પ્રમાણે- તુલ્યગુણ સ્નિગ્ધનો તુલ્યગુણ સ્નિગ્ધની સાથે અને તુલ્યગુણ રૂક્ષનો તુલ્યગુણ રૂક્ષની સાથે બંધ ન થાય.

**પ્રશ્ન—** કઈ અપેક્ષાથી અહીં સદૃશ શબ્દનું ગ્રહણ કર્યું છે ?

**ઉત્તર—** ગુણનું વૈષમ્ય હોય તો સમાન પુદ્ગલોનો બંધ થાય છે એ જણાવવા અહીં સદૃશનું ગ્રહણ કર્યું છે. (૫-૩૪)

**टीका—** यथैव स्निग्धरूक्षाणां जघन्यगुणानां न बन्धस्तथैव गुणसाम्ये सदृशानां न बन्ध इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'गुणसाम्ये सती'त्यादिना गुणाः-स्निग्धरूक्षाः तेषां साम्यं-समत्वं, गुणानां साम्यं गुणसाम्यं तस्मिन् गुणसाम्ये तुल्यसङ्ख्यत्वे सति, सदृशानां बन्धो न

भवति, पूर्वापवादविशेषसमर्थनार्थमेतत्, न जघन्यगुणानामित्यभिधाय तद्विशेषमपवदते तं चापोह्यमानमुदाहरणेनाह-'तद्यथे'त्यादि, तुल्य-गुणस्निग्धस्य-द्व्यादिगुणस्निग्धादेरनन्तगुणस्निग्धावसानस्य तुल्यगुण-स्निग्धेनैवम्भूतेनैव, एवं तुल्यगुणरूक्षस्य द्व्यादिगुणरूक्षादेरनन्तगुण-रूक्षावसानस्य तुल्यगुणरूक्षेणैवम्भूतेनैव बन्धो न भवति, येषां तु प्रकर्षापकर्षवृत्त्या गुणसाम्यं सङ्ख्यया तत्सदृशा एव भवन्तीति सदृशग्रहणं किमपेक्षत इति प्रश्नयति, सूरिस्तु विशिष्टार्थप्रतिपत्त्यर्थमेतदिति चेतस्याधायाह-अत्रोच्यत इत्यादि, गुणवैषम्ये सदृशानां बन्धो भवतीति, स्निग्धरूक्षतया वैषम्ये सति सदृशानामुपसङ्ख्यया बन्धो भवतीति गुरवः, यतः किलायमागमः "णिद्धस्स णिद्धेण दुयाहिएणं, लुक्खस्स लुक्खेण दुयाहिएण। णिद्धस्स लुक्खेण उवेइ बंधो, जहण्णवज्जो विसमो समो वा" ॥१॥ इत्यादि, अन्ये तु व्याचक्षते-स्नेहगुणवैषम्य एव सङ्ख्यया रूक्षगुणवैषम्येन सदृशानामिति वस्त्वेहादिमात्रगुणनिबन्धनमेव सादृश्यमिति ॥५-३४॥

**ટીકાર્થ–** જેમ જઘન્યગુણવાળા સ્નિગ્ધ-રૂક્ષ પુદ્‌ગલોનો બંધ થતો નથી, તેમ ગુણની સમાનતા હોય તો સદશ પુદ્‌ગલોનો બંધ થતો નથી. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'गुण साम्ये सति' ઇત્યાદિથી કહે છે- અહીં સ્નિગ્ધ અને રૂક્ષ ગુણો જાણવા. ગુણોનું સામ્ય=ગુણસામ્ય. તુલ્ય સંખ્યાવાળા ગુણો હોય ત્યારે સદશ પુદ્‌ગલોનો બંધ થતો નથી. પૂર્વે સૂત્રમાં કહેલા અપવાદનું વિશેષ સમર્થન કરવા માટે આ સૂત્ર છે. न जघन्यगुणानाम् એ સૂત્રને કહીને બંધવિશેષનો અપવાદ કરે છે. અપવાદ કરાતા બંધવિશેષને ઉદાહરણથી કહે છે- तद्यथा इत्यादि દ્વિગુણ સ્નિગ્ધથી પ્રારંભી અનંતગુણ સ્નિગ્ધ સુધીના પુદ્‌ગલનો તેવા જ પ્રકારના(=તેટલા જ ગુણવાળા) પુદ્‌ગલની સાથે બંધ થતો નથી. એ પ્રમાણે દ્વિગુણ રૂક્ષથી પ્રારંભી અનંતગુણ રૂક્ષ સુધીના પુદ્‌ગલનો તેવા જ પ્રકારના પુદ્‌ગલની સાથે બંધ થતો નથી.

[જેમ કે પંચગુણ સ્નિગ્ધનો પંચગુણ સ્નિગ્ધની સાથે બંધ ન થાય. અહીં ગુણ સામ્ય છે. કેમ કે બંને સ્નિગ્ધ છે. સદશ પણ છે. કેમ કે બંનેમાં પાંચની સંખ્યા છે. પંચગુણ સ્નિગ્ધની સાથે પંચગુણ રૂક્ષનો બંધ થાય. કેમ કે અહીં ગુણની સમાનતા નથી. પંચગુણ સ્નિગ્ધની સાથે સપ્તગુણ સ્નિગ્ધનો બંધ થાય. કેમકે અહીં સદશ નથી. એક પંચગુણ છે અને બીજો સપ્તગુણ છે.]

જે પુદ્‌ગલોમાં પ્રકર્ષ-અપકર્ષવૃત્તિથી(=વધ-ઘટ થવાથી) ગુણોનું સામ્ય હોય તે પુદ્‌ગલો સંખ્યાથી ગુણ સદશ જ હોય. એથી સૂત્રકાર સૂત્રમાં **सद्दश** શબ્દ ગ્રહણની અપેક્ષા કેમ રાખે છે એવો પ્રશ્ન કરે છે. આચાર્ય ભગવંત સદશ શબ્દનું ગ્રહણ વિશિષ્ટ અર્થના બોધ માટે છે એમ મનમાં રાખીને કહે છે-

'**अत्रोच्यते**' ઇત્યાદિ. ગુણ વૈષમ્ય હોય તો સદશ પુદ્‌ગલોનો બંધ થાય છે. સ્નિગ્ધ રૂક્ષપણે(=એક સ્નિગ્ધ અને બીજો રૂક્ષ એ રીતે) વિષમતા હોય તો સંખ્યાથી સદશ પુદ્‌ગલોનો બંધ થાય છે એમ ગુરુઓ કહે છે. કારણ કે આ વિષે આગમ આ પ્રમાણે છે- "સ્નિગ્ધનો દ્વ્યધિક સ્નિગ્ધની સાથે રૂક્ષનો દ્વ્યધિક રૂક્ષની સાથે, વિષમગુણમાં કે સમગુણમાં સ્નિગ્ધનો રૂક્ષની સાથે બંધ થાય છે. પણ જઘન્યનો [1]જઘન્ય ગુણની સાથે બંધ ન થાય.

બીજાઓ કહે છે કે અહીં સ્નેહગુણની વિષમતા હોય તો જ સંખ્યાથી રૂક્ષગુણની વિષમતાથી સદશોનો બંધ થાય છે. માટે અહીં સમાનતા સ્નેહાદિના જ કારણે નથી.[2] (૫-૩૪)

---

૧. **न जघन्यगुणानाम्** એ સૂત્રથી જઘન્યગુણવાળા પુદ્‌ગલોનો પરસ્પર બંધ થતો નથી. ગુણના જે ભાગમાંથી કેવળીની દૃષ્ટિએ પણ બે વિભાગ ન થઇ શકે તેવો સૌથી નાનો ગુણનો ભાગ જે પુદ્‌ગલમાં હોય તે પુદ્‌ગલ જઘન્યગુણ છે.

૨. સિદ્ધસેનગણિકૃત મોટી ટીકામાં લખેલા પાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે- અહીં અન્ય આચાર્ય મહારાજા કહે છે કે- એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધની સાથે, એકગુણ રૂક્ષનો દ્વિગુણ રૂક્ષની સાથે બંધ થાય, પણ આ સંપ્રદાયથી અને આગમથી પ્રાયઃ વિરુદ્ધ છે માટે એ આદરવા યોગ્ય નથી.

**भाष्यावतरणिका–** अत्राह- किमविशेषेण गुणवैषम्ये सदृशानां बन्धो भवतीति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** ગુણના વૈષમ્યમાં સદશોનો બંધ શું સામાન્યથી થાય છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, किमविशेषेण गुणवैषम्ये सति सङ्ख्यया सदृशानां स्निग्धत्वेन बन्धो भवति, एकगुण-स्निग्धादेर्द्विगुणाद्यनन्तगुणावसानस्निग्धादिनाऽपीति, अत्रोच्यते- नाविशेषेण गुणवैषम्ये, किन्तु–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. ગુણવૈષમ્ય હોય તો સંખ્યાથી સદશ પુદ્ગલોનો બંધ શું અવિશેષથી (=વિશેષ નિયમ વિના) થાય છે ? અર્થાત્ એક ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો દ્વિગુણ સ્નિગ્ધથી પ્રારંભી અનંતગુણ સ્નિગ્ધ સુધીનાં બધા જ પુદ્ગલોની સાથે બંધ થાય ?

અહીં ઉત્તર કહેવામાં આવે છે. ગુણવૈષમ્ય હોય તો અવિશેષથી (=વિશેષ નિયમ વિના) બંધ ન થાય. કિંતુ–

**બંધના વિષયમાં ત્રીજો અપવાદ–**

## द्व्यधिकादिगुणानां तु ॥५-३५॥

**સૂત્રાર્થ–** સદશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોવા ઉપરાંત દ્વિગુણ વગેરે અધિક હોય તો પરસ્પર બંધ થાય. (૫-૩૫)

**भाष्यं–** द्व्यधिकादिगुणानां तु सदृशानां बन्धो भवति । तद्यथा- स्निग्धस्य द्विगुणाद्यधिकस्निग्धेन । द्विगुणाद्यधिकस्निग्धस्य स्निग्धेन । रूक्षस्यापि द्विगुणाद्यधिकरूक्षेण । द्विगुणाद्यधिकरूक्षस्य रूक्षेण । एकादिगुणाधिकयोस्तु सदृशयोर्बन्धो न भवति । अत्र तुशब्दो व्यावृत्तिविशेषणार्थः प्रतिषेधं व्यावर्तयति बन्धं च विशेषयति ॥५-३५॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** સદશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોવા ઉપરાંત દ્વિગુણ વગેરે સ્પર્શથી અધિક હોય તો પરસ્પર બંધ થાય. તે આ પ્રમાણે-

સ્નિગ્ધ પુદ્ગલનો દ્વિગુણ વગેરેથી અધિક સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ થાય. દ્વિગુણ વગેરેથી અધિક સ્નિગ્ધ પુદ્ગલોનો સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ થાય. રૂક્ષ પુદ્ગલનો પણ દ્વિગુણાદિથી અધિક રૂક્ષ પુદ્ગલની સાથે બંધ થાય. દ્વિગુણાદિથી અધિક રૂક્ષ પુદ્ગલનો રૂક્ષ પુદ્ગલની સાથે બંધ થાય. એકાદિ ગુણથી અધિક સમાન પુદ્ગલોનો બંધ ન થાય. અહીં "તુ" શબ્દ વ્યાવૃત્તિના વિશેષણ માટે છે. પ્રતિષેધને પાછું વાળે છે અને બંધને વિશેષ કરે છે. (૫-૩૫)

**टीका–** समुदायार्थः प्रकटः । अवयवार्थं त्वाह–'द्व्यधिकादिगुणानां त्वि'त्यादिना द्वाभ्यां गुणविशेषाभ्यां अन्यस्मादधिको यः परमाणुः स आदिर्येषां गुणानां ते द्व्यधिकादिगुणाः, गुणशब्दोऽत्र गुणिवचनः, गुणवन्तो गुणाः, परमाणव इत्यर्थः, तेषां द्व्यधिकादिगुणानां अणूनां सदृशानां बन्धो भवति, सदृशानामिति स्नेहसामान्यं रूक्षसामान्यं चाश्रित्य सादृश्यं व्याख्येयम् तद्यथा–'स्निग्धस्ये'त्यादिना उदाहरति, एकगुण-स्निग्धस्येत्यनुक्तेऽपि सङ्ख्या गम्यते, गुणश्च सामर्थ्यात् तद्द्विगुणाभ्य-धिकस्निग्धेनाणुना, द्वाभ्यां हि गुणविशेषाभ्यामेकगुणस्निग्धादधिकः तेन सहास्ति बन्धः, यथैकगुणस्निग्धः एकस्ततोऽन्यस्त्रिगुणस्निग्धः, अत्र एकगुणस्निग्धस्य एकः समानगुणः त्रिगुणस्निग्धेऽणौ शेषेण गुणद्वयेनाधिकः, द्विगुणाद्यधिकस्निग्धेनेत्यादिग्रहणादेकगुणस्निग्धस्य चतुर्गुणपञ्चगुणादिस्निग्धेनापि बन्धसिद्धिः, तथा द्विगुणाद्यधिक-स्निग्धस्यैकगुणस्निग्धेन सह सम्बन्धसम्भवः, ननु च प्रथमविकल्पे नास्ति कश्चिद्विशेषोऽस्य स्फुटः, सत्यं, न कश्चिद्भेदः, तथापि तथा द्व्यादिवृत्तिरित्यनियतो बन्धभाव इति संदर्शनार्थः, एवं रूक्षस्य द्विगुणाद्यधिकरूक्षेणेत्यपि भावनीयं, यावद् द्विगुणाद्यधिकरूक्षस्य रूक्षेणेति, एकादिगुणाधिकयोस्तु सङ्ख्यया सदृशयोः स्निग्धादिसादृश्येन किमित्याह–बन्धो न भवति, सामर्थ्यगम्यमेतद्विप्रतिपत्तिनिरासार्थ-मुपन्यस्तमिति गुरवः, 'अत्रे'त्यादि, अत्राधिकृतसूत्रे तुशब्दो

व्यावृत्तिविशेषणार्थ इति, व्यावृत्तिश्च विशेषणं चेति विग्रहः, ते अर्थो यस्य स तथोक्तः, कस्येह व्यावृत्तिः ? किं वा विशेषणमित्याह-प्रतिषेधं व्यावर्त्तयति, बन्धं च विशेषयतीति, जघन्यगुणानामिति प्रकृतः प्रतिषेधस्तं व्यावर्त्तयति, यथाऽधिकृतं च बन्धं विशिनष्टि, गुणवैषम्ये सति सदृशानां गुणद्व्याधिकानां बन्धो भवतीत्येवम् ॥५-३५॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો "द्व्यधिकादिगुणानां तु" ઇત્યાદિથી કહે છે- બીજા પરમાણુથી જે પરમાણુ બે ગુણવિશેષોથી અધિક હોય તે પરમાણુ દ્વ્યધિક કહેવાય. દ્વ્યધિક જે ગુણોની આદિમાં છે તે દ્વ્યધિકાદિ ગુણ છે. અહીં ગુણ શબ્દ ગુણીને કહેનારો છે, અર્થાત્ ગુણીનો વાચક છે. (આથી) અહીં ગુણી, ગુણ અને પરમાણુ એ બધાનો એક અર્થ છે. (તે આ પ્રમાણે- અહીં ગુણ શબ્દનો ગુણી અર્થ કહ્યો છે. આથી ગુણ અને ગુણી એ બે શબ્દોનો એક જ અર્થ છે. પ્રસ્તુતમાં પરમાણુઓના બંધનું પ્રકરણ હોવાથી ગુણી તરીકે પરમાણુઓ છે. માટે ગુણી એટલે પરમાણુ. આમ પ્રસ્તુતમાં ગુણી, ગુણ અને પરમાણુ એ ત્રણેયનો એક અર્થ છે.)

દ્વિગુણ વગેરેથી અધિક એવા સદૃશ પરમાણુઓનો બંધ થાય. सदृशानाम् એ સ્થળે સ્નેહસામાન્યને(=બંનેમાં સ્નેહ હોય એમ સામાન્યને) અને રૂક્ષસામાન્યને(=બંનેમાં રૂક્ષતા હોય એમ સામાન્યને) આશ્રયીને સાદૃશ્યનું વ્યાખ્યાન કરવું, અર્થાત્ બંને સ્નિગ્ધ હોય કે બંને રૂક્ષ હોય એ સાદૃશ્ય છે.

तद्यथा ઇત્યાદિથી ઉદાહરણ આપે છે. તે આ પ્રમાણે- સ્નિગ્ધનો દ્વિગુણાદિથી અધિક સ્નિગ્ધની સાથે, દ્વિગુણ આદિથી અધિક સ્નિગ્ધનો સ્નિગ્ધની સાથે, રૂક્ષનો દ્વિગુણાદિથી અધિક રૂક્ષની સાથે, દ્વિગુણાદિથી અધિક રૂક્ષનો રૂક્ષની સાથે બંધ થાય. ભાષ્યમાં स्निग्धस्य એ સ્થળે एकगुणस्निग्धस्य એમ સંખ્યા ન કહી હોવા છતાં સામર્થ્યથી સમજી શકાય છે, ગુણ પણ સામર્થ્યથી સમજી શકાય છે.

एकगुणस्निग्धस्य द्विगुणाभ्यधिकस्निग्धेनाणुना=એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણથી અધિક એવા સ્નિગ્ધ અણુની સાથે બંધ થાય. કારણ કે એક-ગુણ સ્નિગ્ધથી બેગુણ વિશેષોથી અધિક છે. તેથી તેની સાથે બંધ થાય. જેમ કે એક (પરમાણુ) એકગુણ સ્નિગ્ધ છે અને તેનાથી બીજો ત્રિગુણ સ્નિગ્ધ છે. અહીં એકગુણ સ્નિગ્ધનો એકગુણ (બંનેમાં) સમાન ગુણ છે. ત્રિગુણ સ્નિગ્ધ અણુમાં શેષ બેગુણ અધિક છે, અર્થાત્ એકગુણ સ્નિગ્ધ પરમાણુથી ત્રિગુણ સ્નિગ્ધ પરમાણુ બેગુણથી અધિક છે.

દ્વિગુણાદિથી અધિક સ્નિગ્ધની સાથે ઇત્યાદિ ગ્રહણ કર્યું હોવાથી=કહ્યું હોવાથી એકગુણ સ્નિગ્ધનો ચારગુણ. પાંચગુણાદિ સ્નિગ્ધની સાથે પણ બંધ સિદ્ધ થાય છે. તથા દ્વિગુણ આદિથી અધિક સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધની સાથે બંધ સંભવે છે.

**પૂર્વપક્ષ–** આ વિકલ્પમાં પ્રથમ વિકલ્પથી કોઇ સ્પષ્ટ ભેદ નથી.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય છે. કોઇ ભેદ નથી તો પણ તેવા પ્રકારની દ્વ્યાદિવૃત્તિ(=પુદ્ગલો બે, ત્રણ, ચાર, એ પ્રમાણે જુદી જુદી સંખ્યામાં રહેનારા) હોવાથી બંધભાવ અનિયત છે એ બતાવવા માટે આ (બીજો વિકલ્પ) છે. (ક્યારેક બેનો ચારની સાથે ક્યારેક ત્રણનો છની સાથે, ક્યારેક બેનો સંખ્યાતાણુક સ્કંધની સાથે, ક્યારેક બેનો અસંખ્યાતાણુક સ્કંધની સાથે, ક્યારેક બેનો અનંતાણુક સ્કંધની સાથે એમ બંધભાવ અનિયત છે.)

એ પ્રમાણે એકગુણ રૂક્ષનો દ્વિગુણાદિથી અધિક રૂક્ષની સાથે બંધ થાય એમ પણ વિચારવું. યાવદ્ દ્વિગુણાદિથી અધિક રૂક્ષનો એક ગુણ રૂક્ષની સાથે બંધ થાય ત્યાં સુધી વિચારવું.

એક આદિ ગુણથી અધિક અને સંખ્યાથી સદશ પુદ્ગલોનો સ્નિગ્ધાદિ સાદશ્યથી બંધ ન થાય. (જેમકે- એકગુણ સ્નિગ્ધની અપેક્ષાએ દ્વિગુણ સ્નિગ્ધ પરમાણુ એકગુણ અધિક છે. દ્વિગુણ સ્નિગ્ધની અપેક્ષાએ ત્રિગુણ સ્નિગ્ધ પરમાણુ એકગુણ અધિક છે. ત્રિગુણ સ્નિગ્ધની અપેક્ષાએ ચતુર્ગુણ સ્નિગ્ધ પરમાણુ એકગુણ અધિક છે. एकादिगुणाधिकयोः એ

સ્થળે आदि શબ્દના ઉલ્લેખથી દ્વિગુણ પરમાણુનો ત્રિગુણ પરમાણુની સાથે બંધ ન થાય.)

सामर्थ्यगम्यमेतद् विप्रतिपत्तिनिरासार्थमुपन्यस्तमिति गुरवः=જો કે સૂત્રમાં દ્વિગુણ વગેરેથી અધિક હોય તો પરસ્પર બંધ થાય એમ કહ્યું હોવાથી (અર્થાપત્તિરૂપ) સામર્થ્યથી એકગુણ અધિક પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય એમ સમજી શકાય છે, તો પણ ભાષ્યમાં એકગુણથી અધિક પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય એમ જે કહ્યું તે આ અંગે કોઇ વિવાદ ન થાય એ માટે કહ્યું છે એમ ગુરુઓ કહે છે.

'अत्र' ઇત્યાદિ પ્રસ્તુત સૂત્રમાં तु શબ્દ વ્યાવૃત્તિ માટે અને વિશેષણ માટે છે. આથી तु શબ્દનો ઉલ્લેખ 'न जघन्यगुणानाम्' એ સૂત્રથી ચાલ્યા આવતા પ્રતિષેધને દૂર કરે છે અને બંધને વિશિષ્ટ કરે છે. તે આ પ્રમાણે- ગુણવૈષમ્ય હોય તો દ્વિગુણથી અધિક એવા સદૃશ પુદ્ગલોનો બંધ થાય.

[પુદ્ગલોમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષ ગુણના કારણે ગમે તે ગુણવાળા પુદ્ગલનો ગમે તે ગુણવાળા પુદ્ગલની સાથે બંધ થાય. આમ ૩૨માં સૂત્રમાં કહ્યું છે. ત્યાર પછીના ત્રણ સૂત્રોમાં બંધમાં અપવાદો બતાવવામાં આવ્યા છે. તેમાં ૩૩મા સૂત્રમાં જઘન્યગુણ પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય એ જણાવવામાં આવ્યું છે. એનો ફલિતાર્થ એ થયો કે જઘન્યગુણ પુદ્ગલનો મધ્યમગુણ કે ઉત્કૃષ્ટગુણ પુદ્ગલ સાથે બંધ થાય, તથા મધ્યમગુણ અને ઉત્કૃષ્ટગુણ પુદ્ગલોનો પરસ્પર બંધ થાય. આ ફલિતાર્થનો ૩૪મા સૂત્રમાં સંકોચ કરવામાં આવ્યો કે સદૃશ પુદ્ગલોમાં ગુણસામ્ય હોય તો બંધ ન થાય. આનો ફલિતાર્થ એ થયો કે સદૃશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. આ ફલિતાર્થનો ૩૫મા સૂત્રમાં સંકોચ કરવામાં આવ્યો કે- સદૃશ પુદ્ગલોમાં એકગુણ વૈષમ્ય હોય તો બંધ ન થાય. સદૃશ પુદ્ગલોમાં દ્વિગુણ, ત્રિગુણ, ચતુર્ગુણ વગેરે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. અર્થાત્ સદૃશ પુદ્ગલોમાં એકગુણથી વધારે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય.] (૫-૩૫)

| [illegible] | |
|---|---|
| બંધ થાય | કેમ થાય |
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્યગુણ નથી, સદશ પણ નથી. |
| એકગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્યગુણ નથી, સદશ પણ નથી. |
| એકગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્યગુણ નથી, સદશ હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી. |
| એકગુણ રૂક્ષનો ત્રિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્યગુણ નથી, સદશ હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી. |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | સામ્ય છે પણ સદશ નથી. |
| દ્વિગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સામ્ય છે પણ સદશ નથી. |

| [illegible] | | |
|---|---|---|
| બંધ ન થાય | કેમ ન થાય | [illegible] |
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | ૩૩ |
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | ૩૩ |
| એકગુણ રૂક્ષનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | ૩૩ |
| એકગુણ રૂક્ષનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | ૩૩ |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સદશ છે અને ગુણસામ્ય છે. | ૩૪ |
| દ્વિગુણ રૂક્ષનો દ્વિગુણ રૂક્ષ સાથે | સદશ છે અને ગુણસામ્ય છે. | ૩૪ |
| પંચગુણ સ્નિગ્ધનો પંચગુણ સ્નિગ્ધ સાથે | સદશ છે અને ગુણસામ્ય છે. | ૩૪ |
| પંચગુણ રૂક્ષનો પંચગુણ રૂક્ષ સાથે | સદશ છે અને ગુણસામ્ય છે. | ૩૪ |
| દ્વિગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | ૩૫ |
| દ્વિગુણ રૂક્ષનો ત્રિગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | ૩૫ |
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | ૩૫ |
| એકગુણ રૂક્ષનો દ્વિગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | ૩૫ |

**भाष्यावतरणिका—** अत्राह- परमाणुषु स्कन्धेषु च ये स्पर्शादयो गुणास्ते किं व्यवस्थितास्तेष्वाहोस्विदव्यवस्थिता इति । अत्रोच्यते- अव्यवस्थिताः । कुतः । परिणामात् ।

अत्राह- द्वयोरपि बध्यमानयोर्गुणवत्त्वे सति कथं परिणामो भवतीति उच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** પરમાણુઓમાં અને સ્કંધોમાં સ્પર્શ વગેરે જે ગુણો છે તે ગુણો બંધ થયા પછી જેવા હોય તેવા જ રહે છે કે તેમાં ફેરફાર થાય છે ?

**ઉત્તર—** ફેરફાર થાય છે.

**પ્રશ્ન—** શાથી ફેરફાર થાય છે ?

**ઉત્તર—** પરિણામના કારણે ફેરફાર થાય છે.

**પ્રશ્ન—** બંધાતા બંને પણ પુદ્ગલો ગુણવાળા હોવાથી તેમાં પરિણામ કેવી રીતે થાય છે ? (અહીં) ઉત્તર કહેવાય છે—

**टीकावतरणिका—** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, अत्रौत्सर्गिके सापवादे बन्धलक्षणे प्रतिपादिते सत्यज्ञानतः पृच्छति-परमाणुषु केवलेषु स्कन्धेषु च तदेकत्वपरिणामरूपे ये स्पर्शादयो गुणास्ते किं व्यवस्थिता-नित्याः तेष्वण्वादिषु आहोश्विदव्यवस्थिता-अनित्या इति, अत्रोच्यते समाधिः-अव्यवस्थिताः-अनित्या इति, कुत इत्याह-परिणामात्, त एव हि द्विप्रदेशिकादिस्कन्धपरिणताः परिणमन्ते परिमण्डलादिसंस्थानरूपेण, व्यवस्थितत्वे त्वयं नोपपद्यते, तथैकत्वादिव्यवस्थानेनेत्यभिप्रायः, 'अत्राहे'त्यादि पुनरपि द्वयोरणुस्कन्धाद्योः गुणवत्त्वे सति तुल्यगुणयोर्विषमगुणयोर्वा सङ्ख्यया कथं परिणामो भवति ?, कः कथं परिणामयतीति, अत्रोच्यते—

**ટીકાવતરણિકાર્થ—** 'अत्राह' ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. અહીં અપવાદ સહિત ઉત્સર્ગથી બંધના સ્વરૂપનું પ્રતિપાદન

કર્યે છતે અજ્ઞાનથી પૂછે છે કે- કેવળ પરમાણુઓમાં કે સ્કંધોમાં પરમાણુઓના અને સ્કંધોના એક રૂપે પરિણમેલા સ્પર્શાદિ ગુણો પરમાણુ આદિમાં નિત્ય છે કે અનિત્ય છે ? અહીં સમાધાન કહેવામાં આવે છે- અનિત્ય છે.

**પ્રશ્ન–** શાથી અનિત્ય છે ?

**ઉત્તર–** પરિણામના કારણે અનિત્ય છે.

દ્વિપ્રદેશિક સ્કંધ આદિ રૂપે પરિણમેલા તે જ પુદ્ગલો પરિમંડલ આદિ સંસ્થાન રૂપે પરિણમે છે. જો ગુણો નિત્ય હોય તો આ ન ઘટે. જુદા જુદા સ્કંધો તે રીતે એક રૂપે ગોઠવાઇને રહે તે ન ઘટે એવો અહીં અભિપ્રાય છે.

अत्राह इत्यादि ફરી અહીં પ્રશ્ન કરે છે- તુલ્યગુણવાળા કે વિષમ-ગુણવાળા, સંખ્યાથી દ્વિગુણ-ત્રિગુણાદિ બે પરમાણુઓનો કે બે સ્કંધ વગેરેનો સ્નિગ્ધ-રૂક્ષ ગુણના કારણે બંધ થયે છતે કેવી રીતે પરિણામ થાય છે ? કોણ કેવી રીતે પરિણમાવે છે ? (દ્વિગુણસ્નિગ્ધ દ્વિગુણરૂક્ષને સ્નિગ્ધ-રૂપે પરિણમાવે છે ? કે દ્વિગુણરૂક્ષ દ્વિગુણસ્નિગ્ધને રૂક્ષરૂપે પરિણમાવે છે ? તથા ત્રિગુણસ્નિગ્ધ એક ગુણસ્નિગ્ધને ત્રિગુણસ્નિગ્ધરૂપે પરિણમાવે છે કે એકગુણસ્નિગ્ધ ત્રિગુણસ્નિગ્ધને એકગુણસ્નિગ્ધરૂપે પરિણમાવે છે ? એમ કોણ કોને પરિણમાવે છે ?) અહીં ઉત્તર આપવામાં આવે છે–

**બંધ થયા બાદ સ્કંધમાં થતો સ્પર્શનો પરિણામ–**

## बन्धे समाधिकौ पारिणामिकौ ॥५-३६॥

**સૂત્રાર્થ–** પુદ્ગલોનો બંધ થયા પછી સમગુણ અને અધિકગુણ અનુક્રમે સમગુણને અને હીનગુણને પોતાના રૂપે પરિણમાવે છે. (૫-૩૬)

**भाष्यं–** बन्धे सति समगुणस्य समगुणः परिणामको भवति । अधिकगुणो हीनस्येति ॥५-३६॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** બંધ થયે છતે સમાન ગુણવાળા પુદ્ગલને સમાન ગુણવાળો પુદ્ગલ (પોતાના) રૂપે પરિણમાવે છે. અધિકગુણવાળો પુદ્ગલ હીનગુણવાળા પુદ્ગલને પોતાના રૂપે પરિણમાવે છે.

(ભાવાર્થ આ પ્રમાણે છે- જ્યારે સમાનગુણ રૂક્ષનો અને સ્નિગ્ધનો બંધ થાય ત્યારે કોઇ વખત રૂક્ષગુણ સ્નિગ્ધગુણને રૂક્ષરૂપે પરિણમાવે છે=રૂક્ષરૂપે કરે છે, તો કોઇ વખત સ્નિગ્ધગુણ રૂક્ષને સ્નિગ્ધરૂપે પરિણમાવે છે. જેમ કે દ્વિગુણરૂક્ષનો દ્વિગુણસ્નિગ્ધની સાથે બંધ થતા કોઇ વખત દ્વિગુણરૂક્ષ દ્વિગુણસ્નિગ્ધને દ્વિગુણરૂક્ષરૂપે પરિણમાવે છે અને કોઇ વખત દ્વિગુણસ્નિગ્ધ દ્વિગુણરૂક્ષને દ્વિગુણસ્નિગ્ધરૂપે પરિણમાવે છે. હવે જ્યારે દ્વિગુણાદિ વિષમગુણ રૂક્ષ-સ્નિગ્ધનો સ્નિગ્ધ-સ્નિગ્ધનો કે રૂક્ષ-રૂક્ષનો બંધ થાય ત્યારે અધિકગુણ હીનગુણને પોતાના રૂપે પરિણમાવે છે. જેમકે ત્રિગુણસ્નિગ્ધનો એકગુણસ્નિગ્ધની સાથે કે એકગુણરૂક્ષની સાથે બંધ થાય ત્યારે ત્રિગુણસ્નિગ્ધ એકગુણસ્નિગ્ધને કે એકગુણરૂક્ષને ત્રિગુણસ્નિગ્ધરૂપે પરિણમાવે છે. આથી આખો સ્કંધ ત્રિગુણસ્નિગ્ધ બને છે.) (૫-૩૬)

**टीका—** बन्धयोग्यतायां समाधिकौ सङ्ख्यागुणाभ्यां परिणामकाविति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'बन्धे सती'त्यादि बन्धे–संयोगे सति च बन्धयोग्यतया स समगुणः–तुल्यगुणः सङ्ख्यया समगुणस्य अपरस्य सङ्ख्ययैव परिणामको भवति, यथा द्विगुणस्निग्धो द्विगुणरूक्षस्य, रूक्षो वा स्निग्धस्य, परिणामवैचित्र्यात्, सदृशानां बन्धप्रतिषेधः, तथाऽधिकगुणः सङ्ख्यया हीनगुणस्य इत्येव परिणामको भवति, यथा त्रिगुणस्निग्धः एकगुणस्निग्धस्येति, स एकगुणोऽपि त्रिगुणतामापाद्यते, कस्तूरिकांशानुविद्धविलेपनवत् ॥५-३६॥

**ટીકાર્થ—** બંધની યોગ્યતા હોય તો બંધ થાય. બંધ થયા પછી સંખ્યાથી અને ગુણથી સમાન અને અધિક અનુક્રમે સમાનને અને હીનને પોતાના રૂપે પરિણમાવે છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર કહે છે- 'बन्धे सति' ઇત્યાદિ, બંધ એટલે સંયોગ. બંધની યોગ્યતા હોવાના કારણે બંધ(=સંયોગ) થયે છતે સંખ્યાથી સમગુણ સંખ્યાથી જ સમગુણ બીજાને પોતાના રૂપે પરિણમાવે છે. જેમકે દ્વિગુણ-

સ્નિગ્ધ દ્વિગુણરૂક્ષને પોતાના રૂપે પરિણમાવે છે. (આથી સંપૂર્ણ સ્કંધ સ્નિગ્ધ બની જાય છે.) અથવા દ્વિગુણરૂક્ષ દ્વિગુણસ્નિગ્ધને પોતાના રૂપે પરિણમાવે છે. (આથી સંપૂર્ણ સ્કંધ રૂક્ષ બની જાય છે.) આમ થવાનું કારણ પુદ્ગલોના પરિણામની વિચિત્રતા છે.

સમગુણ સ્નિગ્ધ-સ્નિગ્ધના બંધનો કે રૂક્ષ-રૂક્ષના બંધનો (૩૪મા સૂત્રમાં) પ્રતિષેધ કર્યો છે.

તથા સંખ્યાથી અધિકગુણ હીનગુણને પોતાના રૂપે પરિણમાવે છે. જેમ કે- ત્રિગુણસ્નિગ્ધ એકગુણસ્નિગ્ધને પોતાના રૂપે પરિણમાવે છે. આથી તે એક ગુણવાળા હોવા છતાં ત્રણગુણવાળો બને છે. આમાં કસ્તૂરીના અંશથી મિશ્ર થયેલ વિલેપનનું દૃષ્ટાંત છે. [કસ્તૂરીનો અંશ સઘળા વિલેપનને કસ્તૂરીવાળું બનાવી દે છે.] (૫-૩૬)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता 'द्रव्याणि जीवाश्च' इति। तत्किमुद्देशत एव द्रव्याणां प्रसिद्धिराहोस्विल्लक्षणतोऽपीति । अत्रोच्यते- लक्षणतोऽपि प्रसिद्धिः । तदुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** "ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિ-કાય, પુદ્ગલાસ્તિકાય અને જીવ એ પાંચ દ્રવ્યો છે." એમ (અ.૫ સૂ.૨ માં) આપે કહ્યું છે તેથી દ્રવ્યોની પ્રસિદ્ધિ શું સામાન્યથી જ (નામમાત્રથી જ) છે કે લક્ષણથી પણ છે ?

**ઉત્તર–** લક્ષણથી પણ દ્રવ્યોની પ્રસિદ્ધિ છે. તેને કહેવામાં આવે છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि अत्राहोक्तं भवता इहैव, किमित्याह-द्रव्याणि धर्मादीनि जीवाश्चेति, एवं पञ्च द्रव्याणीत्युक्तं सामान्येन, तत्तु किमुद्देशतः एव तथाभिधानादिमात्रादेव द्रव्याणां धर्मादीनां प्रसिद्धिः परिज्ञानलक्षणा आहोश्विल्लक्षणतोऽपि व्यापकात् स्वरूपसिद्धिरिति, अत्रोच्यते- लक्षणतोऽपि व्यापकात् प्रसिद्धिः, तदुच्यते- व्यापकं लक्षणं, ननूत्पादव्ययध्रौव्ययुक्तं सदित्युक्तमेव, सत्यमेतदपि अन्यथोच्यते द्रव्योपाध्यनन्तधर्मत्वाद्वस्तुन इति ॥ तदाह–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' इत्यादि, અહીં કહે છે- આપે અહીં જ (અ.૫ સૂ.૨ માં) ધર્માસ્તિકાયાદિ ચાર અને જીવો એમ પાંચ દ્રવ્યો છે એમ સામાન્યથી કહ્યું છે. તેથી શું તેવા પ્રકારના નામમાત્ર આદિથી જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની પ્રસિદ્ધિ=બોધ થાય છે કે વ્યાપક લક્ષણથી પણ તેમના સ્વરૂપની પ્રસિદ્ધિ=બોધ થાય છે ?

અહીં ઉત્તર અપાય છે- વ્યાપક લક્ષણથી પ્રસિદ્ધિ=બોધ થાય છે. તેથી અહીં વ્યાપક લક્ષણ કહેવામાં આવે છે.

**પૂર્વપક્ષ–** પૂર્વે ૫-૨૯ સૂત્રમાં "જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે સદ્ કહેવાય એમ સત્નું (દ્રવ્યનું)[૧] લક્ષણ કહ્યું જ છે.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય છે. અહીં બીજી રીતે લક્ષણ કહેવાય છે. કેમ કે વસ્તુ દ્રવ્યવિશેષણવાળા અનંત ધર્મોવાળી છે. **ભાવાર્થ–** વસ્તુમાં અનંત ધર્મો છે. વસ્તુ દ્રવ્યરૂપ છે. માટે દ્રવ્યોમાં અનંત ધર્મો છે, માટે અહીં દ્રવ્ય વિશેષણ છે. જેનાથી વસ્તુ વિશિષ્ટ કરાય તે વિશેષણ. અહીં અનંતધર્મો દ્રવ્યથી વિશિષ્ટ કરાય છે. કોના અનંતધર્મો ? દ્રવ્યના અનંતધર્મો. આ રીતે દ્રવ્ય અનંતધર્મોને દ્રવ્યથી વિશિષ્ટ કરે છે માટે દ્રવ્ય વિશેષણ છે. આથી જ અહીં કહ્યું છે કે વસ્તુ દ્રવ્યવિશેષણવાળા અનંત ધર્મોવાળી છે. આનો તાત્પર્યાર્થ એ થયો કે દ્રવ્યમાં અનંતધર્મો છે. તેમાંથી જેમ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ધર્મને લક્ષમાં લઈને उत्पादव्ययध्रौव्ययुक्तं सत् એવી વ્યાખ્યા કરી તેમ દ્રવ્યના ગુણ-પર્યાય રૂપ ધર્મને લક્ષમાં રાખીને અહીં વ્યાખ્યા કહેવામાં આવે છે. તેથી કહે છે–

**દ્રવ્યનું લક્ષણ–**

## गुणपर्यायवद्द्रव्यम् ॥५-३७॥

**સૂત્રાર્થ–** જેમાં ગુણો (સદા રહેનારા જ્ઞાનાદિ અને સ્પર્શાદિ ધર્મો) અને પર્યાયો (ઉત્પન્ન થનારા અને નાશ પામનારા જ્ઞાનોપયોગાદિ અને શુક્લરૂપાદિ ધર્મો) હોય તે દ્રવ્ય. (૫-૩૭)

૧. જે જે દ્રવ્ય છે તે તે બધું સત્ છે. માટે સત્નું લક્ષણ પરમાર્થથી દ્રવ્યનું લક્ષણ છે.

**भाष्यं–** गुणान् लक्षणतो वक्ष्यामः । भावान्तरं संज्ञान्तरं च पर्यायः । तदुभयं यत्र विद्यते तद्द्रव्यम् । गुणपर्याया अस्य सन्त्यस्मिन्वा सन्तीति गुणपर्यायवत् ॥५-३७॥

**ભાષ્યાર્થ–** ગુણોને લક્ષણથી (અ.૫ સૂ.૪૦ માં) કહીશું. ભાવાંતર અને સંજ્ઞાંતર એ પર્યાય છે. તે બંને(=ગુણ અને પર્યાય) જેમાં હોય તે દ્રવ્ય છે. ગુણપર્યાયો આના છે અથવા આમાં છે એમ ગુણપર્યાયવત્ શબ્દની વ્યુત્પત્તિ છે. (૫-૩૭)

**टीका–** उभयवदिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'गुणानि'-त्यादिना सङ्ख्येयादिसङ्ख्यया समाख्यायमानत्वाद्गुणाः-शक्तेर्विशेष-रूपास्तान् लक्षणतो वक्ष्यामः 'द्रव्याश्रया निर्गुणा' इत्यत्र, पर्याय-लक्षणमाह-भावान्तरं संज्ञान्तरं च पर्याय इति, भावादन्यो भावो भावान्तरं, समभिरूढनयाभिप्रायेणेदं, न शकनपूर्दारणाद्यर्थान्तरं, संज्ञान्तरं च तद्वाचकं इन्द्राद्येव, किमित्याह-पर्याय इति, आह-क इत्थमनयो-र्विशेषः ?, उच्यते, तत्त्वतो न कश्चित्, द्रव्यस्यैव ह्येते परिणतिविशेषाः, न त्वेभ्यः केचिदन्ये गुणपर्याया इति, केवलं सहभाविनो गुणाः क्रमभाविनः पर्याया इति व्यवस्था, अन्यथा रूपादीनामेवासौ परिणाम इति निश्चयः, तदुभयमित्यादि, तदुभयं-व्यवहारनिश्चयात्मकं गुणशब्दाभिधेयं पर्यायशब्दाभिधेयं च यत्र विद्यत इति, यस्मिन् स्थित्यंशे सामान्यलक्षणेऽस्ति तद् द्रव्यं भवति, एतदेव स्पष्टयति-गुणपर्याया इत्यादिना, गुणपर्याया यथोक्तलक्षणा अस्य द्रव्यस्य सन्ति, न जातुचित् निष्परिणामं द्रव्यं भवति, विकारलक्षणा चेयं षष्ठी यवानां धाना इति, यथा तेषामेव तथाभवनात्, अस्मिन् वा सन्तीति परिणामिपरिणाम-योराधाराधेयविवक्षायामेकं विज्ञानमित्यादि, एवं गुणपर्यायवदिति, एवं धर्मादिष्वप्यमूर्त्तधर्मापेक्षया योजनीयमिति ॥५-३७॥

**ટીકાર્થ–** ગુણ અને પર્યાય એ બંને જેમાં હોય તે દ્રવ્ય. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'गुणान्' ઇત્યાદિથી કહે છે- સંખ્યેયાદિ

સંખ્યાથી કહેવાતા(=ગણાતા) હોવાથી ગુણો કહેવાય છે. (गुण्यन्ते= समाख्यायन्ते इति गुणाः આ પ્રમાણે ગુણ શબ્દનો શબ્દાર્થ હોવાથી અહીં सङ्ख्येयादिसङ्ख्यया समाख्यायमानत्वाद् એવી વ્યુત્પત્તિ કરી છે. સંખ્યેયાદિ એ સ્થળે આદિ શબ્દથી અસંખ્યેય અને અનંતનું ગ્રહણ કરવું.)

ગુણો શક્તિના વિશેષ સ્વરૂપો છે, અર્થાત્ વિશિષ્ટ પ્રકારની શક્તિરૂપ છે. ગુણોના લક્ષણને द्रव्याश्रया निर्गुणा गुणाः એ સૂત્રમાં કહીશું. પર્યાયના લક્ષણને કહે છે- ભાવાંતર અને સંજ્ઞાંતર પર્યાય છે. એક ભાવથી બીજો ભાવ તે ભાવાંતર. પર્યાયનું આ લક્ષણ સમભિરૂઢ નયના અભિપ્રાયથી છે. શકન, પૂર્દારણ આદિ અર્થાંતર પર્યાયરૂપ નથી[1]. સંજ્ઞાવાચક ઇન્દ્ર વગેરે શબ્દ સંજ્ઞાંતર છે.

**પ્રશ્ન–** આ પ્રમાણે ગુણ અને પર્યાયમાં શો ભેદ છે ?

**ઉત્તર–** પરમાર્થથી કોઇ ભેદ નથી. ગુણ અને પર્યાય એ બંને દ્રવ્યના જ પરિણામવિશેષ છે. દ્રવ્યના પરિણામવિશેષથી બીજા કોઇ ગુણ-પર્યાયો નથી. ફેર આટલો જ છે કે દ્રવ્યના સહભાવી(=સદા દ્રવ્યની સાથે રહેનારા) ધર્મો ગુણ છે. દ્રવ્યના ક્રમભાવી(=ક્રમશઃ ઉત્પન્ન થનારા અને નાશ પામનારા) ધર્મો પર્યાય છે. આવી વ્યવસ્થા છે. અન્યથા એટલે કે દ્રવ્યના સહભાગી ગુણો છે અને ક્રમભાવી પર્યાયો છે એવી વ્યવસ્થા ન હોય તો આ ક્રમભાવી પરિણામ રૂપાદિ ગુણોનો જ છે એવો નિર્ણય થાય. [ક્રમભાવી પરિણામ(=પર્યાય) દ્રવ્યનો જ છે ગુણનો નહિ.]

'तदुभयम्' ઇત્યાદિ વ્યવહાર-નિશ્ચય[2] સ્વરૂપ તથા ગુણ શબ્દથી અભિધેય અને પર્યાય શબ્દથી અભિધેય તે ઉભય જે સામાન્ય રૂપ સ્થિર

---

૧. શ્રીસિદ્ધસેનગણિકૃત ટીકામાં અર્થાંતરને પર્યાય રૂપ કહેલ છે. તેનો પાઠ આ પ્રમાણે છે- समभिरूढनयाभिप्रायेणेन्दन-शकन-पूर्दारणादयोऽर्थविशेषा रूपादयश्च भावान्तरा भावभेदाः संज्ञान्तराणां प्रवृत्तौ निमित्तभूताः संज्ञान्तरं चेन्द्र-शक्र-पुरन्दररूपादि, एवमर्थभेदाः संज्ञाभेदाश्च गुणपर्याया निश्चीयन्ते ।

૨. દ્રવ્ય ગુણ-પર્યાય રૂપ છે એ પ્રમાણે દ્રવ્ય અને ગુણ-પર્યાયોનો અભેદ નિશ્ચય છે. દ્રવ્યમાં ગુણપર્યાયો છે એ પ્રમાણે દ્રવ્ય અને ગુણ-પર્યાયોનો ભેદ વ્યવહાર છે.

અંશમાં હોય તે દ્રવ્ય છે. આને જ ગુણ-પર્યાયા ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે, ગુણ-પર્યાયો[1] એના(=દ્રવ્યના) છે તે ગુણ પર્યાયવદ્ છે. દ્રવ્ય ક્યારેય પણ પરિણામથી રહિત ન હોય, "એના છે" એવી છઠ્ઠી વિભક્તિ વિકારરૂપ છે, અર્થાત્ ગુણ પર્યાયો દ્રવ્યના વિકારરૂપ છે. જેમકે જવોના ધાના. અહીં ધાના જવોના વિકારરૂપ છે. કેમકે જવો જ ધાના રૂપે થાય છે. ગુણ-પર્યાયો એમાં છે તે ગુણપર્યાયવદ્ છે. અહીં "એમાં છે" એવી સપ્તમી વિભક્તિ પરિણામી જે દ્રવ્ય અને પરિણામ જે ગુણ-પર્યાયો એ બેની આધાર-આધેય ભાવની વિવક્ષાથી છે. જેમકે આત્મામાં વિજ્ઞાન છે. (અહીં આત્મા જ વિજ્ઞાન રૂપે પરિણમે છે. એથી આત્મા અને વિજ્ઞાનમાં ભેદ નથી. આમ છતાં આત્મામાં વિજ્ઞાન એમ ભેદથી વ્યવહાર કરાય છે.)

એ પ્રમાણે ધર્માસ્તિકાયાદિમાં પણ અમૂર્ત (વગેરે) ધર્મની અપેક્ષાએ યોજના કરવી. (૫-૩૭)

**टीकावतरणिका–** न चैतानि पञ्चैव द्रव्याणीत्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ દ્રવ્યો પાંચ જ નથી એમ કહે છે–

**કાળનું નિરૂપણ–**

**कालश्चेत्येके ॥५-३८॥**

**સૂત્રાર્થ–** કેટલાક આચાર્યો કાળને પણ દ્રવ્ય તરીકે માને છે. (૫-૩૮)

**भाष्यं–** एके त्वाचार्या व्याचक्षते-कालोऽपि द्रव्यमिति ॥५-३८॥

**ભાષ્યાર્થ–** કેટલાક આચાર્યો કહે છે કે કાળ પણ દ્રવ્ય છે. (૫-૩૮)

**टीका–** न धर्मादीनि जीवान्तान्येवेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'एके त्वाचार्या' इत्यादिना अन्ये नयवादान्तरप्रधानाः पुनराचार्या व्याचक्षते, विशेषेण आचक्षते व्याचक्षते-व्यक्तीकुर्वन्ति, कथमित्याह-कालोऽपि द्रव्यमिति कालोऽपि, चशब्दोऽपिशब्दार्थः, विशिष्टमर्यादा-वच्छिन्नोऽर्द्धतृतीयद्वीपसमुद्रान्तर्वर्ती मनुष्यादीनां बालत्वादिपरिणामहेतुः,

---

૧. यथोक्तलक्षणाः- ગુણ પર્યાયોનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ પ્રસ્તુત સૂત્રની ભાષ્ય-ટીકામાં કહ્યું છે.

बलाकाप्रसवे गर्जितध्वनिवत्, पापविरतौ वा प्रबोधवत्, द्रव्यमिति तथा तस्य परिणतिहेतुतया द्रवणात्, तथा चागमः-'अद्धासमय'त्ति, एकग्रहणं सूत्रान्तरपरिग्रहार्थं, यथोक्तं-"कोऽयं भंते ! कालत्ति वुच्चइ ?, गोअमा ! जीवा चेवे"त्यादि, एके इत्थमाचक्षते, अन्ये त्वन्यथेति, वर्त्तनादीनां सर्वत्र भावादिति ॥५-३८॥

**ટીકાર્થ–** ધર્માસ્તિકાયથી આરંભી જીવ સુધીની જ વસ્તુઓ દ્રવ્ય નથી. (કિંતુ કાળ પણ દ્રવ્ય છે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો एके त्वाचार्या ઇત્યાદિથી કહે છે- અન્ય નયવાદને પ્રધાન માનનારા બીજા આચાર્યો તો વિશેષથી કહે છે=પ્રગટ કરે છે. કેવી રીતે પ્રગટ કરે છે તે કહે છે- કાળ પણ દ્રવ્ય છે. સૂત્રમાં च શબ્દ अपि (=પણ) ના અર્થમાં છે. કાળ વિશિષ્ટ મર્યાદાથી નિયત કરાયેલો છે, અર્થાત્ અઢી દ્વીપ-સમુદ્રમાં જ રહેલો છે. કાળ મનુષ્ય વગેરેની બાલ્યાવસ્થાદિ પરિણામનું કારણ છે. જેમ કે બલાકાની(=બગલીની) પ્રસૂતિમાં ગર્જનાનો ધ્વનિ હેતુ છે. પાપની વિરતિ કરવામાં બોધ હેતુ છે.

'द्रव्यम्' इति તે રીતે દ્રવ્યના પરિણામના હેતુ રૂપે દ્રવવાથી=ગતિ કરવાથી કાળ દ્રવ્ય કહેવાય છે. આ વિશે આગમ આ પ્રમાણે છે- હે ભગવંત ! આ કાળ શું કહેવાય છે ? હે ગૌતમ ! જીવો અને અજીવો એ જ કાળ કહેવાય છે. કેટલાકો આ પ્રમાણે (કાળ દ્રવ્ય છે એ પ્રમાણે) કહે છે. બીજાઓ બીજી રીતે (કાળ દ્રવ્ય નથી એ રીતે) કહે છે. કાળ દ્રવ્ય હોય કે ન હોય પણ કાળની સત્તા જરૂર છે. કારણ કે કાળના ઉપકાર એવા વર્તનાદિ બધા સ્થળે છે. (૫-૩૮)

**કાળનું વિશેષ સ્વરૂપ–**

**सोऽनन्तसमयः ॥५-३९॥**

**સૂત્રાર્થ–** કાળ અનંત સમય પ્રમાણ છે. (૫-૩૯)

**भाष्यं–** स चैष कालोऽनन्तसमयः । तत्रैक एव वर्तमानसमयः । अतीतानागतयोस्त्वानन्त्यम् ॥५-३९॥

**ભાષ્યાર્થ–** કાળ અનંત સમય પ્રમાણ છે. તેમાં વર્તમાનકાળ ૧ (એક) જ સમય છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ અનંત સમય પ્રમાણ છે. (૫-૩૯)

**टीका–** नैकोऽपरिणाम्येवेति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'स चैषे'त्यादिना स इति प्रक्रान्तपरामर्शः, एष इत्यनन्तरसूत्रोक्तः, चशब्दोऽनुकर्षणे, कालः प्रस्तुतः, किमित्याह–अनन्तसमयो नियमत एव, 'तत्रे'त्यादि तत्रेति तस्मिन् काले एक एवापरासंपृक्तः वर्त्तमानसमयस्तत्प्रदेशः, अतीतानागतयोः पुनः (आनन्त्यमतीतानागतयोः) समययोरतीतादित्वेन न वर्त्तमानवत्(?वर्तमानत्वं) तद्भावेन अतीतादित्वविरोधात् तत्कार्याप्रसङ्गाच्च, अस्ति चान्येन स (?चानन्त्येन) व्यवहारः सिद्धेभ्योऽतीतसमयराशेरसंख्येयगुणत्वेनाभिधानादिति ॥५-३९॥

**ટીકાર્થ–** કાળ એક નથી (અનંત સમય રૂપ છે) અને અપરિણામી જ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો स चैष ઇત્યાદિથી કહે છે. स એ પ્રમાણે પ્રસ્તુતનું(=કાળનું) આકર્ષણ છે. एषः એટલે અનંતર સૂત્રમાં કહેલ. च શબ્દ અનુકર્ષણમાં છે. કાળ પ્રસ્તુત છે. તે આ કાળ અવશ્ય જ અનંત સમય રૂપ છે. તે કાળમાં વર્તમાનમાં બીજા સમયની સાથે નહિ જોડાયેલ એક જ સમય છે. વર્તમાનસમય કાળનો પ્રદેશ છે.

અતીત અને અનાગત સમયોમાં અનંતપણું છે, અર્થાત્ અતીત-અનાગત સમયો અનંત છે. અતીત-અનાગત સમયોમાં અતીતત્વાદિ હોવાથી વર્તમાનત્વ નથી. તથા અતીત-અનાગત સમયોમાં વર્તમાનત્વભાવની સાથે અતીતત્વાદિનો વિરોધ છે, અર્થાત્ ભૂતકાળ ભવિષ્યકાળના સમયોને વર્તમાનકાળના સમયો માનવામાં આવે તો તે સમયો અતીત-અનાગત ન કહેવાય. તથા વર્તમાનકાળના કાર્યની સાથે અતીત-અનાગત કાળના સમયોનો પ્રસંગ=સંબંધ થતો નથી. અતીત-અનાગત કાળના સમયો અનંત છે એ રીતે વ્યવહાર થાય છે. કેમ કે સિદ્ધોથી અતીત કાળના સમયોની રાશિ અસંખ્યગુણી કહી છે. [સિદ્ધો

અનંત છે. અનંત સિદ્ધોથી અતીતકાળના સમયો અસંખ્યાતગુણા તો જ થાય કે જો અતીતકાળના સમયો અનંત હોય.[1]] (૫-૩૯)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता 'गुणपर्यायवद्द्रव्यम्' इति। तत्र के गुणा इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–પ્રશ્ન–** "જેમાં ગુણો અને પર્યાયો હોય તે દ્રવ્ય" એમ (અ.૫ સૂ.૩૭ માં) આપે કહ્યું છે. તેમાં ગુણો કયા છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि, उक्तं भवता इहैव गुणपर्यायवद्द्रव्यमित्येतत्, तत्र गुणाः पर्यायव्यतिरिक्ताः, द्रव्ये के गुणा इति, पर्यायोपलक्षणमेतत्, अत्रोच्यते समाधिः–

**ટીકાવતરણિકાર્થ–**આપે આ જ અધ્યાયમાં ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્=જેમાં ગુણો અને પર્યાયો હોય તે દ્રવ્ય એ પ્રમાણે કહ્યું છે. તેમાં ગુણો પર્યાયથી જુદા છે. તે દ્રવ્યમાં રહેલા ગુણો કેવા છે ? ગુણો કોને કહેવાય ?

૧. જેમ પુદ્ગલનો અવિભાજ્ય(=જેના બે વિભાગ ન થઇ શકે તેવો અંતિમ) અંશ પ્રદેશ કે પરમાણુ કહેવાય છે, તેમ કાળનો અવિભાજ્ય(=જેના બે વિભાગ ન થઇ શકે તેવો અંતિમ સૂક્ષ્મ) અંશ સમય કહેવાય છે. આંખનો એક પલકારો થાય તેટલામાં અસંખ્યાતા સમયો થઇ જાય છે. કોઇ સશક્ત યુવાન પોતાના સંપૂર્ણબળનો ઉપયોગ કરીને ભાલાની તીવ્ર અણી વડે કમળના સો પત્રોને એકી સાથે ભેદે તેમાં દરેક પત્રના ભેદમાં અસંખ્યાતા અસંખ્યાતા સમયો થઇ જાય છે. સશક્ત યુવાન જીર્ણ શીર્ણ વસ્ત્રને એકી સાથે ફાડે તેમાં દરેક તાંતણાને તૂટતાં અસંખ્યાતા સમયો પસાર થઇ જાય છે. આ દૃષ્ટાંતોથી સમય કેટલો સૂક્ષ્મ છે તેનો ખ્યાલ આવે છે. સમય પછીના કાળના ભેદો નીચે પ્રમાણે છે–

અસંખ્ય સમયો=આવલિકા. ૨૫૬ આવલિકા=૧ ક્ષુલ્લક ભવ. [જેનાથી અન્ય નાનો ભવ ન હોય તે નાનામાં નાનો ભવ ક્ષુલ્લકભવ. આ ભવ નિગોદના જીવોને અને મતાંતરે સઘળા લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને હોય છે.] સાધિક ૧૭।। ક્ષુલ્લકભવ=૧ શ્વાસોચ્છ્વાસ (પ્રાણ). ૭ શ્વાસોચ્છ્વાસ (પ્રાણ)=૧ સ્તોક. ૭ સ્તોક=૧ લવ. ૩૮।। લવ=૧ ઘડી. ૨ ઘડી=૧ મુહૂર્ત. ૩૦ મુહૂર્ત=૧ દિવસ (અહોરાત્ર). ૧૫ દિવસ (અહોરાત્ર)=૧ પક્ષ. ૨ પક્ષ=૧ માસ. ૬ માસ=૧ અયન (ઉત્તરાયણ કે દક્ષિણાયન). ૨ અયન (૧૨ માસ)=૧ વર્ષ. ૮૪ લાખ વર્ષ=૧ પૂર્વાંગ. પૂર્વાંગ x પૂર્વાંગ=૧ પૂર્વ (અથવા ૭૦૫૬૦ અબજ વર્ષ=૧ પૂર્વ). અસંખ્ય વર્ષ=૧ પલ્યોપમ. ૧૦ કોડાકોડિ પલ્યોપમ=૧ સાગરોપમ. ૧૦ કોડાકોડિ સાગરોપમ=૧ ઉત્સર્પિણી કે ૧ અવસર્પિણી. ૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી(=૨૦ કોડાકોડિ સાગરોપમ)= કાળચક્ર. અનંત કાળચક્ર=૧ પુદ્ગલ પરાવર્ત.

ગુણાઃ એ પદ પર્યાયોનું ઉપલક્ષણ છે, અર્થાત્ ગુણ શબ્દથી પર્યાયો પણ સમજી લેવા. એથી અર્થ આ પ્રમાણે થાય- દ્રવ્યમાં રહેલા ગુણો અને પર્યાયો કેવા છે ? ગુણો અને પર્યાયો કોને કહેવાય ? અહીં સમાધાન કહેવામાં આવે છે–

**ગુણોનું લક્ષણ–**

**द्रव्याश्रया निर्गुणा गुणाः ॥५-४०॥**

**સૂત્રાર્થ–** જે દ્રવ્યમાં સદા રહે અને સ્વયં ગુણોથી રહિત હોય તે ગુણ. (૫-૪૦)

**भाष्यं–** द्रव्यमेषामाश्रय इति द्रव्याश्रयाः । नैषां गुणाः सन्तीति निर्गुणाः ॥५-४०॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** ગુણોનો આશ્રય દ્રવ્ય છે તેથી ગુણોને દ્રવ્યાશ્રય કહેવાય છે અને ગુણોને પોતાના ગુણો નથી તેથી તે નિર્ગુણ કહેવાય છે. (૫-૪૦)

**टीका–** परिणामिपरिणामलक्षणाश्रयाऽऽश्रयिभाववृत्तयः आश्रितद्रव्याः परगुणाभावेति सूत्रसमुदायार्थः ॥ अवयवार्थं त्वाह-द्रव्यमेषामित्यादिना, द्रव्यं धर्मादि सुखप्रतिपत्त्यर्थं वा घटादिः एषां गुणानां सहभाविनां रूपादिपरिणतिभेदानां आश्रय इतिकृत्वा द्रव्याश्रया उच्यन्ते, तथा नैषां गुणाः सन्तीति, परिणामस्य परिणामान्तराभावाद् अनवस्थाप्रसङ्गादिति निर्गुणा इति, कथमनन्तगुणालीढत्वमण्वादेः ?, उच्यते, तथोत्कृष्टपरिणति-भेदेन, क्रमभावे त्वितरस्तद्भावात् तदाकारतापत्तिरिति भावनीयं, एतेन पर्याया व्याख्याताः, तेषामेव च क्रमभाविनां पर्यायत्वादिति ॥५-४०॥

**ટીકાર્થ–** પરિણામિ-પરિણામ રૂપ આશ્રય-આશ્રયિભાવથી રહેનારા, દ્રવ્યના આશ્રયવાળા અને જેમનામાં અન્ય ગુણો નથી તે ગુણો છે. (અહીં દ્રવ્ય પરિણામી છે. ગુણ પરિણામ છે. દ્રવ્ય આશ્રય(=રાખનાર) છે. ગુણો આશ્રયી(=રહેનારા) છે. માટે પરિણામિ-પરિણામરૂપ આશ્રય-

આશ્રયિભાવથી રહેનારા એમ કહ્યું છે. વૃત્તિ એટલે રહેવું. દ્રવ્ય અને ગુણો સાથે રહે છે. સાથે રહેવા માટે કોઇ સંબંધ જોઇએ. તો પ્રશ્ન થાય કે દ્રવ્ય અને ગુણો કયા સંબંધથી સાથે રહે છે ? તેના જવાબમાં અહીં કહ્યું કે આશ્રય-આશ્રયિભાવથી સાથે રહે છે. દ્રવ્ય આશ્રય(=રાખનાર) છે અને ગુણો આશ્રયી(=રહેનારા) છે. આશ્રય-આશ્રયિભાવ "કુંડમાં બોર છે" એમ આધાર-આધેયરૂપ નથી, પરંતુ પરિણામિ-પરિણામરૂપ છે. દ્રવ્ય પરિણામી છે અને ગુણ પરિણામ છે.

आश्रितद्रव्याः-आश्रितं द्रव्यं यैः ते आश्रितद्रव्याः જેમણે દ્રવ્યનો આશ્રય કર્યો છે તે આશ્રિતદ્રવ્ય. આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો "જે દ્રવ્યમાં રહે તે ગુણો" એવો છે. આ ભાવને સૂત્રમાં द्रव्याश्रया એવા પ્રયોગથી કહ્યો છે.

परगुणाभावाः=परेषां गुणानामभावो येषु ते परगुणाभावाः બીજા ગુણોનો અભાવ જેમનામાં છે તે પરગુણાભાવા. આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો "ગુણોમાં બીજા ગુણો હોતા નથી" એવો છે. (આ ભાવાર્થ સૂત્રમાં 'निर्गुणाः' એવા પ્રયોગથી કહ્યો છે.)

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'द्रव्यमेषां' ઇત્યાદિથી કહે છે- દ્રવ્ય ધર્માસ્તિકાયાદિ છે અથવા સુખપૂર્વક સમજી શકાય એ માટે દ્રવ્ય ઘટ વગેરે છે. एषां એટલે गुणानाम् દ્રવ્ય દ્રવ્યની સાથે થનારા અને રૂપાદિ પરિણામના ભેદવાળા ગુણોનો આશ્રય છે, માટે ગુણો द्रव्याश्रया(=દ્રવ્યરૂપ આશ્રયવાળા) કહેવાય છે. તથા ગુણોને ગુણો હોતા નથી. કેમકે પરિણામનો અન્ય પરિણામ ન હોય. (જેમ કે દ્રવ્યના શુક્લ વગેરે પરિણામ છે. શુક્લાદિ પરિણામના અન્ય શુક્લાદિ પરિણામ નથી.) જો પરિણામનો અન્ય પરિણામ માનવામાં આવે તો અનવસ્થાનો પ્રસંગ આવે. માટે સૂત્રમાં निर्गुणाः એમ કહ્યું છે.

**પ્રશ્ન–** અણુ વગેરે અનંત ગુણોનો આશ્રય કેમ છે ?

**ઉત્તર–** તેવા પ્રકારના ઉત્કૃષ્ટ પરિણામના ભેદના કારણે અણુ વગેરે અનંતગુણોનો આશ્રય છે. ક્રમથી થવામાં તો પર્યાય છે, અર્થાત્ દ્રવ્યમાં

જે ક્રમથી થાય તે પર્યાય કહેવાય. ક્રમથી થવાના કારણે પર્યાયના લક્ષણની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ જે ક્રમથી થાય તે પર્યાય એવું પર્યાયનું લક્ષણ છે. આનાથી પર્યાયોનું વ્યાખ્યાન કર્યું. કારણ કે ક્રમથી થનારા ગુણો જ પર્યાય છે.

[પ્રમાણનયતત્ત્વાલોક ગ્રંથમાં ગુણોનું અને પર્યાયોનું લક્ષણ આ પ્રમાણે છે- **सहभाविनो गुणाः** દ્રવ્યના સહભાવી(=સદા દ્રવ્યની સાથે રહેનારા) ધર્મોને ગુણો કહેવામાં આવે છે. **क्रमभाविनः पर्यायाः**=દ્રવ્યના ક્રમભાવી(=ક્રમશઃ ઉત્પન્ન થનારા અને નાશ પામનારા) ધર્મોને પર્યાયો કહેવામાં આવે છે.] (૫-૪૦)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता 'बन्धे समाधिकौ पारिणामिकौ' इति । तत्र कः परिणाम इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** "પુદ્ગલોનો બંધ થયા બાદ સમ અને અધિક ગુણ અનુક્રમે સમ અને હીન ગુણને પોતાના રૂપે પરિણમાવે છે એમ (અ.૫ સૂ.૩૬ માં) આપે કહ્યું. તેમાં પરિણામ શું છે? અર્થાત્ પરિણામ કોને કહેવાય? અહીં ઉત્તર કહેવાય છે.

**टीकावतरणिका–** अत्राहेत्यादि सम्बन्धग्रन्थः, अत्राहोक्तं भवता इहैव, किमित्याह-बन्धे समाधिकौ पारिणामिकावित्येतदुक्तं तत्र सूत्रे कः परिणाम ? इति, अत्रोच्यते प्रश्ने समाधिः–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. આપે આ જ અધ્યાયમાં (૩૬મા સૂત્રમાં) बन्धे समाधिकौ पारिणामिकौ=પુદ્ગલોનો બંધ થયા પછી સમ અને અધિક ગુણ અનુક્રમે સમ અને હીન ગુણને પોતાના રૂપે પરિણમાવે છે એમ કહ્યું છે. તે સૂત્રમાં પરિણામ એ શું છે? તેની વ્યાખ્યા શી છે? અહીં આ પ્રશ્નનું સમાધાન કહેવામાં આવે છે–

**પરિણામનું લક્ષણ–**

**तद्भावः परिणामः ॥५-४१॥**

**સૂત્રાર્થ–** તેનો(=દ્રવ્યો)નો અને ગુણોનો ભાવ તે પરિણામ છે. (૫-૪૧)

**भाष्यं–** धर्मादीनां द्रव्याणां यथोक्तानां च गुणानां स्वभावः स्वतत्त्वं परिणामः ॥५-४१॥

**ભાષ્યાર્થ– ઉત્તર–** યથોક્ત ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો અને ગુણોનો સ્વભાવ= સ્વરૂપ પરિણામ છે. (૫-૪૧)

**टीका–** यद्धर्मादिभिस्तथा भूयत इति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह-'धर्मादीना'मित्यादिना धर्मादीनामिति धर्माधर्माकाश-जीवपुद्गलाद्धासमयानां (द्रव्याणाम्) ततो यथोक्तानां च गुणानामिति रूपादिघटादी(घटादिरूपादी)नां, किमित्याह-स्वभाव इति निजो भावः, एतदेवाह-स्वतत्त्वं धर्मादीनामेव निजमवस्थान्तरं परिणाम इति सूत्रं, परिशब्दो व्याप्तौ, दोषेण व्याप्ता इति यथा, नमिः प्रह्वत्वमाह, अवस्थान्तरप्राप्त्यानुगुण्यं, धर्मो हि गन्तुर्गत्युपग्रहाकारेण परिणमते, न तदवस्थ एवास्ते, न च विवर्त्तत एव, उपग्रहासिद्धेः, एवमधर्मादिष्वपि भावनीयं, नाणुद्वयतादवस्थ्ये द्व्यणुकं, न च तद्भाव एव तदहेतु-कत्वप्रसङ्गादिति ॥५-४१॥

**ટીકાર્થ–** ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય વડે તે રીતે જે થવાય તે પરિણામ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો "धर्मादीनाम्" ઇત્યાદિથી કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, પુદ્ગલ અને કાળસમયો એ (છ) દ્રવ્યોનો તથા યથોક્ત ઘટાદિ રૂપાદિ ગુણોનો સ્વભાવ=પોતાનો ભાવ, અર્થાત્ સ્વતત્ત્વ[1]=ધર્માસ્તિકાય આદિની જ પોતાની અન્યાવસ્થા તે પરિણામ છે. આ પ્રમાણે સૂત્રનો અર્થ છે. परिणाम શબ્દમાં परि શબ્દ વ્યાપ્તિ અર્થમાં છે- જેમ કે દોષોથી વ્યાપ્ત છે. नम् ધાતુ પ્રહ્વત્વ અર્થમાં છે. प्रह्वत्व એટલે અન્યાવસ્થાની

---

૧. 'स्वतत्त्वम्' इति तस्य भावस्तत्त्वं धर्मादेरवस्थान्तरापत्तिः, स्वं च तत् तत्त्वं चेति स्वतत्त्वं-धर्मस्यैव निजमवस्थान्तरम्, न त्वधर्मादेरवस्थान्तरं धर्मद्रव्यस्य परिणामः ।

પ્રાપ્તિમાં અનુકૂળતા. ધર્માસ્તિકાય જનારના ગતિ ઉપકાર રૂપે પરિણમે છે. તે જ અવસ્થાવાળો નથી રહેતો. રૂપાંતરને પણ નથી જ પામતો. રૂપાંતરને પામે તો ઉપકારની સિદ્ધિ ન થાય. એ પ્રમાણે અધર્માસ્તિકાયાદિમાં પણ વિચારવું. બે અણુ તે જ અવસ્થામાં હોય તો દ્વ્યણુક ન થાય. બે અણુ તે જ અવસ્થામાં(=છૂટા બે અણુ સ્વરૂપે જ) નથી રહેતા. જો બે અણુ તે જ અવસ્થામાં રહે તો તેમાં(=છૂટા બે અણુમાં) અહેતુત્વનો પ્રસંગ આવે, અર્થાત્ તે કોઈનું ય કારણ ન બને. (અણુ દ્વ્યણુકાદિનો હેતુ છે. દેખાતા ઘટાદિ કાર્યોમાં પરંપરાએ અનેક કારણો હોય છે. તેમાં અંતિમ જે કારણ તે અણુ છે. પણ જો તે અણુરૂપે જ રહે તો દ્વ્યણુક વગેરે ન બને. આથી અણુ દ્વ્યણુક વગેરેનો હેતુ ન બને. આમ અણુમાં અહેતુત્વનો પ્રસંગ આવે.) (૫-૪૧)

**भाष्यावतरणिका–** स द्विविधः ।

**ભાષ્યાવતરણિકાર્થ–** તે પરિણામ બે પ્રકારનો છે.

**टीकावतरणिका–** स द्विविध इत्यादि सम्बन्धग्रन्थः, स परिणामो द्विविधः द्वे विधे यस्यासौ द्विविधः, के पुनस्ते ? इत्याह–

**ટીકાવતરણિકાર્થ–** સ દ્વિવિધ ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. તે પરિણામ બે પ્રકારનો છે. તે બે પ્રકાર કયા છે એમ ગ્રંથકાર કહે છે–

**પરિણામના બે ભેદ–**

## अनादिरादिमांश्च ॥५-४२॥

**સૂત્રાર્થ–** પરિણામ અનાદિમાન અને આદિમાન(=નવો બનતો) એમ બે પ્રકારે છે. (૫-૪૨)

**भाष्यं–** तत्रानादिररूपिषु धर्माधर्माकाशजीवेष्विति ॥५-४२॥

**ભાષ્યાર્થ–** તેમાં અનાદિ પરિણામ અરૂપી એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવોમાં હોય. (૫-૪૨)

**टीका–** अविद्यमान आदिर्यस्यासावनादिः अविद्यमानप्रथमारम्भः आदिमांश्च प्रथमारम्भवान् चशब्दः परिणामेयत्तोपसङ्ग्रहार्थः, 'तत्रानादि'-रित्यादि तत्र तयोरनाद्यादिमतोः परिणामयोरनादिः परिणामः, केष्वित्याह-अरूपेषु अमूर्त्तेष्वित्यर्थः, तानेवाह-धर्माधर्माकाशजीवेषु, क्रियापदाध्याहाराद्भवति, इह इतिशब्दोऽनुक्तसमुच्चयार्थः, कालतोऽनादिरेव तत्तद्, धर्मद्रव्यपरिणामोऽनादिरसङ्ख्येयप्रदेशवत्त्वं लोकाकाशव्यापित्वं गन्तृ-गत्यपेक्षाकारणत्वमगुरुलघुत्वमित्यादिः अधर्मद्रव्यस्य तु स्थातृस्थित्य-पेक्षाकारणत्वं अगुरुलघुत्वादिः, आकाशस्यानन्तप्रदेशत्वमवगाहदातृत्व-मित्यादिः, जीवस्य तु सिद्धत्वादिः, कालस्य तु वर्त्तमानादिरिति ॥५-४२॥

**ટીકાર્થ–** જેની આદિ વિદ્યમાન નથી તે અનાદિ, અર્થાત્ જેનો પ્રથમ આરંભ નથી તે અનાદિમાન અને પ્રથમ આરંભવાળો આદિમાન એમ બે પ્રકારનો પરિણામ છે. च શબ્દ પરિણામ આટલા જ છે એમ પરિણામનો નિયત સંખ્યામાં સંગ્રહ કરવા માટે છે.

'तत्रानादिः' इत्यादि અનાદિમાન અને આદિમાન એ બે પરિણામમાં અનાદિમાન પરિણામ અરૂપી એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવ દ્રવ્યોમાં છે. અહીં ભાષ્યકારની ઇચ્છાથી भवति ક્રિયાપદ અધ્યાહાર છે. અહીં સૂત્રમાં इति શબ્દ નહિ કહેલાના સમુચ્ચય માટે છે. ધર્માસ્તિકાય વગેરે તે તે દ્રવ્ય અનાદિ જ છે. અસંખ્યેય પ્રદેશવત્ત્વ, લોકાકાશવ્યાપિત્વ, ગન્તૃગત્યપેક્ષાકારણત્વ, અગુરુલઘુત્વ ઇત્યાદિ ધર્માસ્તિકાયદ્રવ્યના પરિણામ છે. સ્થાતૃસ્થિત્યપેક્ષાકારણત્વ, અગુરુલઘુત્વ વગેરે પરિણામ અધર્માસ્તિકાયના છે. અનંતપ્રદેશત્વ, અવગાહદાતૃત્વ વગેરે પરિણામ આકાશના છે. સિદ્ધત્વ વગેરે જીવના પરિણામ છે. વર્તમાન વગેરે કાળના પરિણામ છે. (૫-૪૨)

**टीकावतरणिका–** रूपिष्वभिधातुमाह–

**ટીકાવતરણિકાર્થ–** રૂપી દ્રવ્યોમાં પરિણામ કહેવા માટે કહે છે–

**આદિમાન પરિણામ–**

**रूपिष्वादिमान् ॥५-४३॥**

**સૂત્રાર્થ–** રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામ હોય છે. (૫-૪૩)

**भाष्यं–** रूपिषु तु द्रव्येषु आदिमान् । परिणामोऽनेकविधः स्पर्शपरिणामादिरिति ॥५-४३॥

**ભાષ્યાર્થ–** રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામ હોય, આદિમાન પરિણામ સ્પર્શપરિણામ વગેરે અનેક પ્રકારનો છે. (૫-૪૩)

**टीका–** (रूपिष्वादिमान्) परिणाम इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'रूपिषु' इत्यादिना रूपिषु पुना रूपस्पर्शरसगन्धवत्सु द्रव्येषु द्रुतिलक्षणेषु आदिमान् परिणामः, प्रवाहानादित्वेऽपि देशाद्यनियतत्वात्, स चानेकविधोऽनेकप्रकारः स्पर्शपरिणामादिः स्पर्शरसगन्धवर्णादिः, तद्यथा-स्पर्शोऽष्टविधः शीतादिः शीततरशीततमादिश्च, रसः पञ्चविधः तिक्तादिः तिक्ततरादिश्च, गन्धो द्विविधः-सुरभिः दुरभिः सुरभितर-दुरभितरादिः, शुक्लादिः वर्णः पञ्चविधः शुक्लतरादिश्च, आदिशब्दाद् द्व्यणुकादिः सङ्घातभेदलक्षणःशब्दादिश्चेत्येवमनेकाकारः, अयं हि द्रव्यत्व-मूर्त्तत्वसत्त्वाद्यनादित्वेऽपि न धर्मादिस्थित्यनादित्ववच्च लब्धेन तथावृत्ति-रित्यादिमानिति ॥५-४३॥

**ટીકાર્થ–** રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામ હોય છે. એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો रूपिषु ઇત્યાદિથી કહે છે. રૂપ, સ્પર્શ, રસ, ગંધવાળા અને ગમન લક્ષણવાળા[1] દ્રવ્યોમાં પરિણામ આદિમાન છે. કેમકે પ્રવાહથી અનાદિ હોવા છતાં દેશાદિમાં અનિયત હોય છે. (રૂપી પુદ્ગલ દ્રવ્યના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ

૧. द्रवति=गच्छति तांस्तान् पर्यायान् इति द्रव्यम्=તે તે પર્યાયોમાં જાય તે દ્રવ્ય. સુવર્ણના ઝાંઝરમાંથી હાર બનાવ્યો તો સુવર્ણદ્રવ્ય ઝાંઝરપર્યાયમાંથી હારપર્યાયમાં ગયું. આમ દ્રવ્ય દ્રવન=ગમનશીલ છે.

ચાર ભેદ છે. દેશ વગેરેમાં પરિણામ અનિયત હોય છે. અહીં તાત્પર્ય એ છે કે જેમ ધર્માસ્તિકાયાદિમાં ગત્યપેક્ષાકારણત્વ વગેરે પરિણામ નિયત હોય છે તેમ રૂપી દ્રવ્યોમાં દેશ વગેરેમાં શુદ્ધ રૂપ વગેરે પર્યાય અનિયત હોય છે. માટે એમાં આદિમાન પરિણામ છે.

તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ પરિણામ અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે- આઠ પ્રકારનો સ્પર્શ, શીતાદિ અને શીતતર, શીતતમ ઇત્યાદિ અનેક પ્રકારે છે. પાંચ પ્રકારનો રસ તિક્તાદિ અને તિક્તતર, તિક્તતમ ઇત્યાદિ અનેક પ્રકારે છે. સુરભિ અને દુરભિ એમ બે પ્રકારનો ગંધ સુરભિતર અને દુરભિતર ઇત્યાદિ અનેક પ્રકારે છે. શુક્લાદિ પાંચ પ્રકારનો વર્ણ શુક્લતરાદિ અનેક પ્રકારે છે. આદિ શબ્દથી સંઘાત-ભેદરૂપે દ્વ્યણુકાદિ અને શબ્દાદિ અનેક પ્રકારે છે.

न धर्मादिस्थित्यनादित्ववच्च लब्धेन तथावृत्तिरित्यादिमानिति

(આ પાઠમાં અશુદ્ધિ જણાતી હોવાથી અર્થ લખ્યો નથી.) (૫-૪૩)

**જીવોમાં આદિમાન પરિણામ–**

## योगोपयोगौ जीवेषु ॥५-४४॥

**સૂત્રાર્થ–** જીવોમાં યોગ અને ઉપયોગ એ બે પરિણામ આદિમાન છે. (૫-૪૪)

**भाष्यं–** जीवेष्वरूपिष्वपि सत्सु योगोपयोगौ परिणामावादिमन्तौ भवतः । तत्रोपयोगः पूर्वोक्तः । योगस्तु पुरस्ताद्वक्ष्यते ॥५-४४॥

इति तत्त्वार्थाधिगमे स्वोपज्ञभाष्यसमेते पञ्चमोऽध्यायः समाप्तः ॥५॥

**ભાષ્યાર્થ–** જીવો અરૂપી હોવા છતાં તેમનામાં યોગ, ઉપયોગ રૂપ આદિમાન પરિણામ હોય છે. તેમાં ઉપયોગ પૂર્વે (અ.૨ સૂ.૧૯ માં) કહ્યો છે. યોગ તો આગળ (અ.૬ સૂ.૧ માં) કહેવાશે. (૫-૪૪)

આ પ્રમાણે સ્વોપજ્ઞ ભાષ્યથી સહિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પાંચમો અધ્યાય પૂર્ણ થયો.

**टीका–** आदिमान् परिणाम इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'जीवेष्वि'त्यादिना, जीवेष्वरूपिष्वपि प्रकृत्या तथाऽनादिरूपसम्बन्धाद्रूपिष्वपि सत्सु, किमित्याह-योगोपयोगावित्यत्र योजनं योगः- पुद्गलसम्बन्धादात्मनो वीर्यपरिणतिविशेषः, एवमुपयोजनमुपयोगः चैतन्यस्वभावस्यात्मनो ज्ञानदर्शनलक्षणः, एतौ द्वावपि परिणामौ शक्तिदौ, अनेनात्मनो मुख्यतद्भावापत्तिमाह, एतौ चादिमन्तौ भवतः, उपजायमानकालावधिकत्वाद् आदिमन्तौ सन्तौ सन्तत्या त्वनादिसन्तावेव । 'तत्रे'त्यादि तत्रोपयोगः पूर्वोक्तः, द्वितीयेऽध्याये 'उपयोगो लक्षण'- मित्यादिना, योगस्तु योगः पुनः पुरस्तादुपरिष्टात् षष्ठाध्यायादिसूत्रे वक्ष्यते-अभिधास्यते, 'कायवाङ्मनःकर्म योग' इत्यादिनेति ॥५-४४॥

॥ आचार्यहरिभद्रोद्धृतायां तत्त्वार्थटीकायां(डुपडुपिका)भिधानायां पञ्चमोऽध्यायः समाप्तः ॥

**ટીકાર્થ–** જીવોમાં યોગ અને ઉપયોગ એ બે પરિણામ આદિમાન છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો 'जीवेषु' ઇત્યાદિથી કહે છે- તેવા પ્રકારના અનાદિ કાળના રૂપના સંબંધથી જીવો રૂપી હોવા છતાં સ્વભાવથી તો અરૂપી છે. જીવો અરૂપી હોવા[1] છતાં જીવોમાં યોગ-ઉપયોગ આદિમાન છે. પુદ્ગલના સંબંધથી આત્મામાં ઉત્પન્ન થતો વીર્યનો પરિણામવિશેષ યોગ છે. ચૈતન્યસ્વભાવવાળા આત્માના જ્ઞાન-દર્શન ઉપયોગ છે.

આ બંને પરિણામ જીવને શક્તિ આપનારા છે. જીવોમાં યોગ-ઉપયોગ પરિણામ આદિમાન છે એવા કથન દ્વારા ગ્રંથકાર આત્માના મુખ્ય સ્વભાવની સિદ્ધિને કહે છે, અર્થાત્ આનાથી આત્માના મુખ્ય સ્વભાવની સિદ્ધિ થાય છે. (સંસારી આત્માનો યોગ મુખ્ય સ્વભાવ છે

૧. અરૂપી પદાર્થોમાં અનાદિમાન પરિણામ છે, એટલે જીવમાં અનાદિ પરિણામ હોય. આમ છતાં જીવોમાં યોગ-ઉપયોગ આદિમાન પરિણામ છે. માટે અહીં "અરૂપી હોવા છતાં" એમ લખ્યું છે.

અને સિદ્ધાત્માનો ઉપયોગ મુખ્ય સ્વભાવ છે. સંસારી આત્મા સદા યોગવાળો હોય છે અને સિદ્ધ આત્મા સદા ઉપયોગવાળો હોય છે.)

યોગ-ઉપયોગ આદિમાન પરિણામ છે. કારણ કે ઉત્પન્ન થતા કાળ સુધી રહેનારા છે, અર્થાત્ નિયતકાળ સુધી જ રહેનારા છે. આદિમાન હોવા છતાં પ્રવાહથી તો અનાદિમાન જ છે.

'तत्र' ઇત્યાદિ, તે બેમાં ઉપયોગ પૂર્વે બીજા અધ્યાયમાં उपयोगो लक्षणम् (સૂ.૮) ઇત્યાદિથી કહ્યો છે. યોગ તો હવે પછી છઠ્ઠા અધ્યાયના પહેલા સૂત્રમાં कायवाङ्मनः कर्मयोगः ઇત્યાદિથી કહેવાશે. (૫-૪૪)

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **પાંચમા અધ્યાયની** ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર-સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.

અરિહંત આરાધક ટ્રસ્ટમાં પ્રાપ્ય વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય

# રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ કરેલું સાહિત્ય સર્જન

**✦ સટીક અનુવાદો :**

(૧) યોગબિંદુ
(૨) ધર્મબિંદુ
(૩) પંચવસ્તુ
(૪) પંચાશક
(૫) ઉપદેશપદ
(૬) પંચસૂત્ર
(૭) શ્રાદ્ધદિનકૃત્ય
(૮) નવપદ પ્રકરણ
(૯) અષ્ટક પ્રકરણ
(૧૦) યોગદષ્ટિ સમુચ્ચય
(૧૧) ગુરુતત્ત્વવિનિશ્ચય
(૧૨) શ્રાવકધર્મવિધિ પ્રકરણ
(૧૩) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૪) પ્રશમરતિ પ્રકરણ
(૧૫) ઉપદેશમાલા (પુષ્પમાલા)
(૧૬) શીલોપદેશમાલા
(૧૭) વીતરાગસ્તોત્ર
(૧૮) શ્રાવક પ્રજ્ઞપ્તિ.

**✦ નૂતન રચના :**

પ્રદેશબંધ (સંસ્કૃત ટીકા) - લગભગ ૧૦ હજાર શ્લોક પ્રમાણ.

**✦ સંશોધન :**

સિદ્ધહેમશબ્દાનુશાસન (મધ્યમ વૃત્તિ).


**✦ સૂત્રોના અનુવાદો :**


(૧) ધર્મબિંદુ
(૨) જ્ઞાનસાર
(૩) પંચસૂત્ર
(૪) ભવભાવના
(૫) અષ્ટક પ્રકરણ
(૬) પ્રશમરતિ પ્રકરણ
(૭) યતિલક્ષણસમુચ્ચય
(૮) ચૈત્યવંદનમહાભાષ્ય
(૯) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૦) વિતરાગસ્તોત્ર
(૧૧) સંબોધ પ્રકરણ.


**✦ સંપાદન :**


(૧) હીરપ્રશ્ન
(૨) સેનપ્રશ્ન
(૩) યોગશાસ્ત્ર
(૪) પરિશિષ્ટપર્વ
(૫) ત્રણ કર્મગ્રંથ
(૬) શ્રમણ ક્રિયાસૂત્રો
(૭) સિરિસિરિવાલકહા પ્રત
(૮) શ્રાદ્ધદિનકૃત્ય પ્રત
(૯) આત્મપ્રબોધ પ્રત
(૧૦) પંચાશક પ્રકરણ પ્રત
(૧૧) સંબોધ પ્રકરણ પ્રત
(૧૨) યોગશાસ્ત્ર (મૂળ)
(૧૩) જ્ઞાનસાર (મૂળ)


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રા





























































# રાજશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



























































(બે ભાગ)





Tejas Printers
AHMEDABAD M. 98253 47620